Date of Publication - Posted on 10th of Every Month

समानो मन्त्रः । (ઋગ્વેદ) • समानी प्रपा । (અથર્વવેદ)

પરબ

(ગુજરાતી માસિક)

સંપાદક : કિરીટ દૂધાત

વર્ષ : ૨૧ જુલાઈ : ૨૦૨૬ અંક : ૧ ₹ 20

ગુજરાતી સાહિત્ય પરિષદ
મેઘાણી જ્ઞાનપીઠ । ક.લા. સ્વાધ્યાયમંદિર

FORMALS | CASUALS | PARTY WEAR

Ahmedabad • Anand • Ankleshwar • Bharuch • Bhavnagar • Bhuj • Bardoli
Bilimora •Gandhidham • Gandhinagar Godhra • Himmatnagar • Hyderabad • Indore
Jamanagar • Junagadh • Kadi • Kalol • Mehsana • Modasa • Nadiad • Palanpur
Patan • Porbandar • Rajkot • Surat • Surendranagar • Visnagar • Vadodra • Vapi

Shop Greenfibre Online: greenfibre.com

Scan to follow @greenfibre

समानो मन्त्रः (ऋग्वेद)　　　　समानी प्रपा (अथर्ववेद)

પરબ

સ્થાપનાવર્ષ : ૧૯૬૦

વર્ષ : ૨૧　　　　જુલાઈ : ૨૦૨૬　　　　અંક : ૧

સંપાદક
કિરીટ દૂધાત

પ્રકાશન મંત્રી
ભીખેશ ભટ્ટ

પરામર્શનસમિતિ

હર્ષદ ત્રિવેદી
પ્રમુખ

યોગેશ જોષી
રાજન્ ભટ્ટ
ઉપપ્રમુખ

સમીર ભટ્ટ
મહામંત્રી

ગુજરાતી સાહિત્ય પરિષદ
મેઘાણી જ્ઞાનપીઠ • ક. લા. સ્વાધ્યાયમંદિર
ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશનવિભાગ), ગોવર્ધનભવન,
ગુજરાતી સાહિત્ય પરિષદ માર્ગ, આશ્રમ માર્ગ, નદીકિનારે, અમદાવાદ-૩૮૦ ૦૦૯
ફોન : ૨૬૫૮૭૯૪૭

ગુજરાતી સાહિત્ય પરિષદના સભ્યપદ અને 'પરબ'ના લવાજમ અંગેઃ

- ♦ 'પરબ' દર મહિનાની દસમી તારીખે પ્રકાશિત થાય છે.
- ♦ 'પરબ'ના ગ્રાહક તથા પરિષદના સભ્ય વર્ષમાં ગમે ત્યારે થઈ શકાય છે.
- ♦ 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૧૫૦ છે.
- ♦ વિદ્યાર્થીઓ માટે 'પરબ'નું વાર્ષિક લવાજમ ₹ ૭૫ છે. સાથે પ્રમાણપત્ર બીડવું.
- ♦ ગુજરાતી સાહિત્ય પરિષદના વાર્ષિક તેમજ આજીવન સભ્યપદના શુલ્કમાં 'પરબ'ના લવાજમનો સમાવેશ થઈ જાય છે.
- ♦ પરિષદના વાર્ષિક વ્યક્તિગત સભ્યપદનું શુલ્ક ₹ ૨૦૦ તથા સંસ્થાગત સભ્યપદનું શુલ્ક ₹ ૩૦૦ છે. સભ્ય થવા ઇચ્છનારે પરિષદના નિયત ફૉર્મમાં અરજી કરવાની રહેશે.
- ♦ પરિષદના આજીવન સભ્યપદનું શુલ્ક ₹ ૩,૦૦૦ છે તથા સંસ્થાની આજીવન સભ્ય ફી ₹ ૫,૦૦૦ છે. આ બંને પ્રકારના આજીવન સભ્યપદની મુદત, સભ્ય થયાની તારીખથી દસ વર્ષ સુધીની રહેશે. (વિદેશવાસીઓ માટે ૭૫ પાઉન્ડ અથવા ૧૩૦ ડૉલર.)
- ♦ 'પરબ' લવાજમ તથા પરિષદ સભ્યપદ શુલ્કની રકમ મનીઑર્ડર અથવા ડિમાન્ડ ડ્રાફ્ટથી 'ગુજરાતી સાહિત્ય પરિષદ'ના નામે જ મોકલવી.

લેખકોને :

- ♦ 'પરબ'માં પ્રગટ થતાં લખાણોમાંના વિચાર-અભિપ્રાયની જવાબદારી જે તે લેખકની રહે છે.
- ♦ લેખકોએ પોતાનું લખાણ ફૂલ્સકૅપ અથવા A૪ સાઇઝના કાગળની એક બાજુએ, સુવાચ્ય અક્ષરે લખી મોકલવું. પોસ્ટકાર્ડ, ઇનલૅન્ડ કે ચબરખીઓમાં કૃતિ મોકલવી નહીં. પ્રત્યેક કૃતિ નીચે પૂરું સરનામું લખવું તથા એક નકલ પોતાની પાસે રાખીને જ કૃતિઓ મોકલવા વિનંતી.
- ♦ **સ્વીકૃત કૃતિની જાણ કરાશે. ટપાલ-ટિકિટો ચોંટાડેલું કવર મોકલ્યું હશે તો અસ્વીકૃત કૃતિ પરત કરવામાં આવશે, અન્યથા કૃતિ અસ્વીકૃત ગણવી. પોસ્ટકાર્ડ મોકલ્યું હશે તો અસ્વીકૃતિની જાણ કરાશે.**
- ♦ **પત્રવ્યવહારનું સરનામું :** તંત્રી, 'પરબ', ગુજરાતી સાહિત્ય પરિષદ (પ્રકાશન વિભાગ), ગોવર્ધનભવન, આશ્રમમાર્ગ, 'ટાઇમ્સ' પાછળ, નદીકિનારે, પો.બૉ. ૪૦૬૦, અમદાવાદ-૩૮૦૦૦૯.

Parishad Email: **gspamd123@gmail.com** E-mail: parabgsp@gmail.com
Web-site: www.gujaratisahityaparishad.org **ફોન અને ફેક્સઃ ૨૬૫૮૭૯૪૭**
www.gujaratisahityaparishad.com

નોંધઃ 'પરબ'માં પ્રગટ થતી સામગ્રીની જવાબદારી જે તે સામગ્રીના લેખકની રહેશે.

પરબ ISSN: 0250-9747 છૂટક કિં. ₹ ૨૦/-

અનુક્રમ

◈ **પ્રમુખીય : મથામણ** – ૩૧ – હર્ષદ ત્રિવેદી, ૬

◈ **કવિતા :**

● **ચાર ગઝલ** – હેમંત ધોરડા, ૮, ● **બે ગઝલ** – રાધિકા પટેલ, ૧૦, ● **ગઝલ** – ડૉ. માર્ગી દોશી, ૧૦.

◈ **અનૂદિત કવિતા :**

● **પંખીઓ મારી પાછળ આવે છે** – હાન્સ મેગ્નસ એન્ઝેન્સબર્ગર, અનુ. હસમુખ કે. રાવલ, ૧૧

◈ **ટૂંકી વાર્તા :**

● **બેટર લાઈફ** – વિશાલ ભાદાણી, ૧૩ ● **ફિંગર બાઉલ** – અજય ઓઝા, ૨૨

● **ઉઘાડ** – અશ્વિની બાપટ, ૩૦ ● **મારી સ્મશાનયાત્રા** – શૈલી જાની, ૩૬ ● **પ્રવાસી ગૃહિણી** – મનીષા દલાલ, ૪૧

◈ **નિબંધ :**

● **તરબતર** – સ્વાતિ સૂચક શાહ, ૪૭

◈ **હાસ્યલેખ :**

● **સ્વાદનું સૌંદર્ય : પાણીપૂરી** – નગીન દવે, ૫૦

◈ **અભ્યાસ :**

● **'ભારેલો અગ્નિ' એક અત્યંત મહત્ત્વની નવલ** – ડંકેશ ઓઝા, ૫૩

● **'ઓતરાતી દીવાલો' : પ્રકાશન શતાબ્દી નિમિત્તે કાકાસાહેબની નિબંધકળા વિશે** – રાજેન્દ્ર મહેતા, ૫૮ ● **શૂન્યથી અનંતની યાત્રા – 'જેસલમેર'** – ડૉ. અમિતકુમાર રામજીભાઈ ગામી, ૬૨ ● **સતની ખેતી** – દીપક રાવલ, ૬૬

◈ **કેફિયત :**

● **કેફિયતની વાર્તા અને વાર્તાની કેફિયત** – મહેન્દ્રસિંહ પરમાર, ૭૧

◈ **શોધછાત્રાની કલમેથી :**

● **સરળ, નિર્દંભ, વિદ્રોહી ચિત્રકાર : ભૂપેન ખખ્ખર** – મિતેશ પરમાર, ૭૬

◈ **શ્રદ્ધાંજલિ :**

● **બિપિન પટેલ અને ટૂંકી વાર્તાનું પોએટિક્સ** – અજય સરવૈયા, ૮૧

◈ **સંપાદકીય :**

● **ત્રણ વાર્તાકારોની વિદાય :**
કર્યા ઉદ્‌ગારો, તે બહુ બહુ હવામાં વહી ગયા – કિરીટ દૂધાત, ૮૭

● **સાભાર સ્વીકાર**, ૮૯

● **પરિષદવૃત્ત** – ઇતુભાઈ કુરકુટિયા, ૯૦

● **સાહિત્યવૃત્ત** – સંકલન : ઇતુભાઈ કુરકુટિયા, ૯૩

● **આ અંકના લેખકો** – ૯૫

◈ **આવરણચિત્ર :** રણજિતરામ વાવાભાઈ મહેતા

મુખપૃષ્ઠ સૌજન્ય : રણજિતરામની પ્રતિમાનું સ્થાપન તા. ૧-૭-૨૦૨૬, ગુજરાતી સાહિત્ય પરિષદ

મથામણ – ૩૧

હર્ષદ ત્રિવેદી

‘સમ્રાટમાં નથી અને દરવેશમાં નથી,
મારી મનુષ્યતા કોઈ ગણવેશમાં નથી.’

પોતાની ગઝલમાં આવું કહેનાર કવિની આ પ્રતિબદ્ધતા છે. ગુજરાતી ભાષાના જાણીતા કવિ-ગઝલકાર, વાર્તાકાર, નવલકથાકાર, નિબંધકાર, ચરિત્રકાર, વિવેચક, અનુવાદક, આત્મકથાલેખક, ખૂબ જાણીતા પત્રકાર અને બહુમુખી વ્યક્તિત્વના આસામી શ્રી ભગવતીકુમાર શર્મા ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ રહી ચૂક્યા છે. એમના સમયમાં એમણે યાદગાર કહી શકાય એવા લેખિકાસંમેલનનું આયોજન કરેલું. આ શ્રીમાળી બ્રાહ્મણનું મૂળ વતન તો અમદાવાદ, પરંતુ, આ ભારતીય લેખકની છેલ્લી પાંચેક પેઢી સૂરતમાં જ રહી. એટલે તેઓ હાડે પણ સૂરતી થઈને રહ્યા. ભગવતીભાઈ પાક્કા સૂરતી, પણ એમની તમામ અભિવ્યક્તિમાં ઉચ્ચારથી માંડીને આચાર સુધીની ખૂબસૂરતી જોવા મળે. એસ.એસ.સી. થયા પછી આંખોની તકલીફને કારણે આગળ અભ્યાસ ન કરી શક્યા. જોકે પછીથી મોટી ઉંમરે ફર્સ્ટક્લાસ સાથે બી.એ. થયા એ વળી જુદી વાત. વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટીએ એમના સાહિત્યિક યોગદાનને ધ્યાનમાં રાખીને ડી.લિટ્‌-ની ઉપાધિ અર્પણ કરીને ઉચિત સન્માન આપ્યું હતું. અહીં એમના સાહિત્યની યાદી આપવાની જરૂર જણાતી નથી.

હમણાં જ ૩૧મી મેના રોજ એમનો જન્મદિવસ ગયો. એ નિમિત્તે સૂરતની સાહિત્યસંસ્થા નર્મદ સાહિત્યસભા અને સહુ સાહિત્યકારમિત્રોએ મળીને ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા ‘ભગવતીકુમાર શર્મા સ્મૃતિ વ્યાખ્યાનશ્રેણી’ની સ્થાપના કરી. એનું પ્રથમ વ્યાખ્યાન જાણીતાં અભ્યાસી માનવધર્મી સાહિત્યકાર શરીફા વીજળીવાળાએ આપ્યું. વિષય હતો ‘ભગવતીકુમાર શર્માનું કથાસાહિત્ય’. હવે આ વ્યાખ્યાનમાળા અંતર્ગત પ્રતિવર્ષ સાહિત્યિક અને સામાજિક, વિવિધ વિષયો લઈને અલગ અલગ વ્યાખ્યાતાઓ આગળ ચલાવશે અને એનું એક રૂપ બંધાશે. સૂરતમાં અધિવેશન હોય કે જ્ઞાનસત્ર, કેન્દ્રસ્થાને ભગવતીભાઈ હોય જ. એમની વિશેષતા એ કે સાહિત્યનું લગભગ કોઈ ક્ષેત્ર એમણે છોડ્યું નથી. સાહિત્ય ઉપરાંત સંગીત, ચિત્ર, ફિલ્મ વગેરે લલિતકળાઓ તો ખરી જ, પણ રમતગમતમાંય એટલો જ રસ. વિશેષ કરીને ક્રિકેટ. રેડિયો એમનો સાથી. હાસ્ય-વ્યંગ્ય એમને જીભવગાં. ભોજનના પણ જબ્બર શોખીન. કુમારચંદ્રકથી શરૂ કરીને નરસિંહ

મહેતા ઍવૉર્ડ સુધીનાં બધાં સન્માન એમને પ્રાપ્ત થયેલાં. ભગવતીભાઈ કોઈ મુદ્દે ઉગ્ર થાય તો કોઈનાય નહીં, પણ, સામાન્ય સંજોગોમાં એમનો વ્યવહાર માખણથીય મુલાયમ રહેતો.

જે જમાનામાં ગૂગલ નહોતું ત્યારે, ત્રીસ હજારથી પણ વધુ સંદર્ભખચિત લેખો લખનારા ભગવતીભાઈ સાહિત્યકાર મોટા કે પત્રકાર મોટા? એવો પ્રશ્ન થવો સહજ છે. કહેવાય છે કે અત્યારના આપણા માનનીય વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પણ તે વખતે એમના લેખો ખાસ વાંચતા. હવે તો પત્રકારત્વની વ્યાખ્યા જ બદલાઈ ગઈ છે. પીળા પત્રકારત્વ ઉપર પણ સોનાનો વરખ ચડી ગયો છે! પરંતુ એક સમયે જેમ 'મુંબઈ સમાચાર' ફરદૂનજી મર્ઝબાનને નામે, 'જન્મભૂમિ' હરીન્દ્ર દવેને નામે, 'ફૂલછાબ' મેઘાણીથી જ્વલંત છાયાને નામે, 'ગુજરાત સમાચાર' શાંતિલાલ શાહને નામે, 'સંદેશ' ચીમનભાઈ પટેલને નામે, 'સૌરાષ્ટ્ર સમાચાર' પ્રતાપભાઈ શાહને નામે, 'સમકાલીન' હસમુખ ગાંધીને નામે અને 'કચ્છમિત્ર' કીર્તિ ખત્રીના નામે ઓળખાતાં એમ તંત્રી ભલે રેશમવાળા હોય તોપણ, 'ગુજરાતમિત્ર' ભગવતીભાઈને નામે ઓળખાતું. ઇન્દિરાજીએ લાદેલી કટોકટીના કાળમાં કેટલાંક અખબારોએ તારસ્વરે વિરોધ કરેલો અને પોતાનો ધર્મ બજાવ્યો હતો એ ભુલાય એમ નથી.

એમણે અંગત કારકિર્દીની ખેવના કર્યા વિના પોતાના કાર્યમાં જ શ્રેય-પ્રેય જોયેલું. ઉત્તરાર્ધને બાદ કરતાં આખી જિંદગી દેસાઈ પોળવાળા જૂના ઘરે જ રહેલા. એક સંનિષ્ઠ બ્રાહ્મણ હજાર પ્રકારની અગવડો વચ્ચે પણ કેવી કેવી રીતે વિદ્યાની ઉપાસના કરી શકે તે જોવું હોય તો ભગવતીભાઈ પાસે જવું પડે. ક્રિયા-કર્મમાં નહીં, પરંતુ સાચા અર્થમાં એ આસ્તિક અને શ્રદ્ધાળુ હતા. ધર્મ-અધ્યાત્મ અને સમાજ સાથેની એમની નિસબત અનન્ય હતી. એમને બ્રાહ્મણ હોવાનું ગૌરવ હતું, પણ જાતિવાદી ન હતા. સમગ્ર સંદર્ભમાં મનુષ્યને ચાહવો એ એમની હથેળીમાં અંજલિ લીધા વિનાની પ્રતિજ્ઞા હતી. 'શબ્દબ્રહ્મથી મનુષ્યબ્રહ્મ' સુધીની યાત્રામાં એમણે સારા-નરસા અનેક પડાવો જોયા હતા.

ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખપદેથી એમણે કહેલું કે – 'મારી એવી ચિંતાયુક્ત લાગણી છે કે આપણું સાહિત્ય સાંપ્રતકાળે ગતિ-પ્રગતિ કરતાં સ્થિતિમાં વધારે જકડાયેલું છે. આ તબક્કો અસ્થાયી જ નીવડશે એવી મારી શ્રદ્ધા છે. કોઈ પણ ભાષાના સાહિત્યમાં આવા તડકા-છાંયડાઓ આવતા જ રહે છે. પરંતુ દાયકે, બે દાયકે કોઈક એવો પ્રાણવાન સર્જક પ્રગટે છે જે સમગ્ર વાયુમંડળને ઝળાંઝળાં કરી મૂકે છે.'

આ શ્રદ્ધામાં નરી મુગ્ધતા નથી. પોતાનાં સમાજ, શિક્ષણ, સાહિત્ય અને કોઠાસૂઝ ઉપરાંત ધબકતા માનવજીવનમાંથી એમને થયેલી પ્રતીતિ છે. આવા સર્જકો હવે છે ક્યાં? એવો પ્રશ્ન હું નહીં પૂછું. આપણી આસપાસ જ છે. એમને ઈર્ષ્યા-સ્પર્ધા-હુંકાર અને લોભ-લાલચ જેવા પૂર્વગ્રહોનાં આવરણોથી મુક્ત થઈને જોઈએ તો જરૂર દેખાશે. આવો, આપણે સહુ સાથે મળીને મથામણ કરીએ.

■

ચાર ગઝલ | હેમંત ધોરડા

(છંદવિધાન : ચતુષ્ગણ કટાવ)

(૧)

કરીને ચોરસ બાંધી રાખવું છે એમાં મારે મારું નભ,
મારી વાડીએ ખોદું છું હું ધરાર મારો કૂવો ચોરસ.

ધરાર મારે આવામાં બસ મોગરા જેવું ઊગી જવું છે,
પાછળ કૂવો આગળ ખાઈ ડાબે પણ ને જમણેય કળણ.

લીલા રંગની વાત નથી આ વાત તો લીલા લોહીની છે,
ધરાર લીલું કરવું છે ફરી બસ આખેઆખું ઝાડ જરઠ.

ભલેને એમાં આંગળી તૂટે નખ ઊખડે ને લોહી નીકળે,
આંગળીથી બસ ધરાર મારે લખવું છે તારા પથ્થર પર.

પડળ પડળ પર તું બાંધે છે તરણાં ઓથે ડુંગર થઈ જાય,
મથામથી છે ધરાર મારી આરપારદર્શક હો પડળ.

(૨)

તમારી રેખરેખાઓ ભલે કમનીય હો ને હો સુડોળ,
કદી શું મારા વર્તુળમાં કશે ખૂણા કે ખાંચા હોય છે?

વિષુવવૃત્તે મને શું ઇગ્લુવાસી માની બેઠા છો તમે,
શું અક્કલ પર તમારી પાટા પર પણ પાટા બાંધ્યા હોય છે?

શું દેખાતો નથી ડાળી ને રેતી વચ્ચે તમને ભેદ પણ
શું તમને એમ લાગે છે ઢૂવા પર મારા માળા હોય છે?

તમે ત્રણસો ને સડસઠ રંગનાં છો આ વરસ ઓલું વરસ,
જુઓ મારાય દિવસો માત્ર કાબરચીતરા ક્યાં હોય છે

હું પણ ક્યાં બારસાખે ભેજ ભાદરવાનો કેવળ હોઉં છું?
તમારા નામનું ચોમાસું છો તેરે મહિના હોય છે.

(૩)

ભાર ઘણો લાગે છે એવું કહીને પણ ઊંચકીએ છીએ,
આપણે આપણા કોથળાઓમાં શુંનું શુંયે ભરીએ છીએ.

સરખા કહીએ પણ નોખા છે તારા કોથળા મારા કોથળા,
જેમ આપણે છેતરી શકીએ આપણને છેતરીએ છીએ.

સાંજ પોષની બંધ ઓરડો અંધ બારી ને પવન પડેલો,
શણના ભીના કોથળા આપણે ડૂચો કરી સૂકવીએ છીએ.

પાથરવા ને ઓઢવા માટે મોં ઢાંકીને રડવા માટે,
આપણે આપણા રોજના કોથળા સાથે રાખી ફરીએ છીએ.

આપણા સુધી પહોંચવાની જીવનભરની કોથળાદોડ,
દોડી ફરીથી પડીએ છીએ ઊઠી ફરીથી પડીએ છીએ.

(૪)

બધા જીવે હસીને કોઈ તો કોઈ વળી તાણીતૂશીને,
સજાવે મહેલ નિશ્ચેનો કોઈ નિશ્ચેની સિંગલ ઓરડીને.

બધા જોયા કરે છે આંખો ફાડીને કશું ભાળી ગયા છે,
હવે બસ પાન ખાવાને બધા ભેગા થશે ભાળી કરીને.

શું કિલ્લો શું ઝૂંપડપટ્ટી નથી બાકી રહી ચપટી નવાઈ,
બધા મોઢે લગાવે છાશવારે ઝેરનો પ્યાલો હસીને.

બધાયે બધબધાયે રાસનો એક પ્રાસ પાક્કો ત્રાસ નીકળે,
બધા ઊભા છે પૅટ્રોમૅક્સ પેટાવીને કૂંડાળું કરીને.

બધા પોતાનાં બોઘરણાંમાં દેવી દૂધ ઝીલે ગટગટાવે,
ચદરિયા દોહી લે કોઈ કોઈ દોહી લે કાળી કામળીને.

જગતભર નાકની દાંડીએ સાંભળવાનું સૂરું કે બસૂરું,
બધા ફૂંક્યા કરે છે પોતપોતાની સળીને વાંસળીને.

■

બે ગઝલ | રાધિકા પટેલ

૧. મળે

નવું સ્વપ્ન કોઈ મજાનું મળે.
તને ભૂલવાનું બહાનું મળે.

"બધું ઍબ્સર્ડ છે" કહી, એમને
કશે ક્યાંક ભાગી, જવાનું મળે.

મળે આપનારા બીજા પણ મળે;
આ દુઃખ એકથી કાં સદાનું મળે?

ખુમારીથી રહું યા ભડાકે દઈ દઉં;
હૃદયમાંય જો ઘર બીજાનું મળે.

હવે, ઓઢું તો ઓઢું બસ પ્રેમનું;
મને વસ્ત્ર મારા ગજાનું મળે.

હશે, કોઈ તો આખરે એક જણ–
મને મારી જેવું દીવાનુ મળે!!

જુઓ, બુદ્ધિમાનો ગઝલ ના લખે;
અહીં, ઝાડવું ફળ વિનાનું મળે.

૨. ભૂલી જઉં

તું ભૂલી જા, હું ભૂલી જઉં;
તું નવો થા, હું નવી થઉં.

એક બીજામાં જવાનું;
આવ, નહીંતર હું જતી રહું.

વાત એ રહી ગઈ અધૂરી;
હું પછી કહું..હું પછી કહું.

પ્રેમથી માંગું છું સાહેબ,
કે પછી હું આંચકી લઉં!

લે ગઝલ, સામે જ બેઠી;
તું લખીશ કે હું લખી દઉં?

■

ગઝલ | માર્ગી દોશી

"હવા ચાલે છે "

જિંદગી રૂઠી, બળાપાની હવા ચાલે છે!
નાવ તૂટેલી ને તોફાની હવા ચાલે છે.

ધૂળ ઝોંકીને ગયા આંખમાં ઝંઝાવાતો,
હાશ થઈ જાણીને, સપનાંની હવા ચાલે છે.

સાંજનું ઢળવું, ભીનો સ્પર્શ ને દરિયાકાંઠો,
બેઉને લાગ્યું કે મોકાની હવા ચાલે છે.

ત્યાં ઈરાદા ગયા તો એ ઢળી પડશે નક્કી,
એ તરફ તીવ્ર હતાશાની હવા ચાલે છે.

શહેર બદલ્યું એ વિચારી કે હવાફેર થશે,
ત્યાંય બેફામ નિસાસાની હવા ચાલે છે.

ખુશ્બૂને વહેંચવા તત્પર છે ફૂલો, એ જાણી
બાગમાં હર ખૂણે મસ્તાની હવા ચાલે છે.

કંઈક ઘટનાઓ ઊડી ગઈ છે ધુમાડો થઈ તોય
કાંપું છું, કેમ કે ઘટનાની હવા ચાલે છે.

આપણી વચ્ચે ઘણી મોસમો આવી, ગઈ, પણ
આંગળી પકડી ભરોસાની હવા ચાલે છે.

ટોચ પર એવું શું કે શ્વાસ ભરાવા લાગ્યા?
મોડે સમજાયું કે ઈર્ષાની હવા ચાલે છે.

ઠાંસી ઠાંસી ભર્યા માણસ ને એ પાછા તગડા!
ક્યાંક ભરપેટ જૂઠાણાંની હવા ચાલે છે.

■

પંખીઓ મારી પાછળ આવે છે

હાન્સ મેગ્નસ એન્ઝેન્સબર્ગર, અનુ. હસમુખ કે. રાવલ

હું તો જાણે હરતુંફરતું ઝાડ
પંખીઓ મારી પાછળ પાછળ આવે છે,

પશુપંખીને આશ્રય આપવા
વરસાદથી રક્ષવા
હું વધુ ને વધુ ફેલાતો જાઉં છું.
રશિયન બાળવાર્તાઓના મશરૂમની જેમ
મારું છત્ર ફેલાવું છું.

પોપટ માટે પગમાંથી,
કાગડા માટે કમરમાંથી,
સમડી ને ગરુડ માટે,
પેટ અને પીઠમાંથી
કલકલિયા, ઘુવડ અને ચકલીઓ માટે
નાની ડાળીઓના અનેક
હાથ ઉગાડું છું.

ઘટાટોપ વૃક્ષની જેમ
મારા ફાળિયા પર ફળ ઝૂલે છે.
અને ચામાચીડિયાં લટકે છે

પંખી અને કીડાય નહીં એવા જીવો માટે
મારા છુટ્ટા કેશ લહેરાય છે. ત્યાં
મધ શોધતાં પતંગિયાં
મારા છત્રને પ્રભામંડળની જેમ ઘેરી લે છે.

હવે હું જોઉં છું કે
દરેક પક્ષી મૂળાક્ષરમાં ફેરવાય છેઃ
ક ખ ગ ઘ....

અક્ષરો વચ્ચેથી પવન પસાર થાય છે,
અને રણઝણ રણઝણ અવાજોના નાદ સર્જાય છે,

દરેક પંખી પોતાને હરોળમાં યોગ્ય સ્થાને ગોઠવે છે,
અને સમૂહસ્વર ગુંજી ઊઠે છે,
તેઓ ઊડાઊડ કરતાં
વારંવાર જગ્યાઓ બદલતાં
કિલ્લોલે છે
કંઈક નવું જ અભૂતપૂર્વ,
ગીત ગાય છે અને વાર્તાઓ રચે છે.

ખાંગી ટેકરીઓ અને બાંડાં જંગલોની
યાદોની ભીડમાં
સૂકાં ઝરણાં, ઉજ્જડ નાળાં,
અને ટેલિફોનનાં ગૂંચળાંમાં ગૂંચવાતાં છત,
તેમાંથી પસાર થતી ચીસો
ઉપરાંત વીજપ્રવાહનું દઝાડતું વ્યાકરણ

દરેક વૃક્ષ પાંદડાંઓનો નોખો શબ્દકોશ છે,
મારી ડાળખીઓ કવિતાઓથી ભરેલી છે.

* A Histroy of Clouds : the title of a new collection of poems by Hans Magnus Enzensberger

■

વિલાયતમાં રહેતાં વર્ષેક થયું હશે તેવામાં બે થિયોસૉફિસ્ટ મિત્રોની ઓળખાણ થઈ. બંને સગા ભાઈ હતા ને અવિવાહિત હતા. તેઓએ મારી પાસે ગીતાજીની વાત કરી. તેઓ એડવિન આર્નલ્ડનો ગીતાજીનો અનુવાદ વાંચતા હતા, પણ મને તેઓએ તે તેમની સાથે સંસ્કૃતમાં વાંચવા નોતર્યો. હું શરમાયો, કેમ કે મેં તો ગીતા સંસ્કૃતમાં કે પ્રાકૃતમાં વાંચી જ નહોતી! મારે તેમને કહેવું પડ્યું કે મેં ગીતાજી વાંચેલ જ નથી, પણ તમારી સાથે હું તે વાંચવા તૈયાર છું. મારો સંસ્કૃતનો અભ્યાસ પણ નહીં જેવો જ છે. હું તે એટલે સુધી સમજી શકીશ કે તરજુમામાં અવળો અર્થ હશે તો સુધારી શકાશે. આમ આ ભાઈઓની સાથે મેં ગીતા વાંચવાનો આરંભ કર્યો.

– **‘સત્યના પ્રયોગો અથવા આત્મકથા’ : મહાત્મા ગાંધી**

બેટર લાઈફ

વિશાલ ભાદાણી

હમણાંથી રાત્રે મોટા ભાગના લોકો "ડ્રીમ-સ્ટ્રીમ" લગાવીને સૂએ છે. સૂતી વખતે મનપસંદ સપનાંઓ સ્ટ્રીમ કરતું સબસ્ક્રિપ્શન હમણાં ખૂબ ટ્રેન્ડિંગમાં છે. અરે, તમે મૃત્યુ પામેલા સ્વજનો સાથે વાતચીત પણ કરી શકો એવું છે આ "ડ્રીમ-સ્ટ્રીમ!" રાજેશે પણ હેતલ સાથે વિતાવેલ છ દાયકાનું દાંપત્યજીવન ફરી જીવવા "ડ્રીમ-સ્ટ્રીમ"નું સબસ્ક્રિપ્શન લીધું છે અથવા કહો કે દીકરાએ લેવરાવ્યું છે પણ બાથરૂમ સુધી જવા માટે ઊભો થાય ત્યારે એના ઢીંચણમાં એવું તો દર્દ ઊઠતું કે જાણે વીજળી ન પડી હોય! હેતલ જીવતી ત્યારે હાથ પકડી લેતી. હવે દીવાલ પકડવી પડતી. દીવાલ ખાલી ટેકો આપે પણ રાજેશને સથવારાની જરૂર હતી! એવું કહેવાય નહીં કે ઘડપણ શરીરની સાથે સથવારા પણ તોડી નાખતું હોય છે.

આખરે એક દિવસ વિવાને રાજેશને મનાવતાં કહ્યું, "પપ્પા, તમારી ઉંમરના લગભગ સૌએ અનેક અંગો બદલ્યાં છે. ટૅક્નૉલૉજી એકદમ સેફ છે અને મારી પાસે આર્થિક સગવડતા પણ છે તો પછી શા માટે તમારે આ રોજનું દરદ વેઠવું છે? અમે તમારું દુઃખ જોઈ શકતા નથી." પછી ધીમેથી કહ્યું, "પ્લીઝ!"

રાજેશે લાંબો શ્વાસ લીધો. બારી બહાર ઝરમર વરસાદ ચાલુ હતો. સામેની બિલ્ડિંગના કાચ પર પાણીનાં ટીપાં સરકતાં હતાં; જાણે સમય હળું હળું નીચે ઊતરી રહ્યો હોય. રાજેશ જેવા વૃદ્ધ માણસ માટે ચોમાસું ભૂતકાળ તરફનો ઊતરતો ઢાળ હતું. પીડાથી કંટાળેલા રાજેશે હવે કોઈ પણ દલીલ કર્યા વગર કહ્યું, "સારું, તમે લોકો કહો તેમ. બોલો ક્યારે ઑપરેશન કરાવવું છે?"

વિવાન ગેલમાં આવી ગયો અને બોલ્યો, "અત્યારે જ! હું હમણાં જ એપમાં બુક કરું એટલે પાંચમી મિનિટે 'બેટર લાઈફ'વાળા આવશે અને તમારાં "નીઝ" બદલી નાખશે. છેલ્લા ઘણા દિવસથી હું એમની સર્વિસનું રેટિંગ જોયા કરું છું. એ લોકો માત્ર ત્રણ મિનિટમાં જ પ્રોસેસ પૂરી કરે છે અને એ પણ સો ટકા ઍક્યુરસી સાથે." રાજેશે "હા" પાડી એટલે ઘરની સ્માર્ટ-વૉલ પર તરતા ફૅમિલી-મૂડ-આઈકૉન્સ તરત જ "હૅપ્પી" થઈ ગયા. ખુશીમાં ને ખુશીમાં વિવાને બાજુમાં પડેલ સ્માર્ટ-વૉકરને હળવેથી પગ મારીને દૂર કર્યું. રાજેશને થયું કે આ ઑપરેશન દર્દ અને નિર્ભરતાને આમ જ લાત મારીને ભગાવી દેશેને!

પાંચ મિનિટમાં "બેટર લાઈફ"ની ફ્લાઈંગ મોબાઈલ મેડિકલ વાન ઘરની બહાર લૅન્ડ થઈ. અંદરથી એક યુવતી ઊતરી. એનો ચહેરો એટલો શાંત અને પ્રેમાળ હતો કે એમ

લાગે કે આજના જમાનામાં આ માટેની કોઈ દવા અથવા તો ક્રીમ આવતી હોવી જોઈએ! આંખો પર પારદર્શક સ્માર્ટ-ગ્લાસિસ. પ્રાથમિક વાતચીત બાદ તુરંત જ ફિલ્મોમાં હોય એવાં ગૅઝેટ્સ બહાર કાઢ્યાં. રાજેશના ઢીંચણ પર ખાસ પ્રકારનું ક્રીમ લગાવ્યું. ત્યાર બાદ ઢીંચણથી ચારગણી પહોળાઈવાળાં ગોળ ગૅઝેટ્સ બંને ઢીંચણને પહેરાવ્યાં. પોતાનાં ચશ્માંમાં રહેલા સ્ક્રીનમાં કશુંક જોઈને એણે રાજેશને કહ્યું, “ડોન્ટ વરી સર! આમાં કોઈ જ પેઇન નથી. બેટર લાઇફ પેઇનલેસ ઑર્ગન રિપ્લેસમેન્ટમાં ઇન્ડિયામાં નંબર વન પર છે.”

બાજુમાં બેઠેલા વિવાનના ખભા પર રાજેશે હાથ મૂક્યો પણ ધ્યાન પેલાં ગૅઝેટ્સ તરફ જ હતું.

યુવતીએ પાંપણથી ક્લિક કર્યું અને ગૅઝેટ્સ તરત સક્રિય થઈ ગયાં. સહેજ પણ અવાજ ન થયો. જેમ સૂકીભઠ નદીમાં ચોમાસાનું પાણી છાનુંમાનું બરછટ કોતરોમાંથી પસાર થાય એમ રાજેશને ઢીંચણનાં દુઃખાઉ હાડકાંમાં ટાઢક ફરી વળી. ત્રણ મિનિટથી પણ ઓછા સમયમાં બાયૉસિન્થેટિક ઢીંચણે રાજેશના શરીરમાં પ્રવેશ કર્યો. એને લાગ્યું કે શરીરને જાણે કોઈ અજાણી વર્કશૉપમાં લઈ જઈને ચુપચાપ રિપૅર કરી દેવામાં આવ્યું હોય. એ મનમાં જ બબડ્યો પણ ખરો, “સાલું, હવેથી “જીવવા”ની જગ્યાએ “મેન્ટેન” થવું એમ કહેવાશે કે શું?” યુવતીએ ગૅઝેટ્સ દૂર કર્યાં અને કહ્યું, “ઇટ્સ ડન!” રાજેશે અડીઅડીને ચારે બાજુએથી ઢીંચણને જોયા પણ ઑપરેશનની જગ્યાએ વાળ જેટલી પાતળી રેખા પણ નહોતી.

એ ઊભો થયો.

સૌપ્રથમ એને પોતાના વજનથી આશ્ચર્ય થયું.

પછી પગથી.

પછી ઝડપથી.

એ સોફા સુધી ચાલ્યો. પાછો ફર્યો. ફરી ચાલ્યો. પછી તો બાળક જેવી ઉતાવળમાં આંગણામાં દોડી આવ્યો. પછી યુવતીનો આભાર માનતાં કહ્યું, “થૅંક યૂ બેટા!”

યુવતીએ કહ્યું, “યૂ આર મોસ્ટ વેલકમ. સર, શું તમે અમારો પ્રીમિયમ પ્લાન ઍક્ટિવેટ કરવા માંગો છો?”

રાજેશને ખબર હતી કે બેઝિક પ્લાનમાં જ બે કરોડ આપવા પડ્યા છે એટલે એણે કહ્યું, “ના. બેટા, આ દરદ ગયું એટલે હવે બીજો કોઈ ખર્ચો કરવો નથી. પછી જરૂર પડે ત્યારે કહીશું.”

પણ વિવાને કુતૂહલવશ પૂછ્યું, “પ્રીમિયમ પ્લાનમાં કઈ કઈ સર્વિસીઝ આવે?”

યુવતીએ સમજાવવા માંડ્યું, “આમાં સૌથી પહેલી સર્વિસ “ઑટો-બૅલેન્સ” છે. એટલે આવા ચોમાસામાં કે અન્ય કોઈ પણ સમયે આપ લપસો તોપણ પડશો નહીં! આ સ્માર્ટ ઢીંચણ જાતે જ તમારા શરીરનું બૅલેન્સ કરી આપશે અને તમે બ્રેઇન હેમરેજ અથવા તો પીડાદાયક ફ્રૅક્ચરથી બચી શકશો. છે ને કમાલ?”

સૌએ આનંદ અને આશ્ચર્ય સાથે માથું ધુણાવ્યું એટલે એણે આગળ સમજાવ્યું, “અમારું બીજું ખાસ ફિચર છે “સ્માર્ટ-મૂવ” એટલે કે તમારા વિચારો પ્રમાણે તમારા પગ તમને જે તે સ્થાને લઈ જશે!”

રાજેશ હળવેથી હસ્યો, “એટલે હવે માણસને ચાલવું પણ નહીં પડે?”

“ના સર,” યુવતીએ આત્મવિશ્વાસથી કહ્યું, “માત્ર વિચારવાનું જ. તમે અને તમારી ઇચ્છા વચ્ચેનું અંતર ઘટાડવા માટે તો “બેટર લાઇફ” કામ કરે છે. ”

આ બધું સાંભળતી વખતે રાજેશના હાવભાવ જોવા જેવા હતા. એણે અત્યાર સુધીમાં ટૅક્નૉલૉજીના યુગના અનેક ચમત્કારો જોયા છે. જેમ કે : એના ઘણા મિત્રોએ ડિજિટલ આંખો લગાવેલી છે અને ઉંમર છુપાવતી કલાઉડ સ્કીન સાવ સામાન્ય બાબત થઈ છે. એના પાક્કા ભાઈબંધ કૌશિકે લગાવેલ રિવર્સ એજિંગ ચિપનું આશ્ચર્ય મનમાં હજુ ઓસર્યું નથી. જે છૂટી ગયું છે એ ફરી પામવા અનેક ગૅઝેટ્સના સથવારે એના જેવા અનેક રિટાયર્ડ લોકો ફરી યુવાની માણવા લાગ્યા હતા.

એક ક્ષણમાં બધું જ નજર સમક્ષ આવ્યું, છતાં રાજેશે પૂછ્યું, “શું એવું ખરેખર શક્ય છે?” પપ્પાની મૂંઝવણ પામી ચૂકેલા વિવાને તુરંત કહ્યું, “એકાદ ડેમો મળશે?”

“શ્યોર!” એમ કહીને યુવતીએ નાનકડા ચીપિયાથી રાજેશના કાનની પાછળના ભાગ પર રહેલી એક રુવાંટી ખેંચી અને એ જગ્યાએ પોતાની કિટમાંથી કાઢેલ કોઈ સોનેરી લિક્વિડનું એક ટીપું મૂક્યું અને બોલી, “ચિંતા ન કરશો, આ લિક્વિડ ચિપ છે જે આપના મગજમાં થોડો સમય એનું કામ કરશે અને પછી જાતે જ બહાર આવી જશે. આ ચિપ સરકારમાન્ય સેફટી ધોરણો ધરાવે છે. કસ્ટમર સેફટી ઍન્ડ વેલ-બીઇંગ અમારી કંપનીની સૌથી મોટી ઓળખ છે. યૂ નો!”

લિક્વિડ ચિપ અંદર ગઈ. એક ક્ષણ માટે રાજેશને લાગ્યું કે કોઈ એની અંદર ચુપચાપ બારી ખોલીને બેસી ગયું છે. યુવતીએ નવા લગાવેલા ઢીંચણ પર પોતાનાં ચશ્માંથી સ્કૅન કર્યું. કોણ જાણે કેવો જાદુ થયો કે રાજેશ ઝડપથી ઊભો થઈને ઉપરના રૂમમાં પડેલા પોતાના શૂઝ લઈ આવ્યો. ઘરના તમામ સભ્યો આ ઘટનાને સ્તબ્ધ બની જોઈ રહેલા. એક સમયે વૉકરના ટેકે માંડ માંડ ચાલી શકતા રાજેશની દાદર ચડવાની આ સ્ફૂર્તિ બેટર લાઇફની કમાલ હતી. રાજેશે નીચે આવીને કહ્યું, “મેં તો ખાલી વિચાર્યું કે મારા ઢીંચણ સારા થઈ ગયા છે તો મારા મિત્રો જોડે હું પહેલાંની જેમ દોડવા જઈશ.” એ કશું જ આગળ બોલવા જાય એ પહેલાં જ યુવતીએ કહ્યું, “બસ, પછીનું બધું જ કામ આ નવા ઢીંચણ અને ચિપનું છે!”

વિવાન સામે જોઈને સજળ આંખે રાજેશે કહ્યું, “થૅંક્યૂ બેટા!”

પપ્પાને ખુશ જોઈને વિવાને કહ્યું, “પ્રીમિયમ પ્લાન ઍક્ટિવેટ કરી આપો.”

રાજેશ વિવાનને રોકવા જતો હતો પણ વિવાને યુવતી સામે જોઈને આગળ વધવાનો ઇશારો કર્યો.

યુવતી હસીને બોલી, “શ્યોર સર! પણ આ પ્લાનનું સૌથી મજાનું ફિચર તો હજુ બાકી છે. એનું નામ છે “શેર ધ જર્ની” એટલે કે જો તમે કોઈ જગ્યાએ જવાનું વિચારો અને એ જ જગ્યાએ બેટર કંપનીના નીઝ અને પ્રીમિયમ પ્લાનવાળી કોઈ બીજી વ્યક્તિ પણ જવાનું વિચારે તો બંનેના ઢીંચણ કનેક્ટ થઈ જશે. અને બંને એકસાથે એક જ ગતિએ વાતો કરતાં કરતાં એ જર્નીને ઍન્જોય કરી શકશે!”

રાજેશ થોડી વાર મૌન રહ્યો અને એને ડર પણ લાગ્યો અને બોલ્યો, "એટલે... મારા પગ મારું મન વાંચશે?"

"યસ સર. પણ ડરવાની જરૂર નથી. તમને વધુ સારી સર્વિસ મળે એ માટે અમે તમારો લાઇવ ડેટા લેતા રહીશું અને અને અમારી સ્માર્ટ સિસ્ટમ તમને જરૂરી સંદેશાઓ ઓડિયો નોટિફિકેશન મારફતે આપ્યા કરશે. અને હા, આ માટે તમારે કાનમાં કોઈ જ ડિવાઇસ પહેરવું નહીં પડે છતાં તમે નોટિફિકેશન સાંભળી શકશો. તમારે માત્ર નોટિફિકેશનને સાંભળીને એ પ્રમાણે કરવાનું. અને હા, આ બધું જ સરકારનાં ધોરણો પ્રમાણે જ છે."

રાજેશે હસીને કહ્યું, "પણ સરકાર કયાં ધોરણો પ્રમાણે છે!!" સૌ થોડું હસ્યા. સ્માર્ટ-વૉલ પર આંખ મારતા ઇમોજીસ ઝબકીને જતા રહ્યા.

વળી, આ પ્રોડક્ટનાં અન્ય સારાં પાસાં પપ્પાને જણાવતાં વિવાને કહ્યું, "પપ્પા, આ પ્લાનથી તમે બધા મિત્રો એકસાથે ટ્રેકિંગ કરી શકશો."

"વાય નોટ?" યુવતી બોલી અને વિવાન સામે જોઈને ઉમેર્યું, "સર, આપ અમારી એપ પર જઈને પ્લાન અપગ્રેડ કરશો? જેથી હું એક વર્ષ માટેની લિક્વિડ ચિપ અત્યારે જ સરના બ્રેઇનમાં ઇન્સર્ટ કરતી જઉં."

વિવાને તુરંત જ પ્લાન અપગ્રેડ કર્યો. પેમેન્ટ થયાનો સાઉન્ડ સૌને સંભળાયો. રાજેશના મગજમાં ચિપ રેડાણી અને આખુંય ઘર આનંદના ઢીંચણ સાથે નાચવા લાગ્યું. યુવતીએ વિવાન સામે જોઈને કહ્યું, "થેંક યૂ સર, આમાં પ્રીમિયમ પ્લસ પ્લાન પણ..."

હવે રાજેશે ઊભા થઈને યુવતીને કહ્યું, "હવે બસ, આમાં જ હું ખુશ છું. જરૂર પડ્યે તમને જણાવીશું. આભાર!" આટલી વાત કરતાં કરતાં એ યુવતીને દરવાજા તરફ દોરી ગયો. ફ્લાઇંગ વાનનો જવાનો અવાજ બંધ થયો અને રાજેશે નિરાંતનો શ્વાસ લીધો.

ઘરમાં કોઈ પણ સારા પ્રસંગે થાય એવું આજે પણ થયું. રાજેશને હેતલ યાદ આવી, ને એના પગ હેતલના ફોટા તરફ આપોઆપ ચાલવા લાગ્યા. કોણ જાણે કેમ પણ ફોટામાં હેતલનું સ્મિત આજે અકારણ બહુ દૂર થતું હોય એવું લાગ્યું! ઢીંચણના દર્દને કારણે હેતલના ફોટા સામે એકધારો બેસી રહેતો રાજેશ પહેલી આઝાદીનો અનુભવ કરી રહ્યો હતો.

સાંજના પાંચ વાગ્યા હશે કે રાજેશના મિત્રોનું ઑનલાઇન મિલન શરૂ થયું. કૌશિકે ગ્રૂપમાં કૉલેજના દિવસોનો એક ફોટો મોકલ્યો અને એમાં એક છોકરીના ચહેરા પર વર્તુળ કરી હાઇલાઇટ કરેલું અને હેપ્પી હાર્ટના કેટલાય ઇમોજીઝની જાન પણ જોડેલી! રાજેશે એ ફોટો જોયો અને એના ચહેરા પર રોમૅન્ટિક સ્મિત અપલોડ થઈ ગયું.

સાઠ વર્ષ પહેલાં કૉલેજમાં સંગીતા નામની રાજેશની ગર્લફ્રેન્ડ આજે ફોટામાંથી રાજેશ માટે કેવાં રોમૅન્ટિક ગીતો ગાવા લાગેલી! કેટલીક યાદો વૃદ્ધ થતી નથી. ફક્ત ચુપ થઈ જાય છે. આવી પ્રેમકથાઓ પહેલા વરસાદની સુગંધ જેવી હોય છે : આખું વર્ષ દેખાતી નથી, પણ એક વરસાદ પડે ને આખું મન ભીંજવી જાય. સંગીતા એના જીવનમાંથી ગઈ હતી, દિલમાંથી નહીં; ફક્ત સમયના કબાટમાં ક્યાંક મુકાઈ ગયેલી. કોઈ કારણે બંનેનાં

લગ્ન ન થયાં. કોઈ પણ જાતની કડવાશ વગર ભારે હૈયે બંને છૂટાં પડેલાં. એ ફાઈલ આજ સુધી ઓપન નહોતી થઈ.

ચેટમાં મિત્રોએ રાજેશને કૉલેજના એ દિવસો ખૂબ જ ઝીણવટપૂર્વક યાદ કરાવ્યાઃ એસ.ટી.ડી.માં સિક્કા નાખીને ખાનગીમાં સંગીતાના ઘેર ફોન કરવો અને પછી એ પચ્ચીસ રૂપિયાનું ઉધાર ચૂકવવા આખી રાત હૉસ્ટેલમાં મિત્રોના અસાઇનમેન્ટ લખતો રાજેશ કેવો બેફિકર પ્રેમી હતો! સંગીતાને મળવા જતી વખતે એના માટે દિવાળીકાર્ડ, કી-ચેઇન, ટાઇટનના લોગોવાળી ડુપ્લિકેટ ઘડિયાળ વગેરેનો મેળ કરવો અને એ બધી જ ગિફ્ટ આપતી વખતે સંગીતાની આંખની ચમક જોયાની એ ક્ષણો રાજેશની રિસાઇકલબિનમાંથી જાણે ફરી મેમરીમાં સેવ થઈ ગઈ. સંગીતાની યાદ આવી અને એના પગ થોડા હલ્યા...!

એક તોફાની વિચારે રાજેશને હૅંગ કરી દીધોઃ "સંગીતાએ પણ મારી જેમ બેટર લાઇફના ઢીંચણ બદલ્યા હોય તો શું હું એની સાથે ફરી કનેક્ટ થઈ શકું?" આવું વિચારતાંની સાથે ઓડિયો નોટિફિકેશન સંભળાયું, "હા, એ શક્ય છે!"

નોટિફિકેશન સાંભળતાં જ રાજેશ તો આશ્ચર્યમાં મુકાઈ ગયો. એને એક નવું મિશન મળ્યું. રોજ મિત્રો જોડે ફરવા અને દોડવા જવાને બદલે હવે એ એકલો એકલો શહેરમાં રખડવા લાગ્યો. જુદી જુદી સોસાયટીઓ, કૉલેજની ગલીઓ, બસ સ્ટૅન્ડ, સરદાર બાગ, જૂની લાઇબ્રેરી પાસેની શેરી, ક્યારેક પગ પોતે જ કોઈ રસ્તા તરફ વળી જતા. બહાર રખડતો રાજેશ પોતાની અંદર ખોવાઈ ગયેલી એક ખાસ વર્ષાઋતુની શોધમાં રમમાણ હતો. એ વિચારતો કે "શું આ સ્માર્ટ મૂવ છે કે મારું મન?" માણસને સૌથી છેલ્લે શંકા પોતાની ઇચ્છા પર જ થતી હોય છે.

આ રઝળપાટમાં એક જ આશા હતીઃ "જો સંગીતાએ ઢીંચણ બદલ્યા હોય અને એનો પણ પ્રીમિયમ પ્લાન હોય તો મારા પગ મને એના સુધી લઈ જઈ શકે." પંચ્યાશી વર્ષે આવું મન થયું છે! કોઈ તરુણ પોતાને ગમતી તરુણીને એકાદ વખત જોવા અને વાત કરવા એના સોશિયલ મીડિયા પર વારંવાર જઈને ઑનલાઇન છે કે નહીં એ જોવા વિવિધ પ્લૅટફૉર્મ પર ચક્કર મારે એમ રાજેશના પગ વારંવાર શહેરની ગલીઓ ખૂંદવા લાગેલા.

શોધખોળ દરમિયાન એને એક દિવસ વિચાર આવ્યો કે "પણ શું સંગીતા જીવતી હશે?"

"સંગીતા શર્મા, એઇજ ૮૫, હાલ જીવે છે." નોટિફિકેશન.

"હેં... ક્યાં છે એ? એનું ઍડ્રેસ આપ" અધીરા રાજેશે નોટિફિકેશનને કહ્યું. થોડી વાર રાહ જોઈ. કોઈ જ જવાબ નહીં. માથામાં ટપલી મારીને કહ્યું, "હેલ્લો...? બેટર લાઇફ. સંગીતાનું ઍડ્રેસ..." પરંતુ કોઈ જ જવાબ નહીં. થોડી વારમાં વળી નોટિફિકેશન આવ્યું, "સૉરી, તમારા આ પ્લાનમાં ટુ-વે કોમ્યુનિકેશન સર્વિસ ઇન્ક્લુડેડ નથી. જો તમારે એ સર્વિસ ઍક્ટિવેટ કરવી હોય તો તમે "પ્રીમિયમ પ્લસ"નું સબસ્ક્રિપ્શન લઈ શકો છો. પ્લાનને આજે જ અપગ્રેડ કરાવો અને મેળવો આકર્ષક ડિસ્કાઉન્ટ."

રાજેશે એક ઊંડો નિસાસો નાખ્યો. એને થયું કે વિવાનને કહીને પ્લાન અપગ્રેડ કરાવું પણ એ પૂછે તો શું કહેવું? શા માટે પ્લાન અપગ્રેડ કરવો છે? જૂની ગર્લફ્રેન્ડને મળવા? મિત્રોને કહીને પ્લાન અપગ્રેડ કરાવાય? લોકલાજની બીક હજુ એનામાંથી ગઈ નથી, નહીંતર તો એ વખતે સંગીતાને ભગાડી ન ગયો હોત!

વળી, એનું મન ચકરાવે ચડતું... "એને ચડેલી ઉંમર કેવી લાગતી હશે? શું એણે પણ રિવર્સ એજિંગ ચિપનું સબસ્ક્રિપ્શન લીધું હશે?"

હવે "ડ્રીમ સ્ટ્રીમ"માં હેતલને બદલે સંગીતા આવે છે; રાજેશ લાવે છે. મનમાં યાદો માટે કોઈ નૈતિક કાયદા ક્યાં હોય છે? રાજેશ અને સંગીતા રાજેશના સપનામાં કૉલેજલાઇફ રિપીટ કરી રહ્યાં છે.

એક દિવસ કોઈ મહોલ્લામાંથી પસાર થતાં અચાનક નોટિફિકેશન આવ્યું : "સંગીતા શર્મા ૫૦૦ મીટર."

રાજેશના ઢીંચણમાં 'સ્માર્ટ-મૂવ' ઍક્ટિવ થઈ ગયું અને એ સંગીતા તરફ ચાલવા લાગ્યો. એના ઢીંચણ એને નજીકના ગાર્ડન તરફ લઈ જઈ રહ્યા હતા. એની ચાલવાની ઝડપ અને વરસાદી વાદળોની ઝડપ એકસમાન હતીઃ બંને અધીરા હતા. જમીનનું કોઈ જૂનું દેવું આજે ચૂકવી જ દેવું છે એવા મિજાજમાં ચોમાસું તૈયારી કરી રહ્યું હતું.

ગાર્ડનની મધ્યમાં આવેલા ફુવારા સર્કલ પાસે આવીને એ અટક્યો. આસપાસ મૂકેલા બાંકડાઓ પર એની આંખો ઝડપથી બધાને અને વિશેષ તો મહિલાઓને સ્કૅન કરી રહી હતી. એની ચાલવાની ગતિને અધીરાઈનો ધક્કો લાગ્યો હતો એટલે થોડો શ્વાસ પણ ચડી ગયો. પરંતુ બરાબર સામેના બાંકડા પર બેઠેલ એક વ્યક્તિને જોઈને બધું ભુલાઈ ગયું. સંગીતા આમ મળી જશે એની કલ્પના જ નહોતી. એણે "બેટર લાઇફનો" દિલથી આભાર માન્યો અને નોટિફિકેશન આવ્યું, "નીઝ કનેક્ટેડ વિથ મિસ. સંગીતા શર્મા."

સંગીતાને નોટિફિકેશન આવ્યું હોય એમ આમતેમ જોતાં ઊભી થઈ. એણે રાજેશને જોયો અને એનું દિલ ધ્રિબાંગ ધ્રિબાંગ ધબકવા લાગ્યું. બંનેનું "શેર ધ જર્ની" ઍક્ટિવ થઈ ગયું અને બંને એકબીજા તરફ આગળ વધવા લાગ્યાં. જાણે અંતરની દોરીને બંને એક-એક છેડેથી ખેંચી રહ્યાં હતાં. ચારેય આંખોનું સ્ટેટસ ભીનું ભીનું દેખાતું હતું. એકાદ-બે છાંટા પણ પડ્યા એટલે લોકો ઝડપથી પોતપોતાની વ્યવસ્થા કરવા લાગેલા. જાણે વરસાદને ખેંચીને પોતાનામાં સમાવી લેવો હોય એમ ફુવારો ઉપર તરફ ગતિમાન હતોઃ આ બંનેની મળવાની ઇચ્છા જેમ!

બંને વચ્ચે લગભગ ત્રીસેક ફૂટનું અંતર બાકી હશે ને રાજેશ અચાનક અટકી ગયો. જાણે કે કોઈએ ખીલા વડે પગને જમીનમાં ધરબી દીધા હોય. એણે ફરી પ્રયત્ન કર્યો. જાણે કોઈ અજાણી શક્તિએ પગને બાંધી દીધા હતા. આ જોઈને સંગીતા પણ ઊભી રહી ગઈ.

રાજેશને નોટિફિકેશન આવ્યુંઃ "તમારા નીઝ જેમની સાથે કનેક્ટ થયા છે એમણે હમણાં જ બેટર લાઇફનું હાર્ટ ટ્રાન્સપ્લાન્ટ કરાવ્યું છે અને અત્યારે એમની ભાવાત્મક સ્થિતિ નવા હૃદય માટે જોખમી બની રહી છે. જો તમે વધુ નજીક જશો તો એ વ્યક્તિની વધુ ભાવુક થવાની સંભાવના ૧૦૦% છે. જો એમને કંઈક થશે તો એ નુકસાનની કાયદાકીય જવાબદારી આપના આઈડીમાં ટ્રાન્સફર થશે, કારણ કે મિસ સંગીતા શર્મા અમારાં 'પ્રીમિયમ પ્લસ' કસ્ટમર છે. અત્યારે જ 'પ્રીમિયમ પ્લસ અપગ્રેડ' કરાવો અને તમારી ઇચ્છાઓને પૂરી થવાની એક તક આપો."

સંગીતા પણ સ્થિર હતી. કદાચ એને પણ કોઈ નોટિફિકેશન મળ્યું હતું.

બંને વચ્ચે માત્ર ફુવારો નહોતો.

એક કંપની ઊભી હતી.

એક અલ્ગોરિધમ.

એક ઇન્સ્યૉરન્સ પૉલિસી.

એક ડિજિટલ ભય અને ઝળઝળિયાંનું ઘોડાપૂર.

સંગીતાએ દૂરથી જ સહેજ હાથ ઊંચક્યો. જાણે કે પૂછતી હોય કે શું થયું? કેમ આવતો નથી? એ સ્મિત કરવાનો પ્રયત્ન કરતી હતી, પણ એના પણ હોઠ ધ્રૂજી રહ્યા હતા. કદાચ એને ખબર પડી ગઈ હશે કે રાજેશનો પ્લાન પ્રીમિયમ પ્લસ નથી એટલે એ અટકી ગયો છે અને પોતે ભાવુક થઈ છે એટલે પોતાને લગાવેલ કૃત્રિમ હૃદયને કંઈ થાય તો રાજેશને જેલ થઈ શકે!

રાજેશે ફરી પ્રયત્ન કર્યો. પગ હલ્યા નહીં. એણે ગુસ્સાથી ઢીંચણ પર મુક્કો મારીને કહ્યું, "ચાલ!" પણ બધું જ વ્યર્થ. આખી જિંદગી પોતાના પગે ચાલેલો માણસ પહેલી વાર પોતાના જ પગમાં કેદ થયો હતો. આ લાચારીએ એને મનથી ઢીંચણે પાડી દીધો હતો. નિરાશામાં એણે સંગીતા સામે જોયું. સંગીતાએ એને ત્યાં જ ઊભા રહેવાનો ઇશારો કર્યો.

વાચક માટે નોટિફિકેશન : નમસ્કાર! બેટર લાઇફ વાચકોને એક ઇમર્સિવ અનુભવ આપવા માટે કટિબદ્ધ છે ત્યારે આ વાર્તામાં આગળ શું થશે જાણવા માટે આપ અમારું એક મહિના માટેનું ફ્રી સબસ્ક્રિપ્શન લઈ શકો છો. શું આપ એક મહિના માટેનું ફ્રી સબસ્ક્રિપ્શન ઍક્ટિવેટ કરવા ઇચ્છો છો? આભાર! આપનું બેટર લાઇફનું "બેટર આર્ટ" વન મંથ સબસ્ક્રિપ્શન ઍક્ટિવેટ કરવામાં આવ્યું છે. માણો આગળની વાર્તા.

વળી, રાજેશને નોટિફિકેશન સંભળાયું, "સર, આપનું ઇમોશન-ફિલ્ટર ફેઇલ થઈ રહ્યું છે. આપના ભાવાત્મક તરંગો સુરક્ષિત મર્યાદા કરતાં વધુ છે. આપના હાલના પ્લાનમાં ભાવાત્મક માલ-ફંક્શન પર અમારી ચિપ કામ કરતી નથી. જો તમારે "પ્રીમિયમ પ્લસ" પ્લાન અપગ્રેડ કરાવીને આગળ વધવું હોય અને જીવનની આઝાદીનો લાભ લેવો હોય કસ્ટમર કેર પર કૉલ કરો અને અત્યારે જ એ સેવાનો લાભ મેળવો."

ચડતી ઉંમરે આંસુઓ ઘણાં ઉપર આવી જતાં હોય છે. ઢીંચણની અસહ્ય પીડા સહન ન થતાં જેમ કોઈ વૃદ્ધ ઢળી પડે એમ આખું આકાશ રાજેશનાં આંસુઓને છુપાવવા માટે વરસાદનો ઢગલો થઈ ગયું..! ધોધમાર વરસાદ સામે ફુવારાએ પડતું મૂક્યું!

વળી નોટિફિકેશન આવ્યું, "ડોન્ટ વરી સર, સંગીતા શર્માની ઉંમરની અન્ય ૨૨ મહિલાઓ બેટર લાઇફની વિવિધ સેવાઓ ઍન્જૉય કરી રહી છે જે તમારા પચાસ મીટરમાં જ છે. તમે ઇચ્છો તો અમે તમને એમાંની કોઈ સાથે અત્યારે જ કનેક્ટ કરી આપીએ. ઉંમર કોઈ પણ હોય પણ માણસની ઇચ્છા પ્રમાણેનું જીવન આપવા માટે બેટર લાઇફ કમિટેડ છે."

નોટિફિકેશનના ઘોંઘાટમાં રાજેશને ઘર યાદ આવ્યું. એનું સ્માર્ટ-મૂવ ઍક્ટિવેટ થયું અને એ ઘર તરફ વળ્યો. ગાર્ડનમાંથી બહાર નીકળતી વખતે રસ્તામાં જેમ જેમ મહિલાઓ નજીકથી પસાર થતી જાય છે એમ એમ નોટિફિકેશનના હુમલાઓ થાય છે :

"મિસ ભાવના, ઉંમર ૭૮, કનેક્ટેડ"

"મિસ ભાવના ડિસકનેક્ટેડ. મિસ સ્મિતા, ઉંમર ૮૧, કનેક્ટેડ"

"મિસ સ્મિતા ડિસકનેક્ટેડ. મિસ આકાંક્ષા, ઉંમર ૮૪, કનેક્ટેડ"

વાચક માટે નોટિફિકેશનઃ વાર્તા અહીં પૂરી થાય છે. આપના મોબાઇલ અને આપની આસપાસ રહેલા CCTV કૅમેરાની મદદથી વાર્તા દરમિયાન તમારી અંદર જે થયું એ ડેટાના આધારે તમને વાર્તાનો એક ઑલ્ટરનેટિવ એન્ડ સજેસ્ટ કરવામાં આવે છે. બેટર લાઇફ માત્ર તમારા માટે લાવી છે આ જ વાર્તાનો એક બીજો અંત.

સંગીતાએ દૂરથી જ હસતાં હસતાં ઊંચા અવાજે કહ્યું, "કૉલેજમાં પણ તું આટલો જ ડરપોક હતો."

રાજેશ અચાનક હસી પડ્યો. એવું નિખાલસ હાસ્ય કે ગાર્ડનના બે-ચાર લોકો એને ઝડપથી સ્ક્રૉલ કરીને વરસાદથી બચવા કોઈ વૃક્ષ નીચે દોડી ગયા. સંગીતા આગળ બોલી, "આટલાં વર્ષે આમ મળ્યાં અને એમાં પણ તું ચિપથી ડરી ગયો?"

આ શબ્દો જાણે સીધા રાજેશના મગજમાં નહીં, વર્ષોથી બંધ પડેલી કોઈ અંદરની ગુફામાં જઈને અથડાયા. એક ક્ષણ માટે એના શરીરમાં અજબ ધ્રુજારી થઈ. એ ખૂબ જ સંઘર્ષ કરી રહ્યો હતો. કાન પાછળની લિક્વિડ ચિપ અચાનક ગરમ થવા લાગી. બીપ અવાજ સાથે કાનમાં નોટિફિકેશન્સ સંભળાયા : "લાગણીઓનું અસંતુલન વધી રહ્યું છે. વેરી હાઈ ઇમોશનલ ઓવરલોડ. સુરક્ષિત જગ્યાએ જતા રહો. કોઈ જોડે ઇમોશનલ વાત ન કરો. કોઈ પણ માણસથી દૂર રહો." વર્ષો સુધી દબાવી રાખેલી લાગણીઓ વરસાદી નદીઓની જેમ કાંઠા તોડીને બેફામ રહી હતી. ચિપ કદાચ શરીરનાં સિગ્નલ વાંચી શકતી હતી, પણ રાજેશના દિલમાં વરસતા સાઠ વર્ષના ચોમાસાને માપી શકતી નહોતી.

નજીક આવી રહેલી સંગીતાએ પોતાનાં ચશ્માંમાં બે ક્લિક કરી અને સ્મિત કર્યું.

તુરંત જ રાજેશને એક નોટિફિકેશન સંભળાયું : "કૉંગ્રેચ્યુલેશન્સ! તમે હાલ જેમની સાથે "શેર ધ જર્ની" માણી રહ્યા છો એમણે પોતાની ક્રેડિટ પર આપના પ્લાનને "પ્રીમિયમ પ્લસ"માં અપગ્રેડ કર્યો છે. હવે આપ પણ અમારા પ્રીમિયમ પ્લસ ક્લબના મેમ્બર છો."

રાજેશે રાહતનો ઊંડો શ્વાસ લીધો અને સંગીતા તરફ ડગ માંડ્યા. ઘૂંટણમાં તો કોઈ જ દર્દ નહોતું, પણ વર્ષોની દબાયેલી લાગણીઓનો ભાર જરૂર હતો. છતાં પહેલી વાર એને લાગ્યું કે જાણે પગ જમીનને અડતા જ નહોતા. આ "પ્રીમિયમ પ્લસ"ની કમાલ છે કે સંગીતાને મળવાનો આનંદ એ નક્કી કરવું મુશ્કેલ હતું. ધીમે...ધીમે...બંને એકબીજાની નજીક આવી ગયાં.

સંગીતાની આંખોમાંથી સરતાં હર્ષાશ્રુ વધેલા વરસાદમાં પણ સ્પષ્ટ જોઈ શકાતાં હતાં. સામે આવીને બંને થોડી વાર સુધી કંઈ બોલ્યાં જ નહીં, અને બોલે પણ શું?

અનરાધાર વરસાદ શરૂ થયો. વૃક્ષોની હરોળ નીચે હવે બંને ધીમે ધીમે ચાલી રહ્યાં હતાં. માટી વધુ ચીકણી થઈ રહી હતી. બંને એકમેકની ખૂબ નજીક ચાલી રહ્યાં હતાં; રાજેશ લપસે તો તેના ઢીંચણ ઑટો બૅલેન્સ કરી જ આપશે આમ છતાં સંગીતાએ એનો

હાથ ઝાલ્યો. એનો ઇરાદો રાજેશને ટેકો આપવાનો હતો પણ રાજેશને સથવારો મળી ગયો. એવામાં બંનેને એકસાથે નોટિફિકેશન આવ્યું:

"કૉંગ્રેચ્યુલેશન, આપ બંને પહેલી વખત પ્રીમિયમ પ્લસના મેમ્બર તરીકે કનેક્ટ થયા છો એટલે તેમને બેટર લાઇફની "ડ્રીમ-સ્ટ્રીમ" સેવામાં પણ કનેક્ટ કરી આપવામાં આવે છે. દિવસ દરમિયાન એકબીજાની કંપની માણ્યા બાદ સપનામાં પણ સાથે રહેવાની મોકળાશ કરી આપતી ઇન્ડિયાની એકમાત્ર કંપની એટલે "બેટર લાઇફ"!

બંને ખડખડાટ હસતાં હસતાં ગાર્ડનની સીમા ઓળંગી ગયાં. બંને સંપૂર્ણ પલળી ગયાં. જમીનનું લેણું ચૂકતે કરીને ગર્વીલો વરસાદ ક્યાંક બીજે ચુકવણી કરવા નીકળી ગયો અને ફુવારો ફરી જોમ દેખાડવા લાગ્યો.

વાચક માટે નોટિફિકેશન : થૅંક યૂ! વાર્તા અહીં પૂરી થાય છે. શું આપ ત્રીજા અંત માટે પ્રોમ્પ્ટ આપવા માંગો છો? આપના પ્રોમ્પ્ટ પ્રમાણે લખાયેલ એન્ડ જો વધુમાં વધુ લોકો પસંદ કરશે તો બેટર લાઇફ તરફથી આપને ડ્રીમ સ્ટ્રીમની ફ્રી મેમ્બરશિપ આપવામાં આવે છે. તો રાહ શાની જુઓ છો? આપની પ્રત્યેક ક્લિક આપની લાઇફને બેટર બનાવશે! ગુડ બાય ફૉર નાવ!

■

કાયદાનો અભ્યાસ સહેલો હતો. બારિસ્ટરો વિનોદમાં' ડિનર (ખાણાના) બારિસ્ટર' તરીકે જ ગણાતા. સહુ જાણતા કે પરીક્ષાની કિંમત નહીં જેવી હતી. મારા સમયમાં બે પરીક્ષાઓ હતી : રોમન લૉ અને ઇંગ્લંડના કાયદા. બે કકડે અપાતી આ પરીક્ષાનાં પુસ્તકો મુકરર હતાં. પણ તે તો ભાગ્યે જ કોઈ વાંચે. રોમન લૉને સારુ નાની નોંધો લખાયેલી તે પંદર દિવસમાં વાંચીને પાસ થનારને મેં જોયેલા. તેવું જ ઇંગ્લંડના કાયદા વિષે. તેની નોંધપોથીઓ બેત્રણ માસમાં પૂરું કરતા વિદ્યાર્થીઓને પણ મેં જોયેલા. પરીક્ષાના સવાલો સહેલા, પરીક્ષકો ઉદાર. રોમન લૉમાં પાસના ૯૫ થી ૯૯ ટકા આવતા ને છેલ્લી પરીક્ષામાં ૭૫ અથવા તેથી ઉપરાંત એટલે નાપાસ થવાનો ભય બહુ થોડો. વળી પરીક્ષા વર્ષમાં એક નહીં પણ ચાર હોય. આવી સગવડોવાળી પરીક્ષા કોઈને બોજારૂપ ન જ લાગે.

પણ મેં તેને બોજારૂપ કરી મૂકી. મને લાગ્યું કે મારે અસલ પુસ્તકો વાંચી જ જવાં જોઈએ. ન વાંચવામાં મને છેતરપિંડી લાગી. તેથી મેં તો અસલ પુસ્તકો ખરીદી ઠીક ખર્ચ કર્યું.'રોમન લૉ' લૅટિનમાં વાંચી જવાનો નિશ્ચય કર્યો. વિલાયતની મૅટ્રિક્યુલેશનમાં હું લૅટિન શીખેલો તેનો અહીં ઉપયોગ થયો. આ વાચન વ્યર્થ ન ગયું. દક્ષિણ આફ્રિકામાં રોમન ડચ લૉ પ્રમાણભૂત હોય છે. તે સમજવામાં મને જસ્ટિનિયનનું વાચન બહુ ઉપયોગી થઈ પડ્યું.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

ફિંગર બાઉલ

અજય ઓઝા

'હેલો દોસ્તો... હું છું તમારો પોતાનો, તમારો લાડીલો, તમારો જાણીતો, તમારો વહાલો, તમારામાંનો જ એક સ્વાદનો શોખીન માણસ... લઈને આવ્યો છું આજે એક નવી જ જગ્યાની વાત, જ્યાં તમને મળી જશે, ગુજરાતી, પંજાબી, ચાઇનીઝ, સાઉથ ઇન્ડિયન અને કૉન્ટિનેન્ટલ ફૂડ, તદ્દન વાજબી કિંમતમાં, સ્ટાર્ટરથી લઈને ફિંગર બાઉલ સુધીની સંપૂર્ણ સર્વિસ.. એકદમ સ્વાદિષ્ટ અને પૌષ્ટિક ફૂડ માટે અચૂક મુલાકાત લો.. સરનામું સ્ક્રીનશૉટ કરી લેજો, ઝીબ્રા ક્રૉસિંગ, મેટ્રો સ્ટેશન સામે.... તો ગાય્ઝ.. આવો છો ને?'

દસ-બાર વર્ષથી વધુ ઉંમર એની નહીં હોય. એ મારા જેવો કોઈ ઇન્ફ્લુએન્સર પણ નહોતો. બસ અહીં ઝીબ્રા ક્રૉસિંગની સામે ફૂટપાથ પર ઊભો રહી આવા બધા તમાશા કરતો. રોજ મેટ્રો સ્ટેશન તરફ જતા-આવતા મારા જેવા લોકોનું ધ્યાન આ રીતે ખેંચતો. એને સાંભળવા લોકો બે ઘડી ઊભા રહી જાય એવો એનો બુલંદ અવાજ. ભેગા થયેલા મારા જેવા લોકો જે કંઈ આપે, એમાંથી કશુંક કમાઈ પણ લેતો હશે.

મારે અવારનવાર મેટ્રો પકડવા અહીંથી ચાલતા નીકળવાનું હોય. મારા ફ્લૅટ અને મેટ્રો સ્ટેશન વચ્ચે આ ઝીબ્રા ક્રૉસિંગ અને ફૂટપાથ સિવાય જો કંઈ આવતું હોય તો એ આ બાર વર્ષનો નકલી ઇન્ફ્લુએન્સર જ ગણાય. મારા ફ્લૅટની બાલ્કનીમાંથી પણ એનો આ તમાશો હું જોઈ શકું.

સાંજે મેટ્રોમાંથી ઊતરીને ઘેર પહોંચવાની બહુ ઉતાવળ ન હોય ત્યારે હું એનો આ તમાશો જોવા રોકાઈ જાઉં. ટોળું ભેગું કરવાની એની તાકાતમાં મને રસ પડી ગયેલો.

એ દિવસે તમાશો પૂરો થયા પછી, રૂપિયા એકઠા કરી ગણતો ફૂટપાથની એક તરફ એ બેઠો હતો ત્યારે હું પહોંચી ગયો એની પાસે.

'તારું નામ કહીશ દોસ્ત?'

એણે મારી સામે જોયું, એની નજર પરથી મને ઇગ્નોર કરવા માંગતો હોય એવું લાગ્યું, એટલે મેં પહેલાં મારું નામ કહ્યું, 'હું હેમિન. તારું નામ?'

એણે ફરી મારી સામે જોયું, હવે ભરોસો બેઠો હોય એમ જવાબ આપ્યો, 'ભાવેશ-ભાવો-ભાવલો... તમને કયુ ફાવશે?'

હું હસી પડ્યો, ને એની સામે હાથ લંબાવતાં બોલ્યો, 'ભાવેશ.'

એણે પણ હસીને હાથ મિલાવતાં કહ્યું, 'જોયા છે મેં તમને, અનેક વાર, અહીં મારો ખેલ જોવા ઊભેલા, તમારા હાથમાં એક સેલ્ફી સ્ટિક હોય છે, ને કેટલીક વાર મારા ફોટા લેતાં પણ તમને જોયા છે.'

એણે પણ મારી એ રીતે નોંધ લીધેલી હશે, એ જાણીને મને ગમ્યું.

એ મુલાકાત પછી તો અવારનવાર થતી રહી, અને એ ભાવેશ-ભાવો-ભાવલો... મારો દોસ્ત બની ગયો.

'તમે શું કરો છો?' એક વાર એણે મને પૂછ્યું.

'હું તો એક સાચુકલો ઇન્ફ્લુએન્સર છું.' મેં જરા ગર્વથી કહ્યું.

'સાચે જ?' એ ખુશ થયેલો.

'હા, સાચે જ.' મેં સેલ્ફી સ્ટિક ઊંચી કરી એને બતાવતાં કહ્યું.

એ તરત જ કહે, 'મારે પણ એ..જ.. એન્ફ્લુન્સર બનવું છે.'

હું હસી પડ્યો, 'અરે, તું તો મોટો ઇન્ફ્લુએન્સર છો જ.'

'એમ નહીં.. રિયલ ઇન્ફ્લુન્સર... તમારા જેવો જ. જુઓને, મને તો બરાબર નામ બોલતાં પણ નથી આવડતું.' એ હસ્યા વગર બોલ્યો.

'જરૂર બની શકાશે. હું એક્સપર્ટ થઈ જાઉં પછી તારો વારો.' મેં કહ્યું, ને પછી એને પૂછ્યું, 'પહેલાં તું મને એ કહે કે તું આ બધું ક્યાંથી શીખ્યો?'

એણે ખિસ્સામાંથી એક જૂના મૉડલનો ફોન કાઢ્યો ને મને બતાવ્યો. એની સ્ક્રીન પણ તૂટેલી હતી. હું એ ફોન જોતો રહ્યો.

ભાવેશ કહે, 'આ ફોનમાંથી, નકરી રીલ જોયા કરીને, આવડી ગયું.'

'પણ તને આ ફોન કોણે આપ્યો?' મને બીજો સવાલ થયો. આટલા નાના બાળકના હાથમાં ફોન કોણ આપે! એક ક્ષણ મને થયું કે નક્કી એણે ચોરેલો હોવો જોઈએ.

મારા સંદેહના સવાલને પારખી ગયો હોય એમ એણે મારા હાથમાંથી પોતાનો ફોન પાછો લઈ લીધો અને મારા સવાલને પણ ઇગ્નોર કરી દીધો.

એનો મૂડ પારખી મેં પણ ત્યાંથી ચાલતી પકડી.

મારે તો મોટે ભાગે મેટ્રો દ્વારા જ સફર કરવાની રહેતી. એક ઇન્ફ્લુએન્સરની લાઇફ પણ કેટલી વિચિત્ર હોય છે! સતત સ્ટ્રગલ કર્યા કરવાની. રોજ નવાં નવાં કામ શોધ્યા કરવાનાં. પ્રોડક્ટ ગમે તેવી હોય તો પણ ઊછળી ઊછળીને એનાં મોંફાટ વખાણ કર્યા કરવાનાં. અલગ અલગ સ્થળે શૂટ કરવા જવાનું. ઘેર આવી એડિટિંગ કરવાનું. ક્યારેક જરૂરિયાત મુજબ બીજા સ્ટુડિયોની મદદ લેવાની. ઓડિયો સેટ કરવાનો. મ્યુઝિક તૈયાર કરવાનું. કટિંગ-પેસ્ટિંગ કર્યા કરવાનું. ને એમાં પણ કશુંક નવું તો લાવવાનું જ હોય. આ બધું કર્યા પછી પણ સતત વધ-ઘટ થતા ફૉલોઅર્સની ફિકર તો ખરી જ! રોજ આ બધું શી રીતે મૅનેજ કરવું શક્ય બને?

આ બધી પરિસ્થિતિઓ વચ્ચે ભાવેશનો એ તમાશો મને કશુંક નવીન આપતો રહે. એટલે થોડા થોડા દિવસે હું એનો તમાશો જોવા ઊભો રહી જતો. એનામાંથી શીખેલું હું મારા પ્રોજેક્ટમાં ઍપ્લાય કરતો રહું. એટલે જ મને એની સાથે દોસ્તી કેળવવાની ઇચ્છા થઈ હતી. એની ઉંમર કરતાં અનેકગણી દુનિયાદારી એનામાં છલકાતી હું હંમેશાં અનુભવું.

કેટલાક દિવસો પછીની કોઈ એક સાંજે હું ત્યાંથી પસાર થયો ત્યારે એનો તમાશો શરૂ હતો. કેટલાક લોકોનું ટોળું એની આસપાસ જોયું. એનો અવાજ સાંભળી હું પણ એ ટોળામાં દર્શક બની ગયો.

આજે કોઈ નવી વાત એ મોટા અવાજે કરી રહ્યો હતો, 'સ્ક્રૉલ ન કરશો.. સ્ક્રૉલ ન કરશો... હું છું તમારો પોતાનો, તમારો લાડીલો, તમારો જાણીતો, તમારો વહાલો, તમારામાંનો જ એક ફેશનનો શોખીન માણસ... લઈને આવ્યો છું આજે એક નવી જ જગ્યાની વાત, જ્યાં તમને મળી જશે, લેડીઝવેર, જેન્ટ્સવેર અને હા... હા.. બાળકોને તો કેમ ભુલાય? અવનવી વેરાયટીમાં ચિલ્ડ્રન્સવેર તદ્દન વાજબી કિંમતમાં, સ્ટાર્ટરથી લઈને ફિંગર બાઉલ સુધી (હસીને) - એટલે કે.. એટલે કે.. એટલે કે... બાળકોથી લઈને દાદા-દાદી સહિત સૌની પસંદગીની સંપૂર્ણ રેન્જ.. ઑફિસવેર, કેજ્યુઅલવેર, પાર્ટીવેર, ટ્રેડિશનલવેર.. એકદમ અજોડ અને ટકાઉ વસ્ત્રો માટે અચૂક મુલાકાત લો.. વેરાયટી અઢળક પણ જગ્યા તો આ એક જ.. સરનામું સ્ક્રીનશૉટ કરી લેજો, ઝીબ્રા ક્રૉસિંગ, મેટ્રો સ્ટેશન સામે.... તો ગાય્ઝ.. આવો છો ને?'

ટોળામાં તાળીઓના ગડગડાટ થતા રહ્યા. સિક્કાઓ અને નોટોનો હળવો વરસાદ. ભાવેશ-ભાવો-ભાવલો પોરસાતો રહ્યો.

લોકો વિખેરાયા બાદ હું એની પાસે જઈ બેઠો. એણે આદત મુજબ મારી હાજરીની નોંધ લેવાનું ઇગ્નોર કર્યું. એટલે હું બોલ્યો, 'ભાવેશ, રોજ કંઈક અનોખું ને સરસ લાવી બતાવે છે તું તો!'

પોતાનાં વખાણ કોને ન ગમે. એણે મારી સામે જોયું, પણ પછી રુક્ષ સ્વરે કહે, 'તમાશો પૂરો થઈ ગયો છે સાહેબ.'

મેં તરત જ સંવાદ ચાલુ રાખવા કહ્યું, 'પણ આપણી વાત તો તમાશો પૂરો થયા પછી જ શરૂ થતી હોય છે ને ભાવેશ!'

એ હસ્યો, જાણે એક મૅચ્યૉર માણસ હસે એમ. પછી કહે, 'આજે તમારી સેલ્ફી સ્ટિક ક્યાં હેમિનભાઈ?'

'રીચા પાસે. એ લઈ ગઈ છે.'

'રીચા?' ભાવેશને રસ પડ્યો.

'મારી દોસ્ત છે, હમણાં જ બની છે. એ પણ ઇન્ફ્લુએન્સર બનશે.' મેં વાત જણાવી.

'અચ્છા... બહુ સરસ.' એણે ટૂંકમાં પતાવ્યું.

પણ મારે ભાવેશની દોસ્તી વધુ ગાઢ બનાવવી હતી, એટલે મેં કહ્યું, 'મેટ્રોમાં જ પહેલી મુલાકાત થયેલી થોડા દિવસ પહેલાં એની સાથે. એની ઇચ્છા છે મારી સાથે કામ કરવાની.'

'એટલે... બિઝનેસ પાર્ટનર?' એણે પૂછ્યું.

'હા, લગભગ એવું જ. સાથે કામ કરીશું ને કમાઈશું. એક જ ફિલ્ડમાં કામ કરતાં હોવાને લીધે અમારા વિચારો પણ મળે છે.' મેં હોંશથી જણાવ્યું.

'એક વાત કહું હેમિનસાહેબ?'

'અરે.. બોલ ને, આપણે હવે દોસ્ત છીએ.' મેં 'દોસ્ત' શબ્દ પર અને એના ખભા પર લાગણીભર્યો ભાર મૂકતાં કહ્યું.

'તમે એક્સપર્ટ એન્ફ્લુન્સર બની ગ્યા?' એણે સવાલ કર્યો.

'ભાવલા... આ તો દરિયો છે, એમાં કોઈ એક્સપર્ટ હોતું જ નથી. બસ બે પૈસા મેળવી લઉં છું, બધું સરસ ચાલે છે.' મેં જરા વિચારીને કહ્યું.

એ ફરી મૅચ્યૉર બાળકની જેમ હસ્યો, એટલે મેં પૂછ્યું, 'કેમ એમ પૂછે છે તું?'

'મને મારા પપ્પાની એક શિખામણ યાદ આવી ગઈ.' એ જ સ્મિત સાથે એ બોલ્યો.

'શું? મને પણ કહે ને દોસ્ત!' મેં કહ્યું.

મોટા માણસની જેમ ગંભીર ચહેરે ભાવેશ જરા વિચારીને કહે, 'મારા પપ્પા કહેતા કે બિઝનેસમાં કોઈને ત્યારે જ પાર્ટનર બનાવાય, જ્યારે તમે પોતે એ બિઝનેસમાં એક્સપર્ટ બની ગયા હો.'

હું એની મૅચ્યૉરિટીને આશ્ચર્યચકિત થઈ માપી રહ્યો.

કદાચ જાણ્યે-અજાણ્યે મારી કોઈ દુખતી રગ એના પપ્પાની શિખામણ થકી દબાવાઈ ગઈ હશે એવું અનુભવાયું. હું મૂંગા મોંએ ચાલી નીકળ્યો.

રીચા આમ તો ખૂબ જ ઉત્સાહી છોકરી હતી. મેટ્રોમાં પહેલી વાર મળેલી. અચાનક જ મારી પાસે આવીને મને કહે, 'એક્સ્ક્યુઝ મી, જરા તમારી સેલ્ફી સ્ટિક આપશો? મારે એક રીલ બનાવવી છે.'

'સ્યોર... સ્યોર..' કહેતાં મેં એને મારી સેલ્ફી સ્ટિક આપી. એની રીલ બનાવવાની સ્ટાઇલ પરથી એ શિખાઉ હોવાનો ખ્યાલ મને આવી રહ્યો હતો. જોકે મેં તો એનાં વખાણ જ કર્યાં, 'વાહ, આ રીલ વાઇરલ થશે જોજો, જે ઍંગલથી તમે શૂટ કર્યું, આફરીન.., લાઇક ને કમેન્ટ્સનો વરસાદ થશે. જોજો, મને ક્રેડિટ આપશો ને!'

એ હસી. એનું સ્મિત મને સ્પર્શી ગયું. એમાંથી પરિચય આગળ વધેલો. એ પણ ઇન્ફ્લુએન્સર તરીકે પર્સનાલિટી ઊભી કરવા માગતી હતી. એને રસ તો હતો જ, બસ જરા અનુભવની જરૂર હતી.

એટલે ત્યાર બાદ એક પ્રોડક્ટની નવી ઍડ અમે બન્નેએ સાથે બનાવી હતી. એમાંથી પરિચય વધુ આગળ વધ્યો ને ઘનિષ્ઠ બન્યો. મને એ ગમવા લાગી હતી. હંમેશાં કામ સાથે કરીશું તો વાત આગળ વધી શકશે એમ વિચારી મેં જ એને પ્રસ્તાવ મૂક્યો, ને એણે

પણ ખુશી ખુશી સંમતિ દર્શાવી. એટલે અમારું બન્નેનું એક જૉઇન્ટ આઈ.ડી. બનાવીને અમે જૉઇન્ટ નામ પર જ એક નવી ઍડ એજન્સી શરૂ કરી દીધી.

શરૂઆત જરા નરમ હોવાથી જોઈએ એટલી ઇન્કમ થતી નહોતી. લોકોને અમારી ઍડમાં જોઈએ એટલો રસ પડતો નહોતો. અને મનમોજી ફૉલોઅર્સને આકર્ષવા પણ મુશ્કેલ તો હતા જ.

મેં ઘણી વાર ભાવલાના તમાશાની રીચાને વાત કરી હતી, એટલે એક વાર એ કહે, 'એ છોકરામાં બહુ ટૅલેન્ટ હોય એવું લાગે છે. તું એના તમાશા જોતો રહે, ને એની પાસેથી નવા નવા આઇડિયાઝ મેળવતા રહેવા. આપણને બહુ ઉપયોગી થશે. પણ જોજે હાં, એને જ ઇન્ફ્લુએન્સર બનાવી દેવાનું ના વિચારીશ.'

મને એની વાતમાં વજૂદ જણાયું.

એક સાંજે હું મેટ્રો સ્ટેશન ઊતરીને ઝીબ્રા ક્રૉસિંગ પસાર કરી પરત આવી રહ્યો હતો ત્યારે ભાવેશનો તમાશો જોવા ઊભો રહી ગયો.

'હેયઈઈએ.... હું છું તમારો પોતાનો, તમારો લાડીલો, તમારો જાણીતો, તમારો વહાલો, તમારામાંનો જ એક સાહિત્ય અને સંગીતનો શોખીન માણસ... લઈને આવ્યો છું આજે એક નવા જ કાર્યક્રમની વાત, જ્યાં તમને સાંભળવા મળી જશે, કવિતા, ગઝલ, ગીત-સંગીતની અદ્ભુત રજૂઆત, સ્ટાર્ટરથી લઈને ફિંગર બાઉલ સુધીની –(હસીને) -એટલે કે... એટલે કે... એટલે કે... પ્રણયથી માંડીને પીડાઓ સુધીની, મારા-તમારા-આપણા સૌના મનની અંદરુલી વાત.. એકદમ અનોખા અંદાજમાં.. આ સંગીતમય પ્રીમયર શો માણવા રજિસ્ટ્રેશન આજે જ કરશો, સ્થળ-તારીખ-સમય સ્ક્રીન શૉટ કરી લેજો, ઝીબ્રા ક્રૉસિંગ, મેટ્રો સ્ટેશન સામે.... સો ગાય્ઝ.. મળીએ અનોખા પ્રીમિયર શોમાં?'

સાચું કહું? હું સ્વીકારું કે ન સ્વીકારું, પણ મનોમન ઈર્ષ્યા થઈ આવે છે આ ભાવલાની. મારો બેટો કંઈક ને કંઈક નવું તો એની પાસે જ હોય છે. રીચા સાચું જ કહે છે, આ છોકરામાં ટૅલેન્ટ ભરી પડી છે. આપણે તેનો ઉપયોગ કરવો જોઈએ.

એકઠા કરેલા પૈસા ભાવેશ એક રૂમાલમાં સંકોરી રહ્યો હતો, ત્યારે મેં પણ નજીક જઈ એના રૂમાલમાં હળવેથી પચાસ રૂપિયાની નોટ મૂકી.

આજે એ મને ઇગ્નોર ન કરી શક્યો, બોલ્યો, 'હેમિનભાઈ..!'

'બોલ દોસ્ત.. કેમ છો?'

'આપણે તો શું હોય?' એ છટાથી બોલ્યો, 'મારે કંઈ તમારી લોકોની જેમ ફૉલોઅર્સની ફિકર થોડી હોય?'

'તોયે તને જોવા આવતા આ સાચુકલા લોકો, અમારા ફૉલોઅર્સના વર્ચ્યુઅલ ટોળા કરતાં વધુ રિયલ લાગતા હોય છે મને.' હું મનની વાત બોલી ગયો.

વાત બદલાવવા ભાવેશ કહે, 'હમ્મ્મ... તો? શું કરે છે તમારી પેલી રૂપાળી સેલ્ફી સ્ટિક?'

એનો ઈશારો હું સમજી ગયો, 'રીચા? બસ મહેનત કરીએ છીએ, સાથે મળીને. સફળતા મળશે જ, ખાતરી છે.'

એ ફિક્કું હસ્યો, 'એક સવાલ કરું?'

'પૂછ ને દોસ્ત.'

'બિઝનેસ બમણો થયો કે નહીં તમારો?'

હું ખડખડાટ હસવા લાગ્યો, 'એમ કાંઈ બિઝનેસ બમણો કેમ થાય વહાલા?

પણ એ હસ્યા વગર કહે, 'મારા પપ્પા કહેતા કે કમાનારા બે પાર્ટનર થાય, તો બિઝનેસ પણ બમણો થાય જ ને?'

મારી પાસે એની વાતનો કોઈ જવાબ નહોતો, જાણે ફરી મારી કોઈ દુખતી રગ દબાઈ! એટલે હું ચૂપચાપ ચાલી નીકળ્યો.

– પણ એના આ સવાલે મને વિચાર કરતો જરૂર કરી દીધો.

બીજે દિવસે હું અને રીચા એક નવા ખૂલેલા શૉપિંગ મૉલની ઍડ માટે ઑફર આવી હોવાથી ત્યાં મૅનેજેરને મળવા ગયા. પણ એ લોકોને બહુ લો બજેટમાં ઍડ કરવી હતી, જે અમને પોસાઈ શકે એમ નહોતું. આથી અમે એ ઑફર નકારી નીકળી ગયા.

એક ગાર્ડનમાં બેસીને મેં રીચાને ભાવેશે કહેલી વાત કરી. એ ગુસ્સે થઈ ગઈ, 'એમ રાતોરાત આવક ડબલ કેવી રીતે થઈ જાય? આપણે કોશિશ તો કરીએ જ છીએ ને!'

'હા, પણ..' હું બોલવા જતો હતો પણ બોલી ન શક્યો.

રીચાએ મને આશ્વાસન આપતાં કહ્યું, 'થોડો બ્રેક લઈ લે, બે દિવસ આરામ કર. પછી ફરી રિચાર્જ થઈ મળીએ ને સ્ફૂર્તિથી કામે લાગી જઈશું.'

કહીને એ ચાલી ગઈ. મને એની વાત બરાબર લાગી.

ને બે દિવસ એમ જ પસાર થઈ ગયા. ત્રીજે દિવસે એ મને મેટ્રોમાં મળી નહીં. એનો ફોન પણ રિસીવ થયો નહીં. મને ચિંતા થવા લાગી.

હારી થાકીને હું પાછો ઘર તરફ ફર્યો. ઝીબ્રા ક્રૉસિંગ સામે ફૂટપાથ પર ભાવેશ પોતાના તમાશાની પૂર્વતૈયારી માટે સાવરણો લઈ ફૂટપાથની એ જગ્યા સાફ કરતો દેખાયો. હું એની પાસે જઈ અન્યમનસ્કપણે ઊભો રહ્યો.

આદત મુજબ ક્યાંય સુધી એ મને ઇગ્નોર કરતો રહ્યો એટલે મારાથી ન રહેવાયું, એટલે હું બોલ્યો, 'હું કંઈ મદદ કરું?'

કચરો સાફ કરતો એ અટક્યો ને પછી કંઈક અલગ જ રીતે હસીને કહે, 'ધંધામાં હું ભાગીદાર રાખતો નથી સાહેબ.'

મને એનો આવો અણિયાળો જવાબ ન ગમ્યો, એટલે મેં પણ કટાક્ષ કર્યો, 'આ પણ તારા પપ્પાની શિખામણ જ હશે, નહીં?'

એ તરત બોલ્યો, 'ના રે સાહેબ, આટલો અનુભવ તો હું હવે તમારા જેવાની પાસેથી શીખી લેતો હોઉં છું.'

'એટલે? તું કહેવા શું માગે છે?'

'કંઈ નહીં હેમિનભાઈ, જવા દો, મારે તમાશાનો સમય થાય છે.'

'ના, પહેલાં કહે તો મને, એવી તો શી વાત છે?'

'જાણવું જ છે સાહેબ?' એણે સાવરણાનો એક તરફ ઘા કર્યો, ખિસ્સામાંથી મોબાઇલ કાઢ્યો, ને મને કહે, 'તો આવો અહીં, ને આ લ્યો જુઓ.. આ તમારી પેલી રૂપાળી સેલ્ફી સ્ટિકની નવી ઍડ!'

એણે સ્ક્રીનની બ્રાઇટનેસ વધારીને મોબાઇલ મને ધર્યો. પેલા નવા જ ખૂલેલા શૉપિંગમૉલની ઍડ રીચા એકલી પોતાના નવા આઈ.ડી. પરથી જોરશોરથી કરી રહી હતી, અને સાથે સાથે સ્ક્રીન પર પોતાના નવા અલગ ફોનનંબર અને આઈ.ડી.ની જાહેરાત પણ ફૉલોઅર્સ મેળવવા કરી રહી હતી!

મને આંચકો લાગ્યો. સ્ક્રીન પરના એ નવા નંબર પર મેં ભાવેશના ફોનમાંથી જ રીચાને ફોન લગાવ્યો, આ વખતે રિસીવ કર્યો એણે. મેં તરત પૂછ્યું, 'રીચા, આ શું? તેં આમ કેમ કર્યું?'

રીચા એકદમ સપાટ અવાજમાં કહે, 'અરે, હેમિન, ઍક્ચ્યુઅલી.. એમાં એવું થયું કે પેલા મૉલવાળા પાસે આપણાં બન્નેનું બજેટ નહોતું, મેં વિચાર્યું કે બિઝનેસ અટકવો ન જોઈએ, યૂ નો, ...તો થયું કે થોડું ઍડજસ્ટ કરું. તને વાત કરવાની જ હતી, પણ.., તું એક કામ કર ને હેમિન, હમણાં આપણી પાસે કોઈ સારી ઍડ ઑફર નથી, તો તું હમણાં પેલા.. શું નામ.. હાં, ભાવલા પાસેથી બે-ચાર નવા આઇડિયાઝ શીખી લે, ત્યાં સુધીમાં હું જરા સેટ થવા જેવું કશુંક ગોઠવું છું કંઈક!'

'પણ ભાવલો કોઈ મોટો ઇન્ફ્લુએન્સર છે શું? તો એને જ આપણી સાથે લઈ લઈએ?'

'ડોન્ટ બી સિલી, કોઈ મોટો ઇન્ફ્લુએન્સર ક્યારેય શીખવે નહીં, એ સ્કિલ તારે એની પાસેથી શીખી લેવાની છે, ને એ પણ એને ખબર પડ્યા વગર! સમજે છે ને તું, એને સાથે લેવાની તો વાત જ ના કરીશ. આ તારો ભાવેશ-ભાવો-ભાવલો જે છે ને એ આપણે માટે તો એક 'ફિંગર બાઉલ' છે, બસ, આપણે તો એમાં ફક્ત ટેરવાં સાફ કરવાનાં હોય.. માત્ર ટેરવાં, હં? એને પીવાનું હોય જ નહીં, ગૉટ ઇટ?'

'પણ.. રીચા.. મારી..–' હું થોથવાઉં છું.

'ઓહ..હા, હેમિન, તારી સેલ્ફી સ્ટિક મારી પાસે જોઈશે. હજુ પણ મારે બે-ત્રણ સોલો ઍડ કરવાની ઑફર પેન્ડિંગ છે, તો.. આમ પણ તારી પાસે ક્યાં હમણાં નવું કંઈ કામ છે? અને હોય તો તું નવી મેળવી લેજેને, પ્લીઝ!'

ફોન કપાયા પછી પાછો આપતાં હું ભાવેશ સામે જોઈ રહ્યો. એણે કદાચ અમારી વાતો સાંભળી હોય એવું લાગ્યું. રૂમાલ વડે સ્ક્રીન લૂછતાં વળી એ કહે, 'સાહેબ, આ ફોન મારા પપ્પા મને આપતા ગયા છે. મને મળેલી છેલ્લી ગિફ્ટ છે આ!'

'નસીબદાર છો ભાવલા તું, તારા પપ્પા તને કેટલું બધું આપતા ગયા છે!' મારાથી નિઃશ્વાસ નંખાઈ ગયો.

તમાશાની તૈયારી પૂરી થતાં રૂમાલ પાથરતો એ કહે, 'એક વાત કરું સાહેબ?'

મેં જવાબ આપ્યા વગર એની સામે સંમતિસૂચક નજરે જોયું એટલે એ કહે, 'આ સામેની હોટલમાં મારા પપ્પા વેઇટર હતા. એક વાર કોઈ પૈસાદાર યુવતીના હાથ પર ભૂલથી ફિંગર બાઉલના હૂંફાળા પાણીનો એક છાંટો ઊડી ગયેલો. માલિક નોકરીમાંથી કાઢી મૂકે એ પહેલાં જ પપ્પાએ નોકરી છોડી દીધી.. છેલ્લા શ્વાસે પણ પપ્પાના હોઠે આ જ શિખામણ હતી, ખુદ્દારી અને ખુમારી વગર કોઈ કામ ન કરવું. બાકી આ દુનિયા તો આપણને 'ફિંગર બાઉલ' જ સમજતી હોય છે!'

એનો ઇશારો ન સમજું એટલો નાદાન હું નહોતો. મારી દુખતી રગ સમેત નીચા મોંએ ત્યાંથી નીકળી ગયો. મારી પીઠ પાછળ એનો તમાશો શરૂ થયો, એના અવાજો મારા કાનમાં અફળાઈ રહ્યા હતા, 'હેલો દોસ્તો... હું છું તમારો પોતાનો, તમારો લાડીલો, તમારો જાણીતો, તમારો વહાલો, તમારામાંનો જ એક, ઘર શોધી રહેલો માણસ... લઈને આવ્યો છું આજે શહેરના એક રિચ એરિયામાં બની રહેલા ૨BHK લકઝરી ફ્લૅટની જ વાત, જુઓ, આ છે તમારો ૧૮×૧૬નો વિશાળ ડ્રૉઇંગરૂમ, સાથે ઓપન માર્બલ ફ્લોરિંગ કિચન, અહીં તમને મળી જશે ૧૬×૧૫નો માસ્ટર બેડરૂમ વિથ એટેચ બાથરૂમ, દરેક રૂમમાં વિશાળ બાલ્કની, સ્ટાર્ટરથી લઈને ફિંગર બાઉલ સુધીની.. –એટલે કે.. એટલે કે.. એટલે કે.. લોનપેપરથી માંડીને પઝેશન સુધીની સંપૂર્ણ સર્વિસ.. સેમ્પલ ફ્લૅટ જોવા માટે અચૂક મુલાકાત લો.. સરનામુ સ્ક્રીન શૉટ કરી લેજો, ઝીબ્રા ક્રૉસિંગ, મેટ્રો સ્ટેશન સામે....–'

ભાવેશ–ભાવો–ભાવલાના તમાશાનો અવાજ ધીમો પડી રહ્યો હતો, પણ મારા મનમાં એના અવાજો બમણી તીવ્રતાથી ગુંજી રહ્યા!

■

એફિલ ટાવર વિષે બે બોલ આવશ્યક છે. એફિલ ટાવર હાલ શો અર્થ સારે છે એ હું નથી જાણતો. પ્રદર્શનમાં ગયા પછી પ્રદર્શન વિષે વર્ણનો તો વાંચવામાં આવે જ. તેમાં તેની સ્તુતિ પણ સાંભળી ને નિંદા પણ સાંભળી. નિંદા કરનારામાં અગ્રેસર ટૉલ્સ્ટૉય હતા એવું મને યાદ છે. તેમણે લખેલું કે એફિલ ટાવર મનુષ્યની મૂર્ખાઈનું ચિહ્ન છે, તેના જ્ઞાનનું પરિણામ નથી. તેમના લેખમાં તેમણે જણાવ્યું હતું કે, દુનિયાના ચાલતા ઘણા નશાઓમાં તમાકુનું વ્યસન એક રીતે સહુથી ખરાબ છે. જે કુકર્મ કરવાની હિંમત દારૂ પીવાથી ન આવે તે બીડી પીવાથી આવે છે. દારૂ પીનાર ગાંડો બને છે, જ્યારે બીડી પીનારની અક્કલને ધૂમસ ચડે છે. ને તેથી તે હવાઈ કિલ્લા બાંધવા મંડી જાય છે. એફિલ ટાવર આવા વ્યસનનું પરિણામ છે એવો ટૉલ્સ્ટૉયે પોતાનો અભિપ્રાય જાહેર કર્યો હતો.

એફિલ ટાવરમાં કશું સૌંદર્ય તો નથી જ. પ્રદર્શનને તેણે કશી શોભા આપી એમ ન કહી શકાય. એક નવી વસ્તુ છે, તે જોવાને હજારો માણસો ચડ્યા. એ ટાવર પ્રદર્શનનું એક રમકડું હતું. ને જ્યાં સુધી આપણે મોહને વશ છીએ ત્યાં સુધી આપણે પણ બાળક છીએ, એ વસ્તુ આ ટાવર સારી રીતે સિદ્ધ કરે છે એ તેની ઉપયોગિતા ભલે મનાઓ.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

ઉઘાડ

અશ્વિની બાપટ

સવારથી બહુ બધાં કામ પતાવતી ગઈ હતી.

બહુ દિવસે ઉઘાડ નીકળ્યો'તો. તો સવારે જ કપડાં બહારની દોરી પર સૂકવેલાં. બધી જ ચાદરો, ઓશીકાનાં કવર અને પડદા સુધ્ધાં આજે કાઢ્યાં હતાં. જમીકરીને જરાક આડી પડી ત્યાં જ ધબધબાટી શરૂ થઈ. હું નીચે દોડીને કમ્પાઉન્ડમાં પહોંચી ત્યારે તીર વરસતાં હોય એમ મોટાં ટીપાં ટોચાઈ રહ્યાં હતાં. મેં ઝટ ઝટ દોરી પરથી કપડાં ઉતારી લીધાં અને અંદર આવી સોફા પર નાખ્યાં. બારણું બંધ કરવા ગઈ એટલામાં તો વરસાદ બંધ થઈ ગયો. બાથરૂમમાં શાવર બંધ કર્યો હોય એમ. તરત જ સૂરજ પ્રગટ થઈ ગયો ને ઘડીકમાં ફરી ભકભક તડકો નીકળ્યો. આકાશ તો શેતાની બાળકની જેમ જાણે કશું થયું જ નથી એમ ઠાવકું.

થોડી વાર આકાશ નિહાળ્યું. સાવ ચોખ્ખું હતું. હોલિવૂડ મૂવીઝમાં દેખાય તેવું ચોખ્ખું. કોઈ કાળું-ઘેરું વાદળ દેખાયું નહીં. આકાશમાં કશું જ છુપાઈ શકે? હું એ જ પગલે કપડાં પાછાં સૂકવવા બહાર લઈ આવી. ઘડીભરના વરસાદમાં લગભગ સુકાયેલાં કપડાં આલાલીલાં થઈ ગયાં હતાં. એક નજર આકાશ તરફ નાખીને કપડાં સૂકવી દીધાં. હવે પાછો વરસાદ તો નહીં જ આવે એવું લાગ્યું. બારણું વાસતાં ફરી આકાશમાં જોયું, મેઘધનુષ ખીલી ઊઠેલું. મેઘધનુષનાં દર્શન બહુ વખતે થયાં. ઉત્સાહમાં હું ઉપરના રૂમમાં ગઈ.

પ્રદીપના પલંગ પાસેની બારી ખોલી. મેઘધનુષ્ય બરાબર દેખાતું હતું. પારિજાતના ઝાડની ઉપર.

"પ્રદીપ, આ જો...જો તો ખરો-"

પ્રદીપના નિર્વિકાર ચહેરાને જોઈને "મેઘધનુષ્ય..." શબ્દ બોલી તો ખરી પણ એના રંગ ખવાઈ ગયા હોય એમ સાવ ફિકાશથી.

પ્રદીપના માથા તરફના પલંગના ભાગને જરા ઊંચો કર્યો. એના નિર્વિકાર ચહેરાને જોઈને પૂછ્યું, "સારું તો લાગે છે ને? આમ સાવ પડી ભાંગીશ તો કેમ ચાલશે? ડૉક્ટરે કહ્યું છે કે બે મહિનામાં બધું નૉર્મલ થઈ જશે. જો, હવે નિર્મલનો આવવાનો વખત થાય છે. હું ચા બનાવી લાવું છું. એ આવે તે પહેલાં જરા ફ્રેશ થઈ જાય તો સારું. ચા પી લે પછી તને ટૉઇલેટ લઈ જાઉં."

પ્રદીપના રૂમનું ટી.વી. ચાલુ કર્યું. યૂ ટ્યૂબ પર જૂનાં હિંદી ગીતો મૂક્યાં. પ્રદીપ આંખો બંધ કરીને હજી એ જ સ્થિતિમાં બેઠો હતો. 'બહારેં હમ કો ઢૂંઢેગી, ન જાને હમ કહાં હોંગે' ગીત વહી રહ્યું હતું. હું ચા બનાવી ઉપર લઈ આવી ત્યાં સુધીમાં એ ગીત પૂરું થઈ ગયું. એ ગીત બહુ વખતે જડ્યું હતું એટલે મેં રિપીટ કર્યું. ગીત સાથે હું પણ ગણગણતી હતી અને પ્રદીપને ચા પણ પિવડાવતી હતી. "આ ગીત તેં હાર્મોનિયમ પર બેસાડ્યું હતું, યાદ છે?"

પ્રદીપે માંડ ચા પીધી.

"સાવ આવું નહીં કરવાનું. તું સહકાર આપીશ તો બધું જ ફરીથી સારું થઈ જશે."

પ્રદીપ મારી સામે ત્રાહિત વ્યક્તિને જોતો હોય એમ જોઈ રહેલો.

"શું વિચાર કરે છે? કંઈક તો બોલ..."

"શું બોલું? હવે બધું જ ખતમ."

એનો અવાજ સાવ નંખાઈ ગયેલો, એના મનના તળિયેથી, અનેક વિચારોના ભાવ તળેથી દબાયેલો, એના ચહેરાની જેમ જ નિર્વિકાર હતો. માંડ બોલ્યો તે પણ આવું.

"શું ખતમ? તું છે, જીવતોજાગતો. બોલી શકે છે. મનની વાત કરી શકે છે. હું છું તારી સાથે. માત્ર ચાલી નથી શકતો. અને વ્હીલચૅર પર તો ફરી જ શકાય છે. તું એની પણ ના પાડે છે. બધી વસ્તુનો તું કંટાળો કરીશ તો કઈ રીતે સારા થવાય? કંઈ ખતમ નથી થયું."

એને ટૉઇલેટ લઈ ગઈ.

"જરા વૉશ આપું? કપડાં બદલીશ?"

"કંઈ જરૂર નથી. સવારે તો બધું કર્યું જ છે."

સવારે રજત – હૉસ્પિટલનો વૉર્ડબૉય - આવતો. પ્રદીપને નવડાવી, ફ્રેશ કપડાં પહેરાવતો.

"ઓ. કે. પણ મને થયું કે નિર્મલ આવે છે તો જરા...."

"નિર્મલ એની મિત્રના માંદા પતિને જોવા આવવાનો છે. કોઈ ઉજવણી માટે થોડો જ આવે છે?" આ વખતે એના અવાજમાં ભાવ હતો. એના મનમાં કંઈક કડવાશ હતી જે હજી જવાનું નામ લેતી ન હતી.

"સારું. તું ટી.વી. જો, હું જરા થોડાં કામ પતાવું છું."

હું મારો કપ લઈને ફરી કમ્પાઉન્ડમાં ગઈ. ક્યારીમાં દરેક છોડ પર ફૂલ ખીલ્યાં હતાં. ફૂલોના રંગ અને રંગબેરંગી કપડાંથી વાતાવરણ રંગીન હતું. મેઘધનુષ્ય ભૂંસાઈ ગયું હતું. આભાસી પદાર્થ ઝડપથી નાબૂદ થઈ જાય. અને હવે પહેલાંની માફક હું આભાસી અનુભવના સૌંદર્યથી એના મોહમાં બંધાઈ જતી ન હતી. એવાં સૌંદર્ય આવે તો માણી લેવાનાં અને વિદાય લે તો જવા દેવાનાં, એટલી પરિપક્વતા તો પચાસમે વર્ષે આવી જ ગઈ હતી.

નિર્મલ અમેરિકામાં સ્થાયી થયો હતો. આમ તો દર વર્ષે આવતો પણ મળાતું નહીં. એ આવવાનું ટાળતો જ. એણે પણ ધારી જ લીધેલું કે પ્રદીપને એ ખૂંચતો હતો. કંઈક અંશે પ્રદીપે એની ધારણા ખરી ઠેરવી હતી. એની સામે કશું બોલતો નહીં, કશું વર્તનથી પણ બતાવતો નહીં, તેમ છતાં નિર્મલ એના મનને પારખી ગયો હતો.

કપડાં હવે સુકાઈ ગયાં હતાં. કપડાં લઈને ઘડી કરવા માંડી. નીચેના બન્ને રૂમ્સના પરદા ચડાવી દીધા, ચાદરો પાથરી દીધી અને ઓશીકાનાં કવર ચડાવ્યાં. કદાચ નિર્મલ અહીં રોકાઈ પણ જાય. એક વાર નિર્મલ આ ઘરને જોશે તે રીતે આખા ઘર પર નજર ફેરવી.

કૉલેજના દિવસોમાં નિર્મલ પહેલી વાર અમારા ઘરે આવ્યો હતો તે યાદ આવ્યું. બહુ સામાન્ય એવા અમારા ઘરમાં એ દિવસે મમ્મીએ એની આગતાસ્વાગતામાં કોઈ કચાશ રાખી ન હતી. એ અમેરિકા ભણવા જવાનો હતો એટલે મમ્મીએ એને એક કવરમાં ચાંદીનો સિક્કો પણ આપેલો.

ઘડી કરેલાં કપડાં, ધોયેલા પડદા અને ચાદરો લઈ ઉપર ગઈ.

પ્રદીપે ટી.વી. બંધ કરી દીધેલું. મેં સ્ટૂલ પર ચડી પડદાનો રૉડ કાઢ્યો. પ્રદીપ મારી સામે એકધારું જોઈ રહેલો. હું અકળાઈ ગઈ. મેં કહ્યું, “આમ શું જોયા કરે છે?”

“તું આવાં કામ એકલે હાથે કરી રહી છે તે જોઉં છું.”

“પણ તે આજની વાત થોડી જ છે? એ તો હું કાયમ જ કરતી આવી છું.”

પડદા લગાવી દીધા. પ્રદીપના પલંગનો માથાનો ભાગ ઢાળવા સંચો ચલાવવા નીચે નમી. પ્રદીપે મને એની નજીક ખેંચી. બહુ વખતે એને આ રીતે ભાવુક થતાં જોયો. મેં પણ એને વહાલ કર્યું.

“પલંગ ઢાળવાનું રહેવા દે. મારે સૂવું નથી.”

“સારું. પણ મને તારી સાથે બેસવાનો ટાઇમ નથી. ઘણાં કામ બાકી છે. ટી.વી. જોઈશ?”

“ના. જરૂર નથી. તું જા. મારી ચિંતા ન કર.”

હું બીજા બેડરૂમમાં ધોયેલા પડદા લગાવવા ગઈ. એ અમારો બેડરૂમ. પ્રદીપના ઑપરેશન પછી સ્પેશિયલ પલંગ માટે થઈને પેલા રૂમમાં વ્યવસ્થા કરી હતી. હૉસ્પિટલથી ડિસ્ચાર્જ લઈ ઘરે આવ્યા પછી હું પ્રદીપના પલંગ પાસે જ નીચે ગાદી પાથરી સૂતી. એનો પગ ગયો તે પચાવવું મારા માટે પણ અઘરું હતું. પણ હવે આ સ્થિતિમાં કશો ફેર પડવાનો ન હતો. હું એને એ હકીકત સ્વીકારવા મારાથી બનતી મદદ કરતી.

નિર્મલ અમારા સંસારમાં એમ કંઈ બહુ ખલેલ પહોંચાડતો એવું નામ ન હતું. એ અમારા જીવનમાંથી બાદ પણ થયો ન હતો. કબાટના ઉપલા ખાનાના ખૂણામાં રાખેલા લગ્નના મહાકાય આલબમ જેવી તેની ઉપસ્થિતિ હતી. પ્રદીપ પણ અમારી જ કૉલેજમાં, અમારા જ ક્લાસમાં હતો પણ હું એને ત્યારે ઓળખતી ન હતી.

લગ્ન નક્કી થયું ત્યારે મને એણે કહેલું,

"પણ હું તને ઓળખતો હતો!"

હું એટલી ફેમસ હતી શું?

"અરે યાર... તારા જેવી સુંદર છોકરી કોના ધ્યાનમાં ન આવે! અને આવે પછી કોણ ભૂલી શકે?"

"તો તો તું નિર્મલને પણ ઓળખતો હોઈશ."

"હા સ્તો...કૉલેજમાં ત્રણ વર્ષ એક જ ક્લાસમાં હોઈએ તો ઓળખતા જ હોઈએ" એટલું કહી એણે અમારી કૉલેજના એક એક પ્રાધ્યાપકોની વાતો કરવા માંડી. બહુ મજાકિયો સ્વભાવ હતો.

ફોનની રિંગ સંભળાઈ. મારો ફોન પ્રદીપના પલંગ પર જ હતો. હું પહોંચું ત્યાં સુધીમાં રિંગ બંધ થઈ ગઈ. નિર્મલનો હતો.

મેં પ્રદીપને કહ્યું, "તારે લેવો જોઈતો હતો."

પ્રદીપનું મોં ચડી ગયેલું હતું. મેં ગુસ્સાથી કહ્યું, "એને ના પાડી દઉં? આટલાં વર્ષે અહીં આમ આવવાની શું જરૂર?"

પ્રદીપે આંખો બંધ કરી દીધી.

"હું સાચે જ એને ના પાડી શકું છું. આપણે શું કામ ડિસ્ટર્બ થવાનું...પાંચેક વર્ષ પહેલાં પણ આવેલો ત્યારે તને ન'તું ગમ્યું અને પછી."

પછી મહિનાઓ સુધી સરખું થયું ન હતું. મેં એનાથી કશું જ છુપાવ્યું ન હતું, પણ પ્રદીપે આપમેળે ઘણું ધારી લીધેલું. આટલાં વર્ષે પણ પ્રદીપને આ વાત કેમ રંજાડે છે એ સમજાતું ન હતું.

નિર્મલને કૉલ બૅક કરવા ફોન લીધો.

પ્રદીપે મને અટકાવી.

"એને આવવાની ના ન પાડીશ."

મને પણ થયું કે એનું આવવાનું ગોઠવાઈ જ ગયું છે તો એમાં ફેરફાર નથી કરવો. એણે સામેથી ફોન કરેલો, મળવા આવશે એવું પોતે જ કહ્યું હતું. જો હવે હું એને ના પાડું તો એ શુંનું શું ધારી લેશે. જાણે મારા અને પ્રદીપ વચ્ચે કંઈક ખટરાગ છે અથવા પ્રદીપ મારા મિત્રોનું માન ન રાખે એવો ખડૂસ છે.

"પણ તને અનકમ્ફર્ટેબલ લાગતું હોય તો એને ના પાડી દઉં."

પ્રદીપ મારી સામે કશું ન બોલતાં જોઈ રહ્યો.

"આઇ મીન ઇટ પ્રદીપ! મારા માટે તારા કમ્ફર્ટથી વિશેષ કશું જ નથી."

અમારી આવી જ વાતો ચાલ્યા કરી. એમાં પ્રદીપ માત્ર સાંભળતો હતો. સાંભળતો જ હતો કે નહીં એ તો એને જ ખબર. કશુંક ગંભીરતાથી વિચારી પણ રહેલો. મેં નક્કી કર્યું કે આ નિર્મલ સાથે મારી છેલ્લી મુલાકાત હશે.

આખરે નિર્મલ આવી પહોંચ્યો. ભારત આવ્યા પછીનો એનો બીજો જ દિવસ હતો, તોપણ એણે પહેલાં અમારે ત્યાં આવવાનું નક્કી કર્યું, કારણ કે એ આજે જ રાતની ગાડીમાં એક ફૅમિલી ફંક્શન માટે બહારગામ જવાનો હતો અને પછી અનેક ઠેકાણે જવાનું હતું.

“કેમ છે? અને તમારાં બાળકો તો હવે મોટાં થઈ ગયાં હશે, નહીં?”

“બન્ને ભાઈ-બહેન હૈદરાબાદમાં છે. એક જ કંપનીમાં, આઈ.ટી. સેક્ટરમાં.”

એને પ્રદીપ સાથે બેસાડી હું ચા-નાસ્તાની તૈયારી કરવામાં બિઝી થઈ ગઈ. મનમાં ફફડાટ હતો.

પણ થોડી જ વારમાં ઉપરથી ખડખડાટ હસવાનો અવાજ આવ્યો. આ અવાજ પ્રદીપનો હતો. નિર્મલ બહુ જૉલી છે, એની નવાઈ ન હતી પણ એ પ્રદીપને હસાવી શક્યો એની મને નવાઈ લાગી. ચા- નાસ્તા માટે ઉપરની મોટી બાલ્કનીમાં વ્યવસ્થા કરી હતી જેથી પ્રદીપને વ્હીલચૅરથી લઈ જવામાં સરળતા રહે. હું બધું એક પછી એક ઉપર લઈ આવી અને એમને બોલાવવા રૂમમાં ગઈ ત્યારે નિર્મલ પણ જોર જોરથી હસી રહ્યો હતો. પ્રદીપ નિર્મલને હસાવી રહ્યો હતો એ તો વધારે નવાઈનું હતું.

પ્રદીપને વ્હીલચૅરમાં બેસાડી અમે અમારી નાનકડા ટૅરેસ જેવી બાલ્કનીમાં કૉફી ટેબલ પર ગોઠવાયાં. પ્રદીપે ઑપરેશન પછી પહેલી વાર પૂરેપૂરો સહકાર આપ્યો.

મનમાં હાશકારો થયો ન થયો ત્યાં તો વાતાવરણમાં પલટો આવી ગયો. પ્રદીપ મુખ્ય ભૂમિકામાં હતો.

“તું, આ મારી જીવથી વહાલી એવી વ્યક્તિને ઈજાગ્રસ્ત કરીને જતો રહેલો એ વાત પણ મારે આજે કરવી છે.”

નિર્મલ બઘવાઈ ગયો. એને શું કરવું - ન કરવું સમજાતું ન હતું એટલે ખાંડ નાખ્યા વગરની કૉફીના મગમાં ચમચી ફેરવી રહ્યો હતો.

“આપણા સમયમાં ‘બ્રેક અપ’ કહેવાની કોઈ તસ્દી લેવાતી જ નહીં એવું હતું? તેં શું કર્યું - આ નિર્દોષ છોકરીને કોઈ પણ સ્પષ્ટતા આપ્યા વગર, એને એક આશાના તાંતણે લટકાવી દઈને તું અલોપ થઈ ગયો. છેક તારું લગ્ન પેલી પૈસાવાળી છોકરી સાથે થયું ત્યાં સુધી આ છોકરી ઝૂરતી રહી. એ પછી રિયુનિયન વખતે તું એને એ રીતે એને મળ્યો જાણે કશું થયું જ ન હોય. બધું નૉર્મલ! કઈ રીતે જીવી લે છે આમ?”

મારાથી રહેવાયું નહીં. મેં કહ્યું, “હવે એ વાતને પચ્ચીસથી વધારે વર્ષ થઈ ગયાં, પ્રદીપ.”

“એથી આ હકીકત બદલાઈ જશે? વચ્ચે ન બોલ.”

“હં, તો જેટલી વાર આપણે મિત્રોની પાર્ટીઓમાં મળ્યા ત્યારે મેં તને લગભગ નકાર્યો હતો. એક વાર જૉકમાં તેં મને ઇનસિક્યૉરિટી લાગે છે, મને તારી ઈર્ષા થાય છે એવું પણ બધાંની વચ્ચે કહી દીધેલું. તને બધું મજાક લાગે છે? ખરેખર હાસ્યાસ્પદ! અમારાં બે સંતાનો સાથેનો અમારો પરિવાર કેટલો સુખી છે એ મારે સાબિત કરવાની જરૂર નથી. મને તારા પર ગુસ્સો હતો અને રહેશે, કારણ કે તેં મારી વ્હાલી પત્નીને બહુ જ દુભાવી હતી, દિવસ-રાત રોવડાવી હતી. એક બેજવાબદાર માણસને એ પ્રેમ કરી બેઠી

અને એનું દુઃખ મેં પણ વેઠ્યું. બસ, આટલું મારે તને કહેવાનું હતું. તું એક અપ્રામાણિક માણસ છે. પ્રેમ કરવાનું સામર્થ્ય તારામાં ક્યાંથી હોય! એટલે મારી પત્નીએ તને પ્રેમ કર્યો તેમાં તારે પોરસાવાની જરાય જરૂર નથી.”

નિર્મલ આટલું સાંભળ્યા પછી ઊઠ્યો, કશો જવાબ ન દીધો. એણે મોબાઇલ પર એના ઉબેર ડ્રાઇવરને ફોન જોડ્યો.

“અભી આતા હૂં નીચે.”

પછી પ્રદીપને કહ્યું, “મારે નીકળવાનું છે. ટેક કેર.”

મને કહ્યું, “કૉફીમાં મજા આવી. થૅન્ક્સ. ટેક કેર.”

વરસાદ પડવા જેવું લાગ્યું. ઉતાવળમાં નીકળી રહેલા નિર્મલને મેં પૂછ્યું, “છત્રી છે?” પણ એ નીકળી ગયો.

પ્રદીપે કહ્યું, “એ વરસાદમાં પણ કોરો રહી શકે એવો માણસ છે, એની ચિંતા શું કરે છે!” નિર્મલે કદાચ એ સાંભળ્યું પણ નહીં હોય. હું પ્રદીપને એના રૂમમાં લઈ ગઈ. એના પલંગ પાસેની બારીમાંથી વાછટ આવતી હતી. હું બારી બંધ કરવા ગઈ પણ પ્રદીપે મને રોકી.

“રહેવા દે...આ હળવી ભીનાશ મને ગમે છે.”

એના મનનો ઉઘાડ હું પામી રહી હતી.

■

દાક્તર મહેતાએ જે ઓળખાણો તેમને ઘેર કરાવી તેમાંની એક નોંધ્યા વિના ન જ ચાલે. તેમના ભાઈ રેવાશંકર જગજીવનની સાથે તો જન્મની ગાંઠ બંધાઈ. પણ હું જેમની વાત કરવા ઇચ્છું છું તે તો કવિ રાયચંદ અથવા રાજચંદ્રની. દાક્તરના મોટા ભાઈના તે જમાઈ હતા ને રેવાશંકર જગજીવનની પેઢીના ભાગીદાર ને કર્તાહર્તા હતા. તેમની ઉંમર તે વેળા ૨૫ વર્ષ ઉપરની નહોતી. છતાં તે ચારિત્રવાન અને જ્ઞાની હતા એ તો હું પહેલી જ મુલાકાતે જોઈ શક્યો. તે શતાવધાની ગણાતા હતા. શતાવધાનની વાનગી જોવા દા. મહેતાએ મને સૂચવ્યું. મેં મારા ભાષાજ્ઞાનનો ભંડોળ ખાલી કર્યો ને કવિએ મેં કહેલ શબ્દો જે નિયમમાં કહ્યા હતા તે જ નિયમમાં કહી સંભળાવ્યા! આ શક્તિની મને અદેખાઈ થઈ, પણ હું તે ઉપર મુગ્ધ ન થયો. જેના ઉપર હું મુગ્ધ થયો તે વસ્તુનો પરિચય મને પાછળથી થયો. એ હતું તેમનું બહોળું શાસ્ત્રજ્ઞાન, તેમનું શુદ્ધ ચારિત્ર અને તેમની આત્મદર્શન કરવાની ભારે ધગશ. આત્મદર્શનને જ ખાતર તે પોતાનું જીવન વ્યતીત કરતા હતા એમ મેં પાછળથી જોયું.

– **‘સત્યના પ્રયોગો અથવા આત્મકથા’ : મહાત્મા ગાંધી**

ટૂંકી વાર્તા

મારી સ્મશાનયાત્રા

શૈલી જાની

ચૈત્રી નવરાત્રિનો પહેલો દિવસ હતો. ઉનાળો પુરજોશમાં તપ્યો હતો. ને આવા આકરા અમદાવાદી તડકામાં મારે પગાર લેવા જવાનું હતું. સીટીએમ – ખોખરા બાજુની કોક ફૅક્ટરીની કંટાળાજનક નોકરી તો મેં પંદર દિવસ પહેલાં છોડી દીધેલી, પણ પગાર મહિનાની સાતમી તારીખે થતો હતો. એ લેવા ઑફિસે ગઈ. ઑફિસ તો શું કહીએ? છ બાય આઠ ફીટનું નાનકડું ખોપચું જ જોઈ લો. હું પહોંચી ત્યારે બૉસ હાજર નહોતા. એમની જગ્યાએ બેઠેલા એમના વયોવૃદ્ધ પિતા લાલ પેનથી નોટમાં રામનામ લખી રહ્યા હતા. "કેમ છો કાકા?" મેં પૂછ્યું. સફેદ સદરો પાયજામો પહેરેલ કાકા ડાઘુ જેવું સોગિયું મોઢું ઊંચું કરીને મારી સામે પ્રશ્નાર્થ નજરે જોઈ રહ્યા, તરત મેં સ્પષ્ટતા કરી કે, "સાહેબે સાતમી તારીખે પગાર લેવા આવવાનું કહેલું." ઘડિયાળ તરફ નજર નાખીને એમણે કહ્યું કે, "તમે શેજ મોડાં પડ્યાં. નાના શાહેબ અંમણે જ ઘેર જમ્બા ગ્યા." દીકરો જાણે નાનાસાહેબ પેશ્વા હોય એવા રોફથી કાકાએ દેહાતી બોલીમાં જવાબ વાળ્યો. "તો હવે ક્યારે આવશે?" "એ તો અવે કંઈ નક્કી નહીં એમનું. તમે ઇમ કરો, શાંજે ચાર વાગે આવજો પૈશા લેવા. ઓમ તો મુંય આલી દઉં પૈશા. પણ તમાર પોંશ દાડાની રજા કાપ્પાની ને? એટલે નાના શાહેબને આવ્વા દો. એ કરી આલશે હિશાબ." આટલું કહીને એમણે વળી નોટમાં માથું ખૂંપાડ્યું. ને મંત્ર લખવાના શરૂ કરી દીધા. ન મને બેસવાનું કહ્યું, ન તો પાણીનુંય પૂછ્યું. એક તો તાપમાં માથું ચડી ગયેલું, દોઢ કલાક "અમ્યુત્રાસ"ની બસમાં ટીંગાઈને ભરતડકામાં છેક અહીં સુધી પગાર લેવા આવેલી, ગળે શોષ પડતો હતો. એસી વગરની કૅબિનમાં માથે મેલાદાટ પાંખિયાવાળો રિપૅરિંગ માંગતો ધીમો પંખો ગરમ લ્હાય જેવા નિસાસા નાખ્યે જતો હતો. એનો ખટાકખટ્ટ ખટાકખટ્ટ અવાજ ગરમીમાં રાહત આપવાને બદલે ઓર માથું ચડાવતો હતો. સાહેબના પપ્પાની પેશ્વાગીરી અને મારી લાચારી પર ભયંકર ગુસ્સો આવી રહેલો. એમની રુક્ષતા અને મોટપણાનો ઘમંડ મારાથી સહન નહોતો થતો. માથાની સાથોસાથ ફાટફાટ થઈ રહેલા ગુસ્સાને કાબૂમાં રાખવાના પ્રયાસ રૂપે ખભે લટકાવેલું પર્સ મેં બેય હાથે ચુસ્ત રીતે પકડી રાખેલું. હથેળીમાં પરસેવો વળી ગયેલો. પર્સની ચેઇન સાથે બાંધેલ કિચેઇનમાં ઝૂલતી ગુલાબી રંગની રૂપકડી ઢીંગલી મારી સામે જોઈને જાણે ઠેકડી ઉડાડતી હસી રહેલી. મારી નજર કૅબિનના ખૂણે મૂકેલા ક્ષાર જામેલા માટલા તરફ ગઈ. જે સાહજિકતાથી પગાર માંગ્યો એ સાહજિકતાથી હું પાણી ન માંગી શકી. ગળે આવેલો ડૂમો ગળી જઈને કાકાની પાછળની દીવાલે ટાંગેલા દેવી-દેવતાઓની આશીર્વાદમુદ્રા સામે રોષપૂર્વક સજળ આંખે નજર નાખીને ભાંગેલા પગે

અને તૂટેલા હૈયે હું ત્યાંથી નીકળી ગઈ. આખો મહિનો નોકરી કર્યા પછી પગાર માત્ર ૨૫ દિવસનો જ કેમ મળે? એ વાત મારું બિનવહેવારુ મગજ સમજતું નહોતું. ને એય નક્કી નહોતું કરી શકતું કે હવે ઘરે પાછા જવું કે ચાર વાગ્યા સુધી અહીં ખોખરામાં જ ખોડાઈ રહેવું? ને અહીં જ રોકાવું હોય તો આવા આકરા તાપમાં ચાર કેમ કરી વગાડવા? આટલું વિચારતાં વિચારતાં હું બહાર મુખ્ય રસ્તા પર આવી પહોંચી. એ વિસ્તારમાં રહેતી એક બહેનપણી અચાનક મને યાદ આવી. ઘણા દિવસથી એને મળી નહોતી. એને મળીને બપોરનો એકાદ-બે કલાકનો સમય (છાંયડામાં) વિતાવી શકાય એ હેતુથી તરત એને ફોન કર્યો. મારા કમનસીબે એ દોસ્ત એ જ દિવસે બહારગામ ગયેલી. માથાની સાથોસાથ હવે છાતીમાંય ભાર વર્તાતો હતો. ક્યાં જવું એય નહોતું સૂઝતું. ભરતડકામાં રસ્તા પર એકેય વાહન દેખાતું નહોતું. ને “પેશ્યલ” રિક્ષા પોસાય એમ નહોતી, બસડેપો ખાસ એટલો આઘેય નહોતો. એટલે છેવટે મેં બસસ્ટૅન્ડની દિશામાં ચાલવા માંડ્યું. આખા રસ્તે ચામડી દઝાડતી ગરમ લ્હાય ધૂળની ડમરી શટલિયું મારતી રહી. તરસ અને ગરમીને લીધી સુક્કા પડેલા હોઠ પર જીભ ફેરવતાં ધૂળના રજકણ મોઢામાં આવતા. રસ્તામાં એક અવાવરું ગલ્લો દેખાયો. ત્યાંથી પાણીનાં બે પાઉચ લીધાં. એક પાઉચ તોડીને પાણીનો ઘૂંટડો ભર્યો ના ભર્યો ત્યાં તો તરત ઓકી કાઢવું પડ્યું. પાઉચના પ્લાસ્ટિકની ગંધમિશ્રિત વિચિત્ર સ્વાદવાળું પાણી ગળા નીચે ઊતરે એમ જ નહોતું પણ તરત બીજી જ ક્ષણે ભાન થયું કે, જેવું છે એવું પણ આ જ પાણી પીવું પડશે. મહાપરાણે ગળા નીચે બે ઘૂંટડા ઉતાર્યા ને બે છાલક આંખ-મોઢે મારીને ધૂળિયો મેકઅપ ઉતાર્યો. ને વળી આગળ ચાલી. બસસ્ટૅન્ડે પહોંચી ત્યારે ખ્યાલ આવ્યો કે આવા આકરા તડકામાં ખુલ્લામાં હુતુતુતુ રમતી ધૂળની ડમરીઓ વચ્ચે ધગી ગયેલા બાંકડા પર આરામ કરવાનો ધંધો કરવા જેવો નથી. એટલે બીજું કંઈ ન સૂઝતાં આગળ આગળ ચાલતી રહી. રસ્તામાં મંદિર આવ્યું એટલે દર્શન કરવાનું મન થયું કે ચાર વાગ્યા સુધીમાં જે ૧૫-૨૦ મિનિટ ઓછી થઈ એ. ભલું હશે તો અંદર બેઠાં બેઠાં જાપેય કરી લઈશું. પણ જેવી દરવાજે પહોંચી કે ત્યાં જ મંદિરના દરવાજા બંધ થઈ રહેલા. મેં દરવાજો બંધ કરી રહેલા પૂજારીજીને પૂછ્યું. કે, “મંદિર કેટલા વાગે ખૂલશે?” જવાબ મળ્યો, “ચાર વાગ્યે.” લ્યો થઈ રહ્યું. હવે બસસ્ટૅન્ડના દઝાડતા બાંકડા પર બેઠા સિવાય બીજો કોઈ આરો દેખાતો નહોતો. હારી-થાકીને બસસ્ટૅન્ડ તરફ પાછી વળતી હતી, ત્યાં સ્મશાનગૃહ પર નજર પડી, ને મારા પગ થંભી ગયા. સ્મશાનના વિશાળ ગેટની પેલે પાર લીલાંછમ્મ વૃક્ષો દેખાઈ રહ્યાં હતાં ને અંદરની દિશામાંથી આવી રહેલો ઠંડો પવન જાણે “આવ આવ” કહીને આમંત્રણ આપતો હોય એમ અંદર જવા લલચાવી રહ્યો હતો. જિંદગીમાં ક્યારેય અંદરથી સ્મશાન જોયેલું જ નહીં. નાનપણમાં ક્યારેક કોઈ સ્મશાન આગળથી પસાર થવું પડે તોય બીકની મારી મોઢું ફેરવી લેતી. સ્મશાનમાં તો ભૂત થાય એવું બાળમાનસમાં ઠસી ગયેલું. વડીલો પાસેથી સાંભળેલું કે અંતિમ સંસ્કારમાં સ્ત્રીઓ સામેલ ન થાય. સ્મશાનના ગેટ આગળ કેડે હાથ દઈને ક્યાંય વાર ઊભી રહી. થોડી વાર તો મનમાં એ દ્વંદ્વ ચાલ્યા કર્યું કે અંદર જઉં કે ન જઉં? ત્યાં અછડતી જ બાજુમાં ટોપલો લઈને બેઠેલી શાકવાળી તરફ નજર ગઈ. મારા ધ્યાન બહાર જ એ મને કૌતુકથી જોઈ રહેલી. એના મોઢાની ડાકલી ખૂલી ગયેલી અને ચિબુક પર બે આંગળી રાખીને બેઠેલી આધેડ વયની એ શાકવાળીના ચહેરા પર લીંપાયેલો પ્રશ્ન મને વંચાઈ રહ્યો હતો કે, “એલી બુન, ક્યાં જા શ? ન્યા આપડાથી

નો જવાય! આપડે તો અંતિમયાત્રા કરતી વખતે જ સ્મશાનયાત્રા કરાય બુન." એની બૉડી લૅન્ગ્વેજમાંથી ટપકતો મનાઈ-હુકમ પારખીને માંહે પડેલો વિદ્રોહી જીવ સ્મશાનની યાત્રા કરવા ઉતાવળો થયો! પગને "ઝટ પગ ઉપાડ"ની સૂચના આપીને પર્સ પર લટકતી ઢીંગલી હાથમાં રમાડતી રમાડતી હું અંદર પ્રવેશી. અંદર પ્રવેશતાં જ ધીર-ગંભીર વૃક્ષોએ ડાળીઓ હલાવીને ઠંડો પવન ઢોળીને સ્વાગત કર્યું. સરસ રીતે મેન્ટેન કરેલા સ્મશાનગૃહનો ખૂણેખૂણો ધરાઈને જોયો! સરસ મજાનો બગીચો, મોટાં વૃક્ષોની આસપાસ બાંધેલા પાકા ઓટલા, વાતાવરણની ગમગીનીને વધુ ગમગીન બનાવતો કાગડાઓનો કર્કશ અવાજ, સ્મશાનની દીવાલે ચીતરેલી જીવનની ફિલસૂફીઓ, પ્રભુની મૂર્તિઓ, ચિતાની આસપાસ ઠરી ગયેલી રાખ' ને એવું બધું જોતી જોતી એક સરસ ઘટાદાર વૃક્ષ પાસે આવીને ઊભી. ઓટલા પર ચિતાની રાખની ઝીણી ઝીણી પતરીઓ પથરાયેલી. દુપટ્ટાથી ઝાપટીને થોડી જગ્યા સાફ કરીને બેસવાલાયક બનાવી. ઓટલા પર પલાંઠી મારી, પર્સમાંથી ગાયત્રી ચાલીસાની ગુટિકા કાઢીને વાંચવાનું શરૂ કર્યું. ચૈત્રી નવરાત્રિ હતી ને! થોડી વાર થઈ ત્યાં તો બાજુમાં જ પચ્ચ કરતું ચરક પડ્યું. એક જ વેંતનો ફેર ન પડ્યો હોત તો ઓટલાને બદલે મારા મસ્તક પર જ એનો અભિષેક થયો હોત! કપડાં સંકોરતાં કટાણા મોઢે ઉપર જોયું. જોતાં જ મોઢામાંથી શબ્દો સરી પડ્યા કે, "ઓહો હો.... ડાળે ડાળે કાગડા તારા ડાયરા છે અહીં તો!" ને હવે બાકીના કાગડાઓનેય હળવા થવાનું મન થાય એ પહેલાં જ હું સડપ દઈને ઊભી થઈ ગઈ. બેસવા માટે બીજું ઝાડ શોધવા લાગી. દરેક ઝાડવું કાગડાઓથી શણગારેલું હતું. એ જોઈને શાયર રિયાસત હુસૈન રિઝવીનો શેર ફેરફાર સાથે મુખમાંથી સરી પડ્યો.

કપડોં કો ગંદા કરને કો બસ એક હી કૌવા કાફી હૈ
હર શાખ પે કૌવે બેઠે હૈં, અંજામ કપડોં કા ક્યા હોગા?

કાળઝાળ ગરમીમાં માંડ મળેલી ટાઢક અને હાશની સાથોસાથ સરપ્રાઇઝ પૅકેજમાં મને કાગવૈભવ પણ મળેલો!

છેવટે વૃક્ષોની ફેરબદલ મોકૂફ રાખીને જ્યાં બેઠેલી ત્યાં જ બેસવાનું નક્કી કરીને કાગવિષ્ટાવર્ષાથી બચવા માથે-મોઢે કાળો દુપટ્ટો વીંટી દીધો. થોડી વાર થઈ ત્યાં પાંચ-સાત ટેણિયાઓનું એક ટોળું સાઇકલનું ટાયર રમાડતું રમાડતું મારી આગળથી ત્રણ-ચાર વાર આંટા મારી ગયું ને ધીરે રહીને મારી પાસે આવ્યું અને ટોળાના સરદાર જેવા દેખાતા સૌથી મોટા છોકરાએ મને પૂછ્યું, "તમે ભૂત છો?" મેં હસીને ના પાડી. ગાયત્રી ચાલીસાની ગુટિકા પર્સમાં મૂકી દીધી અને એ ટાબરિયાંઓ સાથે વાતચીત શરૂ કરી, એ મોટો છોકરો માંડ સાત-આઠ વર્ષનો. નામ એનું વીહો, એનો પરિવાર સ્મશાનમાં જ રહેતો હતો. શરૂઆતમાં એને મારી સાથે વાત કરતાં ખચકાટ થતો હતો, પણ ધીમે ધીમે એ મારી આગળ ખૂલતો ગયો.

પાંચેક મિનિટમાં તો વીહો ઓટલા પર ચડીને ઊભા ઊભા વડની વડવાઈએ ટીંગાઈને મારી સાથે ઉત્સાહપૂર્વક અલકમલકની વાતો કરી રહેલો. એની વાતોમાં વડ માથે બેઠેલા કાગડાઓય વચ્ચે વચ્ચે સૂર પુરાવતા હતા. હું મારો એક હાથ ઓટલે ટેકવીને ત્રિભંગી મુદ્રામાં ઊભી ઊભી રસપૂર્વક વીહાને સાંભળતી હતી ને અમારી બેયની ચારે બાજુ પાંચ-છ બાળુડાંઓનું પ્રેક્ષકવૃંદ કૂંડાળું થઈને ઊભેલું. મારાથી સહેજ આઘી ઊભેલી ચાર-પાંચ

વરસેકની એક ટેણકી કંઈક કરવાની ફિરાકમાં હતી. એની છાતી ઓટલાની ઊંચાઈ સુધી માંડ માંડ આવતી. એ ઓટલા પર એણે ધીમેકથી પોતાનો હાથ મૂક્યો અને કોઈનુંય ધ્યાન ન જાય એમ ધીરે ધીરે મારી તરફ લંબાવવો શરૂ કર્યો. વીહા સાથે વાત કરતાં કરતાં મારી સહેજ નજર એ બાજુ ગઈ, પણ મને એમાં કશું અજુગતું ન લાગ્યું. પણ જેવો પેલી ટેણકીનો હાથ મારા હાથની લગોલગ પહોંચ્યો કે તરત વીહો વડવાઈ છોડીને ટટ્ટાર ઊભો રહી ગયો. એના ચહેરા પરની માસૂમ શરારત ગાયબ થઈ ગઈ, ભય અને ક્રોધ મિશ્રિત ભાવ સાથે ઠેકડો મારીને ઓટલા પરથી નીચે ઊતરી પડ્યો અને લગભગ ત્રાડ પાડતાં કહ્યું, “એય રમલી, આઘી જા.” એટલું બોલતા બોલતામાં તો એક જ ઝાટકા સાથે પેલી ટેણકીનો નાનોશો નાજુક હાથ મારાથી દૂર કરી દીધો, બાંયો ચડાવીને, ચપટી વગાડીને એણે રમલીને કહી દીધું કે, “અડતી નૈ એમને, નકર બૌ મારે તને, એ મોટા માણા કેવાય, ખબર નૈ પડતી? આઘી જા હટ્ટ.”

મને તો હજીય નહોતું સમજાઈ રહ્યું કે આ થઈ શું ગયું? રમલી સાવ એવી મેલીઘેલી કે ગોબરી તો નહોતી, ઘસાઈ ગયેલું પણ ધોયેલું ફરાક પહેરીને આવેલી, એની માએ સવારમાં માથે રબ્બર નાખીને પોની વાળી આપી હશે, પણ બપોર સુધીમાં ઢીલું રબડિયું વાળમાંથી નીચે લસરી પડેલું ને ઢીલી થયેલી પોનીમાંથી બેચાર રમતિયાળ લટો બહાર નીકળીને એના ચહેરા પર સંતાકૂકડી રમ્યા કરતી હતી. એને જોઈને મારા મનમાં વીહાએ દીધેલી ધમકી ઘૂમરાવા લાગી, “અડતી નૈ એમને...” પણ કેમ? આટલું વિચારતાંમાં જ અચાનક મગજમાં ઝબકારો થયો. મૂળે હું શહેરમાં જ જન્મેલી અને ઊછરેલી એટલે ક્યારેય કોઈનેય જાત પૂછીને વાત કરવાનું શીખેલી જ નહીં. એટલે જિંદગીમાં ક્યારેય કોઈને ન પૂછેલો પ્રશ્ન એ દિવસે પહેલી વાર પૂછ્યો, – તમે કેવા? ને સામે તદ્દન સાહજિકતાથી વીહાએ “અપેક્ષિત” જવાબ વાળ્યો. અને મારા કાનમાં જાણે કોઈએ ચિતાનું ધગધગતું લાકડું ખોસી દીધું હોય એવું લાગ્યું. કાગડાઓનું કોરસગાન ઘડીભર થંભી ગયું. એટ્રોસિટી અને મેટ્રોસિટીને કારણે જે શબ્દ અત્યાર સુધી ધીમા દબાયેલા અવાજમાં જવલ્લે જ મારે કાને પડેલો, એ શબ્દ આ છોકરો સાવ સાહજિકતાથી, ગળું ખોંખારીને બોલી ગયેલો ને હું ઊભી ઊભી જાણે શબવત્ થઈ ગઈ. માંડ હિમ્મત ભેગી કરીને એ નાનકડી બાળા તરફ નજર નાખી. એકવડિયા બાંધાની સહેજ શ્યામવર્ણી રમલી ખસિયાણી થઈને મારાથી જરાક આઘી ઊભી રહી ગયેલી. મને અડવા ઝંખતા એના નાનકુડા હાથ એના ઓઝપાયેલા ચહેરાને ઢાંકતી લટોને આઘી કરવામાં વ્યસ્ત થઈ ગયેલા. હવામાં ફરફરતી ભૂખરી રુક્ષ લટો પાછળ સંતાયેલો એનો ચહેરો, ન તો અપમાન જાણતો હતો કે ન તો દુઃખી થવાનું જાણતો હતો. કાં તો એ બાળકીને આવડતું નહોતું કાં એને ખબર નહોતી કે ભગવાનનું રૂપ ગણાતાં નાનાં બાળકોને અપમાન કે રૂસણાં કે રોવા જેવીય કોઈ અનુભૂતિ હોય! એ ભોળપણની મૂર્તિને જોઈને મને મારી બાળપણની ઇચ્છાઓ યાદ આવી ગઈ, એના જેવડી ઉંમરમાં મને ફૉરેનની નિતનવી ફ્લેવરની ચૉકલેટ ખાવાનું મન થતું, જન્મ દિવસે પરીનો ડ્રેસ પહેરવાનું મન થતું. ચાંદા પર ચાલવાનું મન થતું, રૂના પોલ જેવાં સફેદ વાદળાંને અડકવાનું મન થતું, ને આ છોકરીને બીજું કંઈ નહિ ને બસ અમુક ચોક્કસ “જાતના” માણસને અડવાની ઇચ્છા થઈ? એય તે એવા માણસોને અડવાનું સપનું? કે જે લોકોએ સતત એમને ધુત્કાર્યા? એમની અવહેલના કરી? તુચ્છ ગણ્યા? એ અબુધને તો ઢંગનું સપનું જોતાંય નહોતું આવડતું. એનું ન અડી શકવું મને ભયંકર રીતે અડી ગયેલું ને

કોણ જાણે કેમ મને એને અડવાની ઇચ્છા થઈ આવી. મારા બન્ને હાથથી એના રૂના પોલ જેવા હળવાફૂલ શરીરને ઉપાડીને મેં ઓટલા પર બેસાડી દીધું. જાણે નાનપણની મારી વાદળાંને અડવાની, ચાંદા પર ચાલવાની, મોંઘી ચૉકલેટ ચગળવાની બધી જ ઇચ્છાઓ સામટી પૂરી થઈ ગઈ! એના ચહેરા પર ઊડી ઊડીને આવતી એની ભૂખરી રુક્ષ લટોમાં આંગળીઓ ફેરવીને મેં એને જરાક સરખી કરી ન કરી ત્યાં તો વળી પાછી એ લટો તોફાની બારકસની જેમ ચહેરા પર રમવા આવી ચડી. પણ આ વખતે રમલીએ એ વિદ્રોહી લટોને ચહેરા પર રમવા દીધી. મેં રમલીના ચહેરાને નીરખ્યા કર્યું. એ નજર નહોતી મિલાવતી મારી જોડે. સહેજ આડું જોઈને ઓટલાની ધારે પડેલી તિરાડને એ ખોતરતી રહી. લ્યો આ છોકરીને તો હરખાતાં કે હસતાંય નહોતું આવડતું, પણ મને એ અબુધની મૌન લિપિ ધીમે ધીમે સમજાઈ રહેલી. તિરાડ જોડે રમી રહેલી એની આંગળીઓ મેં મારા હાથમાં લઈ લીધી, ને મારા પર્સમાં લટકતું ઢીંગલીનું કિચેઇન કાઢીને એના હાથમાં મૂકી દીધું. મેંય એની મૌન લિપિમાં જ એને સમજાવ્યું કે, “સપનું આમ જોવાય ગાંડી!” ને બીજી તરફ વીહાની લખોટી જેવી પહોળી થઈ ગયેલી આંખોમાં કૌતુકના કોઠીબૉમ્બ ફૂટી રહેલા. આ બધું જોઈને મને બહુ ગમ્મત પડી રહી હતી! બાકીનાં બધાંય ભટૂરિયાં બાઘાની જેમ ઘડીક મને તો ઘડીક પોતાના કરતાં ઊંચે બેઠેલી રમલીના ઠસ્સાને તાકી રહેલાં, એમાંની એક ટેણીને મેં પૂછ્યું કે તારેય બેસવું છે ઓટલે? એ જવાબમાં કંઈ જ ન બોલી શકી. પણ એ ટેણીની સાથોસાથ બાકીનાં બધાં જ ટાબરિયાંની આંખોમાં હકાર વાંચી ચૂકેલી હું એ ટેણીને ઊંચકીને હજી તો ઓટલે બેસાડું ત્યાં તો બાકીનાં બધાંય બચ્ચાંઓ બગલાની પાંખની જેમ બેય હાથ પહોળા કરીને પોતાનો વારો આવે એની રાહ જોતાં લાઇનસર ઊભાં રહી ગયાં. એક એક કરીને બધાં ભટૂરિયાંવને ઓટલે બેસાડ્યાં. એટલામાં વીહો ક્યાંકથી ઝાડની ડાળી તોડીને લઈ આવ્યો. મેં પૂછ્યું કે “આ શેની ડાળી છે?” એ ડાળીનાં પાન ખાતાં ખાતાં એણે મને કહ્યું કે, “આ ઓમલી હે, બહુ મજા આવે ખાવાની.” આટલું કહીને એણે મને પાંદડાંની એક સેર તોડી આપી. આંબલીનાં ખટૂમડાં પાન ચાવતાં ચાવતાં દિવસની તમામ કડવાશ વીસરાઈ ગઈ. ધરાઈને પાન આરોગ્યા પછી વીહાએ મને બગીચાની પાઇપને મોઢે માંડીને પાણી પીતાંય શીખવ્યું! ક્યારની લાગેલી તરસ છેક અત્યારે છિપાઈ!

જોતજોતામાં ક્યારે ચાર વાગવા આવ્યા એની ખબર જ ન રહી. જવાની જરાય ઇચ્છા ન થતી હોવા છતાંય હવે જવું પડે એમ હતું. મેં જવાની તૈયારી કરી ત્યાં તો વીહો મારા માટે વળી વિદ્યાનાં પાન તોડી લાવ્યો. મને કહે, “આનાથીન વિદ્યા આવે.” હું એની આપેલી વિદ્યાને જોઈ રહી. પછી સાચવીને એને ગાયત્રી ચાલીસાની ચોપડી વચ્ચે મૂકી દીધી. કપડાં પર ચોંટેલી રાખ ખંખેરતી હતી ત્યારે વીહાએ મને પૂછ્યું કે, “તમે ફરી આવશો ને?”

જવાબમાં ખોટેખોટી હા પાડીને હું ત્યાંથી ચાલી નીકળી. સહેજ આગળ ચાલી ત્યાં મારી આંગળીઓ પર્સમાં ટીંગાડેલી ઢીંગલીને ટેવવશ સ્પર્શવા ગઈ, પણ બીજી જ ક્ષણે ભોંઠી પડી.

હથેળીમાં ઢીંગલીની સુંવાળપને બદલે રુક્ષ ખાલીપો ચોંટ્યો. મારાથી અનાયાસે પાછું વળીને જોવાઈ ગયું. રમલી હાથમાં ઢીંગલું પકડીને વીહાની બાજુમાં ઊભી રહી ગયેલી. એની રુક્ષ લટો હવામાં ફરફરી રહેલી, એ લટો સરખી કરવાની તીવ્ર ઇચ્છા ધરાવતી મારી આંગળીઓને કાબૂમાં રાખવા મેં પર્સને ચુસ્ત રીતે પકડી લીધું ને સડસડાટ સ્મશાનની બહાર નીકળી ગઈ. ■

ટૂંકી વાર્તા

પ્રવાસી ગૃહિણી

મનીષા દલાલ

એલાર્મ વાગે તે પહેલાં જ રાહી આંખ ખોલીને પથારીમાંથી ઊભી થઈ ગઈ. આખી રાત એને ઊંઘ જ નહોતી આવી, વિચારો એના મગજમાં વમળોની પેઠે ઘૂમરાઈ રહ્યા હતા. દવ્યનો ચહેરો...એને છોડીને જવાનો વિચાર...બધું જ મનને ચગડોળે ચડાવતું હતું. બારીની જાળીમાંથી જાણે કે સવાર ધીમે ધીમે અંદર પગ મૂકી રહી હતી, જાળીમાંથી આવતો ધીરો પવન પડદાને હળવેથી હલાવતો જાણે કે કોઈ મમતામય હાથ રૂમમાં રહેલી રાહીને હળવેથી જગાડતો હોય.

ઘરમાં બધું શાંત હતું - દવ્ય અને સૂરજ તો હજુ ઘેરી નીંદર માણી રહ્યા હતા. ઘડિયાળે ૩:૩૦ બતાવ્યું. તેના ઊઠવાનો સમય થઈ ગયો હતો. તે કમને પણ તૈયાર થવા લાગી, બૅગ ગોઠવી, ધીમે પગલે તે ફરી પાછી બેડરૂમમાં ગઈ. દવ્યને ચૂમતી વખતે એની આંખો ભીની થઈ ગઈ. એને હાથમાં લઈને બાથ ભીડી છાતીથી ચોંટાડી રાખવાની ઇચ્છા થઈ, પણ તે માત્ર એનું કપાળ ચૂમીને રહી ગઈ.

'ઊઠી ના જાય મારો રાજા બેટો...' એમ મનોમન બોલતાં ભારે હૈયે તેણે સૂરજ પાસે જઈને હળવેથી જગાડતાં કહ્યું.

'ચાલ નીકળું, નીકળવાનો સમય થઈ ગયો છે.'

સૂરજ ઊંઘ ભરેલી આંખો સાથે ઊભો થયો. ફટાફટ ફ્રેશ થઈને રાહીને મૂકવા તૈયાર થયો. બંને બાઇક પર બેઠાં. રાહી આજ ખાસ ચુસ્ત રહી, એની પીઠ સાથે ચીપકાઈને પીઠ સાથે ચોંટીને બેસી ગઈ — જાણે લાંબો પ્રવાસ હોય. સૂરજે પાછું જોઈને સ્મિત આપ્યું, પણ રાહી તો ન બોલાતી વેદનામાં મૂક વેદનામાં ગળાતી હતી. થોડી જ વારમાં તો બસસ્ટૉપ આવી ગયું. સૂરજની આંખોમાં નીંદરનો ભારેખમ બોજ તરવરતો હતો, જ્યારે રાહીની નજરોમાં છૂટાં પડવાનો વિષાદ ઘૂમરાતો હતો. તેના મનમાં ઘણું કહેવાની ઇચ્છા હતી, પરંતુ સૂરજનો અલિપ્ત અને તટસ્થ ભાવ તેને અકળાવી રહ્યો હતો.

'સૂરજ...' રાહી ધીમેથી બોલી, 'મને આજે તમને લોકોને મૂકીને જવાનું મન નથી થતું.'

સૂરજ થોડી નરમાશથી બોલ્યો, 'સમજુ ં છું રાહી. પણ તું આજે નહીં જાય તો કાલે તો જવું જ પડે ને?'

'હા, એ તો મને પણ ખબર જ છે, પણ સાચું કહું તો દવ્યના જન્મ પહેલાં આ નોકરી મને આટલી અઘરી નહોતી લાગતી. હું એક મા છું, મા તરીકે મને જે અનુભવાય છે, એ તને હું શી રીતે સમજાવું.'

તેટલામાં જ બસ આવી પહોંચી, અને રાહીના આ સ્વરે અને ભીની આંખોએ બોલાયેલા શબ્દો બસની ઘરઘરાટીમાં ઘૂઘવતા અવાજમાં વિલીન થઈ ગયા. અનિચ્છાએ તે પોતાની છલકાતી આંખોને લૂછતી બસમાં ચડી ગઈ. આજે રસ્તો લાંબો લાગતો હતો. રસ્તાના દરેકના વળાંકો સાથે એના વિચારો પણ વળાંક લેતા હતા. જાણે આ સમયે હજારો સ્ત્રીઓ જુદી જુદી દિશામાં અનેક બસ અને ટ્રેન પોતાની જેમ અસંખ્ય સ્ત્રીઓને પોતાની જેમ અનિચ્છાએ અણગમતી દિશામાં લઈ જતી હતી! એણે માથું નકારમાં હલાવ્યું અને બીજી દિશામાં વિચારો ધકેલ્યા. દવ્ય... એની હૂંફ... એનો અવાજ...એનો મુલાયમ સ્પર્શ... એનું ખડખડાટ હસવું ...એની પાપાપગલી ડગમગતી ચાલ...એની આંખો સામેથી ઓઝલ થવાનું નામ જ નહોતા લેતા. શનિ-રવિના બે દિવસ પરિવાર સાથે ગાળતી તે દરમિયાન જ તેને જાણે કે પૂર્ણ સ્ત્રીત્વની અનુભૂતિ થતી, અને પત્ની તથા માના રોલમાં તે એક સંપૂર્ણતા અનુભવતી. બાકીના પાંચ દિવસ તો તે માત્ર એક સરકારી નોકરી કરતી, કમાતી સ્ત્રી એ.ટી.એમ. બનીને રહી જતી. દરરોજ સવારે શાળાએ પહોંચવું, સાંજે ભાડાના ઘરે પાછા વળવું.. શું આને 'ઘર' કહી શકાય? ના કોઈ સંચાર, ના કોઈ સંસારનો અવાજ, ના કોઈ કોલાહલ, ના કોઈનું સ્વાગત કે ના વિદાય, કશું જ નહીં, માત્ર અને માત્ર પોતે, અને તેની એકલતા. જોકે, લગ્ન પહેલાં આ જ સંધ્યાકાળના સમયને તે પોતાનો 'મી ટાઈમ' કહીને મન ભરીને માણતી, પણ મા બન્યા પછી એ જ સમય તેને ડંખવા માંડ્યો હતો. હવે શાળામાંથી પરત ફરતાં જ ફરી પાછી યાદોનું અડાબીડ જંગલ ઊગી સામ્રાજ્ય છવાઈ જતું અને ઘરની દીવાલો તેને ભરખી જવા દોડી આવતી. તે પોતાને પેલી લેડી ઑફ શેલોટની જેમ કોઈ કેદમાં બંધ હોય તેવી ગૂંગળામણ અનુભવતી.

ક્યારેક તો તેને એવું પણ લાગતું કે જો આ નોકરી ન હોત તો એ પત્ની અને મા બંને ભૂમિકાઓ સહજ રીતે જીવી શકત, જોકે 'આ મોંઘવારીના જમાનામાં બેયની કમાણી જરૂરી છે' તેમ વિચારી તે તેના મનને મનાવી પણ લેતી. તેની બદલી પાંચ વર્ષ પહેલાં શક્ય નહોતી બની, પરંતુ આમ ને આમ ત્રણ વર્ષ તો પૂરાં થઈ ગયાં હતાં, અને ચોથું પણ અડધું વીતી ગયું હતું.

'બસ હવે માત્ર દોઢ વર્ષ, પછી તો ગમે તેમ કરીને બદલી કરાવી લઈશ-'

—એવા વિચારો સાથે તે ગણી ગણીને દિવસો પસાર કર્યા કરતી હતી.

બસ ધીમે ધીમે રસ્તાના ઉછાળા લેતી આગળ વધી રહી હતી, બારીમાંથી આવતી થોડી ઠંડી હવા અને વાહનોના ઘરઘરાટ વચ્ચે રાહીની સામેની સીટ પર એક સ્ત્રી તેના પતિના ખભા પર માથું ટેકવીને આંખો મીંચીને શાંતિથી બેઠી લળેલી હતી, ખોળામાં તેનું બાળક હતું, જે ક્યારેક હાથ-પગ હલાવતું તો ક્યારેક એની આંખો ખોલીને માને જોતો, સ્ત્રીના ચહેરા પર પણ અદ્ભુત શાંતિ હતી - જાણે પિતાના ખભા પર તેની મુસાફરી સરળ બની ગઈ હોય તેમ.

'શું તેણે ક્યારેય આવી નિરાંત માણી છે ખરી? શું તેણે ક્યારેય આવું સાન્નિધ્ય માણ્યું છે?' રાહી વિચારતી રહી, એ સ્ત્રી કેટલી શાંતિથી સૂતી છે! આમ તો સૂરજ પણ તેની ખૂબ કાળજી લેતો. પરંતુ, લગ્ન પછી પોતાની નોકરીના કારણે તેના ભાગ્યમાં આવા સહજીવનના એક-બે અઠવાડિયાંથી વધુ દિવસો લખાયા જ નહોતા. વળી, તે પરગામમાં

રહેતી હોવાથી બંને જણાં એકલવાયા જીવનથી ટેવાઈ ગયાં હતાં. હવે જ્યારે પણ શનિ-રવિ કે વૅકેશનમાં સાથે રહેવાનું થાય છે, ત્યારે આવી રીતે ખભા પર માથું મૂકીને સૂવાની આદત ન તો રાહીને રહી છે કે ન તો સૂરજને. એક અજાણી સ્ત્રીએ તેને હચમચાવી દીધી, પોતાને તો આવી આદત કેળવવાની મોકળાશ જ નહોતી મળી.

'બસ, હવે ફક્ત દોઢ વર્ષ, અઢાર મહિના... પછી તો પોતે બદલી કરાવી જ લેશે અને પરિવાર સાથે અન્ય સ્ત્રીઓની માફક તે પણ આવી જ સહજતાથી જીવશે...' તેની આંખોમાં એક આશાની ચમક છવાઈ ગઈ.

શાળામાં બાળકોને પ્રાર્થના કરાવતા એના સ્વરમાં મધુરતા હતી, પણ ફિક્કી આંખોમાં છુપાયેલી ઉદાસીને નિપાએ તરત નોંધી, 'સોમવાર છે એટલે ચહેરા પર રવિવારનો ભાર દેખાય છે.' તેણે મજાકમાં કહ્યું. નિપા એક પ્રવાસી શિક્ષકા હતી, એટલે આમ તેના કામની કે હાજરીની ખાસ નોંધ નહોતી લેવાતી, પણ રાહી માટે તે ખાસ હતી. આજે નિપાની વાત પર હસવા કે શરમાવાને બદલે રાહી મૌન બેસી રહી. નિપા તેનું મન કળી ગઈ હોય તેમ બોલી, 'શું થયું છે રાહી? જીજાજી સાથે કંઈ થયું છે? મન ખોલીને મારી સાથે વાત કર, સારું લાગશે.'

'કંઈ નથી થયું યાર, બસ, મન ભરાઈ ગયું છે. હવે આ બેવડી ભૂમિકાઓ નથી ભજવાતી...' બોલતાં બોલતાં તેની આંખો ભરાઈ આવી. બપોરે રિસેસના સમયે રાહીએ નિપા સમક્ષ તેણે પોતાની વાત મૂકવાનો પ્રયત્ન કર્યો. પરંતુ નિપા પણ તેની મોટા ભાગની વાતને લાગણીના આવેશ અને ઊભરામાં કરેલી કલ્પનાઓથી વિશેષ કંઈ જ ન સમજી.

'તું ભવિષ્યની કલ્પનાથી ડરીને વર્તમાનમાં શા માટે દુ:ખી થાય છે. યાર, આ માત્ર અઢાર મહિના કાઢી નાંખ, અને પછી તો રોજ માટે તારો દવ્ય અને સૂરજ તારી સામે જ હશે.' એવું બોલી તે રાહીને વળગી પડી.

સાંજે ઘરે જઈને પણ તેનું મન શાંત ન થયું. તે આઠ વાગવાની રાહ જોવા લાગી. હવે સૂરજ જમીને નિરાંતે બેઠો હશે...

એમ વિચારી તેણે ફોન કર્યો,

'હેલો, જમી લીધું સૂરજ?'

'હા, હાલ જ ઊભો થયો. તને યાદ જ કરતો હતો અને તારો જ કૉલ આવી ગયો.' સૂરજના આ શબ્દોથી રાહીને થોડું સારું લાગ્યું.

'દવ્ય શું કરે છે?' રાહીએ બીજો સવાલ કર્યો.

'બસ, દાદી સાથે મસ્તી કરે છે. આખું ઘર એના કોલાહલથી ભરી દે છે તારો દીકરો.' રાહી માંડ માંડ હસી.

'મને યાદ કરે છે? મને શોધે છે ઘરમાં?' બોલતાં એને ડૂમો ભરાઈ ગયો.

'બસ યાર, આવી વાત ના કર. તને યાદ ન કરે તે સારું જ છે ને?'

સૂરજના અવાજનો બદલાયેલો ટોન તેને ખૂંચ્યો.

'પણ... મને એની બહુ યાદ આવે છે.' બોલતાં રાહીથી ડૂસકું લેવાઈ ગયું.

'જો ડિયર, તને કેટલી વાર સમજાવું? હવે તો હું પણ થાકી ગયો તને સમજાવીને.' તે થોડા સમજાવટના સૂરમાં બોલ્યો.

'હું સમજુ ં છું, પણ...'

'મને એટલે તો તને કૉલ કરવાની ઇચ્છા નથી થતી. દર વખતે એક જ વાત સમજાવવાની ના હોય ને!' તેનો અવાજ થોડો ઊંચો થઈ ગયો. 'સૂરજ, મને...' રાહી આગળ ન બોલી શકી.

'શું મને? બોલ શું કહેવું છે?' સૂરજે થોડી નરમાશથી પૂછ્યું.

'કંઈ નહિ. એમ જ બોલાઈ ગયું. ચલ, બાય. ગુડ નાઇટ.' રાહીએ વાત ટૂંકાવતાં કહ્યું.

'બાય બાય ડિયર. ગુડ નાઇટ. સ્વીટ ડ્રીમ.'

સૂરજે ફોન મૂકી દીધો. એણે પોતાની આંખો લૂછી.

'બસ અઢાર મહિના... પછી હું મારા દીકરાને મારી પાસે લઈને, તેને બાથ ભીડીને સૂઈશ.' વિચારતી તે સૂવાનો પ્રયત્ન કરવા લાગી પણ આજે પણ રાત લાંબી હતી.

* * *

દાદી, આજે મારું લંચબૉક્સ કોણે ભર્યું હતું?"

— દવ્ય વાનથી ઊતર્યો અને ઘરમાં પગ મૂકતાં જ બૂમ પાડતાં બોલ્યો.

'તારી મમ્મીએ, બેટા,' બાએ તેની બૅગ હાથમાં લેતાં કહ્યું.

વાનના આવવાનો અવાજ સાંભળીને રાહી રસોડામાંથી પાણીનો ગ્લાસ લઈને ખુશીમાં દોડી આવતી હતી, પરંતુ ત્યાં જ દવ્યનું આગળનું વાક્ય એને આરપાર વીંધતું પસાર થઈ ગયું.

'બા, મારી બધી વસ્તુઓ તો તમારે જ કરવી. મમ્મી તો પપ્પાનું કામ કરે તો સારું. મારું નહીં.' રાહીના પગ ત્યાં જ થંભી ગયા. હાથમાંનો ગ્લાસ કંપી ગયો. બાએ ઇશારાથી દવ્યને ચુપ કરાવવાનો પ્રયત્ન કર્યો, પરંતુ શબ્દો તો જઈ ચૂક્યા હતા - સીધા એના દિલના નરમ ભાગે.

માત્ર અઢાર મહિનાની બદલીની રાહ જોતી રાહીને સરકારી તંત્રના 'આવતા સત્ર' કહેતાં કહેતાં ચાર વર્ષ પસાર થઈ ગયાં. બદલી ત્યારે થઈ, જ્યારે દવ્ય છ વર્ષનો થઈ ચૂક્યો હતો — અને એ સમય સુધીમાં તો દાદી જ તેની દુનિયા બની ગઈ હતી.

મમ્મી શબ્દથી તો એ રાહીને જ બોલાવતો, પણ તેના જીવનમાં 'મમ્મી'નું સ્થાન દાદીએ જ ભર્યું હતું. રાહી ઘરે હોય કે ન હોય — દવ્યની દુનિયા પર કોઈ અસર થતી ન હતી. તેની નાનામાં નાની જરૂરિયાત દાદીથી જ પૂરી થાય તેવું તેના મનમાં શિલાલેખની જેમ જડાઈ ગયું હતું. રાહીનું તેના જીવનમાં જાણે કે કોઈ સ્થાન નહોતું. તેની હાજરી-ગેરહાજરી દવ્ય માટે ગૌણ હતી.

રાત્રે અચાનક ઊંઘમાંથી જાગેલી રાહી દવ્યના રૂમ તરફ ગઈ. હળવેથી તેણે રૂમનો દરવાજો ખોલ્યો ને સામે પલંગ પર રાજકુમાર જેવો સૂતો તેનો દવ્ય દેખાયો. મન થયું કે એને ચૂમી લે, વાલ કરે. પણ એ ઊઠી જશે એ ભયથી તે રોકાઈ ગઈ. ફક્ત તેની નજીક જઈને તેણે તેનો સરકેલો બ્લૅન્કેટ સરખો કર્યો. માથા પર હાથ ફેરવ્યો. અને ખસી જવાની તૈયારી કરી રહી હતી— ત્યારે દવ્યના નાનકડા પંજાએ તેની આંગળી પકડી લીધી, તેના શરીરમાં એક આનંદનું લખલખું પસાર થઈ ગયું, ને ત્યાં તો એ હોઠ ફફડ્યા, 'દાદી...' તેને ચરચરાટ થયો, જાણે કે એ શબ્દ તીક્ષ્ણ છરીની જેમ ઘૂસી ગયો. રાહીનો હાથ છૂટી ગયો. એ ઝડપથી રૂમની બહાર આવી, પોતાના રૂમમાં જઈને મોં ધોયું. રડવું તો આવતું હતું, પરંતુ રાતની નિશ્ચલતા એને અવાજ કરતાં રોકતી હતી. સૂરજને ઊંઘમાં ખલેલ ન પડે — એ વિચારથી પોતાને જ શાંત પાડવાનો પ્રયત્ન કર્યો.

સવારે નાસ્તા વખતે ટેબલ પર સૂરજ બોલ્યો,

'તું રાત્રે કેટલી વાર ઊઠે છે, રાહી?'

રાહી ચમકી. કદાચ એને રાતની ઘટના કહી દેત...પણ સૂરજ આગળ બોલ્યો,

'યાર, ઑફિસમાં બહુ પ્રેશર છે. ઊંઘ પૂરી ન થાય તો બીજો દિવસ બગડે.'

'પ્લીઝ... ખોટું ન માન... પણ કાલથી હું દવ્યના રૂમમાં સૂઈશ.' રાહી નિઃશબ્દ બોલી ગઈ.

તેના જીવનનાં બે સૌથી મહત્ત્વનાં પુરુષપાત્રો – એક દાદી વગર અધૂરપ અનુભવે, અને બીજો તેની ઊંઘ વગર થાકેલો અને એ? એ બધાંમાં ક્યાં હતી?

* * *

લગ્નને માત્ર એક દિવસ બાકી હતો. ઘરની ચોતરફ થઈ રહેલી રંગબેરંગી રોશની, દીવાલો પર કરેલી ફૂલોની સજાવટ, સુંદર મજાની રંગોળીઓ અને ભીંતો પર લગાડેલા પેલા ટ્રેડિશનલ ચાકળા શોભામાં વધારો કરી રહ્યા હતા. ક્યાંક પેલા મીઠાઈવાળા, ફૂલોવાળા, મંડપવાળા એમ જાતભાતના લોકોની અવરજવરથી ઘર જીવંત બની ગયું હતું, પરંતુ એ ખુશીના એ માહોલ વચ્ચે સુજાતાબહેનની ફરિયાદ ગુંજી, 'આ માહીબેન હજી આવી જ નથી! સંસાર જાણે એક એને જ છે. મારી રાહી તો નોકરી હોવા છતાં બે દિવસ વહેલી આવી છે.'

'આવે છે મમ્મી, મારે વાત થઈ, એ લોકો નીકળી ગયા છે.' રાહીની ભાભી રેશમાએ સાસુને શાંત પાડવાનો પ્રયત્ન કર્યો. પિયરમાં પોતાના મોટા ભાઈની દીકરીનાં લગ્ન હતાં. રાહીની બદલી હવે વડોદરા થઈ ગઈ હતી. તે ચાર રજા મૂકીને વહેલી આવી ગઈ હતી. સૂરજ અને દવ્ય આગલે દિવસે એટલે કે આજે આવવાના હતા, પણ માહી હજુ સુધી નહોતી આવી, એટલે રાહીને પણ ઉચાટ થવા લાગ્યો. પોતાની નોકરીને કારણે તેને પિયરમાં આવવાનું વૅકેશન વિના શક્ય નહોતું બનતું, જ્યારે માહીને તો પિયરમાં અવારનવાર આવવાનું થતું. તો અત્યારે લગ્નમાં કેમ વહેલી ન આવી?

રાહીને ચિંતા થવા લાગી.

'સંજયફુઆની ગાડી આવી ગઈ.' એવું સાંભળતાં જ રાહી દોડી આવી. માહીને ખુશખુશાલ જોઈ તેને થોડી શાંતિ થઈ.

બધા 'આવો, આવો' કરતાં નવા પધારેલા મહેમાનોના સ્વાગતમાં વ્યસ્ત થયાં, એટલામાં જ સૂરજની પણ ગાડી આવી. આગતાસ્વાગતા બાદ મોટા ભાઈ બંને બનેવીઓને લઈ હૉલ પર ગયા. સૌ બાળકો રમવા વળગ્યાં. સુજાતાબહેન અને રેશમા કામમાં લાગ્યાં, અને બંને બહેનો આરામ કરવા ઉપર ગઈ. રાહીને આવો મોકો મળતાં જ માહીને પૂછી નાંખ્યું :

'બોલ, હવે મને કહે, તું કેમ આટલી મોડી આવી?'

'અરે, દીદી, મારે તો વહેલા આવવું જ હતું, પણ સંજયને ઑફિસમાં કામનો લોડ હતો, એટલે કેવી રીતે નીકળી શકાય?' માહીએ જણાવ્યું.

'તો સૂરજને પણ કામ તો રહે જ છે ને? પણ તારે તો આવી જવું જોઈએ ને?

'પણ....'

'પણ બણ ના હોય. મોટા ભાઈ આપણને પપ્પાની ખોટ નથી સાલવા દેતા, તો આવા પ્રસંગે તો આપણી પણ ફરજ બને ને! એમને ખોટું ના લાગે?'

'અરે ભાઈને તો મનાવી લઈશ, પણ સંજય તો મારી ગેરહાજરીમાં સાવ પાંગળા બની જાય. સાચું કહું દીદી, સંજયને તો ઑફિસ જતાં જ આવડે, બાકી એને મારા વિના એની પોતાની પણ કોઈ વસ્તુ ના મળે. સવારે ઊઠીને ઑફિસ જતાં સુધીમાં એ મારા પર એટલા આધારિત હોય કે જાતે કંઈ જ ના કરી શકે. જ્યારે તું તો બહુ નસીબદાર છે, જીજુ તો તારા વિના બધું અપ ટુ ડેટ કરી શકે. તારી ગેરહાજરીમાં એમને ઘર કે દવ્યને સંભાળવામાં કોઈ તકલીફ નથી પડતી.

'અમારાં એવાં નસીબ ક્યાં?'

'ચા-નાસ્તો તૈયાર છે' એવી રેશમાની બૂમ પડતાં માહી ફટાફટ,

'એ આવ્યા અમે' બોલતાં રાહીને નીચે આવવાનો ઇશારો કરતાં સીડી ઊતરવા લાગી. માહીનો જવાબ રાહીના મર્મસ્થાન પર ઘા કરી ગયો. આવા નસીબદાર હોવાનું તેના ભાગ્યમાં લખાઈ ગયું હતું કે તેની નોકરીને લીધે જ તેનું ભાગ્ય એવું બન્યું હતું! આવા નસીબદાર હોવું એ શું સાચે જ સૌભાગ્ય હતું? એને પણ ઇચ્છા હતી કે દવ્ય તેના વિના ન રહી શકતો હોય તેવી માતા બનવાની, સૂરજને તેની હાજરીની સતત ઝંખના રહ્યા કરે તેવી પત્ની બનવાની. પોતાનું અસ્તિત્વ કોઈના જીવનનો એક અનિવાર્ય હિસ્સો બની જાય તેવું કોને ન ગમે? એ કોના જીવનનો અનિવાર્ય ભાગ હતી? દવ્યના? ના, એ દવ્યની મા હતી, પણ તેની મમતા, તેની આવશ્યકતા તો નહોતી જ. સૂરજ? એ તેનો પતિ જરૂર હતો. રાહી સિવાય અન્ય કોઈ સ્ત્રી તેના જીવનમાં ન જ હતી. છતાંય એ જુદાઈનાં વરસો પછી નિકટ હોવા છતાં જાણે ક્યાંક કશુંક છૂટી ગયું હતું. સૂરજના જીવનમાં એવી નહોતી વણાઈ ગઈ કે સૂરજ તેના વિના પાંગળો બની જાય. તેની આવશ્યકતા બની જાય એવું તો નહોતું જ.

તો તે શું હતી? એક પ્રવાસી ગૃહિણી?

■

નિબંધ

તરબતર

સ્વાતિ સૂચક શાહ

જાણે અંધકાર ઓસરવાની ના પાડતો હોય, પણ અજવાશ એને વળાવી દેવાની જીદે ચડ્યો હોય એમ, અજવાળું અને અંધારું જાણે થપ્પોદાવ રમતાં હોય એવું ઝાંખુંપાંખું અજવાળું ઘડીક તેજ પકડે, તો ઘડીક કાળાશ આડે સંતાઈ જતું હોય એવું લાગે છે. ક્ષિતિજની લગોલગ ઊભેલો રતુંબડો સૂરજ ઘર ભણી જઈ રહ્યો છે કે ઘેરથી આવીને જગતને બારણે ટકોરા દઈ રહ્યો છે એ સમજાતું નથી, કારણ કે જ્યાં સૂરજને જોઉં છું એ દિશા પૂર્વ છે કે પશ્ચિમ, એની ખબર પડતી નથી. પંખીઓનો કલબલાટ પણ કંઈ ફોડ પાડતો નથી. હું રઘવાઈ થઈને કૂણા કૂણા ઘાસ પર ઉતાવળા ડગલાં ભરતી ક્યાંક જઈ રહી છું. ક્યાં, એ ખબર નથી. પણ એટલી ખબર છે કે આજુબાજુ પ્રકૃતિએ જે સુંદરતા વિખેરી છે એ મારા માટે જ છે. એટલે ધ્યાન ગતિ કે ગંતવ્યને બદલે દૃષ્ટિફલક પર દેખા દેતાં દૃશ્યો પર વધુ છે. એવામાં અચાનક નજર સામે સોનેરી રંગનું, કોઈ વિશાળ સ્વર્ણ કન્યાના હાથની મુઠ્ઠી હોય એવું કંઈક દેખાય છે. મારા પગ અટકી જાય છે. આંખો મુગ્ધ બનીને એને નીરખી રહે છે. અદ્ભુત સોનેરી રંગ છે એનો! હળવી હળવી ખુશ્બૂ પણ અનુભવાઈ રહી છે. હું એને અપલક જોઈ રહી છું. આ શું છે? કોઈ સ્વપ્ન, ભ્રમ કે કોઈ સ્વર્ગીય તત્ત્વ? હજુ તો કશી સમજ પડે એ પહેલાં એ મુઠ્ઠી ઊંચકાઈ. થોડે ઉપર સુધી ગઈ. એ કેવી રીતે થઈ રહ્યું છે એ સમજવું મુશ્કેલ છે. કોઈ અદૃશ્ય દોરી એને ઉપર તરફ ખેંચી રહી હશે? તો એ દોરીનો ખેંચનાર કોણ હશે? કે પછી કોઈ વિશાળ ચુંબક એને આકર્ષી રહ્યું હશે? પણ એ સ્વર્ણમુઠ્ઠી થોડે ઉપર ગયા પછી પાછી ફરીને જમીન પર પછડાઈ અને ચૂરચૂર થઈ ગઈ. સ્વર્ણકણોનો જાણે દરિયો ઊમટ્યો. થોડી વાર તો ચારે બાજુ સ્વર્ણકણોના ચમકતા ધુમ્મસ સિવાય કશું દેખાયું જ નહીં. હું પણ એ સ્વર્ણકણોની વચ્ચે ખોવાઈ ગઈ. એ સ્વર્ણકણો સાથે જાણે તાંબાના કણો પણ ભળી ગયા હોય એમ એનો રંગ જરા બદલાયો. થોડી વાર પછી એ ધુમ્મસ શાંત થયું. આંખો ફરી બધું જોતી થઈ. પણ એટલામાં તો જાણે સૃષ્ટિની મુલાકાત પૂરી થઈ ગઈ હોય એમ એ સ્વર્ણકણો સ્હેજ ઉપર તરફ ઊડતાં ઊડતાં જમીનથી એકાદ ફૂટ ઉપર એક દિશામાં ભેગા થવા લાગ્યા. મને થયું કે હવે એ ફરી મુઠ્ઠીનો આકાર લઈ લેશે કે શું? આ બધું મને કોઈ જાદુ જેવું લાગતું હતું. પણ એ સ્વર્ણકણો એકની ઉપર એક આપોઆપ ગોઠવાવા લાગ્યા. હું અવાચક થઈને એ બધું જોતી રહી ગઈ. આંખો એ જોઈ રહી હતી, પણ દિમાગ શૂન્ય હતું એટલે વિચાર અને સમજને એ સમયે દેશનિકાલ અપાયો હતો. આ

બધું શું થઈ રહ્યું હતું? આપોઆપ થતું હતું કે કોઈ અદૃશ્ય હાથ એક એક કણને વીણીને ઉપરાઉપર ગોઠવી રહ્યો હતો? કે પછી કોઈ એકબીજાથી આકર્ષાઈને એ કણો ભેગા થઈ રહ્યા હતા? કશી ગડ બેસે એ પહેલાં તો એ કણોનો એક પિંડ બંધાઈ ગયો – વિશાળ પિંડ. આકાર એકદમ જાણીતો. હવે તો સુગંધ પણ તીવ્ર બની હતી એટલે મગજ પરનું ધુમ્મસ વીખરાયું. અરે, આ તો લાડુ! પણ આવડો મોટો લાડુ? આટલું સમજાયું ત્યાં તો એ વિશાળ લાડુ ઝડપભેર હવામાં ઊંચકાયો. ધીરે.. ધીરે.. ધીરે.. એ ઉપર ઊઠતો ગયો. હાથથી નેજવું કરીને જોઉં છું તો... વિશાળ ગુલાબી ગુલાબી હથેળીમાં જઈને એ ગોઠવાઈ ગયો હતો. આખું વાતાવરણ ઘી અને ગોળની સુગંધથી મહેકી ઊઠ્યું. એ હથેળી કે જેમાં એ લાડુ ગોઠવાયો હતો એ સિવાય કશું જ ન દેખાયું. મેં નજરને જરા ખેંચી, ઘોડાને આગળ વધવા ગાડીવાન ડચકારે, પુચકારે, એમ મેં પણ નજરને વિનવણી કરી જોઈ. પણ આગળ એટલે કે હાથની ઉપર કશું જ નહીં. આખો હાથ પણ નહીં, શરીર પણ નહીં કે પછી ચહેરો પણ નહીં. છતાં...છતાં મને સમજાતું હતું કે એ કોનો હાથ હતો.

મારાથી આપોઆપ હાથ જોડાઈ ગયા અને આંખો મીંચાઈ ગઈ. કેટલો સમય આંખો મીંચાયેલી રહી એ ખબર ન પડી પણ...

આંખ ખોલું છું તો કશું જ નથી. ન તો લાડુ, ન એ હાથ કે ન એ ખુશ્બૂ. મારી નજર બેબાકળી બનીને એને શોધે છે. અરે! ઘાસ, પંખી કે સૂર્ય પણ નથી. ક્યાં ગયું બધું? હું તો મારા ઘરમાં, મારા પુસ્તકાલયમાં ખુરશી પર બેઠી છું. મારા હાથમાં પેન છે અને સામે ટેબલ પર નોટબુક. મને સમજાતું નથી કે જે મેં જોયું એ શું હતું? સ્વપ્ન, દિવાસ્વપ્ન કે પછી બીજું કંઈ? થોડી વાર પહેલાં જોયેલું એ દૃશ્ય તો નથી પણ મન હજુયે તરબતર છે – પેલા લાડુની સુગંધથી હતું એવું જ, પેલા હાથને જોયા પછીના ભાવથી હતું એવું જ.

લાડુએ મારા મન પર, મારા વિચારો પર, અરે! મારા આખા જ હોવા પર કબજો જમાવી લીધો છે. એ સુગંધ મને હજુ અનુભવાય છે, જીભ સળવળે છે, પણ માત્ર આ સુગંધથી સંતોષ થતો નથી. હવે એ લાડુનો સ્વાદ ચાખવા, એ કણેકણને મોંમાં અનુભવવા રીતસરની તલબ લાગી છે.

યાદ આવે છે નાનીમા અને મમ્મીના હાથના લસલસતા લાડુ. એ બનતા હોય ત્યારે મહેકતું રસોડું જ નહીં, આખેઆખું ઘર. એ યાદે મોંમાં પાણી છૂટે છે. હાથ-પગ તૂટવા લાગે છે. વ્યસનીને વ્યસન વગર શું થાય, હાથ-પગ કેવા તૂટે, એ હવે મને સમજાય છે. નાનીમા કે મમ્મી તો હવે નથી અને હું એમની પાસેથી લાડુ બનાવતાં શીખી નથી. હવે શું કરવું? હવે અખતરા કરવાનું જોખમ લઉં કે જૂની યાદોમાં તલસતી બેસી રહું એ અવઢવમાં છું.

આમ તો હવે યૂ-ટ્યૂબ પર બધી જ વાનગીઓની રેસિપી મળી રહે પણ યૂ-ટ્યૂબની રેસિપીમાં મા અને નાનીમાના હાથનો એ સ્વાદ ક્યાંથી મળે? તો શું આમ તલસતા બેસી રહેવાનું?

ના, મમ્મીએ હાર માનતાં ક્યાં શીખવ્યું છે?

મમ્મી કે નાનીમા લાડુ બનાવે ત્યારે અમારાં એટલે કે બાળકો માટે રસોડામાં એન્ટ્રી બંધ હોય. રખે ને અમે કોઈ વસ્તુમાં હાથ નાખી દઈએ! એમાં પણ મારા ભાઈને તો કાચો લોટ ભાવે. એ રસોડામાં ઘૂસે ને લાડુ બનતા હોય તો લોટની મુઠ્ઠી ભરી જ લે. રસોડું અંદરથી બંધ જ રહે. પણ અમે "પાણી પીવું છે", "મમરાનો ડબ્બો આપી દો", "ખારી સીંગ ખાવી છે" વગેરે બહાને વચ્ચે વચ્ચે દરવાજો ખોલાવીએ તો ખરાં જ, એટલે કટકે કટકે લાડુ બનતા જોયા છે.

એક વાર મમ્મીને લોટમાં તેલ નાખીને બરાબર મિક્સ કરીને મુઠ્ઠી વાળતાં જોયાં. એ વાળે અને પછી તરત તોડી નાખે. ફરી વાળે અને ફરી તોડે, જાણે બાળકો દરિયાકાંઠે રેતીનો મહેલ બનાવીને તોડતાં હોય એમ. મેં પણ લોટમાં તેલ નાખીને બરાબર મિક્સ કર્યું અને એવી જ મુઠ્ઠી વાળી જોઈ. વળી એટલે તોડી નાખી.

લોટ ઢીલો બાંધવાનો કે કઠણ એ ખબર નહોતી એટલે મીડિયમ લોટ બાંધીને મૂઠિયાં વાળ્યાં અને તળ્યાં. પછી કર્યો ભરભર ભુક્કો. ઘી અને ગોળની સુગંધથી મારા મને ફરી બાળપણ તરફ દોટ મૂકી. આ સુગંધ આવે એટલે હું નાનકડું ટેબલ લઈને રસોડાની પાછળ ફળિયામાં પડતી બારી પાસે ગોઠવતી અને પછી એની ઉપર ચડીને ગોઠવાઈ જતી. મમ્મી એક હાથે પેલા ભુક્કાની મુઠ્ઠી ભરે અને બીજા હાથની હથેળીમાં મૂકે ને પછી એમની આંગળીઓ એવી તો કરામત કરવા લાગી જાય કે જોતજોતામાં તો લાડુ તૈયાર! હું આ કરામતને આશ્ચર્યથી જોઈ રહેતી. એ કરામત મારા મનમાં એવી વસેલી કે જ્યારે માટીમાંથી રમકડાં બનાવવાનાં આવે તો હું સૌથી પહેલાં એ લાડુ જ બનાવવાની કોશિશ કરતી ને બરાબર ન વળે તો એ લાડુ જેવું જ મોઢું ફુલાવીને બેસી જતી.

અત્યારે પણ એ ખુશ્બૂ મને તરબતર કરી રહી છે. લાડુ વળાઈ ગયા છે. નાનીમા અને મમ્મીની પરંપરાને આગળ વધારતાં હું એને ગણપતિબાપાને ધરાવ્યા પછી જ ચાખીશ. સુગંધ મમ્મીના હાથના લાડુ જેવી જ આવી રહી છે. કદાચ સ્વાદ એવો ન પણ હોય. નહીં જ હોય, તેમના જેટલો અનુભવ ક્યાં છે? પણ છું તો એમની જ દીકરી ને! આજ નહીં તો કાલ, એ સ્વાદ મારા હાથમાં પણ આવી જ જશે. આજે તો મનમાં બોલી, ગણપતિ બાપા મોરિયા!

■

ગીરગામમાં મકાન હતું છતાં હું જવલ્લે જ ગાડીભાડું ખરચતો. ટ્રામમાં પણ ભાગ્યે જ બેસતો. ગીરગામથી ઘણેભાગે નિયમસર ચાલીને જતો. તેમાં ખાસી ૪૫ મિનિટ લાગતી. ને ઘેર પાછો તો અચૂક ચાલીને જ આવતો. દિવસના તડકો લાગે તે સહન કરવાની શક્તિ કેળવી લીધી હતી. આથી મેં ઠીક પૈસા બચાવ્યા ને મુંબઈમાં મારા સાથીઓ માંદા પડતા ત્યારે હું એક પણ દહાડો માંદો પડ્યો હોઉં એમ મને સ્મરણ નથી. જ્યારે હું કમાતો થયો ત્યારે પણ આમ ઑફિસે ચાલીને જવાની ટેવ મેં છેવટ લગી કાયમ રાખી. આનો લાભ હું આજ લગી ઉઠાવી રહ્યો છું.

– 'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી

સ્વાદનું સૌંદર્ય : પાણીપૂરી

નગીન દવે

ખાવા માટેની અનેક વાનગીઓથી બજાર ઊભરાઈ રહ્યું છે. અમીરી વધતાં ભૂખ ખૂલી કે બેકારી વધતાં ભૂખ વધી એ નક્કી કરવું મુશ્કેલ છે, પરંતુ અત્યારે શહેરોની દર ત્રીજી કે ચોથી દુકાન કપડાં કે પગરખાંની છે. એ લાઇનમાં પણ સુગંધના શેરડા પાડતી અને સ્વાદની સરવાણી વહેવડાવતી ખાણીપીણીની દુકાન વટથી એનો જલવો બતાવી રહી છે. શહેરની ખાસ ખાઉગલીઓનો રુતબો પણ કાંઈક ઓર છે! સડકો પર પણ “અહીં જમો, અહીં જમો”નાં ઇજન આપતી શણગારેલી હોટલો ચકાચૌંધ કરી દે છે. એ નક્કી કરવું મુશ્કેલ છે કે માણસો જીવવા માટે ખાય છે કે ખાવા માટે જીવે છે! રવિવારની સાંજનો તો મુદ્રાલેખ થઈ ગયો છેઃ હોટલમાં વાળુ....બત્રીસ કોઠે અજવાળું. પહેલાં કહેવાતુંઃ સૂરતનું જમણ ને કાશીનું મરણ. પણ હવે એવું નથી. હવે તો એમ કહી શકાય કે સર્વત્ર જમણ, સર્વત્ર મરણ. હવે જમવું એ પેટનું ભાડું નથી, પણ રસનાનો ઉત્સવ છે. સોડમદાર સ્વાદિષ્ટ વાનગીઓથી મોંમાં પાણી છૂટે તો જીભ પણ તેનો સ્વાદ લેવા તલપાપડ બને જ. સ્વાદેન્દ્રિય ભગવાન તરફથી મળેલી અણમોલ ભેટ છે, એટલે જ પહેલાંની વાર્તાઓમાં બત્રીસ જાતનાં શાક અને તેત્રીસ જાતનાં પકવાન આવતાં. ભગવાનને છપ્પન ભોગ અને અન્નકૂટ ધરાવાય છે જેનો પ્રસાદ ભક્તોને જ મળે છે. મિષ્ટાન્નો, ફરસાણો, જંકફૂડ, ફાસ્ટફૂડની અનેક જાહેરાતો ટીવી, મોબાઇલ, અખબારોમાં આવતી રહે છે. તો રસોઈની રંગત, ખાના ખજાના જેવી સિરિયલોમાં અવનવી રેસિપીઓ તેનો સ્વાદ ચાખવા આપણને લોભાવે છે. ઉપવાસીઓની આંતરડી ઠારવા અને પેટપૂજાનાં મહાપુણ્યકાર્ય માટે લોભામણા ફરાળના ભંડાર હાજરાહજૂર છે!

મિષ્ટાન્ન કે ફરસાણની કોઈ પણ વાનગી અખંડ આરોગી શકાતી નથી, તેના ટુકડા કરવા પડે છે, પણ એમાં એક અપવાદ છે પાણીપૂરી. એ આખેઆખી જ મોંમાં મૂકવી પડે એટલે એ અખંડઆહારસ્વરૂપિણી છે. સ્વાદનું સૌંદર્ય છે. બધાં ફરસાણ, ફાસ્ટફૂડ, જંકફૂડ તેની સામે ટકી શકે નહીં એટલી એની લોકપ્રિયતા. ભલભલી રેસ્ટોરન્ટ-હોટલને તાળાં લાગ્યાં હશે પણ પાણીપૂરીવાળા ભૈયાઓએ ક્યારેય નાદારી નોંધાવી નથી, એમની કમાણી દિન દોગુની રાત ચૌગુની વધતી રહી છે. ભવિષ્યમાં તેના ધંધા પર જીએસટી લાગવાનો સંભવ ખરો! ઇન્કમટૅક્સ ખાતાની ઝપટે ચડી જાય તોપણ નવાઈ નહીં.

ભૈયાઓએ ઉત્તરપ્રદેશ સર કરી ભારતભરમાં પાણીપૂરીનો પરચમ લહેરાવ્યો છે. મહાનગરો, નગરોથી લઈને છેક કસબાઓ સુધી તેમના ખૂમચાઓ પહોંચી ગયા છે. આ

પાણીપૂરી જૂજવા પ્રદેશમાં જૂજવા નામે ઓળખાય છે. મહારાષ્ટ્રમાં એ ગુજરાતની જેમ પાણીપૂરી જ કહેવાય છે તો ઉત્તર ભારતમાં પાનીપૂરી ઉપરાંત ગોલગપ્પા, પકોડી કે જલપૂરી પણ કહેવાય છે. બંગાળમાં એની ઓળખ છે પુચકા તરીકે તો ઓડિશામાં બતાશા કે ગુપચૂપ તરીકે જાણીતી આ પાણીપૂરીએ ભારતભરમાં એનું સ્થાન જમાવ્યું છે. કહેવાય છે કે સત્તરમી સદીમાં મુગલ બાદશાહ શાહજહાંના કાળમાં આ પાણીપૂરી પ્રચલિત થયેલી. મહાપુરુષો માટે કહેવાય છે કે તેઓ "વજ્રાદપિ કઠોરાણિ મૃદૂની કુસુમાદપિ " હોય છે, અર્થાત્ તેઓનાં દિલ વજ્ર જેવાં કઠોર હોય છે અને સમય આવ્યે ફૂલ જેવાં કોમળ હોય છે. આહારમાં એ પાણીપૂરીને બરાબર લાગુ પડે છે. કડક પ્લાસ્ટિક જેવી દેખાતી પૂરીમાં ભૈયો જ્યારે અંગૂઠો દબાવે કે તરત જ એક મૃદુ ટકોરા સાથે તેમાં કાણું પડી જાય છે. આ નજાકતભરી પૂરીમાં જે ઝડપથી હાથે મસળેલો ચણા અને બટેટાનો છૂંદો તે ભરે છે અને ડિશમાં ગોઠવે છે એ કળાકૌશલ્ય જોઈને આફરીન પોકારી જવાય છે. તીખું અને મીઠું પાણી તેમાં ભરી એ અખંડ પૂરી અલૌકિક આનંદ સાથે માનુનીઓ મુખગુહામાં સટાક કરીને મૂકી દે છે એ વિરલ દૃશ્યનો જોટો જડે એમ નથી. આવી તલ્લીનતા બીજા કોઈ પણ પ્રાશનમાં જોવા મળતી નથી. મોટા અને મોંઘા રેસ્ટોરન્ટ કે હોટલની વાનગીઓની જિયાફત આ પાણીપૂરી સામે સાવ ફિક્કી લાગે છે. સ્ટ્રીટ ફૂડ સ્નૅક્સમાં સૌથી વધુ લોકપ્રિય પાણીપૂરી છે. પતિદેવો જો સાથે આવ્યા હોય તો તેઓ દૂર ઊભા રહી એનું વિહંગાવલોકન કરી પ્રસન્નતા અનુભવતા હોય છે. ગાંઠિયાપ્રિય પતિદેવોને સવારના નાસ્તામાં જે અનુભૂતિ થાય છે તે સાંજે પત્નીઓને પાણીપૂરીમાં થતી હોય છે. બોખલા મોઢે પણ પેઢાના દાબથી પાણીપૂરીનો સ્વાદ લઈ શકાય છે, જોકે તેઓ જ્યારે મોંમાં અખંડ પૂરી પધરાવે ત્યારે ક્વચિત્ હોઠના ખૂણે આછી લકીર ઊતરે પણ લિજ્જત તો એવી ને એવી જ. જોકે તેમનાંથી થોડું દૂર રહેવું હિતાવહ છે કે જેથી કદાચ છાંટા ઊડે તો બચી શકાય.

કોરોના કાળમાં માનુનીઓએ સૌથી વધુ વ્યથા અનુભવી હોય તો પાણીપૂરીની ગેરહાજરીથી. પણ હિંમત હારે તો એ માનુનીઓ શાની? વાનગીઓનાં પુસ્તકો અને યૂટ્યૂબમાંથી ખાંખાંખોળાં કરી ભૈયાઓ જેવી પાણીપૂરી બનાવવા પત્ની પણ મેદાને પડેલી. કરકરા સોજીના લોટમાં થોડો ઘઉંનો લોટ ભેળવી કડક કણક બાંધી એને એકાદ કલાક ભીના કપડામાં રાખી પછી તેના નાના લૂઆ કરી પૂરીઓ વણી કડાઈમાં તળવા મૂકેલી એ પૂરીઓ ફૂલી જ નહીં પણ ચપટી જ રહી. આવા અનેક અખતરાઓ કરવા છતાં હઠીલી પૂરીઓ ફૂલી જ નહીં. શેરીની મહિલાઓ તેમના અનુભવની એક જ વાત કહેતી હોય છે કે ભૈયા જેવી પૂરી ફૂલતી નથી. આ માટે સોસાયટીનું મહિલામંડળ મેદાને પડ્યું. રસોઈની રાણીઓએ અનેક રેસિપીઓનો સમન્વય કરી પૂરીમાં પ્રાવીણ્ય મેળવવા કમર કસી. આ મહાઅભિયાનનો પણ છેવટે ફિયાસ્કો જ થયો. અને જથ્થાબંધ બનાવેલી એ ચવ્વડ અને ચપટી રહેલી પૂરીઓની ભેળ બનાવીને ખાધી અને કચવાતા મને પાણીપૂરીનો આંશિક સ્વાદ માણ્યો..

જ્યાં જ્યાં સેલ ત્યાં પાણીપૂરીનો ખેલ. સેલની બાજુમાં એક ખૂણામાં ભૈયાઓએ અડિંગો જમાવ્યો હોય. માનુનીઓ પ્રથમ દિવસે સેલ જોવા જાય, બીજા દિવસે ખરીદી કરવા જાય અને ત્રીજા દિવસે વસ્તુ બદલાવવા જાય અને ત્રણેય વખતે પાણીપૂરી તો અવશ્ય આરોગે જ.

અમને આશ્ચર્ય થાય છે કે જે તલ્લીનતાથી માનુનીઓ પાણીપૂરી મુખમાં મૂકે છે એની તોલે કોઈ ધ્યાન કે તપશ્ચર્યા આવી શકે નહીં. સ્વાદનું સૌંદર્ય એવી આ પાણીપૂરી પર મહાનિબંધ લખી પીએચ.ડી.ની ઉપાધિ પ્રાપ્ત કરી શકાય, પણ હજી સુધી કોઈએ એવો પ્રયત્ન કર્યો જાણ્યો નથી એ આશ્ચર્ય છે. પાકશાસ્ત્રની પટરાણી, ગલીના સ્વાદની ગરિમા, મલ્લિકા એ જાયકા એવી પાણીપૂરી પર કોઈ કવિએ પ્રલંબકાવ્ય તો શું પણ એક નાનકડું મુક્તક પણ રચ્યું નથી એ કેવી કરુણતા!

પાણીપૂરીનું પોષણમૂલ્ય કેટલું છે એની સૂચના ભલે છપાતી ન હોય પણ એનું પોષણમૂલ્ય ઓછું તો ન જ આંકી શકાય. સોજીમાં પ્રોટીન અને કાર્બોહાઈડ્રેટ છે. ચણા અને બટેટા શક્તિવર્ધક છે. તીખું ખાટું અને ફૂદીનાનું પાણી પાચનશક્તિ વધારે છે એટલે આરોગ્ય માટે ફાયદાકારક છે. વળી એ ગૃહઉદ્યોગ છે, ઘણા લોકોને રોજીરોટી આપે છે. સ્વનિર્ભરતાનો ઉદ્દેશ એમાં સમાયેલો છે. એ ખાનારનાં દિલ અને દિમાગને બહેલાવે છે.

ભૈયાઓની રેંકડીએ ખાલી ફૂલેલી પૂરીઓ પણ વેચાય છે અને હવે નમકીનનાં પૅકેટ જેમ પ્રોવિઝન સ્ટોરમાં પણ વેચાય છે જે ઘેર લઈ જઈ માવો ભરી ભરપેટ આરોગી શકાય છે. હવે તો લગ્નપ્રસંગોમાં પણ તેણે સિક્કો જમાવ્યો છે. સ્ટ્રીટ ફૂડ સ્નૅક્સમાં ગૌરવભર્યું સ્થાન પ્રાપ્ત કરનાર પાણીપૂરી ભલે મહારાષ્ટ્ર કે ગુજરાતમાં વધુ ખવાતી હોય પણ હવે એ દેશના સીમાડા વટાવી પરદેશમાં પણ પહોંચી ગઈ છે. પાકિસ્તાનમાં તો એ ભારતની જેમ જ ખવાય છે. ઉપરાંત યુકે, અમેરિકા, ફ્રાન્સ, કૅનેડા, જાપાન સુધી પણ એ પહોંચી ગઈ છે. જ્યાં જ્યાં વસે એક ભારતીય કે ગુજરાતી ત્યાં સદાકાળ પાણીપૂરીનો જલવો! જેણે પાણીપૂરી ખાધી નથી એનો અવતાર એળે ગયો ગણાય એવું ભવિષ્યમાં કહેવાય તો નવાઈ નહીં.

■

રાયચંદભાઈને વિષે મારો આટલો આદર છતાં, તેમને હું મારા ધર્મગુરુ તરીકે મારા હૃદયમાં સ્થાન ન આપી શક્યો. મારી એ શોધ આજ પણ ચાલુ છે.

હિંદુ ધર્મે ગુરુપદને જે મહત્ત્વ આપ્યું છે તેને હું માનનારો છું. ગુરુ વિના જ્ઞાન ન હોય એ વાક્ય ઘણે અંશે સાચું છે. અક્ષરજ્ઞાન આપનાર અપૂર્ણ શિક્ષકથી ચલાવી લેવાય, પણ આત્મદર્શન કરાવનાર અપૂર્ણ શિક્ષકથી ન જ ચલાવાય. ગુરુપદ તો સંપૂર્ણ જ્ઞાનીને જ અપાય. ગુરુની શોધમાં જ સફળતા રહેલી છે, કેમ કે શિષ્યની યોગ્યતા પ્રમાણે જ ગુરુ મળે છે. યોગ્યતાપ્રાપ્તિને સારુ સંપૂર્ણ પ્રયત્નનો દરેક સાધકને અધિકાર છે, એ એનો અર્થ છે. એ પ્રયત્નનું ફળ ઈશ્વરાધીન છે. એટલે, જોકે હું રાયચંદભાઈને મારા હૃદયના સ્વામી ન બનાવી શક્યો તોપણ તેમનો અશ્રય મને વખતોવખત કેમ મળ્યો છે તે આપણે હવે પછી જોઈશું. અહીં તો એટલું કહેવું બસ થશે કે, મારા જીવન પર ઊંડી છાપ પાડનાર આધુનિક મનુષ્યો ત્રણ છે : રાયચંદભાઈએ તેમના જીવંત સંસર્ગથી, ટૉલ્સ્ટૉયે તેમના 'વૈકુંઠ તારા હૃદયમાં છે' નામના પુસ્તકથી, ને રસ્કિને 'અન ટુ ધિસ લાસ્ટ' – સર્વોદય નામના પુસ્તકથી મને ચકિત કર્યો. પણ આ પ્રસંગો તે તે સ્થળે ચર્ચાશે.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

'ભારેલો અગ્નિ' એક અત્યંત મહત્ત્વની નવલ

ડંકેશ ઓઝા

રમણલાલ વસંતલાલ દેસાઈ (૧૮૯૨-૧૯૫૪) આપણી ભાષાના 'યુગમૂર્તિ વાર્તાકાર' મનાયા. તેમણે નાટકો, નવલિકાઓ, કાવ્યો અને નવલકથાઓ લખ્યાં. વડોદરા રાજ્યમાં તેમણે કેળવણી ખાતામાં લાંબો સમય નોકરી કરી. એમની જાણીતી નવલકથાઓમાં 'ગ્રામલક્ષ્મી' અને 'ભારેલો અગ્નિ' ગણી શકાય. ગણિકાઓના જીવન વિશે તેમણે 'પૂર્ણિમા' નવલકથા લખેલી. તે પછી, કરેલા અભ્યાસને કારણે 'અપ્સરા' અભ્યાસગ્રંથ લખ્યો. ગાંધીવિચારના પુરસ્કર્તા એવા આ લેખકના સમાજદર્શી અભ્યાસને શિક્ષણસંસ્થાઓએ પણ ખાસ ઉપયોગમાં લીધો નથી એવું નિરીક્ષણ સમાજશાસ્ત્રી ગૌરાંગ જાનીનું રહ્યું છે. ગુજરાતી સાહિત્ય ક્ષેત્રે ર. વ. દેસાઈની લોકપ્રિય અને શિષ્ટ સંસ્કારી સાહિત્ય આપવા બદલ નોંધ લેવાતી રહી છે.

એમની 'ભારેલો અગ્નિ' નવલકથા ૧૯૩૫માં પ્રગટ થઈ. તે પૂર્વે તે ક્રમશઃ પ્રકરણવાર મિત્ર વિજયરાય વૈદ્યના 'કૌમુદી' સામયિકમાં લાંબી સળંગ વાર્તા રૂપે પ્રગટ થઈ હતી. એનું કથાવસ્તુ સને ૧૮૫૭ના બળવાનું છે. તેમ છતાં એને ઐતિહાસિક નવલકથા કહેવી કે કેમ એ ચર્ચાસ્પદ છે. કારણ એ છે કે વાર્તાનાં બધાં પાત્રો કાલ્પનિક છે, ઐતિહાસિક નામ ધારણ કરતાં, જે થોડાં પાત્રો છે તે પણ એના પ્રયોજનની રીતે, સર્જનની રીતે કલ્પિત છે. ૧૮૫૭નો મુક્તિસંગ્રામ ભારતના રાજકીય જીવનનો અતિ મહત્ત્વનો બનાવ છે. લેખકે પ્રસ્તાવનામાં લખ્યું છે તેમ "હિન્દુ, મુસલમાન તેમજ અંગ્રેજ-એ ત્રણેય કોમોની આંખ ઉઘાડનારો એ મહાપ્રસંગ. ગુજરાતમાં એ બળવાની અસર બહુ ઝાંખી હતી. ગુજરાતને પૂર્વ સીમાડે અડકી એના જુવાળ અટકી ગયા." આમ છતાં, ગુજરાતની પૂર્વ સરહદ ઉપર આવેલું વિહાર ગામ અને એની એક સંસ્કૃત પાઠશાળા, એ આ નવલકથાનું મહત્ત્વનું કેન્દ્ર છે. બળવાને પ્રેરનારાં તત્ત્વો અને એની નિષ્ફળતાનાં કારણોનો કથાવસ્તુ તરીકે ઉપયોગ થયો હોવા છતાં, લેખકનો ઉદ્દેશ અહિંસા અને પ્રેમનો છે. આ મુદ્દો નવલકથા પ્રગટ થઈ ત્યારે પણ અત્યંત વિવાદનો વિષય બની રહેલો.

જે કોઈએ આ નવલકથા વાંચી છે તેમના મનમાંથી રુદ્રદત્તનું ચરિત્ર કદી ભુલાતું નથી, એટલું પ્રભાવક પાત્ર સર્જવામાં આવ્યું છે અને આખી નવલકથા પર એનો એટલો તો જબરદસ્ત પ્રભાવ છે, કે વાચકની નજર સામે એનું એક પ્રભાવક વ્યક્તિત્વ ખડું થઈ

જાય છે જે અદૃશ્ય થવાનું નામ લેતું નથી.

સિદ્ધહસ્ત નવલકથાકારે કથાને ચાર ભાગમાં વહેંચી છે. એ ચારેયનાં નામ પણ મહત્ત્વનાં છે : ૧. સર્જાતો વિપ્લવ, ૨. અપક્વ ભડકો, ૩. સિંહનું ભૂમિશયન, ૪. જીવનની પાર. એમાં પણ કેટલાંક પ્રકરણો યાદગાર છે, જેનાં નામ છેઃ ભારેલો અગ્નિ, કંપની બહાદુરની ભૂખ, ભડકો, રુદ્રદત્તનું ભૂત, સિંહનું ભૂમિશયન, છેલ્લું એકાંત વગેરે.

પાત્રસૃષ્ટિ જોઈએ તો પ્રભાવક પાત્રોમાં છે રુદ્રદત્ત. એના શિષ્યોમાં ત્ર્યંબક, ગૌતમ, મંગલ અને શંકર. પૌત્રી કલ્યાણી અને પાદરી યુવાનસેનની પુત્રી લ્યુસી ઊર્ફે લક્ષ્મી. અંગ્રેજ પાત્રોમાં, જૅક્સન, જોનસન, પીટ્ર્સ અને હેનરી. ઐતિહાસિક ભૂમિકા ધરાવતાં પાત્રોમાં તાત્યા તોપે, રાણી લક્ષ્મીબાઈ ઉર્ફે ‘છબીલી’, મહાવીરસિંહ, સૈયદ અઝીઝ-ઉલ્લા. વાચકના મન પર નકારાત્મક છાપ ઊભી કરનાર પાત્રો બેઃ અંગ્રેજ અફસર જૅક્સન અને દગો દેનાર શંકર.

એક તબક્કે પ્રણયત્રિકોણ લાગે તેવી સૃષ્ટિ નવલકથાકારે ત્રણ પાત્રોને લઈને ઊભી કરી છે. એમાં છે - ત્ર્યંબક, ગૌતમ અને કલ્યાણી. તરત કથા વળાંક લે છે અને બે પ્રણયકથાઓ ઊભી થાય છે - કલ્યાણી-ગૌતમની અને ત્ર્યંબક-લ્યુસીની.

નવલકથાની પૃષ્ઠભૂમિ બળવાની અને યુદ્ધની છે છતાં વાત અહિંસા અને પ્રેમની છે. યુયુત્સા કરતાં પ્રેમની લાગણી બળવાન છે. એકંદરે તે આખા સમાજ માટે હિતકારક છે એ વાત અનેક પ્રસંગો દ્વારા ઘૂંટીઘૂંટીને કહેવામાં આવી છે. એ માટેનું પાત્ર ઊભું કરવામાં આવ્યું છે તે રુદ્રદત્તનું. આ વિદ્વાન બ્રાહ્મણ પોતાની પાઠશાળામાં શાસ્ત્રોના અભ્યાસ સાથે સનાતન મૂલ્યોનું શિક્ષણ આપે છે. શિષ્યોને શસ્ત્રો ધારણ કર્યા વિના શસ્ત્રધારીઓને કેમ પછાડવા તેના દાવનું કૌશલ્ય શિખવાડે છે. ‘બ્રાહ્મણત્વ’નો જે ખ્યાલ રુદ્રદત્તનો છે તે વર્ણવ્યવસ્થા પર નિર્ભર નથી. આખા સમાજનો કલ્યાણકારી વિચાર ધરાવતું તત્ત્વ એ ‘બ્રાહ્મણત્વ’ જેમાં હિંસાને કોઈ સ્થાન નથી. દેશી રજવાડાં અને સત્તાની સાઠમારી અને વારસાગત શાસન એ બધું રુદ્રદત્તને ગમતું નથી. વિશ્વભરમાં એ ભમ્યા છે, શસ્ત્રાગારોમાં શસ્ત્રોનો ખડકલો કર્યો છે, પણ તે પછી એમના વિચાર સમગ્ર સમાજ માટે ઉદાત્ત અને કલ્યાણકારી બન્યા છે. બળવાના સંચાલનમાં રુદ્રદત્તની અને એમણે એકઠાં કરેલાં શસ્ત્રોની ખૂબ જરૂર છે, પણ રુદ્રદત્તના વિચારો હવે હિંસકયુદ્ધથી વિરુદ્ધના થઈ ગયા છે. એ કોઈને કોઠું આપતા નથી, અંગ્રેજ પરિવારોને સલામતી બક્ષવાની લ્હાયમાં ઉન્માદી ટોળાંઓમાં ભળેલા શિષ્ય અને ગુરુ એવા શંકરના હાથે તેઓ પ્રાણ ગુમાવે છે.

સમાજ માટે અહિંસા ઉપયોગી છે, હિંસા નહિ. યુદ્ધથી મેળવેલાં રાજ્યો લાંબું ટકશે નહિ, વેરભાવના પેદા કરશે એ એમનો દૃઢ મત છે. ગાંધીના ચરિત્રની રુદ્રદત્તના પાત્ર પર છાયા છે. તેથી ઐતિહાસિક શીર્ષાસન સર્જાય છે એવી ટીકાનો લેખક સ્વીકાર કરતા નથી. ભારતીય સંસ્કૃતિ ‘સનાતન’ છે. અહિંસાનો ખ્યાલ ગાંધી તો ઠીક બુદ્ધ અને મહાવીરથી પણ પહેલાંનો છે એવી એમની માન્યતા સાચી લાગે છે. દુનિયાના વ્યવહારો માત્ર ને માત્ર અહિંસાથી કેમ ચાલી શકે એવો કૂટપ્રશ્ન વ્યવહારદક્ષ સમાજને થતો રહેવાનો; પણ તેથી કરીને પ્રેમનું શાશ્વત મૂલ્ય ઘટતું નથી. સરેરાશ વાચક સુધી આવો ઉમદા વિચાર

કથાસ્વરૂપે પહોંચાડવાનો પ્રશસ્ય પુરુષાર્થ ખરેખર તો આવકાર્ય બાબત ગણાવી જોઈએ. જોકે નવલકથામાં પણ તેમ બનતું નથી, સમાજમાં પણ આદર્શ અને વ્યવહાર વચ્ચેનું અંતર આપણે નિહાળી રહ્યા છીએ.

લેખકની સંવાદ અને વર્ણનમાં હથોટી હોવાને કારણે નવલકથા રસપ્રદ બની રહે છે. આખી કથા દરમ્યાન ઇન્તેજારી જળવાઈ રહે છે. ઘણી બધી વાર આગળની ઘટનાના અંકોડા પછીનાં પ્રકરણોમાં ખૂલતા બતાવાયા છે એ એમની કથાગૂંથણીની કલાનું દ્યોતક છે, નવલકથાની ૧૪ આવૃત્તિઓ થઈ હતી એ લેખકની જન્મશતાબ્દી સુધીમાં; તે પછી પણ થઈ હોઈ શકે. થોડાં ઉદાહરણો જોઈએ. "આર્યાવર્તમાં બ્રાહ્મણત્વ રહ્યું છે ખરું? બ્રાહ્મણને તો સિપાઈગીરી કરવી છે."

"એ ધર્મને પ્રચારની જરૂર જ નથી. એ સનાતન ધર્મ છે. સર્વ ધર્મોમાં એનાં બીજ રહેલાં છે. ખ્રિસ્તી, મુસલમાન કે યહૂદી કોઈ પણ ધર્મ પૂર્ણ વિકાસની ભૂમિકાએ આર્યધર્મ જ બની જાય છે. પછી અમે શા માટે પ્રચાર કરીએ?"

"માનવીએ પશુ સામે શસ્ત્ર વાપર્યાં અને તેણે પશુ ઉપર શ્રેષ્ઠતા મેળવી એ શસ્ત્રપૂજા માફ થઈ શકે. પરંતુ માનવી માનવી સામે પણ શસ્ત્રપૂજનનો ધર્મ કે અધર્મ પાળ્યા કરે છે એ શા માટે? માનવીને માનવી ઉપર શ્રેષ્ઠતા મેળવવી છે? અને તે શસ્ત્રસજ્જ થઈને? કયા શસ્ત્રસજ્જ માનવીની શ્રેષ્ઠતા જગત ઉપર કાયમી રહી છે?"

"હાથમાંથી શસ્ત્ર ત્યજીને અને મનમાંથી ઝેર ત્યજીને જે પણ લે તેને મારા દેહનો અગ્નિદાહ કરવો. એ પણ લેનાર કોઈ ન મળે તો મારા દેહને એમ ને એમ છોડી દેજો."

"વગર શસ્ત્રે સ્ત્રીઓને સંભાળી ન શકાય એવી દુનિયામાં ન જ રહેવું – દુનિયાને શસ્ત્રરહિત કરવી અગર દુનિયામાંથી ચાલ્યા જવું."

ઉપરના બધા જ સંવાદો રુદ્રદત્તના મુખમાં મુકાયેલા છે. તેમાંથી રુદ્રદત્તના પાત્રની પ્રભાવકતા અસરકારક લાગે છે; પરંતુ એથી વધુ આ નવલકથા લખવા પાછળ કયું વિચારબળ કામ કરતું હશે તેનો પણ અંદાજ મળે છે. લેખકની વર્ણનશક્તિ વિશે જોઈએ: "પરાક્રમી વિજેતાઓને નિહાળી સમુદ્ર પણ તેમને સહાય આપતો ગયો – અંગ્રેજોને હિન્દીવાસીઓએ હિન્દ જીતી આપ્યું તેમ. તીખો તરવરતો અશ્વ જેમ પવનવેગે સવારને ઉપાડી જાય તેમ સમુદ્રનાં મોજાં આ બન્ને વીરોને પીઠ પર ઊંચકી ફાળ ઉપર ફાળ ભરી આગળ ઉપાડી જવા લાગ્યાં." (લશ્કરી ગુના બદલ સજા થવાની છે તેથી પાછી ફરતી સ્ટીમરમાંથી એકાએક ગૌતમ અને મંગળ દરિયામાં કૂદી પડ્યા હતા તે ઘટનાની વાત છે)

લેખક સ્વાભાવિકપણે જ અવારનવાર મહત્ત્વના તબક્કે ચિંતનમાં સરી પડે છે. એનું એક ઉદાહરણ જોઈએઃ "ગૌતમને લાગ્યું કે જગતની રચના રુદન ઉપર જ થયેલી છે. ભૂખ્યો સિંહ ગર્જનાભર્યું રુદન કરે છે. સિંહના પંજા નીચે દબાયેલું હરણ ડૂસકાભર્યું રુદન કરે છે. કોનું રુદન વધારે કરુણ? કોનું વધારે સકારણ? ભૂખ્યો ડાકુ શાહુકારને રડાવી પોતાનાં ભૂખે રડતાં બાળકો છાનાં રાખે છે. કયુ રુદન વધારે દયાપાત્ર? ભાઈ સરખો ત્ર્યંબક તેનાથી છૂટો પડતાં ડૂસકું ખાતો હતો. આખું હિન્દ શિયાળનું રૂપ ધરી રડતું સંભળાતું હતું. કોને રડવા દેવાય? ભાઈને કે દેશને?"

વાચક માત્ર કથારસ માણે એ સાહિત્યનું કામ નથી. એ દરમ્યાન અને એ નિમિત્તે એની અંતરની સમજણ વિકસે, એ અવનવી સમસ્યાઓ વિશે સભાન બને, એની સંવેદનાનો વિસ્તાર થાય, એ પણ એટલું જ જરૂરી હોય છે. સભાન અને જાગ્રત સર્જક એવી પળ નિષ્ફળ જવા દેતો નથી. ક્યારેક કેટલાક સમીક્ષકો લેખકની આવૃત્તિ અને આ પ્રવેશની ટીકા કરતા હોય છે, એ આ દૃષ્ટિએ વાજબી નથી.

સમાજમાં અને વિશ્વમાં પ્રેમનો વિસ્તાર વધે, બે વ્યક્તિ વચ્ચેનો પ્રેમ એની સરહદો વટાવી આગળ વિસ્તરે એવો ઉદાત્ત ઉદ્દેશ લેખકનો છે. કથાની દૃષ્ટિએ પણ એ અનિવાર્ય છે. અહીં કલ્યાણી અને ગૌતમનો પ્રેમ અને વિવિધ પ્રસંગે એમના સંવાદો આ દૃષ્ટિએ નોંધપાત્ર છે. એ જ રીતે ત્ર્યંબક અને લ્યુસી– એમાં તો વળી ધર્મ અને સંસ્કૃતિનો પણ તફાવત છે તેથી એના સંવાદો પણ અત્યંત મહત્ત્વના બને છે. આવી જ એક ચર્ચાના તબક્કે ખ્રિસ્તી લ્યુસી કહે છે : "મારે તારી જરૂર છે. તું ખ્રિસ્તી બનીશ તો આપણે આખી દુનિયાને ખ્રિસ્તી બનાવીશું. હું હિન્દુ બનીશ તો આપણે આખી દુનિયાને ઉપવીત પહેરાવીશું."

ગૌતમ અને મંગળ લશ્કરમાં જવા પાઠશાળા છોડીને ભાગ્યા હતા. કલ્યાણી અને ગૌતમ ઊંડા પ્રેમમાં છે. લશ્કરમાં ગયેલો ગૌતમ સૈન્યને મોખરે રહેવાનો છે એટલે એના જીવનનું કંઈ નક્કી નથી. તેથી તે વારંવાર કલ્યાણીને વીનવે છે કે તું ત્ર્યંબકને પરણી જા. એક તબક્કે કલ્યાણી એ વાતનું પૂર્ણવિરામ મૂકતાં 'ત્ર્યંબક તો મારો ભાઈ છે' કહે છે. પછી પણ આ ખેંચાખેંચી ચાલ્યા કરે છે. કલ્યાણી એક તબક્કે પોતાનો દૃઢ નિર્ણય વ્યક્ત કરતાં કહે છે કે 'તો હું તારા શબને પરણીશ.' પ્રેમની ઉત્કટતાના પ્રસંગો પણ અત્યંત રસપ્રદ રીતે આલેખાયા છે.

કાળા–ગોરાનો ભેદ કંપની સરકાર સામે લડવાનું કથાવસ્તુ છે ત્યારે આવ્યા વિના ન જ રહે. ત્ર્યંબક અને લ્યુસીનું પ્રેમપ્રકરણ એનું જ ઉદાહરણ છે. તો વળી પાદરી જૉનસન વિહારમાં પોતાનું કામ કરે છે પણ રુદ્રદત્ત સાથેની મૈત્રી ખૂબ અસરકારક બની રહે છે. રુદ્રદત્તે જ એનું નામ યુવાનસેન અને લ્યુસીનું નામ લક્ષ્મી પાડ્યું છે. કોઈ અંત્યજ ખ્રિસ્તી પ્રભાતિયું ગાતો હોય એ એક ક્રાંતિકારીથી સહન થતું નથી. તો વળી યુવાનસેન તો હિન્દુ પોશાકથી આગળ વધી શાસ્ત્રોના અભ્યાસ સુધી જઈ રહ્યો છે. જે કોઈ અસહાય છે એને બચાવવાં એ મોટો ધર્મ છે એમાં જ રુદ્રદત્તનો જીવ જાય છે. ગૌતમ પણ ગુરુનો આ સંદેશ બરાબર સમજ્યો છે તેથી જ ગુરુ સુધી પહોંચવામાં એને જે વિલંબ થાય છે એનું કારણ એ છે કે રસ્તે આવાં નિઃસહાય કુટુંબોને બચાવવામાં તેનો સમય ગયો હોય છે. અંત સમયે ઘવાયેલા સૈનિકોની વચ્ચે પાણી પાણીના પોકાર કરતા જૅક્સનને પાણી પિવડાવી બેઠો કરવામાં ગૌતમ નિમિત્ત બને છે, એ જ જૅક્સન એવી એક નબળી પળે ગૌતમને છરો ભોંકી દે છે જે ગૌતમના મૃત્યુનું કારણ બને છે!

હિન્દુ–મુસ્લિમ બધાએ સાથે મળીને કંપની સરકાર સામે લડવાનું છે. જોષીઓની આગાહી છે કે સરકારની સો વર્ષની અવધ પૂરી થઈ રહી છે. સૈયદ અઝીઝઉલ્લાનું પાત્ર આકર્ષક છે. એ નમાઝી મુસ્લિમ શિવરાત્રિના મેળામાં એકઠા થયેલા લોકસમૂહને સમજાવે છે કે હિન્દુ સાથે એક થયો ન હોય તે મુસલમાન નહિ, મુસલમાન સાથે એક થયો ન

હોય તે હિન્દુ નહિ. ટૂંકમાં કહીએ તો જે પ્રશ્નો હજુ આજે પણ રાષ્ટ્રને પીડી રહ્યા છે એની જિકર આ નવલકથામાં છે. રુદ્રદત્ત પણ લોકશક્તિ સંગઠિત રીતે મજબૂત બને એ જ એક ઉપાય હોવાનું માને છે. કંપની સરકાર રાજ કરે કે રજવાડાંઓનું રાજ ચાલુ રહે એનાથી પ્રજાનો જયવારો નથી. રુદ્રદત્તનો વારંવારનો પ્રશ્ન છે કે કંપની સરકારને ખદેડી મૂકીને તમે કોના હાથમાં સત્તા સોંપવા માંગો છો?

૧૮૫૭નો બળવો કે પહેલો મુક્તિસંગ્રામ એવી ચર્ચા અને એની જાગૃતિ હવે આપણામાં આવી છે પણ એ નિષ્ફળ જવાનાં કારણોમાં અશિસ્ત, ભેદભાવ, તાલીમનો અભાવ, જૂની શસ્ત્રસામગ્રી એમ અનેક કારણો હતાં. આઝાદીનું મૂલ્ય હજુ ઘણાને સમજાતું નથી. ચીનુ મોદીની નવલકથાનું શીર્ષક ‘કાળો અંગ્રેજ’ ઘણું બધું સૂચવી જાય છે. એ જ બાબતો અહીં વારંવાર ચર્ચાઈ છે. પાઠશાળામાં મહેમાનગતિની રીતભાત રાષ્ટ્રીય અને સનાતન મૂલ્યો, અહિંસક સમાજ, નબળા પ્રત્યેની સંવેદનશીલતા– એવી ઘણી બધી બાબતોની કેળવણી એ અપેક્ષાએ અપાય છે કે આખો સમાજ પરિવર્તન પામે, એ પરિવર્તન સાચી દિશાનું હોય. આ નવલકથા આજે પણ વાંચવી ગમે છે જો આપણે એમાં છુપાયેલો સંદેશ સાચા અર્થમાં બરાબર સમજીએ અને અંતરમાં ઉતારીએ તો. આવી પ્રશિષ્ટ કૃતિઓ પાસે આપણે વારંવાર જઈને એમાંથી યોગ્ય સંદેશ અને તેને આગળ લઈ જવાનું બળ પ્રાપ્ત કરીએ એ જ સાહિત્ય અને કલાનો અંતિમ ઉદ્દેશ હોઈ શકે.

■

પોતે હજારોના વેપાર ખેડતા, હીરામોતીની પારખ કરતા, વેપારના કોયડા ઉકેલતા. પણ એ વસ્તુ તેમનો વિષય નહોતી. તેમનો વિષય – તેમનો પુરુષાર્થ તો આત્મઓળખ – હરિદર્શન – હતો. પોતાની પેઢી ઉપર બીજી વસ્તુ હોય યા ન હોય, પણ કોઈ ને કોઈ ધર્મપુસ્તક અને રોજનીશી હોય જ. વેપારની વાત પૂરી થઈ કે ધર્મપુસ્તક ઊઘડે અથવા પેલી નોંધપોથી ઊઘડે. તેમના લેખોનો જે સંગ્રહ પ્રગટ થયો છે તેમાંનો ઘણો ભાગ તો આ નોંધપોથીમાંથી લેવાયેલો છે. જે મનુષ્ય લાખોના સોદાની વાત કરી લઈને તુરત આત્મજ્ઞાનની ગૂઢ વાતો લખવા બેસી જાય તેની જાત વેપારીની નહીં પણ શુદ્ધ જ્ઞાનીની છે. તેમનો આવી જાતનો અનુભવ મને એક વેળા નહીં પણ અનેક વેળા થયેલો. મેં તેમને કદી મૂર્છિત સ્થિતિમાં નથી જોયા. મારી જોડે તેમને કશો સ્વાર્થ નહોતો. તેમના અતિ નિકટ સંબંધમાં હું રહ્યો છું. હું તે વેળા ભિખારી બારિસ્ટર હતો. પણ જ્યારે હું તેમની દુકાને પહોંચું ત્યારે મારી સાથે ધર્મવાર્તા સિવાય બીજી વાર્તા ન જ કરે. આ વેળા જોકે મેં મારી દિશા જોઈ નહોતી, મને સામાન્ય રીતે ધર્મવાર્તામાં રસ હતો એમ ન કહી શકાય, છતાં રાયચંદભાઈની ધર્મવાર્તામાં મને રસ આવતો. ઘણા ધર્માચાર્યોના પ્રસંગમાં હું ત્યાર પછી આવ્યો છું, દરેક ધર્મના આચાર્યોને મળવાનો પ્રયત્ન મેં કર્યો છે, પણ જે છાપ મારા ઉપર રાયચંદભાઈએ પાડી તે બીજા કોઈ નથી પાડી શક્યા. તેમનાં ઘણાં વચનો મને સોંસરાં ઊતરી જતાં. તેમની બુદ્ધિને વિષે મને માન હતું. તેમની પ્રામાણિકતા વિષે તેટલું જ હતું. ને તેય હું જાણતો હતો કે તેઓ મને ઇરાદાપૂર્વક આડે રસ્તે નહીં દોરે ને પોતાના મનમાં હશે એવું જ કહેશે. આથી મારી આધ્યાત્મિક ભીડમાં હું તેમનો આશ્રય લેતો.

– **‘સત્યના પ્રયોગો અથવા આત્મકથા’ : મહાત્મા ગાંધી**

'ઓતરાતી દીવાલો' : પ્રકાશન શતાબ્દી નિમિત્તે કાકાસાહેબની નિબંધકલા વિશે

રાજેન્દ્ર મહેતા

'ઓતરાતી દીવાલો' કાકાસાહેબ કાલેલકરનો ૧૯૨૫માં પ્રગટ થયેલો નિબંધસંગ્રહ છે. 'હિમાલયનો પ્રવાસ'(૧૯૨૪)પછીનું આ બીજું પુસ્તક.'હિમાલયનો પ્રવાસ', જે એના શીર્ષક પ્રમાણે હિમાલયનું પ્રવાસવર્ણન છે એટલે એને નિબંધ કરતાં યાત્રાવૃત્તના સ્વરૂપમાં વધુ મૂલવાયું છે. 'ઓતરાતી દીવાલો' એ જેલસંસ્મરણ છે જેમાં વિવિધ પ્રકરણો છે અને એનું કાઠું નિબંધનું છે. આ બે પુસ્તકો વિશે સૌથી વધુ લેખો લખાયા છે એટલે આ લેખમાં એના વિષયો કે સ્વરૂપચર્ચાને સ્થાને સમગ્ર પુસ્તકમાંથી પ્રગટતા લેખકના રાજદ્વારી કેદી તરીકેના અનુભવોની પડછે એમના વ્યક્તિત્વની, એમની ભાષાપ્રવણતાની અને એમના વિચારોની ચર્ચા કેન્દ્રમાં રાખી છે.

ગાંધીયુગનાં રાષ્ટ્રીય આંદોલનો દરમ્યાન કાકાસાહેબ અનેક વાર જેલમાં ગયેલા. જેલજીવનની એકાંત ક્ષણોમાં આસપાસની પ્રકૃતિને નજીકથી અવલોકવાની વૃત્તિમાંથી અવનવાં લખાણો જન્મ્યાં છે.. 'ઓતરાતી દીવાલો' આ પ્રકારનાં લખાણોનો લઘુસંચય છે. એમની સૌંદર્યદૃષ્ટિ અને હકારાત્મક, આશાવાદી અભિગમ આ લખાણોમાં પ્રત્યેક શબ્દે પ્રગટે છે.

સૌપ્રથમ તો એમની ભાષામાં અનાયાસ આવી જતા અલંકારો જોઈએ :

* રાત્રે લગભગ અર્ધે અર્ધે કલાકે ફાનસો આવી ખાતરી કરી લેતાં કે કેદી અલોપ થયો નથી, જાગતો ન હોય તોપણ જગા પર છે. જાગતા હોઈએ તો ફાનસને અમારું ને અમને ફાનસનું દર્શન થતું. (પૃ. ૩)

  અહીં લેખકે જેલના ચોકીદારોને ફાનસ લેખાવીને ફાનસને સજીવારોપણ અલંકારમાં પ્રયુક્ત કર્યું છે. આગળ એક સ્થળે મોડા પડેલા ચોમાસા વિશે પણ સજીવારોપણનો ઉપયોગ થયો છે. 'આ વરસે વરસાદ ભૂલીને ક્યાંય આડો ચડી ગયો હશે.' (પૃ. ૨૭)

* એક દિવસ બપોરે મારી ઓરડી પાસે થઈને જતી કીડીઓની એક હાર મેં જોઈ. તેમની પાછળ પાછળ હું ચાલ્યો. કેટલીક કીડીઓ વૈતરાકામ કરનાર મજૂરો હતી, અને કેટલીક આગળપાછળ દોડનાર વ્યવસ્થાપકો હતી અને કેટલીક તો વ્યાજ ઉપર જીવનાર શેઠિયાની પેઠે અમસ્તી જ આમતેમ ફરનારી હતી. (પૃ. ૫)

  અહીં ઉપમા અલંકાર તો છે જ, મૂડીવાદ પર કટાક્ષ પણ છે.

* થોડીક કીડીઓ રસ્તો છોડીને આસપાસના મુલકમાં શોધે જતી અને દૂર સુધી જઈ પાછી આવ્યા પછી કોલંબસ કે મંગોપાર્કની પેઠે પોતાની મુસાફરીનાં બયાન વ્યવસ્થાપકો આગળ રજૂ કરતી. (પૃ.૫)

અહીં ઉપમા અલંકાર તો છે જ, સમાંતરે લેખકની બહુશ્રુતતા પણ દૃષ્ટિરમ્ય છે.

* ટાઢ અને ધૂમસ નાકને, આંખને, કાનને ગદગદિયાં કરે છે. ટાઢ વધારે હોય તો સખત કરડે પણ ખરી. (પૃ.૭)

ઠંડીની સ્વાસ્થ્ય પર થતી અસરને લેખકે સજીવારોપણના વિનિયોગથી કેટલી સાહજિક રીતે સ્વીકારી લીધી છે!

* પાનખર ઋતુ એટલે ઘરડાં પાંદડાં સવારથી સાંજ સુધી પડ્યાં જ કરે. આઠ દિવસની અંદર લગભગ બધાં જ પાંદડાં ખરી પડ્યાં અને અઢારેઅઢાર ઝાડ ક્ષપણક જેવાં નાગાં દેખાવા લાગ્યાં. (પૃ. ૨)

અહીં ક્ષપણક સંજ્ઞા એ કેવળ વિદગ્ધ ભાવકને જ સમજાય તેવી છે. સામાન્યતઃ કાકાસાહેબની શૈલી ગાંધીયુગના એમના સમકાલીન લેખકોની જેમ ‘કોશિયા’ને પણ સમજાય એવી રહી છે જેમાં ક્યારેક આવા અપવાદ પણ જોવા મળે છે.(ક્ષપણક એટલે બૌદ્ધ કે જૈન સાધુ. વિક્રમાદિત્યના દરબારમાં જે નવ રત્નો હતાં, તેમાંનો એક ‘ક્ષપણક’ (અમરસિંહ કે જેઓ અમરકોશના રચયિતા હતા) હોવાનું માનવામાં આવે છે,) આવો જ धीरं विलोकयति चाटुशतैश्च भुङ्क्ते।। – सुभाषित रत्नाकर((भर्तृहरि)પ્રયોગ એમણે પૃ.૧૧ પર પણ કર્યો છે અને स्ववीर्यगुप्ता हि मनोः प्रसूतिः॥ (रघुवंशम् २/४)ની ઉક્તિ ટાંકી છે (પૃ. ૫૬).વળી लिखितमपि ललाटे प्रोज्झितुं कः समर्थः(હિતોપદેશ શ્લોક ૧.૨૧)પણ પ્રયોજ્યો છે જે એમની શૈલી પર પંડિતયુગીન પૂર્વસૂરિઓનો પ્રભાવ દર્શાવે છે.(આવાં અન્ય ઉદાહરણો પણ છે)

* જસતનાં વાસણનું તેજ એ તો જાહેર કામ કરનાર દેશસેવકની આબરૂ જેવું હોય છે. રોજ સાવધ ન રહે તો જોતજોતામાં ઝાંખું પડી જાય. (પૃ.૩)

આ આલંકારિક વાક્ય આજે એક સદી પછી પણ સમયોચિત અને પ્રસ્તુત છે.

જેલપ્રાંગણમાં અરીઠાના એક ઝાડની સ્થિતિ વિશે કાકાસાહેબ લખે છે : ‘ઝાડ મરી ગયેલું ન હતું પણ હિંદુ ધર્મની પેઠે એને ઘડપણ આવ્યું હતું. (પૃ.૨૧). આજના સમયમાં આવું કોઈ લખે તો શું થાય તે કહેવાની જરૂર નથી.

આગળ જતાં કાકાસાહેબ અખાની છટાથી લખે છેઃ ‘કબૂતરો કર્મકાંડી બ્રાહ્મણની પેઠે આખો દિવસ પાણીમાં નાહવા લાગ્યાં’. (પૃ.૨૨)

* ‘ઉડાઉ માણસના વૈભવની પેઠે ઝાડવાંનાં પાંદડાં ઝપાટાબંધ ખરી પડવા લાગ્યાં.’(પૃ.૮)

ગાંધીજીના અંતેવાસી બન્યા પછી પોતાના સ્વભાવમાં આવેલું પરિવર્તન એક સાધારણ વાક્યમાં કાકાસાહેબ આ રીતે ચીંધી આપે છેઃ ‘પાંચ વરસ પહેલાં તો કાનખજૂરો નજરે પડે કે તરત જ હું મારી નાખતો, પણ ગુજરાતમાં આવી અહિંસાનો ચેપ લાગેલો હોવાથી મારવાનું મન ન થયું.’ (પૃ.૩૧)

જીવનની ક્ષણભંગુરતાને સાવ સહજ રીતે કાકાસાહેબ આમ વર્ણવે છે : 'વરસાદ સહેજ થાકે એટલે જેને જીવનની ઉપમા શોભે એવા પરપોટા તૈયાર પાણી ઉપર કશા ઉદ્દેશ વગર આમતેમ ફરતા રહી એક પછી એક ફૂટી જતા'. (પૃ. ૫૮)

એક તરફ ગહન જીવનબોધ 'સ્વતંત્રતા વગર વિકાસ નથી એ સાર્વભૌમ નિયમ છે' (પૃ. ૬૦)અને 'બહારની પ્રયોજન વગરની ગતિ અને અંદરની અર્થ વિનાની સ્થિતિ બંને છાલના જમાનાની નિરર્થકતા સૂચવતાં હતાં'. (પૃ. ૬૦) જેવાં સરળ વાક્યોમાં કહી દેતા કાકાસાહેબ 'ચકલી એ હંમેશાં પ્રસન્ન રહેનાર પ્રાણી છે. આખો દિવસ વાતો કરતાં તે થાકે જ નહીં અને બૈરાંઓની પેઠે એની એ જ વાત ફરીફરીને કહેતાં કંટાળે નહીં' (પૃ.૬૧) જેવાં વાક્યોમાં જે કહે છે તે નારીવાદના આ સમયમાં આપણાં ભવાં ઊંચકાઈ જાય એવું છે.

પોતાના સમયના પ્રથમ વિશ્વયુદ્ધ અને તે સમયે વિશ્વમાં ઠેકઠેકાણે ચાલી રહેલાં યુદ્ધો, વિગ્રહો અને ઇતિહાસના સંદર્ભો પણ કાકાસાહેબના લેખનના અનાયાસે જ ઉપમા લેખે કે ઉદાહરણ લેખે આવતા રહ્યા છે તે એમનામાં રહેલા પત્રકારનો અને ગુણી વાચકનો પરિચય આપી રહે છે. થોડાં ઉદાહરણો :

* 'કાગડો એક ઝાડથી બીજે ઝાડ કરતો કરતો ઘણી જગાએ ઊડ્યો, પણ કાળાકોશીએ તો જાપાની સિપાઈઓની પેઠે તેનો કેડો મૂક્યો જ નહીં.'(પૃ. ૬૮)

* 'સમડી સ્પૅનિશ આર્મેડાની પેઠે અથવા મોગલ ફોજની પેઠે ધીમે ધીમે ચાલે. ઝટ દિશા ફેરવતાં તેને આવડે જ નહીં, જ્યારે કાગડો તો મરાઠા બારગીરોની પેઠે સ્વૈરગતિએ દોડી શકે.'(પૃ. ૬૯)

* 'વીસ-પચીસ સમડીઓ અને સો-બસો કાગડા ત્યાં ભેગા થયા, જોતજોતામાં ટ્રોજન યુદ્ધ જેવું મહાયુદ્ધ આકાશમાં જામ્યું. આ યુદ્ધમાં એકિલીઝનો ભાગ કોણે ભજવ્યો, પૅરિસ કોણ થયો, નેસ્ટર જેવું ડહાપણ કોણે ડહોળ્યું અને યુલિસિસ કોણ બન્યો એ બધું હું જાણત તો જરૂર એક મહાકાવ્ય લખવા જેવો તે પ્રસંગ હોત.'(પૃ. ૭૦)

* 'કાર્થેજના લોકો સામે જેમ રોમન લોકો અને ઈરાનના લશ્કર સામે ગ્રીક લોકો નૌકાયુદ્ધમાં ફાવ્યા તેમ કાગડા પણ અંતે સમડી સામે આ કળામાં ફાવ્યા.' (પૃ.૮૯

  આઝાદી પછી જ્યારે દેશ બહુધા નોકરશાહી દ્વારા ચલાવાઈ રહ્યો છે ત્યારે છેક ૧૯૨૪માં બ્રિટિશ રાજમાં આનો અનુભવ કરી ચૂકેલા કાકાસાહેબ જે લખે છે તે આજે કેટલું પ્રાસંગિક છે :

* 'કાગડા તો બધા મળીને સિવિલ સર્વિસના નોકરોની પેઠે એકસામટા કાવ્ કાવ્ કાવ્ કરી મૂકે અને પોતાના બુમરાણ આગળ બીજું કશું કાને પડવા જ દે નહીં.' (પૃ.૭૦)

રાજદ્વારી કેદી તરીકે અનેક લોકોને જે તત્કાલીન કાયદાકલમો હેઠળ જેલમાં ધકેલી દેવાતા એનો કટાક્ષમય નિર્દેશ એમણે આ રીતે કર્યો છેઃ 'ગલગોટામાં પતંગિયાને કે ભમરાને આકર્ષક કશું ન મળે. છતાં પતંગિયું એક દિવસ મહેમાન કેમ રહ્યું એ સમજાયું નહીં. એની સરકારે કંઈ એને ૧૨૪(અ) કે ૧૫મી કલમની રૂએ અહીં નહીં મોકલ્યું હોય. આવા ગુનાઓ તો માનવીને જ કરવા પડે છે.' (પૃ. ૮૫)

જેલવાસ દરમ્યાન બાગાયતકામ અને રાજદ્વારી કેદીઓને કરવાં પડતાં કામોમાંથી ફુરસદ ચોરી લઈને કાકાસાહેબ ફક્ત આકાશ, પ્રકૃતિ કે પક્ષીદર્શન જ નથી કરતા, (કાકાસાહેબના નિબંધો વિશે લખનાર મોટા ભાગના વિવેચકોએ એમના પ્રકૃતિપ્રેમ અને પ્રકૃતિવર્ણનને જ અધોરેખિત કર્યાં છે)પણ પોતાનો વાંચનલેખનનો શોખ પણ પૂરો કરે છે.'હું 'A Tale of Two Cities' વાંચવામાં ગુલતાન હોઉં અને બિલાડીને વેળાસર દૂધ ન મળે એટલે ધીમે ધીમે....(પૃ.૭૭) જેવા વાક્ય પરથી પામી શકાય છે કે રાજદ્વારી કેદી હોવાને લીધે અને જેલ અધિકારીઓ બ્રિટિશ હોવાને લીધે અંગ્રેજી અને ઇતર પુસ્તકો ઉપલબ્ધ થયાં હશે.

જેલવાસનાં સંસ્મરણો વિશ્વસાહિત્યમાં અનેક ભાષામાં લખાયાં છે અને બ્રેન્ડન બેહેનથી માંડીને બબલુ શ્રીવાસ્તવ સુધીનાં, એટલે કે રાજદ્વારી કેદીઓ અને સ્વતંત્રતાસેનાનીઓથી લઈને રીઢા ગુનેગારોએ જેલજીવનના અનુભવો લખ્યા છે જેમાં જેલવાસ દરમ્યાનની યાતના અને પોતાનો નિર્દોષ હોવાનો દાવો કેન્દ્રમાં હોય છે. કાકાસાહેબે એવું કશું કર્યું નથી, પણ જેલવાસને એમણે સાહજિક રીતે સ્વીકાર્યો છે અને અત્યંત સીમિત સુવિધા અને ટાંચાં સંસાધનો વચ્ચે રહીને પોતાની સર્જકતા પ્રસ્તુત કરી છે.

'ઓતરાતી દીવાલો'ની પ્રકાશન શતાબ્દી નિમિત્તે એને નૂતન દૃષ્ટિએ જોવાનો આ પ્રયાસ છે.

(તમામ પૃષ્ઠાંક નવજીવનની ૧૯૪૯ની આવૃત્તિના છે. જોડણી અને વાક્યરચના તેમ જ વિરામચિહ્ન અસલ પ્રમાણે રાખ્યાં છે. લેખમાં જે સુભાષિતો/કારિકા/શ્લોકોનાં ઉદ્ધરણ લીધાં છે તે સમીક્ષ્ય આવૃત્તિના અંતભાગે આપેલી ટિપ્પણમાંથી લીધાં છે.)

■

પોરબંદરના માજી રાણાસાહેબને ગાદી મળી તે પૂર્વે મારા ભાઈ તેમના મંત્રી ને સલાહકાર હતા. તે દરમ્યાન તેમણે રાણાસાહેબને ખોટી સલાહ આપ્યાનું તહોમત તેમની ઉપર હતું. આ ફરિયાદ તે સમયના પોલિટિકલ એજન્ટને મળેલી ને તે મારા ભાઈની સામે ભરમાયા હતા. આ અમલદારને હું વિલાયતમાં મળેલો હતો. ત્યાં તેમણે મારી મૈત્રી ઠીક કરી કહેવાય. ભાઈએ વિચાર્યું કે, આ ઓળખાણનો લાભ લઈ મારે પોલિટિકલ એજન્ટને બે શબ્દો કહેવા ને તેમની ઉપર જે ખરાબ અસર પડી હોય તે ભૂંસવા પ્રયત્ન કરવો. મને આ વાત જરાયે પસંદ ન પડી. વિલાયતની નજીવી ઓળખાણનો મારે લાભ ન લેવો જોઈએ. જો મારા ભાઈએ કાંઈ દૂષિત કાર્ય કર્યું હોય તો ભલામણ શા કામની? જો ન કર્યું હોય તો રીતસર અરજી કરીને અથવા પોતાની નિર્દોષતા ઉપર વિશ્વાસ રાખી નિર્ભય થઈ બેસવું. આ દલીલ ભાઈને ગળે ન ઊતરી. 'તું કાઠિયાવાડને જાણતો નથી. જિંદગીની પણ તને હવે ખબર પડશે. અહીં તો વગે વાવણાં થાય છે.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

શૂન્યથી અનંતની યાત્રા – 'જેસલમેર'

ડૉ. અમિતકુમાર રામજીભાઈ ગામી
(મુલાકાતી અધ્યાપક અનુસ્નાતક)

સાંપ્રત સમયના ઉલ્લેખનીય કવિ, વાર્તાકાર, નવલકથાકાર, નિબંધકાર, ચરિત્રકાર, અનુવાદક, બાળસાહિત્યકાર અને સંપાદક યોગેશ જોષી જેટલા 'સમુડી' નવલકથાથી જાણીતા છે, એટલા જ દીર્ઘકાવ્ય 'જેસલમેર'થી જાણીતા છે. તેમનો આ સંગ્રહ મુખ્યત્વે ચાર ખંડમાં વહેંચાયેલો છે. 'રણ', 'ઢૂવા', 'ઝરૂખા' અને 'કિલ્લો'. 'રણ'માં પાંચ, 'ઢૂવા'માં ત્રણ, 'ઝરૂખા'માં ચાર અને 'કિલ્લો'માં ચાર અછાંદસ કાવ્યો મુખ્ય ખંડને કેન્દ્રમાં રાખી સર્જાયાં છે. જેસલમેરને જાણવાની ઇચ્છાથી આ સોળ કાવ્યો એક પછી એક જેસલમેર ને રણનાં પાસાંઓ રજૂ કરે જાય છે. પ્રવાસ રૂપે 'જેસલમેર' સર્જનની શરૂઆત થાય છે. સંપૂર્ણ જાણ્યા પછી આંખનાં આંસુ દ્વારા જુદા પડવાની વેદના છે. પહેલું કાવ્ય જ આ વાતની સાબિતી આપે છે. રણને જાણવાની ઇચ્છા અને રણના જહાજ ઊંટને સંબોધન પૂરા કાવ્યમાંથી પસાર થવાની લાલસા જન્માવે છે. કંઈક નવું જાણવાની સૌના મનમાં તરસ હોય છે પણ કવિને મતે 'કાંટાળી તરસ' એ કાવ્યમાં કાવ્યતત્ત્વનો પ્રાણ બની રહે છે. આ તરસ એવી હોય છે, એ ન તો જાણીને પૂરી કરી શકાય છે, કે ન તો પીને. આ તરસ પૂરી થાય છે, એની અનુભૂતિ કરીને.

'રણ'ના બીજા કાવ્યથી આશ્ચર્ય અને વિચારસૌંદર્ય વિશેષ ખીલે છે. એમાં પણ ઊંટનું ઊભું થવું અને ઢેકા પર રહેલો ચાંદ ગબડી પડે-ની કલ્પના સાવ નવી રીતે કાવ્યના મલકમાંથી રણની સુંદરતા ચંદ્ર થકી કેવી દીપી ઊઠે છે અને ચંદ્ર ન હોવાથી એનું અસ્તિત્વ કેવું જોખમમાં મુકાઈ શકે છે! ત્યાં લઈ જાય છે. ત્રીજા કાવ્યમાં બીજા કાવ્યમાં આવતો ચંદ્રનો મહિમા રામાયણના રામ અને ખિસકોલીના સંદર્ભ થકી સુપેરે રજૂ થયો છે. કવિની રણને જાણવાની તરસ તેમને આકુળવ્યાકુળ કરે છે-ની પ્રતીતિ આ કાવ્યમાંથી પસાર થતાં નજરે ચડે છે. એકંદર રીતે દરેકના જીવનમાં રણ હોય જ છે પણ આ રણનાં તળ અને અ-તળ, સમય અને અસમય સુધી પહોંચવાની મથામણ તેને અંતે ત્યાં પહોંચાડવામાં કારગત નીવડે છે. કવિને મૂળે તો આ રણના સૌંદર્યનું જે હાર્દ છે એ 'સોનેરી ચાંદો' બનવું છે.

ચંદ્ર અને રણ બંને એક રીતે તો સૌંદર્યપ્રકૃતિ જ છે. આ પ્રકૃતિ થકી સર્જનની કેડીએ નીકળી શકાય છે. ચોથા કાવ્યમાં આવતા 'પૂનમ', 'ચંદ્ર' એકબીજાના પૂરક બની આવે છે. પૂનમની રાત્રે કવિ પોતાની અને ચંદ્રની એક જેવી જ પરિસ્થિતિ સર્જાય છે-નું વર્ણન આહ્લાદક સ્વરૂપે કરે છે.

"અહીં હું
આંખો ચોળ્યા કરું
ને ત્યાં
ચંદ્ર પણ
ચોળ્યા કરે આંખો..." (પૃ. ૦૭)

તોફાન આવ્યા પછીની શાંતિ જેમ હાશકારાનો અનુભવ કરાવે છે, તેમ તોફાન ગયા પછી સાચી નુકસાની અને પરિસ્થિતિનો અનુભવ પણ કરાવે છે. રણ હોય કે મન, જે મનગમતાં ગયાં છે, તેની કડવી અને વાસ્તવિક પરિસ્થિતિની પ્રતીતિ કરાવે છે. રણના તોફાનનું સંવેદનશીલ વર્ણન આંખ સામે આખા રણનું દશ્ય ઊભું કરે છે. જેનું સર્જન છે, તેનું વિસર્જન પણ છે-ની અનુભૂતિ પાંચમા કાવ્યમાં થાય છે. જે રણનું મનમોહક દશ્ય જોવા કવિ ઊંટનો સહારો લઈને પહેલા કાવ્યમાં નીકળ્યા હતા. તે પાંચમા કાવ્યમાં ઊંટ જ તોફાનમાં સમાઈ જવાની ઘટના હૃદયને વ્યથિત કરી મૂકે છે. અહીં રણ એ સાવ કોરુંકટનું પ્રતીક જણાય છે.

રણમાં રેતી ઊડીને થતો ટેકરો એટલે ઢૂવો. સર્જકે ઢૂવા શબ્દ બહુવચનમાં પ્રયોજી અનેક ઢૂવાની વાત કરી છે. આ ઢૂવા માત્ર રણમાં થતા ઢૂવાની વાત નથી કરતા, પણ કવિના ખુદમાં ઢૂવા પ્રસરી ગયાની અનુભૂતિ 'ઢૂવા'નાં ત્રણેય કાવ્યો કરાવે છે. ઘણી વાર એટલું સારું સર્જન થયું છે કે, લાગે સર્જકને બદલે આપણે જ ત્યાં સાક્ષાત્ છીએ અને આપણે જ તેની અનુભૂતિ કરી રહ્યા છીએ.

"હવે
મારી ઉપર
ઊંચા ઊંચા પહાડ જેવડા
ઢૂવે ઢૂવા...
ઢૂવે ઢૂવા...
ગોકળગાયની ગતિએ
મોજાંઓની જેમ વહેતાં..."(પૃ. ૧૩)

'ઢૂવા'નાં ત્રણેય કાવ્યો સતત ગતિ કરતાં જણાય છે ને કવિનું પેલું ઊંટ ક્યારેક ક્યારેક પોતાની ઉપસ્થિતિ પણ નોંધાવી જાય છે. કવિ ખુદ રણમાં રોપાવા મથામણ કરી રહ્યા છે પણ તેમની મથામણ તેમને કલ્પનાના પ્રદેશમાં લઈ જાય છે. તેમની આ કલ્પનામાં કેટકેટલાય સંદર્ભો તેમણે ટાંકી આપી ભારતીય સંસ્કૃતિનાં પાસાંઓ ખોલી આપ્યાં છે ને 'ઢૂવા'ના ત્રીજા કાવ્યમાં આવતી અશ્વત્થામાની વાત હૃદયસ્પર્શી બની રહે છે. અંત આવતાં ફરી ઊંટની પ્રતીક્ષા સર્જકના હૃદયને સ્પર્શી ગઈ છે-ની પ્રતીતિ કરાવે છે.

'ઝરૂખા' ખંડની શરૂઆતમાં પણ ઊંટ પ્રવેશ્યા વગર રહેતું નથી. કવિ જેને રેતીમાંથી બન્યું હશે-ની સંભાવના વ્યક્ત કરે છે.

"જાણે રેતીમાંથી જ બન્યું હોય તેવું
દિશાભૂલ્યું ઊંટ
ઘાંઘું બનીને દોડે... દોડે... દોડે... (પૃ. ૨૪)

અહીં એક પ્રશ્ન એ ઊભો થાય છે કે, જેમાંથી સર્જન થાય, તેના વિશે તો સૌ માહિતગાર હોય, તો પછી આ ઊંટ ભૂલું પડીને ઘાંઘું કેમ થયું? આ વાત વિરોધાભાસ સર્જે છે. આખા કાવ્યમાં ઊંટ કશાની શોધમાં ફાંફાં મારી રહ્યું છે. અહીં ખુદને ખુદમાં શોધવાની વૃત્તિ કાવ્યને ઉઘાડ આપે છે. બીજા કાવ્યમાં આવતાં એવું પ્રતીત થાય છે કે, આ દેહરૂપી મહેલમાં આંખરૂપી ઝરૂખો કશું શોધે છે, જર્જરિત અવસ્થામાં પણ કોઈની પ્રતીક્ષામાં છે. અને એ પ્રતીક્ષા ત્રીજા કાવ્યમાં આવતાં ઉત્કંઠ બને છે. કંઈક મેળવવાની ઇચ્છા, કંઈક જાણવાની તાલાવેલી, અંત આવતાં તો નિરાશાથી વિશેષ કશું ન મળવાની અનુભૂતિ મનને ઘેરા ઘાવ કરી જાય છે.

જર્જરિત થયેલો દેહ ને મન સતત કંઈ શોધમાં છે પણ એ શોધ હજુ પૂર્ણ થઈ નથી. 'રણ'ના કાવ્યમાંથી 'ઝરૂખા' સુધી પહોંચતા ચંદ્રની જે શીતળતા અને રણનું આહ્લાદક સ્વરૂપ હતું, તે કાવ્યમાં જેમ જેમ સૂર્ય આવતાં વિકરાળ ને રૌદ્ર સ્વરૂપની પ્રતીતિ કરાવે છે. કાવ્યમાં આ નાનું નાનું થતું પરિવર્તન ધ્યાનાકર્ષક બની રહે છે.

'કિલ્લો' એ સમૃદ્ધ અને સધ્ધર ભૂતકાળની નિશાની છે. સમય જતાં દેહની જેમ અડીખમ કિલ્લાઓ પણ જીર્ણ થઈને મોતના મુખમાં ધકેલાઈ રહ્યા છે. એક સમયે 'જેસલમેર' રણ અને કિલ્લાના કારણે લોકોના આકર્ષણનું નિમિત્ત હતું. એનો ભવ્ય ભૂતકાળ ધીરે ધીરે લુપ્ત થઈ રહ્યો છે – ની વેદના 'કિલ્લો'ના શરૂઆતના કાવ્યમાં વર્ણવાઈ છે. કાવ્યની શરૂઆતમાં 'ઊંટ' કિલ્લાનું પ્રતીક બનીને આવે છે. પરંતુ અંત આવતાં કિલ્લો 'કિલ્લો'ના મૂળ સ્વરૂપમાં જ વર્ણવાયો છે ને ફરી પેલી ઊંટની ચંદ્ર તરફ ઢળીને જાણવાની ઈપ્સા દર્શાવી કવિએ થોડા અસમંજસમાં મૂકી દીધા છે.

"ખરતાં – તૂટતાં જાય છે
પથરાળ ઊંટોનાં
કાન
નાક
હોઠ
અઢારે અંગ" (પૃ. ૩૨)

* * *

"આળસ મરડતો
ઊભો થઈ જાય
આ કિલ્લો!"(પૃ. ૩૩)

બીજા કાવ્યમાં આવતાં તો કવિનો 'હું' એકાએક 'જેસલમેર'નો અધિપતિ બની જાય છે. સઘળું એનું હોવાની બડાઈ મારે છે. સઘળું સર્જન એનું હોવાનું પ્રતીત કરાવે છે, પણ કાવ્યમાં જેમ જેમ આગળ વધીએ તેમ તેમ કવિનો 'હું' ભૂતકાળની ભવ્યતામાં ઓગળી

જાય છે. કવિ કિલ્લાના ભવ્ય અને સજીવ ભૂતકાળમાં લટાર મરાવે છે. આ કાવ્યમાં કવિએ ફ્લૅશબૅકનો પહેલી વાર ઉપયોગ કરીને કાવ્યને ઉચ્ચકોટિનું બનાવવા સાકાર પ્રયત્ન કર્યો છે.

ત્રીજા કાવ્ય સુધી પહોંચતાં તો કવિ પોતાના દેહરૂપી કિલ્લામાં લઈ જવા કિલ્લાની વિશાળતાનો સહારો બખૂબી વર્ણવે છે. ખુદને પામવાની વૃત્તિ અને જેસલમેરની ભવ્યતા એકસાથે કાવ્યમાં કવિએ લાવી કાવ્યસર્જનના નવા પડાવો ખોલી આપ્યા છે. એક પછી એક આવતા વળાંકો, તોતિંગ દરવાજા, મસમોટા ખીલા, ઊંટમાંથી પસાર થવાની ક્રિયા હૃદયસ્પર્શી બની જાય છે.

ચોથા કાવ્યમાં ફરી બીજા કાવ્યની જેમ કવિનો 'હું' પ્રવેશી, સઘળું એનું જ છે–નો દાવો મૂકે છે. સઘળું કવિનું છે ને છતાં બંધ કરીને બેઠા છે. ભીતરે ખુદ કવિ પણ પ્રવેશી શકતા નથી, તો બીજા તો કેમ પ્રવેશી શકે? આટઆટલે પહોંચ્યા પછી પણ કવિને ખુદમાં કે બહાર એ નથી–ની ભ્રમણા છે. જે જાણવાની–માણવાની યાત્રા આરંભી હતી તે અંત આવતાં તો ઘણું જાણે છે, પણ માણસજાતનો સ્વભાવ રહ્યો છે. જે મળ્યું તેનાથી સંતોષ ન માની, હજુ વધારે જાણવાની વૃત્તિ તેને નિરાશામાં ધકેલી જાય છે. છતાં જે મળ્યું છે, જે પામ્યા છીએ, તે બધું જ છે–ની વાત કાવ્યને નિરાશામાંથી બહાર લાવી એક નવા વિશ્વ તરફ ગતિ કરાવે છે. આ ગતિ અસંભવમાંથી સંભવની છે, શૂન્યમાંથી અનંતની છે.

'જેસલમેર' કાવ્યનું ઊંટ એ ખાલી ઊંટ નથી, પણ સર્જકનું મન છે. કવિ સફરે નીકળ્યા ત્યારે માત્ર "ગુલામ મોહમ્મદ શેખનાં કાવ્યોમાં જેસલમેર જોયેલું, માણેલું..." (નિવેદન, પૃ. ૫) ને આ યાત્રા છેક જેસલમેરની ભીતરે જઈને પૂરી થાય છે. એક બેઠકે વાંચી, સમજીને જેસલમેરને જાણી–માણી શકાય એવું કાવ્ય એટલે 'જેસલમેર'. યોગેશ જોષીની આ યશોદાયી કૃતિ સાહિત્યજગતમાં અમર બની રહેશે.

■

ભાઈનું મોં ન મૂકી શક્યો. મારી મરજી વિરુદ્ધ હું ગયો. મને અમલદારની પાસે જવાનો કશો અધિકાર નહોતો. જવામાં મારા સ્વમાનનો ભંગ થતો હતો એની મને શુદ્ધિ હતી. મેં મળવાનો વખત માગ્યો; મને મળ્યો; હું ગયો. જૂની ઓળખાણ કાઢી. પણ મેં તુરત જોયું કે વિલાયત અને કાઠિયાવાડમાં ભેદ હતો; પોતાની ખુરશીએ બેઠેલા અમલદાર અને રજા ઉપર ગયેલ અમલદારમાં પણ ભેદ હતો. અમલદારે ઓળખાણનો સ્વીકાર કર્યો, પણ એ ઓળખાણની સાથે જ તે વધારે અક્કડ થયા. 'એ ઓળખાણનો લાભ લેવા તો તું નથી આવ્યો ના?' એમ મેં તેની અક્કડાઈમાં જોયું, તેની આંખમાં વાંચ્યું. સમજતાં છતાં મેં મારું પ્રકરણ ઉખેળ્યું. સાહેબ અધીરા થયા. 'તારા ભાઈ ખટપટી છે. તારી પાસેથી વધારે વાત સાંભળવા હું નથી માગતો. મને વખત નથી. તારા ભાઈને જો કંઈ કહેવું હોય તો તે રીતસર અરજી કરે.' આ ઉત્તર બસ હતો, યથાર્થ હતો; પણ ગરજને જ્ઞાન ક્યાંથી હોય? હું તો મારું પ્રકરણ ચલાવી રહ્યો હતો. સાહેબ ઊઠ્યા. 'હવે તમારે જવું જોઈએ.'

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

સતની ખેતી

દીપક રાવલ

(‘એમને ના ભૂલતાં’, કાનજી પટેલ. પ્રથમ આવૃત્તિ. ૭+૯૨ પેજ. ઝેન ઓપસ પ્રકાશન. ૨૦૨૫)

કવિશ્રી કાનજી પટેલે લોકજીવન અને લોકસંસ્કૃતિને ધરાઈને પીધાં છે. આ કવિએ લખાતો શબ્દ તો પછીથી જાણ્યો, પરંતુ બોલાયેલા શબ્દની શક્તિ અને તેના મહિમાની એમને પહેલેથી જ જાણ છે. કવિ અંગ્રેજીના અધ્યાપક છે. દેશ-વિદેશના સાહિત્યના ઊંડા અભ્યાસી છે. અંગ્રેજીમાં લખી શકે છે, લખે છે; પરંતુ અંતરની પ્રીતિ તો માતૃભાષા, પોતાના લોકો અને પોતાની ધરતીમાતા પ્રત્યે જ છે. હવે એમાં સામાજિક નિસબત પણ ભળી છે. કાનજી ઘરના ખૂણે બેસી માત્ર કલ્પનાવિહાર કરતા સાહિત્યકાર નથી. લોકો વચ્ચે જાય છે. તેમની વચ્ચે રહીને તેમની પરિસ્થિતિનો પ્રત્યક્ષ અનુભવ કરે છે. બદલાતા સમયને, બદલાતા જીવનને એ જુએ છે અને ભારે પીડા અનુભવે છે. માણસની અવદશા જોઈ એમનું હૃદય દ્રવે છે. લુપ્ત થતી પરંપરાઓને જોઈને એમના મનમાં આક્રોશ જાગે છે. ખાસ કરીને દબાયેલા કચડાયેલા વર્ગ પ્રત્યે એમને વિશેષ સહાનુભૂતિ છે.

ભાષા એટલે શું? બોલી એટલે? બોલી અને ભાષા વચ્ચેનો ભેદ શું? કવિતા એટલે? કવિ કાનજી પટેલ પોતાની રીતે આ પ્રશ્નોને તપાસે છે. કવિતાની વ્યાખ્યા કરતાં કહે છે, ‘દેખાવું અને વર્ણવવું એને કહે કવિતા.’ કવિને મન બોલતા શબ્દનો મહિમા અપરંપાર છે. આપણે ત્યાં સમાજમાં નાત-જાત, ઊંચ-નીચ, કાળા-ગોરા, શિષ્ટ-અશિષ્ટ જેવા અનેક ભેદભાવ છે. કવિને થાય છે કે કેમ લોક અને રાજા એકમેકના વિપરીત ઘટકો છે? કવિનું કહેવું છે કે આપણે લોકની બોલતી ધારાને ઝીલી નહીં, માત્ર સીમાઓને ભજતા રહ્યા. એ કારણે જ અસીમને પડકારતા રહી ગયા ને સતની, ખેતી ચૂકી ગયા! તો આ કાવ્યો લખવા પાછળ આશય શું છે? કહે છે ‘હદ અને બેહદ’માં જીવતી, વિરમતી બોલીની શગને સંકોરવી, બોલી અને લખણીના ખભા મેળવવા. કાળી રાતમાં ગોઠિયાને હોંકારી, પંથક હર્યોભર્યો કરવો. બોલી અને લખણીના બે પગ વારાફરતી આગળ કરી ચાલવું, મહાલવું દિવભેર જીવનમાં, કવિતામાં.’ આ સમજણ સાથે લખે છે કવિ કાનજી પટેલ.. આગળના કાવ્યસંગ્રહો ‘જનપદ’, ‘ડુંગરદેવ’, ‘ધરતીનાં વચન’, ‘દેશ’ પછીનો આ નવો મુકામ ‘અમને ના ભૂલતાં’ છે. કવિનું દર્શન છે કે નિરક્ષરોએ એવાં ગણતર, ડહાપણ ને જ્ઞાન આપ્યાં છે એને ઉકેલતાં, નવી પરિભાષામાં ઘટાવતાં વરસો લાગશે.

આ કાવ્યસંગ્રહમાં મુખ્યત્વે બે વિષયનાં કાવ્યો છે, એક સામાજિક સમસ્યાઓનાં અને બીજાં પૂર્વજોનાં, પરંપરા સાથેના સાતત્યનાં.

સમાજમાં ઊંચ-નીચ, અમીર-ગરીબ, શિષ્ટ-અશિષ્ટના ભેદ, પવિત્ર-અપવિત્ર, શુકનિયાળ-અપશુકનિયાળ વગેરે એક યા બીજી રીતે કાયમ રહ્યાં છે. એક ભેદ ભાષાનો પણ છે. સંપન્ન વર્ગની ભાષા જુદી ને સામાન્ય ગણાતા લોકની ભાષા જુદી! પહેલું જ કાવ્ય 'અમે ગુણાઢ્ય' આ જ વિષયને આલેખે છે. ગુણાઢ્ય વાર્તાઓ લઈ રાજદરબારમાં ગયા. દરબારી પંડિતે કહ્યું, આ વાર્તાઓ દેવભાષામાં નથી, પૈશાચીમાં છે માટે ના ચાલે!! ગુણાઢ્ય તો ત્યાંથી નીકળી ગયા. ખરો કવિ સ્વમાની હોય છે. પરંતુ એ પછી રાજમહેલની રસોઈનો સ્વાદ ઊડી ગયો. રસોઈયો કહે, શિકારી જે પશુપંખી લાવે છે એના માંસમાં જ કસ નથી. રાજાએ તપાસ કરી તો જાણ્યું કે જંગલમાં એક માણસ વાર્તા કહે છે ને એક એક પાનું અગ્નિમાં મૂકે છે! પશુપંખી એ વાર્તા સાંભળવામાં લીન છે ને ખાવા-પીવાનું ભૂલી ગયાં છે! રાજાએ કવિને જઈ રોક્યા અને બાકીની વાર્તા રહેવા દેવાનું કહ્યું. રાજાના કહેવાથી બાકીની વાર્તાઓ રહી પણ ગુણાઢ્ય કહે, 'પશુ-પંખીનું સાંભળેલું એમના કંઠે વહેશે એ જ ઘણું થયું." આ ભાષા પશુ-પંખીની, લોકની, પ્રકૃતિની ભાષા છે. કવિ પ્રશ્ન કરે છે, 'શું અમે જંગલને મારીએ મહેલને જિવાડીએ?......જંગલને વેપાર ભણાવીએ?' કાવ્યાન્તે કવિ કહે છે; હવે જંગલ વગરના જંગલમાં/ કેવા જંગલ ને કેવી વાત?/ હવે દરબારમાં જવાય? જ્યાં લોકસંવેદનાની કદર નથી ત્યાં જઈને શું કામ?

ભાષાની ચિંતા 'જાગે આ દેશ' કાવ્યમાં છે. લોકોએ ભાષાની નસોમાં જૂઠ, ભય ને વખ ભરી દીધાં છે! એને કારણે એક હતા તે અનેક થઈ લડનારા થયા છે. કવિ આશા સેવે છે કે 'ભય, જૂઠ ને ભૂખ ભાંગે / મરેલી નસો જીવતી થાય / મૂંજારા મટે / સહુ લોહી એક હોય / નરવી વાણી પરાઈ પીડ જાણે / ગયેલો લય પાછો આવે / પિતા, / એવા પ્રાણથી ભરી હવામાં / જાગે આ દેશ.'

આપણી આધુનિક જીવનશૈલીને કારણે પાકેલાં ગૂમડાંની જેમ શહેરો વિકસી રહ્યાં છે ને જંગલો નાશ પામી રહ્યાં છે. આવે સમયે 'હવે જંગલનો વારો' કાવ્યમાં કવિ કલ્પે છે કે જંગલ શહેર પર આક્રમણ કરે છે!

– 'દીવાલને સ્વર્ગ માનતા શહેર / હવે / તું થોભ/ હવે જંગલનો વારો.'

– 'ઊંધું ઘાલીને ચાલતાં શહેર / ઊંચું જો.....હવે જંગલનો વારો.'

સમાજમાં વિચરતા લોકોની ભારે અવદશા છે. રાજ્યને તો વેરો ભરે તે વ્હાલા! જે વેરો ભરે છે અને જે નથી ભરતા એમની વચ્ચેનું અંતર વધ્યું છે. આ બેને જોડનાર કોઈ વિષ્ટિકાર નથી! કવિને આશંકા છે કે આ અસમાનતાને પરિણામે બીજું મહાભારત થઈ શકે. એક વર્ગ સંપન્ન છે, બીજો ભૂખે મરે છે. ભૂખની પીડા 'કોઈ રે બતાવો' કાવ્યમાં આ શબ્દોમાં વ્યક્ત થાય છે કે 'મા ખાય શું?/ઢેખાળા?/ખાલી થાન/દૂધને નામે દેવતા.'! દુકાળિયા લોકો જીવે છે કેમ તો કહે એમને મોત નથી આવતું!! જીવવું જાણે વિવશતા છે!

લોકો આજકાલ અંગ્રેજીથી બહુ પ્રભાવિત છે! માનસિક ગુલામી હજુ ગઈ નથી! કવિ વ્યંગ કરે છે : 'તારી દૂધ બોલીની/તને લાજ નથી આવતી?/જરા અંગ્રેજી છાંટ/ઊજળો થા/તું ગામમાં શીદ રહ્યો?...દાણા તો યંત્રમાંથી આવશે.'

રાજા, બાદશાહ, મુખી એ સત્તાનાં પ્રતીક છે. સત્તા તો સીમા દોરે, ભાગ પાડે, ઓળખ માગે!! આ એક અતિ સંવેદનશીલ કવિની માત્ર કવિતા નથી, અણિયાળા પ્રશ્નો છે. રાજા–પ્રજા વચ્ચે ઊભી થયેલી ખાઈ વિશે. સમૃદ્ધ લોકો લાચાર થયા કેમ? કોઈ ઓળખ માગે તો આપવી કેવી રીતે? સોળ પેઢીથી જ્યાં રહેતા હોઈએ એ સરનામું કહેવાય?

– ***'આગળની પંદર પેઢી આ ભોંયમાં દટાઈ છે***
મારું ય એવું જ થશે
જનમ ધરવા, એમાં ધરબાઈ જવા
ધરતીની ઓળખાણ જોઈએ?' સંકેત સમજાય એવો છે.

ભાગલા પાડતાં મુખીને શાપ આપે છે – પેટના બળેલા મુખી/ તેં અધવાર્યું મારું આખું ગામ/ આખા પડખાના ખનારા/તને કીડા પડશે.'!

રાજાનો જ્યારે રાજ્યાભિષેક થયો ત્યારે એણે પ્રજાને ઘણાં વચન આપ્યાં કે પરદુઃખભંજન થઈશ, હાક મારશો ત્યારે હાજર થઈશ, ન્યાય કરીશ વગેરે. પણ થયું શું? રાજાએ કાનને દાટા માર્યા! મહેલની વાટમાં કાંટાળી વાડ કરી, અણિયાળા ખીલા ખોડ્યા! પ્રજા બિચારી શું કરે? અડધી રમૂજે ચડી, અડધી હીબકે ચડી! રાજાને કવિતા દેશની દુશ્મન લાગે છે!!

મુખીએ લોકની અધવચ્ચે ફાચરો કર્યો. ગંગાજમની હરિયાળીમાં આગ ચાંપી! જીવતાં-મરેલાંનો જાણે ભેદ જ રહ્યો નહીં! એક નાનું બાળક માને પૂછે છે - 'મુખી અને વાડ જુદાં ક્યારે થશે?' મા શાપ આપે છે કે 'મુખી અને વાડ તમારું કાળું થજો.'

ધરતી પર પંખીઓ પાંખમાં પાંખ પરોવી, જીવમાં જીવ પરોવી રહેતાં હતાં. એમાં ગોળા વછૂટ્યા, બંદૂકો ચાલી. લાશોના ઢગલા થયા. ઝાડ, પશુ, પંખી, પ્રાણી પણ મર્યાં. પાણી સુકાયાં. રાજાને આ કંઈ દેખાય નહીં! એને તો ધરતીના ધણી થવું છે. એમાં કોઈ વચ્ચે આવે તો એનો ઘાણ કાઢે, સીમાઓ દોરે. ભાગલા પાડે. આદિવાસીઓ સીમાને ઓળખતા નથી. એ તો ઇચ્છે કે ધરતી એક અને આઝાદ રહે... ભલે એ મોતને ભેટે!

આ કાવ્યસંગ્રહનું શીર્ષક જે કાવ્યો પરથી લેવાયું છે તે 'અમને ભૂલશો ના' ૧-૯ કાવ્યોમાં 'હાક મારતા પૂર્વજો' સાથેનું, પરંપરા સાથેનું અનુસંધાન છે. વડને આપણે દાદા કહીએ છીએ. વૃક્ષો સાથે, પ્રકૃતિ સાથે આપણો આત્મીય નાતો છે. કવિ 'કાયમી વડ' પાસે પહોંચે છે. માને છે કે સંધ્યાકાળે વડવાઓ બધું જોવા આવે છે કે વડલે બધું શાંત તો છે ને!! આંબા નીચે 'સોમાં પાંચ વરસ કમ' ભેમાકાકા પચીસ વર્ષના છોકરાને પૂર્વજોની, વંશવેલાની વાત કરે છે :

– ***વીરજી દાદાની લીટીમાં હું આવું***
મનજી વાજુની લીટીમાં રાયજી,
તારા બાપા બરાબર ને?'

અને 'હું રાયજીભાઈનો મોટિયાર' કહેતાં ચહેરા પર લાલી આવી જાય!! પોતે જે હોકો પીતા હતા તે કવિને આપી કહે, લે પી. જાણે કવિને વારસો સોંપ્યો! પરંપરા સાથે

સાંકળ્યો! પછી ઇતિહાસ કહ્યો કે કઈ રીતે બાપીતા ગામથી ઉકરડીમાં આવ્યા અને ચાર પેઢીથી અહીં વસ્યા. અહીં આવી શું કર્યું? :

– છોકરાં ભણાવ્યાં
વટવહેવાર સારો ચાલે
તમે મેદાનમાં મહાલો છો
અમે ડુંગરોમાં પડ્યા છીએ.
જોજો ભાઈ
અમને ભૂલી ના જતાં!

પૂર્વજોએ પારાવાર કષ્ટ વેઠીને ખેતી કરી, બાળકોને ભણાવ્યાં-ગણાવ્યાં. મા વહેલી જાગી ઘંટી પર બેસી દળે, સાથે ગાણાં ગાય;

મા અને ઘંટી ભેગાં ગાય
સારે લોટ અરવરવમાં

છોકરાં ભૂખ્યાં થાય. માએ ઘડેલા રોટલા ને કઢી ખાઈ તૃપ્ત થાય. મા વાત કરે કે કેટકેટલાં દુખ વેઠ્યાં. બળદની પેઠે જોતરાઈને ધાન પકવ્યું. પોતે ટક્યાં અને પરિવારને પણ ટકાવ્યો! એમણે અંગ પર લૂગડાં પર લૂગડું જોયું નથી. કોદરા ખાઈને કાળ કાઢ્યા છે. શું શું વેઠ્યું એ કહી પછી ભલામણ કરે છે :

વ્હાલા
ખાજોપીજો
કોહલ'મા જીવજો હરખે
અમે વાટે પડીશું
અમને ભૂલી ના જતાં

ગામડામાં વિમાન ઊડતું દેખાય તોય નવાઈ. મા નેજવું કરીને જુએ ને છોકરાંઓને પણ દેખાડે. વળી સમજાવે કે આકાશમાં તારા છે તે ઊભાં ઠેરવેલાં વિમાન છે. દિવસે દેખાય નહીં. પછી ઉમેરે :

એ વિમાનમાં દાદી અને દાદા!
હા બચુ
એક દિવસ હું ત્યાં જઈશ!

પોતાના પૂર્વજોને મળવાની ઇચ્છા અને એમનામાં ભળી જવાની આશા! ભોળું બાળક પૂછે કે મા મને સાથે લઈ જઈશ? તો બચી કરી, ઢબૂરી બાળકને સુવડાવી દે.

તો દાદા આંગળી ચીંધીને કહે કે પેલો તારો છે ને એ છે પરદાદા! વળી બાળક પૂછે કે એ નીચે ક્યારે આવશે? દાદા ઉત્તર વાળે કે ઉપર ગયા એ નીચે ન આવે. પણ આપણે ઊંઘતા હોઈએ ત્યારે અધરાત પછી ઊતરે. કોઈ જાગી ન જાય એમ આવે. કોઢ, કોઠાર, રાંધણિયું બધું જોઈ વળે!

ગામડાંમાં લોકોને ઘર, ડુંગરી, તળાવડી બધાંની માયા હોય. જીવનમાં અનેક કષ્ટ હોય, પીડા પણ હોય. કવિ સરસ રીતે કહે છે કે જીવનમાં દુઃખડાં કીડી વેશે પેસે અને હાથી વેશે નીકળે!! વડીલો બાળકોને પૂર્વજોની વાત કરે, એમણે વેઠેલાં દુઃખની વાત કરે, અને એમ પરંપરા સાથે જોડે. કવિએ અહીં આવાં સરસ ભાવભીનાં શબ્દચિત્રો રચ્યાં છે. સાથે પૂર્વજો સાથેના સંબંધને વડીલો બાળકોને કેવી રીતે સમજાવતાં, પરંપરાનો પરિચય કરાવતાં તે આ કાવ્યોમાં ગૂંથ્યું છે. સાથે નવી પેઢીને કવિ સૂચવે છે કે – ગળે વળગજો/ કામ કરતાં એને વાતે વાળજો/ભણતર ને જીવતર ઉકેલાશે.'

સુરેશ જોષીએ એ કહ્યું છે ને કે 'જેનું સ્મરણ ગયું એનું સાતત્ય ગયું.' એટલે જ વારે વારે આવ્યા કરે છે, 'અમને ના ભૂલતા'. ક્યાંથી ભૂલે?

'જનપદ' કાવ્યસંગ્રહમાં પોતાના જ પરિવેશમાંથી પોતાના મૂળને શોધવાની એમની મથામણ હતી. 'ધરતીનાં વચન'ની કવિતામાં પ્રકૃતિનો નાશ, ભાષાનો નાશ, છેવાડાના નાગરિકોનું શોષણ, સરકારની નીંભરતા અને જે સુરીલું લોકજીવન હવે રાજની તિજોરીમાં બંધ છે તેની પીડા વ્યક્ત થઈ હતી. 'દેશ'ની કવિતામાં એ જ નિસબત એક ડગલું આગળ ચાલી છે. અને 'અમને ના ભૂલતાં'માં પણ એ જ પ્રશ્નો જરા આગવી રીતે કાવ્યરૂપ પામ્યા છે. કવિને લાગે છે કે બળવાન લોકો દ્વારા અબુધ સમૂહોને રાષ્ટ્રપ્રેમ, ધર્મપ્રેમના નામે છેતરવામાં આવે છે. વંચિતોને તો જોઈએ માત્ર કામ, રોટલો ને છાપરું ને સહજ રીતે આવી મળતી ઊંઘ. આ ધરતી સૌની છે. પ્રકૃતિ કોઈ ભેદભાવ કરતી નથી. એક તરફ સત્તા છે, દમન છે, અન્યાય છે તો બીજી તરફ અભાવ છે, મહેનત છે, નિરક્ષરતા છે પણ પ્રકૃતિ સાથે તાલમેલ જાળવી પૂર્વજો સાથેનું, પરંપરા સાથેનું અનુસંધાન છે. શોષક-શોષિત, સંપન્ન-ગરીબ, શાસક-પ્રજા વચ્ચે સંઘર્ષ ચાલે છે. કવિ આ સ્થિતિ જુએ છે, નિરૂપે છે. બંને સ્થિતિને જોનાર અને નિર્ભીકપણે વ્યક્ત કરનારનું ભલું થાજો.

■

જ્ઞાતિનો ઝઘડો ઊભો જ હતો. બે તડ પડી ગયાં હતાં. એક પક્ષે મને તુરંત નાતમાં લઈ લીધો. બીજો પક્ષ ન લેવા તરફ ચુસ્ત રહ્યો. નાતમાં લેનાર પક્ષને સંતોષવા ખાતર રાજકોટ લઈ જતાં પહેલાં ભાઈ મને નાસિક લઈ ગયા. ત્યાં ગંગાસ્નાન કરાવ્યું ને રાજકોટમાં પહોંચતાં નાત જમાડી.

આ કામમાં મને રસ ન પડ્યો. વડીલ ભાઈનો મારા પ્રત્યેનો પ્રેમ અગાધ હતો, મારી ભક્તિ તેટલી રજ હતી એમ મને પ્રતીતિ છે; તેથી તેમની ઇચ્છાને હુકમરૂપ સમજીને હું યંત્રની જેમ વગર સમજ્યે તેમની ઇચ્છાને અનુકૂળ થતો રહ્યો. નાતનું કામ આટલેથી થાળે પડ્યું.

જે તડથી હું નાતબહાર રહ્યો તેમાં પ્રવેશ કરવા મેં કદી પ્રયત્ન ન કર્યો. ન મેં નાતના કોઈ પણ શેઠ પ્રત્યે મનમાંયે રોષ કર્યો. મારા પ્રત્યે તિરસ્કારની નજરે જોનાર પણ તેમાં હતા. તેઓની સાથે નમીને ચાલતો. નાતના બહિષ્કારના કાયદાને સંપૂર્ણ માન આપતો. મારાં સાસુ-સસરાને ત્યાં કે મારી બહેનને ત્યાં પાણી સરખું ન પીતો. તેઓ છૂપી રીતે પાવા તૈયાર થાય, પણ જે વસ્તુ જાહેરમાં ન કરાય તે છૂપી રીતે કરવા મારું મન જ કબૂલ ન કરતું.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

કેફિયતની વાર્તા અને વાર્તાની કેફિયત

મહેન્દ્રસિંહ પરમાર

એક હતો.. ના, હતો નહીં, કદાચ છે લેખક. હતો-ન-હતો જેવું જ છે એનું ઠેકાણું. એનાં પિતાજી સાહિત્યના અધ્યાપક. એના પિતાજીએ એમની યુવાનીમાં (જન્મ-૧૯૧૯) ‘ર.ત’ અને ‘અજય’ પરમારનાં ઉપનામથી વાર્તાઓ લખેલી એમ સાહિત્ય પરિષદનો ‘સાહિત્યકોશ’ કહે છે – પણ એમની એ વાર્તાઓના સગડ નથી મળ્યા. કદાચ, એ ગુમ થયેલી વાર્તાઓ નવા રૂપે ‘આ’ લેખકમાં ફૂટી હોવી જોઈએ. તરુણવયે આ લેખકને જે ઓરડામાં રહેવાનું મળેલું તે આખો પિતાજીએ વસાવેલી કિતાબોથી ઠાંસોઠાંસ હતો. એટલે એને born with the silver spoon કહેવત બદલીને brought up with a book smell(!) – ચોપડીઓની માદક ગંધ વચ્ચે ઊછરેલો કહેવો હોય તો કહી શકાય.. એ ચોપડીઓએ એની ઘ્રાણેન્દ્રિયને તો સતેજ કરી હશે પણ એની જ્ઞાનેન્દ્રિય અને રસેન્દ્રિયને પણ સંકોરી હોવી જોઈએ..

આ લેખકનું શાળેય-મહાશાળેય જીવન પ્રકૃતિ અને ક્રિકેટ સાથે વધુ જોડાયેલું રહ્યું. દક્ષિણામૂર્તિ વિનય મંદિરે એને પંખીઓ સાથે જોડ્યો અને એને ‘રખડુ’ બનાવ્યો. પિતાજીના પુસ્તકો, પછી પ્રકૃતિ. મોટી વયે લખાયેલા એના કાગળરૂપ નિબંધોનું આગોતરું ‘ભરણું’ એને ત્યાંથી મળેલું. એ યુનિવર્સિટીની ક્રિકેટ ટીમનો વાઇસ કૅપ્ટન હતો અને છતાં ‘મારી (નિષ્ફળ) ક્રિકેટ કારકિર્દી’ વિશે એક હળવો લેખ એણે ‘જલસો’ સામયિક માટે લખેલો.

લેખક ભાવનગરમાં એમ.એ. કરતો હતો ત્યારે વિદ્યાર્થીઓ માટે એક સર્જનાત્મક લેખન શિબિર ગોપનાથમાં યોજાયેલી(૧૯૯૧). ગુજરાતી વિભાગના અધ્યક્ષ કવિ શ્રી વિનોદ જોશી અને આયોજન પ્રા. ઇંદ્રવિજયસિંહ ગોહિલનું. કવિ શ્રી ધીરુ પરીખ અને શ્રી હરિકૃષ્ણ પાઠક આ શિબિરના તજ્જ્ઞો. ત્યાં આ લેખકે એના જીવનની પહેલી કૃતિ લખેલી. સમાપન સમારોહમાં એ વાંચેલી અને પાઠકસાહેબે કહેલું કે આમાં વાર્તા ‘બને’ છે! પણ પછી બીજું કાંઈ ન બન્યું. કારણ, બની બનાવેલી વાર્તા એણે ક્યાંક ખોઈ નાખી એ જ વર્ષે.

૨૦૨૬માં પણ એનું કથાનક હજુ યાદ છે. શીર્ષક પણ! ‘અસ્વીકાર’!... એક સાહિત્યકારને બહુ મોટી રકમનું ઇનામ ઍવૉર્ડ રૂપે મળે છે ને એ એનો અસ્વીકાર કરે છે. એના કુટુંબને, ખાસ કરીને એકના એક દીકરાને ઇનામની રકમમાંથી પોતાનો વ્યવસાય શરૂ કરવાની ગણતરી છે એટલે મા-દીકરો લેખકના એ નિર્ણયને બેહદ વખોડે છે ને એમનો જ બહિષ્કાર કરે છે અસ્વીકાર કરે છે. સર્જક મધરાતે કોઈને કહ્યા વગર ઘર છોડી દે છે!

શામ રસ્તા પર ઉદાસ મનથી ચાલ્યા જતા સર્જકના પગનો અને ભસતા કૂતરાનો અવાજ એ વાર્તાનું બૅકગ્રાઉન્ડ મ્યુઝિક બનતો હતો... આવા અંત સાથેની વાર્તા લેખકને હજુ યાદ છે..

૨૦મી સદીમાં પછી મૂકી દીધેલી કલમ, ૨૧મી સદીના બીજા વર્ષમાં ફરી હાથમાં આવી. એને કોણે પ્રેરણા આપી એની ખબર નથી પણ, પાણીનાં ડબલાં ભરીને ખુલ્લા મેદાનમાં 'જતી' સ્ત્રીઓ એણે બાળપણમાં જોયેલી. ગામમાં અનેક ઠેકાણે. એના ઘરની પાસે પોલિટૅક્નિક કૉલેજની સામેનું મેદાન. ત્યાં દીવાલ ચણાઈ એ પહેલાંથી સ્ત્રીઓનું કાયમી ઠેકાણું હતું ને પછી એમણે દીવાલમાં ખરેખર બાકોરું પાડ્યું અને અંદર જતી બાયું દેખાઈ! હિમાંશી શેલતની વાર્તા 'બારણું' ત્યારે લખાઈ ગયેલી પણ આ લેખકે વાંચી નહોતી. કિરીટ દૂધાતની 'બાયું' વાર્તા અને માય ડિયર જયુની કહેણી એનાં જાગ્રત મનમાં રોપાયેલાં પડ્યાં હશે, એ વાત નક્કી! આ લેખકે એના ગામના ભૌગોલિક રીતે દૂર–સુદૂરનાં 'આવાં' ઠેકાણાં અને જુદા જુદા સમયને 'ફિક્શનલ' બનાવીને, બાળપણમાં એણે જે ડેલો જોયેલો, જ્યાં ગામડેથી એના પિતાજી અને નવાં પરણેલાં એનાં બા, કાકાનો પરિવાર એક સમયે રહેતો હતો એને નવેસરથી 'વાર્તામાં' વસાવ્યો અને એમ ડેલાની બાયુંની સામૂહિક કથની એણે કોઈ ક્રમમાં ચણાઈ ગયેલી ભીંતને કોશથી બાકોરું પાડવા સુધીનાં ગંતવ્ય સુધી પહોંચાડી. બાયું બિચારી ક્યાં જાય?- રહી રહીને એના મનમાં ઊઠતી આ પુનરુક્તિ પણ કદાચ એને છકડો વાર્તામાં સંભળાઈ હશે!

એ વખતે આકાશવાણી રાજકોટ કેન્દ્રમાં કવિ યજ્ઞેશ દવે. એમની સાથે લેખકની પત્રમૈત્રી. એમણે લખવા માટે ઉશ્કેરેલો તે લેખકે આ નવું નવું લખેલું એમને મોકલી આપ્યું. લેખકની કલ્પના બહાર ત્યાંથી બહુ જ હૂંફાળો અને હકારાત્મક પ્રતિભાવ આવ્યો. એમણે એમનાં સહકર્મીઓની સાથે આ – હવે બની બેઠી છે તે વાર્તાઓ – સંભળાવી અને ત્યાંથી બધાંનો સહિયર ટેલિફોન આવ્યો. એ પ્રતિભાવ અને ઉમળકો એવાં તો રોમાંચક હતાં કે લેખકને ખરેખર એમ લાગવા માંડ્યું કે, અરે, પોતે તો લેખક છે! એ રમણીય ભ્રમમાં એ હજુ રાચે છે!

આ 'પોલિટૅક્નિક'ને કોઈ સામયિકમાં બેસવા મળે? એણે મોકલી આપી એક સામયિકને... એના સંપાદક એક સાહિત્યિક કાર્યક્રમમાં રાજકોટ મળ્યા, કહે, તારી વાર્તા ગમી નથી. છાપી નહીં શકાય.. એમને મોકલી હતી ત્યારે જ એક નકલ ગાંધીનગર મોટા ભાઈ અશોકસિંહને મોકલી હતી, વાંચીને સીધા એ તો પહોંચ્યા 'શબ્દસૃષ્ટિ'માં! એના સંપાદક જે હવે સાહિત્ય પરિષદના પ્રમુખ છે, એમણે તો ફટ કરતી બીજા જ અંકમાં છાપી દીધી (ફેબ્રુઆરી, ૨૦૦૨). બની, વાર્તા બની! વાર્તાકારના મનમાં આ ઘટના એટલી તો પ્રભાવક રીતે સ્થિર થઈ ગઈ કે પછી છેક ૨૦૧૬માં વાર્તાસંગ્રહ પ્રગટ થયો ત્યારે એણે એની પહેલી વાર્તા પ્રગટ થવાનાં બે મુખ્ય નિમિત્તો : અશોકસિંહ પરમાર અને હર્ષદ ત્રિવેદીને એ સપ્રેમ અર્પણ કર્યો!

માર્ચ ૨૦૦૨ ના 'શબ્દસૃષ્ટિ'માં સંપાદકે એક વાચકનો પ્રતિભાવ પ્રગટ કર્યો. ડંકેશ ઓઝાએ લિખિત રૂપમાં વાર્તાનાં 'ઓવારણાં' લીધાં. પછી ઘણાનું ધ્યાન એ વાર્તા ઉપર ગયું. હિમાંશી શેલતે '૨૦૦૨ની શ્રેષ્ઠ નવલિકાઓ' (આર.આર.શેઠ)ના સંપાદનમાં એને

બેસાડી... કોઈ વાચકે સંપાદકને આવી ગોબરી વાર્તા છાપવા માટે ફરિયાદ પણ કરી અને લવાજમ પણ પાછું માગ્યું! પહેલવહેલી વાર્તાનું આ આદિસ્મરણ!

પછી, ૨૦૧૨ અને ૨૦૧૫માં આ વાર્તાની પાછળ પાછળ બીજી બે વાર્તા લખાઈ. 'હવે કઈ?' અને 'ઊડણ ચરકલડી'... શૌચવ્યવસ્થા વિશેની વાર્તાઓની આ ત્રિપુટીએ ઘણી ચર્ચા જગાવેલી.. વિષયની રીતે અને રજૂઆતની રીતે ત્રણે વાર્તાઓમાં જુદા જુદા પ્રયોગ કરવાની કોશિશ વાર્તાકારે કરી હતી. પછી તો 'ટૉઇલેટ એક પ્રેમકથા' ફિલ્મ આવી ને આ વાર્તા વિશે વળી ચર્ચા જાગી... લેખકને તો બહુ મજા પડી ગયેલી! હાટ્ટ! આપણી વાર્તાનો વિષય તો ફિલમનો વિષય પણ બન્યો! કોલકાતાનાં સુતપા ચૌધરી ભાવનગરમાં અંગ્રેજી વિભાગમાં હતાં અને એમણે Muse India ડિજિટલ સામયિકની અનુવાદ-સ્પર્ધા માટે 'પોલિટૅક્‌નિક'નો અનુવાદ મોકલ્યો અને એ અનુવાદ દેશની બીજી ભાષાઓની વાર્તાઓ સાથે નોંધપાત્ર કૅટેગરીમાં મુકાયો. (૨૦૦૮). ત્યાંથી કદાચ 'ટૉઇલેટ એક પ્રેમકથા'ને બીજ મળ્યાં હોય! એ વાર્તાનો જયંત મેઘાણીએ કરેલો અનુવાદ છેક કોરોના કાળમાં Indian Literature માં પ્રગટ થયો. એક અનુવાદ નયના રંગવાળાએ પણ કર્યો.

ગોધરા બનાવ પછી ' ઇન્ટેલેક્ચ્યુઅલ ઇન્દુભાઈ' બીજી વાર્તા લખાઈ, ૨૦૦૩માં... એક મિત્રના ઘરની લાઇબ્રેરી આ સમયમાં સળગાવી દેવામાં આવી, તે વાર્તા લખવા માટેનો પ્રારંભિક ઉદ્રેક... બૌદ્ધિકતા, સંવેદનશીલતા, જ્ઞાન અને સામે મોઢું ફાડીને ઊભેલું નરાતળ વાસ્તવ.. આ વાર્તા માટેની મૂળભૂત અથડામણ. પ્રથમ પુરુષ કથન કેન્દ્રને ત્રીજા પુરુષમાં સંતાડીને આ વાર્તા કહેવાનો પ્રયોગ કર્યો. મિત્ર કમલ જોશીએ એનો જાહેર વાચિકમ્ પ્રયોગ કર્યો ત્યારે શ્રોતાઓ એ વાર્તાના વિવિધ સૂરને ઓળખીને પ્રતિભાવ આપતા હતા એ સાંભળીને લેખક અમથો અમથો ખુશ થઈ જતો હતો! વિવિધ સત્તાઓના અતિક્રમણ વચ્ચે વ્યાપારીકરણ અને ધાર્મિકી પંજા વચ્ચે પિસાતું સ્થાનિક અર્થકારણ થોડું જાડા રૂપમાં 'આઈ. એસ.આઈ.નો હાથ' વાર્તામાં આવી ગયું. શિક્ષણ માટે આરક્ષિત રાખેલી જમીન ઉપર ઊભાં થયેલાં ધર્મસ્થાનો સામે લોકોને ચેતવવા કેમિસ્ટ્રીનો પ્રોફેસર બૉમ્બ બનાવી ધર્મસભામાં ફોડવા જાય છે ને એસ.પી.ના હાથમાં પકડાય છે. વાર્તા હળવે રહીને એસ.પી.ની બની જાય છે. એક વાર્તામાં તાબોટા પાડતો (દરિયાપુરના દેશી બૉમ્બ ફોડતા કથાનાયક - ઇંદુભાઈ) નાયક ને બીજીમાં હાથે બૉમ્બ બનાવી મંદિરમાં ફોડતો નાયક - વિપરીત સંજોગો અને વિચિત્ર પ્રતિક્રિયાની આ અથડામણ એના ત્રીજા ખૂણે 'ઇસ કી મા કા સુંદરજી'માં મળશે. પાઉં-ગાંઠિયાની લારીનો એક માલિક વાતવાતમાં બોલ્યા કરતો તે ઉદ્‌ગાર અહીં એક હજામનો તકિયાકલામ બની ગયો - ઇસ કી માકા સુંદરજી, સીધું કરાંચી લઈ લેવું જોઈએ! ઉત્સર્ગ અને દૈહિક ગુણધર્મોની ઇન્દ્રજાળ - 'બાયું ક્યાં જાય?' અને 'પરિસ્થિતિ તંગ થઈ ગઈ'-માં એની કથાગત અનિવાર્યતા સાથે આવી ગઈ.

કેટલીક વાર્તાઓ વાર્તાલેખનની કોઈ દાબભરેલી સ્થિતિમાં આવી. આહવા ડાંગ ગયેલો વાર્તાકાર. ને ત્યાં આકાશવાણી આહવા માટે એક વાર્તા લખી રેકૉર્ડ કરવાના પ્રેમભર્યા દબાણમાંથી 'એમ. પી. અજમેરા' વાર્તા રાતોરાત લખાઈ ગઈ! અમદાવાદની એક લેખનશિબિરમાં નવી-તાજી-અપ્રકાશિત વાર્તા લીધા વિના પહોંચી ગયેલો વાર્તાકાર,

વાર્તાલેખનની 'જારગન' અને એક અત્યંત સ્ફોટક કથાનકને એકમેકમાં ગૂંચવી, વાર્તા કહી દીધા પછી ચર્ચામાંથી રચાતાં કથાકણોમાંથી વા-ર-તા કહેવા બેઠો. પ્રતિભાવોનું પર્યાવરણ અને રાજકારણ પણ એણે આ વાર્તામાં ઉછાળેલાં! સાવરકુંડલાની સુ.જો.સા.ફોની શિબિરમાં ફરી આ અકિંચન વાર્તાકાર એક વિચાર સાથે પહોંચી ગયો.. વિશૃંખલ કથાપ્રપંચ એના મનમાં હતો. છૂટક પોસ્ટકાર્ડ ભેગાં થાય તો એમાંથી વાર્તા ન થાય? એણે ફરી રાતભર જાગી પંદરેક પોસ્ટકાર્ડ લખી નાખ્યાં! સાથી લેખકોએ સાંભળ્યાં તો રસથી, પણ એમાં રીસિવિંગ એન્ડ નથી - એવા પ્રતિભાવે એને એક નવી શક્યતા તરફ લઈ જવાનું કામ કર્યુંઃ એણે આ લખાયેલાં પોસ્ટકાર્ડ એક બ્લૉગ પર ડિસ્પ્લે કર્યાં! નવી ઊભી થતી ચિત્રભાષા-ઇમોજીસ અને લઘુસાંકેતિક ભાષાને એણે લલિતગદ્ય સામે અથડાવી. સંચારના પ્રચંડ વાતાવરણમાં સંવાદનો અભાવ - એને એના સમયની કટોકટી લાગી .. વાર્તાની એ 'ક્ષણ' અને લેખકની રચનાકાર તરીકેની મહત્ત્વાકાંક્ષાનો પ્રતિભાવ મિશ્ર પ્રકારનો રહ્યો. કોઈ 'વડીલ'ને એ માઇક્રોફિક્શન લાગી, કોઈને નિબંધ પણ નહીં અને વાર્તા પણ નહીં - લાગી તો 'તથાપિ'ના સંપાદક(જયેશ ભોગાયતા)ને એનું અનુઆધુનિક વજૂદ અને કથનપ્રયોગ એવાં પસંદ આવ્યાં કે એમણે પોસ્ટકાર્ડ સ્કૅન કરીને છાપ્યાં એટલું જ નહીં, એકસાથે બે વાર્તાઓ એક અંકમાં પ્રગટ કરી. જેની કોઈ નોંધ નથી લેવાઈ એવી મલ્ટિકલરમાં પ્રગટ થયેલી એ એનાં જેવી પહેલી - એકમાત્ર - ગુજરાતી વાર્તાની ચોપડી પણ પાર્શ્વ પ્રકાશન દ્વારા પ્રગટ થઈ હતી. પોસ્ટકાર્ડ જેટલી (જ) વાર્તાની આ થોડી ઇનલૅન્ડ જેવડી વાતો!

શરીર અને મનની આંટીઘૂંટીઓવાળી ત્રણ વાર્તાઓ થઈ : 'સાહેબની શોકસભા', 'બ્લૅન્કેટ' અને 'मैं माधुरी बनना चाहता हूं' - મોપાસાંની એક વાર્તા 'નાનું સરખું પીપ' મનમાં હતી કે કોઈ એક વ્યક્તિ બીજી વ્યક્તિના મૃત્યુ વિશે અપ્રગટ રૂપે કેટલું બધું વિચારી લેતી હોય! એમાંથી જ ભરાઈ શોકસભા! 'બ્લૅન્કેટ'માં લેખકને આંતરપ્રાંતીય થવું હતું. ટ્રેન, ઠંડી, કપોળકલ્પના, વર્ણન અને મનુષ્યચિત્તની લીલા એમાં ફરી હળવા ટોનમાં રજૂ થઈ.. 'માધુરી'માં યુવાસહજ મનોજગત અને કૃતક 'સ્ત્રીદાક્ષિણ્ય' આવી ગયાં.

૨૦૦૨થી ૨૦૨૬ સુધીમાં લેખકે લખી કુલ તેર વાર્તા. ચોવીસ વરસમાં આ સંખ્યા ઓછી કહેવાય. 'પ્રમાદધન મુજ સ્વામી સાચા'-એમ કહીને લેખક છૂટી જઈ શકે.. આજની તારીખે એને એના સમયની અઢળક વાર્તાઓ મન-મસ્તિષ્કમાં ચકરાતી દેખાય છે, પણ જે નઠોર વાસ્તવિકતાઓ એને વાર્તામાં વીંટવી છે એને માટેનો 'કસબ' - એ શોધી રહ્યો છે... 'આ વાર્તાકાર હવે કેવી વાર્તાઓ લઈને આવશે' - એની હિમાંશી શેલતને રાહ હતી એટલી જ વાર્તાકારને પણ છે અને એ તદ્દન બિનકેફી અવસ્થામાં આ કહી રહ્યો છે!

આપણી મીમાંસા જેને 'અભ્યાસ' કહે છે તે અંગે લેખકને કંઈક કહેવું છે. એક તો વ્યાવસાયિક રૂપમાં એને સાહિત્યનું અધ્યાપન કરવાનું આવ્યું એ એની લેખક તરીકેની તાલીમનો એક અગત્યનો હિસ્સો છે. એણે વર્ગમાં દેશ અને દુનિયાની ઉત્તમ વાર્તાઓ વિદ્યાર્થીઓને વાંચી સંભળાવી છે, એમાંથી વાર્તાકળાના ગુણધર્મો પણ સમાંતરે એના ચિત્તમાં રચાતા આવ્યા છે. એની પૂર્વપરંપરાનાં ધૂમકેતુ, દ્વિરેફ, સુંદરમ્, ઉમાશંકર, મડિયા, મેઘાણી, સુરેશ જોષી, મધુ રાય, હિમાંશી શેલત, મોહન પરમાર, માય ડિયર જયુ, સુમન શાહ,

મણિલાલ પટેલ, અજિત ઠાકોર, કિરીટ દૂધાત, હર્ષદ ત્રિવેદી, બિંદુ ભટ્ટ, નવનીત જાની, દશરથ પરમાર વ... અને એના સમકાલીન અનુજો વિજય સોની, રામ મોરી, અભિમન્યુ આચાર્ય, પન્ના ત્રિવેદી, ધર્મેન્દ્ર ત્રિવેદી વગેરે વાર્તાકારોની અંદાજે ૬૦થી વધુ વાર્તાઓનું પઠન એણે ફેસબુક, યૂ-ટ્યૂબ પર કર્યું છે.. (પ્લીઝ પ્લીઝ લાઇક, સબસ્ક્રાઇબ ઍન્ડ શેર પ્લીઝ!!). આટલા બધા મજબૂત અવાજોને પોતાના રંક અવાજમાં તરતા કરીને આ લેખક એની વાર્તાલેખનપ્રક્રિયાનું એક વિનમ્ર સિંહાવલોકન કરી શક્યો એનો આનંદ છે. એને મન એની ભાષામાં રોજ લખાતી એકાદ સાચુકલી ટૂંકી વાર્તા પણ એના પોતાના લેખનનો જ એક ભાગ હોય એવું એ માની રહ્યો છે.

(ગુજરાતી સાહિત્ય પરિષદની જનક ત્રિવેદી વ્યાખ્યાનમાળા માટે તા. ૦૬/૦૬/૨૬ને શનિવારે ગોવર્ધન ભવન, સાહિત્ય પરિષદ, અમદાવાદ)

■

તે જ મિત્ર કે કોઈ બીજાએ મિ. ફ્રેડરિક પિકટને મળવાની મને સૂચના કરી. મિ. પિકટ કૉન્ઝરવેટિવ પક્ષના હતા. પણ તેમનો હિંદીઓ પ્રત્યેનો પ્રેમ નિર્મળ ને નિઃસ્વાર્થ હતો. ઘણા વિદ્યાર્થીઓ તેમની સલાહ લેતા. તેથી તેમને ચિઠ્ઠી લખી મેં મળવાનો વખત માગ્યો તેમણે વખત આપ્યો. તેમને મળ્યો. આ મુલાકાત હું કદી ભૂલી નથી શકયો. મિત્રની જેમ તેઓ મને મળ્યા. મારી નિરાશાને તો તેમણે હસી જ કાઢી. 'તું એમ માને છે કે બધાને ફિરોજશા મહેતા થવાની જરૂર છે? ફિરોજશા કે બદરુદ્દીન એક બે જ હોય. તું ખચીત માનજે કે સામાન્ય વકીલ થવામાં ભારે હોશિયારીની જરૂર નથી હોતી. સામાન્ય પ્રામાણિકતાથી ને ખંતથી મનુષ્ય વકીલાતનો ધંધો સુખેથી ચલાવી શકે. બધા કેસોમાં કંઈ આંટીઘૂંટીઓ નથી હોતી. વારુ, તારું સામાન્ય વાચન શું છે?'

મેં જ્યારે મારા વાચનની વાત કરી ત્યારે તેઓ જરા નિરાશ થયા એમ મેં જોયું. પણ તે નિરાશા ક્ષણિક હતી. તુરંત પાછું તેમના ચહેરા ઉપર હાસ્ય છવાયું ને તેઓ બોલ્યાઃ 'તારું દર્દ હવે સમજ્યો. તારું સામાન્ય વાચન બહુ થોડું છે. તને દુનિયાનું જ્ઞાન નથી. વકીલને તે વિના ન ચાલે. તેં તો હિંદુસ્તાનનો ઇતિહાસ પણ નથી વાંચ્યો. વકીલને મનુષ્યસ્વભાવની ખબર હોવી જોઈએ. તેને ચહેરા ઉપરથી માણસને ઓળખતાં આવડવું જોઈએ. વળી, દરેક હિંદુસ્તાનીને હિંદુસ્તાનના ઇતિહાસનું પણ ભાન હોવું જોઈએ. આને વકીલાત સાથે સંબંધ નથી, પણ તે જ્ઞાન તને હોવું જોઈએ. હું જોઉં છું કે તેં મૅલેસનનું ૧૮૫૭ના બળવાનું પુસ્તક પણ નથી વાંચ્યું. એ તો તુરત વાંચી જ જજે.'

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

સરળ, નિર્દંભ, વિદ્રોહી ચિત્રકાર : ભૂપેન ખખ્ખર

મિતેશ પરમાર
(શોધાર્થી, ગુજરાતી ભાષા વિભાગ, ગુજરાત કેન્દ્રીય વિશ્વવિદ્યાલય, કુંઢેલા, વડોદરા)

આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રતિષ્ઠા પામનાર, પદ્મશ્રી જેવું સન્માન મેળવનાર આ ચિત્રકાર ભૂપેન ખખ્ખર (૧૦-૦૩-૧૯૩૪ થી ૮-૮-૨૦૦૩). ભૂપેન પ્રેમાનંદ ખખ્ખરનાં જીવન અને સર્જન વિશે 'ભૂપેન ખખ્ખર' નામે લેખન-સંપાદન સાર્થક પ્રકાશન, અમદાવાદથી પુસ્તક પ્રગટ થયું છે. ચિત્રકલાને જ વરેલા, થોડું પણ નોખી શૈલીનું સાહિત્યસર્જન કરનાર આ ચિત્રકારે ચિત્રકલાના ઇતિહાસમાં ગુજરાતને જ નહીં, ભારતને વિશ્વમાં ગૌરવભર્યું સ્થાન અપાવ્યું છે. આ પુસ્તકમાં તેમની જીવનરેખાના કેટલાક ઊજળા, અજાણ્યા, નવાઈ લાગે એવા, આંચકો આપે એવા અંશો પ્રગટ કરવામાં આવ્યા છે. ૬૯ વર્ષની જિંદગીમાં એક ચિત્રકારે વિશ્વભરમાં મેળવેલી પ્રતિષ્ઠા, ચિત્રકારીના ઇતિહાસમાં કૉલાજ નામે પ્રચલિત ચિત્રોમાં એમનું જીવનચિંતન, ગાંધીજીનો ઝીલેલો પ્રભાવ, ચિત્રકારી માટે ગોખેલી તાલીમ, મિત્રો સાથેના કરેલા પ્રવાસ, જિંદગીમાં અનુભવેલી મુશ્કેલીઓ, આર્થિક સંઘર્ષો અને પોતાની સમલૈંગિકતા સંદર્ભે જાત સાથેના સંઘર્ષો, હર તબક્કે સહેવો પડેલો અન્યાય, અંગત-અંગત મિત્રોની સહાનુભૂતિ અને કદર વગેરે અહીં આલેખાયાં છે.

દંભ કે દેખાડા વિના સાવ સહજ રીતે પોતાની વિશિષ્ટ કલાકીય દૃષ્ટિથી સમાજને જ્ઞાન પ્રદાન કરનારા કાળક્રમે વીસરાઈ જતા હોય છે. બીરેન કોઠારી, અમરીશ વલ્લવભાઈ કૉન્ટ્રાક્ટર અને જ્યોતિ ભટ્ટના પ્રયત્નો થકી આ પુસ્તક છે. જ્યોતિ ભટ્ટે નોંધ કરી છે કે, ''ચિત્રકલા વિશે ગુજરાતીમાં મર્યાદિત પુસ્તકો છે.'' સરખામણીએ ચિત્રકારોનાં જીવન વિશે સાવ ઓછી વિગતો ઉપલબ્ધ છે... ચિત્રકારોનાં જીવન વિશે સળંગ સૂત્રે જોવા મળે એવાં પુસ્તકોની સંખ્યા મર્યાદિત છે... ભૂપેન ખખ્ખર વિશેનાં જીવન અને કવનને આલેખતું આ પુસ્તક ગુજરાતીમાં પહેલવહેલું કહી શકાય.'' (પૃ. ૭,૮) ભૂપેન ખખ્ખર મૂળે તો ચિત્રકાર છે. એમની ખ્યાતિ આંતરરાષ્ટ્રીય ચિત્રકાર તરીકે જ છે.

સમયના અલગ અલગ તબક્કે કઈ રીતે ચિત્રકલાનાં ક્ષેત્રો બદલાયાં તથા કેવા કેવા સંજોગોમાં તે બધાં અનેકવિધ પરિબળોથી ભૂપેન ખખ્ખરની ચિત્રકલા પર તથા વ્યક્તિત્વ પર કેવી અસર થઈ ને એમનો વિકાસ થયો, એ આ પુસ્તકના ચાર ખંડો અને ૨૫૪ પેજમાં તટસ્થતાપૂર્વક આલેખાયું છે. સરળ ભાષા અને દસ્તાવેજી સામગ્રી તથા ખંડ-વિભાજનના યોગ્ય માપદંડ ઉપરાંત ભૂપેન ખખ્ખરે દોરેલાં ચિત્રો, ભૂપેન ખખ્ખરના વિવિધ મુદ્દાઓમાં તથા પોતાના મિત્રો સાથેના ફોટોગ્રાફ્સ આ પુસ્તકની વિશેષતા છે.

જ્યારે ભૂપેન ખખ્ખર તેંતાલીસ વરસના હતા ત્યારે ૧૯૭૭માં નૌશિલ મહેતાએ તેમના દેખાવ વિશે, વ્યક્તિત્વ વિશે નોંધ કરી છે કે ''...મારાથી વીસેક વર્ષે મોટા, કાબરચીતરા વાળ, એકાદ લટ કપાળે ઢળતી, કાબરચીતરી મૂછ હોઠે સહેજ ઢળતી, જાડાં ચશ્માં, બુશકોટ, પૅન્ટ, ચંપલ, લ્યુના ચલાવે. ચિત્રકાર તરીકે જાણીતા, પણ 'સફળ' નહીં, ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ તરીકે પાર્ટ ટાઇમ નોકરી કરે. રમૂજવૃત્તિ તીરછી અને જબ્બર... ચિત્રકાર વાર્તાઓ લખે છે. પાંચેક વાંચી હું ખુશ ખુશ.'' (પૃ.૭૦). ૬૯ વર્ષ ચાર માસ અને ઓગણત્રીસ દિવસનું આયુષ્ય ભોગવનાર આ કલાકાર વિશે પુસ્તક પ્રસ્તુત કરનાર લેખક–સંપાદકે જેમની સહાયથી કામ પાડ્યું તેવા જુદા જુદા ક્ષેત્રના, ભૂપેન ખખ્ખરના ચાળીસ મિત્રોની યાદી શરૂમાં જ મૂકી છે.

પુસ્તકનો પ્રથમ ખંડ તેર પ્રકરણોમાં વિભાજિત છે. પ્રથમ પ્રકરણમાં ભારતીય ચિત્રકલાનો ઇતિહાસ તથા ભૂપેન ખખ્ખરના વડવાઓથી લઈને એમનાં જન્મ તથા મૃત્યુ સુધીના પ્રસંગો–ઘટનાઓ આવરી લેવાયાં છે. અહીં પારિવારિક પરિચય, વ્યક્તિત્વનાં વિકાસબિંદુઓ, સ્વભાવ, ભણતર, પ્રવૃત્તિ, સંઘર્ષ, ઉચ્ચ અભ્યાસ, નોકરી, મિત્રો, ચિત્રકારી, લેખન, પ્રવાસ, કલા વિશે સંશોધન, આંતરરાષ્ટ્રીય સ્તરે ખ્યાતિ, સમલૈંગિકતાનો ડર અને સ્વીકાર, વૃષણના કૅન્સરની બીમારી, ઑપરેશન અને મૃત્યુ વગેરે આલેખાયાં છે. બ્રહ્મક્ષત્રિય ભૂપેન ખખ્ખરનો મૂળ પરિવાર નગરઠઠા(સિંધ હૈદરાબાદ)માંથી આવી મુંબઈ સ્થાયી થયો. ગુલાલવાડીમાં જન્મ અને ખેતવાડીમાં ઉછેર. પ્રાથમિક અને માધ્યમિક શિક્ષણ મુંબઈના પરસીવાડાની ફરામજી–નસરવાનજી હાઈસ્કૂલમાં. ૧૯૪૯માં મૅટ્રિક, ૧૯૫૨માં ઇન્ટરઆર્ટ્સ, બી.એ.માં અર્થશાસ્ત્ર અને પોલિટિકલ સાયન્સ રાખ્યું. થર્ડ ક્લાસ આવતાં બી.કૉમ.ની પરીક્ષામાં પબ્લિક ફાઇનાન્સ ઍન્ડ ઍડમિનિસ્ટ્રેશનમાં બૉમ્બે યુનિવર્સિટીમાં સૌથી વધુ ગુણ મેળવ્યા. ૧૯૫૬માં 'મેસર્સ દસ્તૂર કાંગા ઍન્ડ કં.'માં આર્ટિકલ્સ ક્લાર્ક તરીકે નોકરી કરેલી.

આ વર્ષો દરમિયાન અંગ્રેજીના ચોથા ધોરણમાં તેઓ ચિત્ર દોરતા તો એમના શિક્ષકને એ ચિત્રો ભૂપેનનાં લાગતાં જ નહીં. મૅટ્રિક વખતે સુનિલ કોઠારીનો પરિચય થયો અને આજીવન દોસ્તી બંધાઈ. મૅટ્રિક પછી વિલ્સન કૉલેજમાં પ્રવેશતાં જ ગાંધીજીનાં લખાણોનું પુષ્કળ વાંચન કરેલું. તેનાથી એટલા પ્રભાવિત થયા કે ગાંધી જેવા બનીને દેશસેવામાં સમર્પિત થઈ જવાની પ્રબળ ઇચ્છા થઈ ગયેલી. હાથે વણેલી ખાદીનાં વસ્ત્રો પહેરતા થઈ ગયેલ. આ સમયગાળામાં રખડવું અને પુષ્કળ વાંચવું એમનો શોખ બની ગયેલો. અહીં તેઓ પોતાની સાથે મૂંઝવણ અનુભવે છે કે ''લેખનમાં આગળ વધવું કે ચિત્રમાં? કેમ કે, લેખન ઉપરાંત ચિત્ર માટેનો ભૂપેનનો શોખ કેમે કરીને ઓસરતો નહોતો" પ્રકરણ ચાર 'પેનની સમાંતરે પીંછી'માં સંપાદકે નોંધ્યા પ્રમાણે સુનિલ કોઠારી અને ભૂપેન ખખ્ખર બંને ગાઢ મિત્રો – ચાર્ટર્ડ એકાઉન્ટન્ટ; પરંતુ બેઉને સાહિત્ય અને કલામાં ઊંડો રસ.' ૫૦ના દાયકા દરમિયાન ભૂપેન ખખ્ખરની મુલાકાત કવિ–ચિત્રકાર પ્રદ્યુમ્ન તન્ના સાથે થાય છે. આ પરિચય ભૂપેન ખખ્ખરની ચિત્ર–કારકિર્દીનો પૂર્વાર્ધ ઘડવામાં ને પ્રોત્સાહિત કરવામાં મહત્ત્વનું યોગદાન આપે છે. ૧૯૬૨માં ગુલામમોહમ્મદ શેખના સહયોગથી ભૂપેન ખખ્ખર એમનાં કુટુંબીઓની - ખાસ કરીને એમનાં માતા મહાલક્ષ્મીબહેનની નારાજગી વહોરીનેય મહાનગર મુંબઈ છોડીને વડોદરા આવી જાય છે. એ સમયે વડોદરાની 'ફૅકલ્ટી ઑફ ફાઇન આર્ટ્સ' આધુનિક ભારતીય ચિત્રકલાનું ગઢ ગણાવા લાગેલું. આમ જેને હજી રંગોનાં નામ

બરાબર આવડતાં ન હોય, તૈલ રંગો વાપરવાની ગતાગમ ન હોય, કેન્વાસને ફ્રેમ પર બેસાડતાં ન આવડે, સફેદો લગાવતાં ન આવડે, ટર્પેન્ટાઇન કે ઇનેમલ રંગોનું મિશ્રણ ન આવડતું હોય, એના માટે ''ચાર્ટર્ડ એકાઉન્ટન્ટની ઊંચા પગારવાળી નોકરી છોડીને સાવ અનિશ્ચિત કહેવાય એવા ચિત્રકલાના ક્ષેત્રમાં કારકિર્દી બનાવવા માટે વડોદરા આવવાનો વિચાર પહેલી નજરે ગાંડપણ જ લાગે.'' (પૃ.૨૪). છતાં 'આર્ટ ક્રિટિસિઝમ'-(કલાવિવેચન) નાં બે વર્ષના અભ્યાસક્રમમાં પ્રવેશ લીધો. ૧લી જુલાઈ, ૧૯૬૨થી કૉલેજ શરૂ થઈ.

વડોદરાના નિવાસે, અભ્યાસક્રમ નિમિત્તે, સંપર્કમાં ને નજીકના મિત્રો-સ્નેહીઓ જ સાહિત્યકારો, અધ્યાપકો(સુનિલ કોઠારી, પ્રદ્યુમ્ન તન્ના, ગુલામમોહમ્મદ શેખ, બચુભાઈ રાવત, જ્યોતિભાઈ ભટ્ટ, ઉષાકાન્ત મહેતા, સુરેશ જોષી, રાજેન્દ્ર શાહ, સિતાંશુ યશશ્ચંદ્ર, પ્રબોધ પરીખ, નાગજી પટેલ, કૃષ્ણ છાતપર, વિવાન સુંદરમ્, બહેન્દ્રેસાહેબ, પ્રો. કે. જી. સુબ્રમણ્યમ, જિમ દોનવન, શેખ ચૌધરી, સવિતાબહેન અમીન, વગેરે)ના પ્રત્યક્ષ અને પરોક્ષ સહયોગ અને પ્રોત્સાહનથી તથા કદીક બધાંથી વિપરીત થઈને રૂપિયા ૧૫૦માં જ માસિક ખર્ચ સાથે અત્યંત આર્થિક સંકડામણમાં ભૂપેન ખખ્ખરે પોતાના 'વન મૅન શો' માટેની તૈયારી આરંભી હતી. લોકપ્રિય રંગીન છબીઓની અશ્લીલ સુંદરતાને વિવિધ શૈલ રંગો સાથે જોડાજોડ મૂકી તેમણે અજોડ 'પોપ' ચિત્રકૃતિઓ સર્જી. 'પોપ કૉલાજ'ના એ ૧૯૬૪-૬૫ દરમિયાનના મુંબઈ જહાંગીર આર્ટ ગૅલરી પ્રદર્શનથી 'ઇન્ડિયન પોપ'નો નવો અધ્યાય શરૂ થઈ ગયો. પ્રદર્શનની સફળતાથી ભૂપેન ખખ્ખર પોતાના ક્ષેત્રમાં બીજા સમકાલીનોથી ખાસ્સા આગળ નીકળી ગયા હતા. તેમને બિરુદ મળ્યું 'ભારતના પહેલવહેલા પોપ આર્ટિસ્ટ'.

અહીંથી જીવનમાં અને ચિત્રશૈલીમાં બદલાવ આવે છે, એની વિગતો જોવા મળે છે. ભૂપેન ખખ્ખર સ્વયંશિક્ષિત ચિત્રકાર હતા. તાલીમ તો સમજ માટે હતી. તેમનાં કાર્ય અને ચિત્રશૈલીની માહિતી આ પ્રમાણે મળે છે. પ્રકરણ ૭, ૮, ૯, ૧૦, ૧૧, ૧૨માં ભૂપેન ખખ્ખરના જીવનમાં આવેલા નવા મિત્રો શંકરભાઈ પટેલ, નૌશિલ મહેતા, ગીતા કપૂર, વલ્લવભાઈ શાહ, રણછોડભાઈ મકવાણા, મધુ રાય, હિમોચી હાઇમન, હોવર્ડ હોજિકન, સલમાન રશદી, ઉમાશંકર જોશી, ચિત્રોમાં આવેલી વાત-લઘુચિત્ર શૈલી, કથનાત્મક શૈલી અને સામાન્ય લોકોનો ચિત્રમાં પ્રવેશ, વાસ્તવવાદી શૈલી, નાટક, વાર્તા અને અન્ય લેખનની પ્રવૃત્તિ, ૧૯૭૯માં ઇંગ્લૅન્ડમાં ભણાવવા ગયા. છ મહિના પછી પરત આવ્યા. વળી પાછો મિત્રો અને વાર્તામાં બદલાવ – સમલૈંગિકતાનું ખુલ્લું આલેખન છોછ વિના કર્યું. એ સમયે જ 'મોજીલા મણિલાલ' નાટક અને 'મગનભાઈનો ગુંદર'ની વાર્તાઓ સાથે અન્ય નાટક 'વાડીલાલ ડ્રેસવાલા યાને કુકર્મોની કહાણી' પણ મળે છે. આ પ્રકરણોમાંથી જ જાણવા મળે છે કે, ''આધુનિક ભારતીય ચિત્રકલાના ક્ષેત્રે દેશ-વિદેશમાં ભૂપેનના કામની નોંધ લેવાઈ રહી હતી. એ ભૂપેનનાં કામની અને શૈલીની સ્વીકૃતિ હતી. ૧૯૯૦નો દાયકો તેમના માટે ભરચક કામ કરવાનો બની રહ્યો. સાથે સાથે તેમનાં ચિત્રોનાં પ્રદર્શનો પણ યોજાતાં રહ્યાં. લગભગ દરેક વરસે તેમનું પ્રદર્શન ક્યાંક ને ક્યાંક ભારત અને ભારત બહાર યોજાતું. એ નિમિત્તે પ્રવાસ પણ થતો.'' (૮૬). પ્રસિદ્ધિના ચરમ શિખરે બિરાજેલા ભૂપેનનાં ચિત્રોના વિષયમાં પુષ્કળ વૈવિધ્ય જોવા મળ્યું, પણ ૧૯૯૮માં એમને પ્રોસ્ટેટનું કેન્સર થયું. હવે માનસિકતા અને કામ કરવાની ગતિ બેઉ

બદલાયાં. મોત તરફ ધકેલાતી જિંદગી અને કલા પ્રત્યેનો લગાવ, દવાખાનાના વિવિધ શહેરોના ધક્કા. ૨૦૦૧માં એમના 'મગનભાઈનો ગુંદર' વાર્તાસંગ્રહના લોકાર્પણ પ્રસંગે મરાઠી કવિ, ચિત્રકાર, ફિલ્મકાર દિલીપ ચિત્રેએ કરેલું વિધાન ખૂબ જ અગત્યનું છે. એમણે કહેલું : ''બે ગુજરાતીઓ અત્યંત પ્રભાવશાળી રહ્યા છે. એમાંના એક ગાંધી અને બીજા ભૂપેન ખખ્ખર.'' (૧૦૦). ભૂપેનની પીડા વધતી ચાલી. આખરે ૭ ઑગસ્ટે ડૉ. હર્ષા હેગડેએ વૃષણનું ઑપરેશન કર્યું, પછી તો સ્થિતિ વધુ બગડી. પણ તોય શ્રીલંકાનો પ્રવાસ કર્યો. ચિત્રોનું કામ તો ચાલુ જ રાખ્યું. ૨૦૦૩માં ૭ ઑગસ્ટે ડૉ. હર્ષા હેગડેએ ભૂપેનનાં ભાભી, ગુલામશેખ અને નીલિમા શેખને કહ્યું, ''યંત્રોને સહારે કેવળ કહેવા ખાતર જિવાડ્યે જવું એ કોરી ભાવુકતા છે.'' (૧૧૦). ને યંત્રો હટાવી લીધાં. બીજે દિવસે સાંજે ૮ ઑગસ્ટે સાડા સાત વાગે ભૂપેને દુનિયા છોડી દીધી.

પુસ્તકનો ખંડ-૨, ખંડ-૧ના અનુસંધાને નિરૂપાયો છે. જીવનમાં સંકટ અને સંઘર્ષની શરૂઆત થઈ તેની સમાંતરે સફળતા મળતી ગઈ. એ બાબતો ખંડ-૧માં ક્રમબદ્ધ જોવા મળે છે, પરંતુ એ દરમિયાન ભૂપેન ખખ્ખરને માનસિક આઘાતો તો સહેવા પડેલા. એની ખૂટતી કડીઓ અહીં જોડાય છે. શરમાળ ને સંવેદનશીલ વ્યક્તિત્વ ધરાવનાર આ સર્જકે રમૂજનો આશરો લઈ પોતાની જાતને સંભાળી. એમનું અંગત જીવન અને કાલ્પનિક કૌટુંબિક જીવનની કલ્પનાઓ કેવી કેવી કરુણતા સર્જે, એ બધી વિગતો, વિગતવાર ઝીણવટથી આ ખંડમાં નિરૂપાઈ છે. આમ કહીને લેખક-સંપાદકે ભૂપેન ખખ્ખરના આ જીવનચરિત્રને રસપ્રદ બનાવ્યું છે. આ ખંડનાં પાંચ પ્રકરણોમાં જે સંવેદન અને ચેતનાનો પરિચય થાય છે, એમાંથી એનું તારણ મેં કાઢ્યું છે કે કલા હંમેશાં કલાકારને ઘડતી આવે છે, જો કલાકાર કલાને નવી ઊંચાઈઓ આપવા બાથ ભીડતો હોય છે. એમ કરવા તે દુનિયાની નારાજગી ને ટીકાઓ વહોરી લેતો હોય છે.

ખંડ ૩ના ત્રણ ભાગ પાડેલા છે. ભાગ-૧, 'શ્રદ્ધાંજલિ'નાં ચાર પ્રકરણમાં લેખક-સંપાદકે ભૂપેનની ચિત્રકલા, લેખનકલા, વિવિધ સામયિકો, લેખકો, વિદ્વાનોએ કરેલ ભૂપેનના મૂલ્યાંકન વિશે વાત કરી છે. રામચંદ્ર પટેલે ચાર કાવ્યોમાં ભૂપેનને ઉપસાવ્યા છે. જ્યોતિ ભટ્ટ અને જયદેવ શુક્લની અહીં નિરૂપેલ વાતોમાંથી નિષ્કર્ષ મળે છે કે 'ભૂપેને એકલે હાથે દેશના કલાપ્રવાહને વળાંક આપવાનું ભગીરથ કાર્ય કર્યું છે.' (૧૯૨). ભાગ-૨ 'ભૂપેનનાં લખાણો'માં ભૂપેને લખેલ પ્રદર્શન કે કલાકાર, લેખક વિશેના ટીકાલેખ તથા પોતાનાં લખાણો, કવિતા ને પ્રવાસનિબંધ સમાવાયાં છે. ભાગ-૩ 'ભૂપેનની કૃતિઓ વિશેનાં લખાણો'માં લવકુમાર દેસાઈ, જયંત પારેખ, શિરીષ પંચાલ અને જયેશ ભોગાયતાના ભૂપેનનાં સર્જન વિશેનાં નિરીક્ષણો – તારણો – અભિગમોના લેખ સમાવાયા છે. ખંડ-૪ 'ભૂપેનની ચિત્રસૃષ્ટિ' માટે ફાળવ્યો છે. ૨૬ ચિત્રો રંગીન છે ને એમનાં નામ તથા સમજૂતી અપાઈ છે. ભૂપેનનાં 'જલેબી ખાતો માણસ, 'લાલ ગમછો પહેરેલો માણસ', 'પ્લાસ્ટિકના ફૂલના ગુલદસ્તા સાથે માણસ' ચિત્રો ખૂબ જ પ્રસિદ્ધ છે. લેખક-સંપાદક બીરેન કોઠારીએ ભૂપેનના અને એમના સંપર્કની વ્યક્તિઓનાં પાત્રો, ડાયરીનાં પાનાં, પેપર-સામયિકનાં કટિંગ, વિવિધ તસવીરો અને ભૂપેનનાં ચિત્રો ઉપરાંત તત્કાલીન સ્થળ, વિસ્તાર, પ્રસંગ, ઘટનાની પરિસ્થિતિઓની, કાર્યની, રહેવાની, આવી પડનાર મુશ્કેલીઓનો સામનો કરવાની તૈયારી, આશંકાઓ, આશાઓનું ખૂબ જ

ઝીણવટભર્યું આલેખન રજૂ કરીને પુસ્તકનું દસ્તાવેજી મૂલ્ય વધાર્યું છે. મુખપૃષ્ઠ પરની ભૂપેનની દુર્લભ તસવીર પુસ્તકને સાર્થક કરે છે. સમગ્ર રીતે જોઈએ તો આ પુસ્તકમાં ભૂપેનનાં આંતર તેમજ બાહ્ય જીવનનું ઢાંકપિછોડા વિનાનું નિર્દંભ આલેખન જોઈ શકાય છે. 'ભૂપેન ખખ્ખર' એ અર્થમાં ઘણી મહત્ત્વની જીવનકથા છે. ભૂપેન ખખ્ખર કેવી રીતે ઉત્તમ કલાસર્જક બન્યા, એનું પગેરું એમની સર્જનયાત્રામાં ક્યાં ક્યાં પડેલું છે, તે પ્રસંગો અને વ્યક્તિઓ લઈને બીરેન કોઠારીએ આંગળી મૂકીને દર્શાવી આપ્યું છે.

ભૂપેન ખખ્ખર વિશે સૌથી પહેલવહેલો પરિચય વિસ્તારથી મહેન્દ્ર દેસાઈએ ૧૯૮૨માં 'ચિત્રલેખા'ના દીપોત્સવી અંકમાં પ્રકાશિત કર્યો હતો. એમનો આંતરરાષ્ટ્રીય સ્તરે બધાને પરિચય થાય એ માટે કૅટલૉગ અને પુસ્તક 'A man labelled Bhupen Khakhar Branded as Painter' પણ મહેન્દ્ર દેસાઈએ ૧૯૮૩માં લખ્યું. ખુદ ભૂપેન ખખ્ખરે એ માહિતી કહી હતી. એ સિવાય ગુલામમોહમ્મદ શેખ, રણછોડભાઈ મકવાણા, ડૉ. સુનિલ કોઠારી, ટિમથી હાઈમન, સવિતાબહેન અમીન, વલ્લભભાઈ શાહ, શીતલ અને કિન્નરી લાખિયા, બાબુ છાડવા, હોવર્ડ હોજિકન અને વિવાન સુંદરમ્ સાથે વાતચીત કરીને બહુપરિમાણીય પરિચય તૈયાર થઈ શકેલો. એ પુસ્તકનો ગુજરાતી અનુવાદ જાણીતાં લેખિકા હિમાંશી શેલતે કર્યો હતો. નામ હતું 'નોખા મિજાજનો અનોખો ચિત્રકાર'. ૨૦૦૪માં મુંબઈના 'વિકલ્પ પ્રકાશને' તે પ્રકાશિત કરેલું. ગુજરાતીમાં આ પુસ્તક ભૂપેન ખખ્ખરના વ્યક્તિત્વજગતનો પરિચય કરાવતું નિસરણીનું પહેલું પગથિયું છે. તો બીરેન કોઠારી દ્વારા લિખિત [ભૂપેન ખખ્ખર (આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત, પદ્મશ્રી સન્માનથી વિભૂષિત ચિત્રકારના જીવનરંગોની ઝલક)] પુસ્તક ભૂપેન ખખ્ખરના વ્યક્તિત્વજગતનો ઊંડો પરિચય આપતું આગળનું પગથિયું છે. આ પુસ્તક પછીય રસિકોએ એમનાં ચિત્રો અને સાહિત્ય સુધી જવું જ રહ્યું.

સંદર્ભ : ભૂપેન ખખ્ખર (આંતરરાષ્ટ્રીય ખ્યાતિપ્રાપ્ત, પદ્મશ્રી સન્માનથી વિભૂષિત ચિત્રકારના જીવનરંગોની ઝલક) – લેખન-સંપાદન બીરેન કોઠારી, સાર્થક પ્રકાશન, અમદાવાદ, પ્રથમ આવૃત્તિ - ૨૦૨૫.

■

મુંબઈમાં કમિશન નહીં આપવાની મારી ટેક હતી તે અહીં તૂટી ગણાય. બે સ્થિતિનો ભેદ મને સમજાવવામાં આવ્યો હતો. તે આ હતોઃ મુંબઈમાં મારે કેવળ દલાલને પૈસા આપવાની વાત હતી; અહીં વકીલને. જેમ મુંબઈમાં તેમ અહીં પણ બધા બારિસ્ટરો વગર અપવાદે આમ અમુક ટકા આપે છે એમ મને બતાવવામાં આવ્યું હતું. મારા ભાઈની દલીલનો ઉત્તર મારી પાસે નહોતો. 'તું જુએ છે કે હું બીજા વકીલનો ભાગીદાર છું. અમારી પાસે આવે તેમાંના કેસ જે તને આપી શકાય તે આપવાની મારી વૃત્તિ તો રહે જ. પણ જો તું તારી ફીનો ભાગ મારા ભાગીદારને ન આપે તો મારી સ્થિતિ કેવી કફોડી થાય? આપણે સાથે રહીએ એટલે તારી ફીનો લાભ મને તો મળે જ, પણ મારા ભાગીદારને? અને જો તે જ કેસ તે બીજી જગ્યાએ આપે તો તેને ભાગ મળે જ.' આ દલીલથી હું ભોળવાયો ને મને લાગ્યું કે, જો મારે બારિસ્ટરી કરવી હોય તો આવા કેસમાં કમિશન ન આપવાનો આગ્રહ મારે ન રાખવો જોઈએ. હું પીગળ્યો. મારા મનને મનાવ્યું, અથવા સ્પષ્ટ શબ્દોમાં કહું તો, છેતર્યું. પણ આ સિવાય બીજા કોઈ પણ કેસમાં મેં કમિશન આપ્યાનું મને સ્મરણ નથી.

– **'સત્યના પ્રયોગો અથવા આત્મકથા' : મહાત્મા ગાંધી**

બિપિન પટેલ અને ટૂંકી વાર્તાનું પોએટિક્સ

અજય સરવૈયા

૧

બિપિન પટેલની કલાવિચારણામાં બે લેખકોનું યોગદાન બહુ મહત્ત્વનું છે – એક, દોસ્તોયેવ્સ્કી અને બીજા, ચેખોવ. હાલમાં દોસ્તોયેવ્સ્કી પરના એમના લેખમાં બિપિન પટેલ લખે છેઃ 'દોસ્તોયેવ્સ્કી પણ ઈશુ–ગાંધીની પંગતમાં બેસે એવા સર્જક છે. એમણે એમના જીવનમાં ઈશુનાં પ્રેમ અને કરુણા ઉતારવા મથામણ કરી એ તો સહી, પરંતુ સૌથી વડેરી વાત એ છે કે, આવી પ્રેમ–કરુણાસભર પાત્રસૃષ્ટિ રચી અને એ પ્રકારનાં કથાનકોની ભેટ વિશ્વને બક્ષી. તેથી તો દોસ્તોયેવ્સ્કી ક્યારેય, કોઈ પણ પાત્રને, તેના અધમમાં અધમ કૃત્યને ધિક્કારથી રજૂ નથી કરતા, કારણ કે સર્જક દોસ્તોયેવ્સ્કીમાં ધિક્કાર નામશેષ થઈ ગયો છે, અહં ઓગળી ગયો છે, રાગ–દ્વેષ મટી ગયાં છે, પ્રેમ છે, પણ ચોક્કસ વ્યક્તિવિશેષ કે સમૂહ માટે નહીં, પરંતુ સમગ્ર જગત માટે.' (પટેલ ૨૦૨૫). આપણા સમયમાં જ્યારે વ્યક્તિની ઓળખ ભાષા, જાતિ, જ્ઞાતિ, વર્ગ, ધર્મ વગેરે જેવાં વિવિધ માળખાંઓથી ઘડાતી હોય ત્યારે બિપિન પટેલનું છેલ્લું વિધાન કલા ને માનવમૂલ્યોમાં આપણી આશાને જીવતી રાખે છે. ઉપરાંત, એક લેખક બીજા લેખકમાં શું શોધે છે કે બીજા લેખક પાસેથી શું પામે છે તે તેનું કૅલિબર કે ક્ષમતા કે ચરિત્ર બતાવે છે. બિપિન પટેલ દોસ્તોયેવ્સ્કીમાં અનુકંપા, કરુણા ને પ્રેમ જુએ છે, એ અને આ મૂલ્યોની ખેવના એમને અત્યંત મહત્ત્વના ને અનોખા લેખક બનાવે છે.

૨

બિપિન પટેલની ટૂંકી વાર્તાઓનું એક મહત્ત્વનું લક્ષણ છે – ચેખોવિયન વાસ્તવવાદ. આ અભિગમ ટૂંકી વાર્તાને કે કલાને વાસ્તવના અરીસા તરીકે જુએ છે. કલા એ અમૂર્ત વિભાવના હોવાથી એને જુદાં જુદાં મેટાફરથી જ સમજી શકાય. કલાને સમજવા 'અરીસા' સિવાય બીજા મેટાફર પણ વપરાય છે, અને એ દરેકની તાત્ત્વિક ભૂમિકા જુદી જુદી હોય છે. મને પ્રશ્ન થાય છે કે બિપિન પટેલે ધરેલા આ અરીસામાં વાસ્તવ રૂપે શું શું દેખાય છે?

બિપિન પટેલનો વાસ્તવવાદ બહુ રસપ્રદ છે. એ વ્યક્તિને વ્યવસ્થાના ભાગ રૂપે જુએ છે. આ વ્યવસ્થા પરિવાર સ્વરૂપે, સમાજ સ્વરૂપે, રાજ્ય સ્વરૂપે, અર્થવ્યવસ્થા સ્વરૂપે કે સંસ્કૃતિ સ્વરૂપે હોઈ શકે. એમની વાર્તાઓમાં આ દરેક વ્યવસ્થા વ્યક્તિને કઈ રીતે એકલો કરી મૂકે છે કે ખૂણામાં ધકેલી દે છે કે નગણ્ય કરી મૂકે છે એનું કરુણ નિરૂપણ છે.

વ્યક્તિ (structure) હંમેશાં વ્યવસ્થા (system)ના ભાગ રૂપે અસ્તિત્વ ધરાવે

છે – એ સત્ય સાથે આ લેખક સતત પનારો પાડતા રહ્યા છે. વળી એ એક કડવું અને કરુણ સત્ય આપણી સમક્ષ મૂકતા રહ્યા છેઃ આ જુદી જુદી વ્યવસ્થામાં, વ્યક્તિ કે વ્યવસ્થા પોતે, મનુષ્ય માટેની અનુકંપા ગુમાવતા રહ્યા છે (ખાસ કરીને છેલ્લા ચાર દાયકા દરમ્યાન). આ સત્ય સાથે સંકળાયેલું બીજું એક સત્ય પણ લેખક આપણી સમક્ષ મૂકતા રહ્યા છેઃ આપણી બધી જ વ્યવસ્થાઓ તૂટેલી છે ભાંગેલી છે, કે નિષ્ફળ ગયેલી છે. આ સત્ય કે insight બિપિન પટેલને અત્યંત મહત્ત્વના લેખક પુરવાર કરે છે.

૩

બિપિન પટેલના પહેલા સંગ્રહ 'દશમન'(૧૯૯૯/૨૦૨૪)ની પહેલી વાર્તા 'હોળી'માં જાતિભેદ ને ધર્મભેદનાં દૂષણો વ્યવસ્થામાં નિહિત ભંગાણ રૂપે ઘડાયેલાં છે. આ વાર્તામાં લેખક ગ્રૂપ મેન્ટાલિટી અને બુલી કલ્ચરને તપાસે છે. આ વાર્તામાં એક વ્યક્તિ જેને હોળી નથી રમવી એને લોકો ભેગા મળી પાણી-રંગ-કેમિકલથી રગદોળી નાખે છે એવી કથા છે. વાર્તાનો પ્લૉટ અરૈખિક (non-linear) છે, એમાં આવતા બે ફ્લૅશબૅકને કારણે. કઈ રીતે જૂથમાં ભેગા થઈ લોકો પોતાના પૂર્વગ્રહોના આધારે મનમાની કરી શકે, હિંસા આચરી શકે, એકલી વ્યક્તિને નામશેષ કરી શકે, તેમજ કઈ રીતે વ્યવસ્થા એક વ્યક્તિ પ્રત્યે કરુણા કે અનુકંપા દાખવી શકતી નથી, એનું આલેખન આ વાર્તા કરે છે. આજના સમયમાં બુલી કલ્ચર, પુરુષપ્રધાન વ્યવસ્થા કે 'પુરુષ હોવું એટલે શું?' જેવા મુદ્દાઓની ચર્ચા થઈ રહી છે ત્યારે બિપિન પટેલની આ વાર્તા એમને સમજવાનું મૉડલ પૂરું પાડે છે.

એમની પહેલી વાર્તાથી જ એમનું આગવું પોએટિક્સ ઘડાઈ રહેલું. મોટે ભાગે એક પાત્ર હોય, એના વિરોધમાં એના પરિવારના કે ઑફિસના કે સોસાયટીના સભ્યો પાત્રો તરીકે ઘડવામાં આવેલા હોય. એ જ રીતે ઘટનાઓ પણ એવી કે જેમાં મુખ્ય પાત્ર અને અન્ય પાત્રો વચ્ચેનો વિરોધ ઊપસી આવે. ઘટના એવી વિશિષ્ટ હોય કે વ્યક્તિ અને વ્યવસ્થા બંને ઊપસી આવે, જેમ કે હોળી-ધુળેટીનો તહેવાર (હોળી), ગ્રહણનો દિવસ (ગ્રહણ), ખેતર કે જમીન વેચવી (કુંવાશીઓ ઓલે તો), નોકરી મળવી (સંગીતશિક્ષક), સોસાયટીના પાણીમાં પંચદ્રવ્ય મેળવવું (પંચદ્રવ્ય), વગેરે. લેખક એવી ઘટના ઘડે કે જેનાથી વિરોધ કે એકથી વધારે મંતવ્યો કે માન્યતાઓ આકાર પામે. એ રીતે માત્ર એક પાત્રની મનોકથા નહિ, પણ એ પાત્રની એની વ્યવસ્થામાં થતી ફજેતી કે માનહાનિ કે સંઘર્ષને આકાર મળતો જાય. એમની વાર્તાઓના પ્લૉટની રચના causal હોય કે જેમાં ઘટનાઓ કાર્યકારણસંબંધથી સંકળાયેલી હોય, અથવા acausal હોય કે જેમાં ઘટનાઓ fragmented હોય કે કાર્યકારણના સંબંધથી સંકળાયેલી ન હોય. એક જ પાત્રની વ્યથા-કથા પર કામ કરનારા લેખકો માત્ર એક જ ટ્રૅક પર કામ કરતા હોય છે; જ્યારે બિપિન પટેલ મલ્ટિપલ ટ્રૅક પર કામ કરતા હોય છે, અને એથી એ પાત્ર અને વ્યવસ્થાને સાંકળી શકે છે.

૪

બિપિન પટેલે ધરેલા અરીસામાં એ પણ દેખાય છે કે એમની વાર્તાઓ સાંસ્કૃતિક સમીક્ષા (cultural critique) છે.

પહેલા સંગ્રહ 'દશમન'(૧૯૯૯/૨૦૨૪)માંની એમની વાર્તા 'ગ્રહણ' વિશે મેં અગાઉ

ચર્ચા કરી છે (સરવૈયા ૨૦૦૮, ૨૦૧૭). આ વાર્તા અંગે હું થોડી જુદી ચર્ચા કરવા માગું છું, થોડું પુનરાવર્તન થશે, પણ દલીલ માટે એ જરૂરી છે. 'ગ્રહણ' વાર્તા ત્રણ પાત્રોની આસપાસ રચાયેલી છેઃ વૃદ્ધ મણિબા, એમનો દીકરો સંદીપ અને એની પત્ની જાગૃતિ. વાર્તાની શરૂઆતમાં મણિબા સંદીપનાં બાળકોને ગ્રહણની પુરાણકથા સંભળાવે છે, અને જણાવે છે કે ગ્રહણ છૂટે નહિ ત્યાં સુધી ઘરની બહાર ન નીકળવું. મણિબા શાસ્ત્રને કે મિથને વળગી રહે છે. સંદીપ મિથ કે પરંપરા સામે બંડ પોકારતો ઘરની બહાર નીકળી પડે છે. જાગૃતિ મણિબાના હુકમની આમન્યા જાળવે છે ને સંદીપના વિદ્રોહને પણ સ્વીકારે છે. એ ઘરની બહાર નીકળતી નથી ને સાફસફાઈ કરવાનું માથે લે છે. સાસુ અને બાળકો વરંડામાં છે, પતિ ઘરની બહાર, ને એ સફાઈકામ દરમ્યાન નોકર ધનજી સાથે શરીરસુખ માણે છે. 'શો પહાડ તૂટી ગયો?' સંદીપના એ ઉદ્ગાર સાથે વાર્તાનો અંત આવે છે.

પહાડ તો નથી તૂટતો, પણ ગ્રહણ લાગે છે. સંદીપ અને જાગૃતિ વચ્ચે ધનજી આવી જાય છે ને આ ગ્રહણ વિશે સંદીપ અજાણ છે, જે આ વાર્તાની આયરની છે. વાર્તાનો પ્લૉટ causal (કાર્ય-કારણ શૃંખલા આધારિત) છે. મણિબા ગ્રહણની પુરાકથા કહે છે, ને એની સાથે સંકળાયેલા પારંપરિક રિવાજનો ઉલ્લેખ કરે છે. બુદ્ધિવાદી સંદીપ એના વિરોધ રૂપે ઘરની બહાર નીકળે છે. એક તરફ, રિવાજ કે ગ્રહણના દિવસે રસોડું બંધ રહે, ને બીજી તરફ, પરિવારજનોની ગેરહાજરીને કારણે જાગૃતિ નોકર ધનજી સાથે કામક્રીડા માણી શકે છે.

આ વાર્તા ત્રણ જુદા જુદા સમય કે પરિપ્રેક્ષ્ય (world-views)ને એકબીજાની પાસે મૂકે છે. મણિબા પૂર્વ-આધુનિક સમય કે મિથિકલ દૃષ્ટિકોણનું પ્રતિનિધિત્વ કરે છે ને એ રીતે ગ્રામ્ય અર્થવ્યવસ્થા(economy)ને પ્રસ્તુત કરે છે. આ સમયમાં ધર્મ એ સંસ્કૃતિ અને સમાજજીવનનું કેન્દ્રીય બળ હતું. રહસ્યોની સમજૂતી પુરાકથાઓ દ્વારા અપાતી, ને પરંપરાને વળગી રહેવું એ જીવનરીતિ હતી. સંદીપ આધુનિક સમય ને વૈજ્ઞાનિક દૃષ્ટિકોણનું પ્રતિનિધિત્વ કરે છે. વિજ્ઞાન અને બુદ્ધિવાદ આ સમયનાં કેન્દ્રીય બળો હતાં. રહસ્યોની સમજૂતી વૈજ્ઞાનિક પદ્ધતિથી અપાતી. આ તબક્કો શહેરી અર્થવ્યવસ્થાને રજૂ કરે છે. શહેરી અર્થવ્યવસ્થામાં કામના કલાકો નિયત હોવાથી ફુરસતની વિભાવના ઊભી થઈ. પરિણામે નવલકથા, ટીવી, ફિલ્મની સંસ્કૃતિ ઊભી થઈ. જાગૃતિ અનુ-આધુનિક સમય કે મનોરંજનલક્ષી દૃષ્ટિકોણનું પ્રતિનિધિત્વ કરે છે. આ તબક્કાનું કેન્દ્રીય બળ ઉપભોગ કે મનોરંજન છે. કોઈ નૈતિક દુવિધા કે ગિલ્ટના અભાવવાળું મનોરંજન. આ તબક્કો બજાર અર્થવ્યવસ્થાને પ્રસ્તુત કરે છે.

આ વાર્તા ત્રણ સમય કે તબક્કાને પાસે પાસે મૂકી ભારતીય સમાજની વાસ્તવિકતા નિરૂપે છે. આ વાર્તામાં નિરૂપાયેલી ત્રણેય જીવનપદ્ધતિઓનાં કેન્દ્રીય બળ, નૈતિકતા, નિર્ણયો, એષણાઓ જુદાં જુદાં છે. આ ત્રણેય જાણે વાસ્તવિકતાનાં જુદાં જુદાં versions છે. આ વાર્તાની ખાસિયત એ છે કે કોઈ એક પાત્ર કે એની વાસ્તવિકતા મુખ્ય નથી. વિરોધ હોવા છતાં આ વાસ્તવિકતાઓ સહઅસ્તિત્વ ધરાવે છે. વળી ઉપભોક્તાવાદનું રાજકારણ અને અર્થકારણ કઈ રીતે એક પરિવારના જીવનમાં પ્રવેશે છે ને કઈ રીતે એ આ પરિવારના સંબંધોને અસર કરે છે એની સાંસ્કૃતિક સમીક્ષા આ વાર્તા પૂરી પાડે છે. ટીવી પર વિનોદ

ખન્નાને જોઈ જાગૃતિની એષણા જાગી ઊઠે છે ને એ પછી ધનજી સાથે પૂરી થાય છે. વ્યવસ્થા કઈ રીતે વ્યક્તિને અસર કરી શકે એનું ઉત્તમ ઉદાહરણ આ વાર્તા પૂરું પાડે છે.

ગ્રામ્ય અર્થવ્યવસ્થા, પછી શહેરી અર્થવ્યવસ્થા, ને પછી બજારકેન્દ્રી અર્થવ્યવસ્થા, ને એના પછી શું? બજાર ગામ કે શહેરનો ભેદ નથી સ્વીકારતું, એ રાજ્ય કે દેશનો ભેદ પણ નથી સ્વીકારતું. એટલે કે હવે આપણે કોઈ ગામ કે શહેર કે દેશમાં નથી વસતા, પણ બજારમાં વસીએ છીએ. ને બજાર માત્ર ઉપભોગને સ્વીકારે છે. રાજ્યવ્યવસ્થા અને અર્થવ્યવસ્થા બદલાવાથી મનુષ્યની એષણા પણ બદલાય છે, એમાં ઉપભોગ કેન્દ્રીય બનતો જાય છે ને એ કઈ રીતે બીજા સ્ટ્રક્ચર્સને – લગ્નજીવન, કુટુંબજીવન વગેરેને અસર કરે છે, એની સંકુલ ને સૂક્ષ્મ સમીક્ષા આ વાર્તા કરે છે.

'ગ્રહણ'માં એક પરિપ્રેક્ષ્ય બીજાને replace કે displace નથી કરતો. ત્રણેય પરિપ્રેક્ષ્ય એમના આંતરિક વિરોધ સાથે સહઅસ્તિત્વ ધરાવે છે. અહીં એક પરિપ્રેક્ષ્ય બીજા કરતાં ચડિયાતો કે ઊંચો કે વિશેષ નથી. એથી આ સંદર્ભે આ વાર્તા અનુઆધુનિકતાનું ઉત્તમ ઉદાહરણ છે. એમની વાર્તાઓમાં લ્યોતાર (૧૯૮૪) કહે છે તેવા little narratives છે, કોઈ grand narrative નથી. વિકાસ કે પ્રગતિનાં મહાકથાનકો સામે બિપિન પટેલ લઘુકથાનકોની બહુવિધતા ને સંકુલતા સર્જથા રહ્યા છે. સૌથી મહત્ત્વની બાબત એ છે કે વાર્તાકાર કે કલાકાર તરીકે બિપિન પટેલ કોઈ પણ પાત્ર કે એના સમય કે એની જીવનદૃષ્ટિનો પક્ષ નથી લેતા. એ નિષ્પક્ષ રીતે પોતાના સમયને જુએ છે ને આલેખે છે. એક તરફ, બહુવિધતાના સહઅસ્તિત્વને આલેખવું, ને બીજી તરફ, કોઈ પક્ષ ન લેવો, એ કલાકાર તરીકે એમની અનેરી ક્ષમતાનું સૂચન કરે છે.

૫

હવે બહુ મહત્ત્વનો તાત્ત્વિક પ્રશ્ન ઊભો થાય છેઃ ગ્રામ્ય અર્થવ્યવસ્થામાં ધર્મ કેન્દ્રમાં હતો, જેનું વિસ્થાપન થઈ શહેરી અર્થવ્યવસ્થામાં વિજ્ઞાન કેન્દ્રમાં આવ્યું, એનું વિસ્થાપન થઈ બજાર અર્થવ્યવસ્થામાં મનોરંજન કેન્દ્રમાં આવ્યું, તો એના પછી શું? મનોરંજન અને ઉપભોગ પછી શું? માત્ર નફો. નફાનું રાજકારણ, નફાનું અર્થકરણ ને નફાનું સંબંધકારણ, બસ, એ જ રહી જાય છે.

બિપિન પટેલની વાર્તા 'કુંવાશીઓ ઓલે તો'માં નફાના રાજકારણ કે અર્થકારણની અસર કુટુંબના સંબંધો પર કઈ રીતે પડે છે અને કઈ રીતે કાવાદાવા કરી કૌટુંબિક સંપત્તિમાં બહેનને એનો ભાગ નથી આપવામાં આવતો, એનો ચિતાર છે. એ જ રીતે, એમની વાર્તા 'સંગીતશિક્ષક'માં ખેતર સામે નોકરી એવો વેપાર થાય છે, ને સંગીતશિક્ષક અને પટાવાળા વચ્ચેનો ભેદ ભૂંસાઈ જાય છે. કુટુંબવ્યવસ્થા અને શિક્ષણવ્યવસ્થા એના ભંગાણ સાથે જ ટકી રહેલી છે. બિપિન પટેલના ત્રીજા વાર્તાસંગ્રહ 'વાંસનાં ફૂલ'(૨૦૧૭)માં પ્રગટ થયેલી આ બંને વાર્તાઓનો સુંદર આસ્વાદ પ્રવીણસિંહ ચાવડાએ આ સંગ્રહની એમની પ્રસ્તાવનામાં કર્યો છે.

હું અહીં ચર્ચા કરવા માગું છું એમના (૨૦૨૫) ચોથા વાર્તાસંગ્રહની એક વાર્તા

‘પંચદ્રવ્ય’ વિશે. આ વાર્તા જુદા જુદા પૉઇન્ટ ઑફ વ્યૂથી કહેવાયેલી છે. શરૂઆતમાં ન્યૂટ્રલ પૉઇન્ટ ઑફ વ્યૂ છે. વાર્તાની શરૂઆત સોસાયટીના એક સર્ક્યુલરથી થાય છે. આ સર્ક્યુલર સોસાયટીના પાણીમાં પંચદ્રવ્ય મેળવવાની વિગત આપે છે. પછી સોસાયટીના સભ્યોની મિટિંગ થાય છે, હવે ફોકસ ગ્રૂપ ઉપર આવે છે, collective ઉપર. પછી એક પાત્ર જયંતના પૉઇન્ટ ઑફ વ્યૂથી વાર્તા આગળ વધે છે. જયંતને પંચદ્રવ્યના સેવનથી થતી અસરનું નિરીક્ષણ કરવાની જવાબદારી સોંપવામાં આવે છે, જે એ પ્રામાણિકતાથી નિભાવે છે, બધી વિગતો બરાબર નોંધે છે ને વિશ્લેષણાત્મક તારણ પણ પૂરું પાડે છે. અંતે ફરી પૉઇન્ટ ઑફ વ્યૂ બદલાય છે, બીજાં પાત્રોની નજરે જયંતને જોવાય છે. આ પાત્રો જયંતને ગાંડો ગણાવે છે.

આમ જુદા જુદા પૉઇન્ટ ઑફ વ્યૂ દ્વારા વાર્તાકાર એક ટ્રૅજિક સત્ય આપણી સામે મૂકે છે. સત્ય એ નથી કે પંચદ્રવ્યની અસરથી બધા ગાંડા થઈ રહ્યા છે. સત્ય એ છે કે સતત સર્વેલન્સ ચાલી રહ્યું છે. જયંતને જ નિરીક્ષણની જવાબદારી સોંપવામાં નથી આવી, બીજાઓને પણ સોંપવામાં આવી છે. જયંતને જેમ બીજા ગાંડા કે અર્ધગાંડા ભાસે છે, તેમ બીજાઓને જયંત ગાંડો ભાસે છે. જયંતને લાગે છે કે એ પ્રામાણિકપણે નિરીક્ષણ કરી રહ્યો છે, બીજાઓને પણ એવું જ લાગે છે. જયંતની જેમ બીજાઓ પણ વિશ્લેષણ કરી રહ્યા છે ને તારણો કાઢી રહ્યા છે.

ટ્રૅજેડી એ છે કે બજારકેન્દ્રી અર્થકારણ અને અનુ-સત્યના સમયમાં માત્ર સર્વેલન્સ ચાલે છે, માત્ર સર્વેલન્સ સર્વોપરી છે. આવામાં કોણ સાચું, શું ખોટું, શું સારું વગેરેનો કોઈ અર્થ રહેતો નથી. બધા માત્ર એકબીજાને એક્સક્યુઝ કરવાના, જેથી પોતે સલામત રહી શકે. એટલે દરેક જણ માત્ર survival modeમાં જ ટકી શકે, એ સિવાય બીજું કશું જ મહત્ત્વનું નથી રહેતું. વ્યક્તિ મહત્ત્વની નથી રહેતી; એટલે વ્યક્તિનું સુખ, આનંદ કે વિકાસ પણ મહત્ત્વનાં નથી રહેતાં, માત્ર સર્વેલન્સ સિસ્ટમ પાવરમાં રહે છે. વ્યક્તિ ગૌણ અને નગણ્ય બની જાય છે. એમની પહેલી વાર્તા ‘હોળી’માં વ્યક્તિ નગણ્ય બની ગયેલી ને છેલ્લા સંગ્રહની આ વાર્તા ‘પંચદ્રવ્ય’માં પણ. કોઈ પણ સંબંધમાં કે વ્યવસ્થામાં નફો કેન્દ્રીય કે સર્વોપરી બને પછી લોભ અને પરિગ્રહ, ઉપભોગ અને સલામતી સિવાય કંઈ બચતું નથી. નફો અન્યને નિઃશેષ કરીને જ જંપે છે. વળી લેખક કોઈ પક્ષ નથી લેતા, એમનો સૂર નથી તૂટતો. એ પોતાના સમયને જુએ-આલેખે છે ને વાસ્તવિકતાને સમજવાના નવાં નવાં મૉડેલ રચતા રહે છે.

૬

બિપિન પટેલની પહેલી વાર્તાથી હાલ લખી રહ્યા છે તે વાર્તા સુધી એમના સૂરમાં સાતત્ય રહ્યું છે, જે કોઈ પણ વિશિષ્ટ કલાકારનું મહત્ત્વનું લક્ષણ છે.

બિપિન પટેલ વ્યક્તિને માત્ર એની એષણા કે ભાવનાના સંદર્ભે નહિ, એની વ્યવસ્થા સંદર્ભે તપાસતા રહ્યા છે. ઉત્તમ કલાકાર તરીકે આ એમનું મહત્ત્વનું લક્ષણ છે. એમની વાર્તાલેખનની આ રીત અત્યંત ચૅલેન્જિંગ છે. ગાંધી યુગમાં પણ સામાજિક અને સાંસ્કૃતિક

દૂષણો વિશે વાર્તા લખાતી હતી, પણ એ લેખકો સમાજને સુધારી શકાય છે એવી આશાથી દોરવાયેલા હતા.

બિપિન પટેલની વાર્તાઓ શીખવે છે કે સિસ્ટમ કે વ્યવસ્થા ભાંગેલી જ હોય. એમાં રહેલા દોષ નિવારી શકાતા નથી; એક દોષનું સ્થાન બીજો દોષ લેશે, વ્યવસ્થા તો ભગ્ન જ રહેશે. આપણને એવો ભ્રમ હોય છે કે દોષ દૂર કરી શકાશે, ને એ રીતે વ્યવસ્થાને સુધારી શકાશે, પણ વ્યવસ્થા એની નિષ્ફળતાઓ સાથે જ ટકેલી હોય છે. એથી આ લેખક આશાનો ભ્રમ નથી પાળતા, પણ કરુણા ને પ્રેમની વાત કરે છે, જે કલાકાર તરીકે એમની મહાનતા સૂચવે છે. એથી બિપિન પટેલ અખો કે દોસ્તોયેવ્સ્કી જેવા લાગે છે.

સંદર્ભગ્રંથો :

- Lyotard, Jean-Francois. 1984. The Postmodern Condition: A Report on Knowledge. University of Minnesota Press.
- પટેલ, બિપિન. ૧૯૯૯/૨૦૨૪. દશ્મન. અમદાવાદ : ઝેડ-કેડ પબ્લિકેશન.
- પટેલ, બિપિન. ૨૦૧૭/૨૦૨૪. વાંસનાં ફૂલ/સિલ્વર જ્યુબિલી. અમદાવાદઃ ઝેડ-કેડ પબ્લિકેશન.
- પટેલ, બિપિન. ૨૦૨૫. પંચદ્રવ્ય. અમદાવાદઃ ઝેડ-કેડ પબ્લિકેશન.
- સરવૈયા, અજય. ૨૦૦૮. બોર્હેસ અને હું : ગુજરાતી ઓળખની શોધ. અમદાવાદ. નવભારત સાહિત્ય મંદિર.
- સરવૈયા, અજય. ૨૦૧૭. વાસ્તવિકતા કે વાસ્તવિકતાઓ? એતદ્-૨૧૬, ૩૪-૪૧.

■

ત્રણ વાર્તાકારોની વિદાય :
કર્યા ઉદ્‌ગારો, તે બહુ બહુ હવામાં વહી ગયા

કિરીટ દૂધાત

બિપિન પટેલ



મોના પાત્રાવાલા

રાજુ પટેલ

જૂન, ૨૦૨૬નો મહિનો ગુજરાતી ટૂંકી વાર્તા માટે માઠા સમાચાર લઈને આવ્યો. જેના શ્વાસોશ્વાસમાં વાર્તા અને વાર્તા જ ફોરતી હોય તેવાં ત્રણ સર્જકોએ આપણી વચ્ચેથી વિદાય લીધી. બીજી જૂને પારસીઓની અલગ પાત્રસૃષ્ટિ લઈને આવતાં મોના પાત્રાવાલાને આપણે ગુમાવ્યાં. પારસી શબ્દ બોલતામાં આપણી આગળ ઝુબિન મહેતા કે રતન ટાટા જેવી નખશિખ ભદ્ર વ્યક્તિઓ ખડી થાય. પણ, મોના પાત્રાવાલાએ વાંસદા અને તેની આસપાસનાં જંગલોમાં આજીવિકા માટે વસી ગયેલા પારસીઓ ધીમે ધીમે પ્રકૃતિ અને સ્થાનિક રહીશોની નિકટતાને લીધે કેવી રીતે સુસંસ્કૃતમાંથી પ્રાકૃત થતા જાય છે એનું ચિત્રણ ‘રાની બિલાડો’ સંગ્રહની વાર્તાઓમાં આબાદ કર્યું છે. ભરત – ગીતા નાયકે યોજેલી અનેક સાહચર્ય લેખન શિબિરમાં મોના તથા એમના પતિ નાઝિર મનસૂરીનો સંગાથ હજી યાદોમાં તાજો છે. તો પાંચમી જૂને રાજુ પટેલ (જન્મ : ૨૦/૬/૧૯૬૪) ગયા. એમની સાથે અલપઝલપ મુલાકાતો થતી રહેતી, પરંતુ વધારે સંવાદ તો મોબાઇલ દ્વારા રહ્યો. એમના દેખાવમાં તથા કલાવિચારણામાં કશુંક ઉફરાપણું હતું જે એમણે ‘વારેવા’ શીર્ષકથી યોજેલી વાર્તાશિબિરોમાં નજરે ચડતું. આ શિબિરોએ એકાધિક યુવા વાર્તાકારોને ઘડ્યા છે. આ જ ‘વારેવા’ ફક્ત વાર્તાને વરેલા માસિક તરીકે પ્રગટ્યું જેમાં એમની અલગ રુચિનો ખ્યાલ આવતો. હવે જ્યારે કર્તા જ ગેરહાજર થઈ ગયા છે ત્યારે Rajuesque વાર્તાની વિભાવનાને આગળ વધારવાની તેમ જ સામયિકનું અસ્તિત્વ ટકી રહે તે માટે નિલેશ મુરાણી તથા રાજુ પટેલના મોટા ભાઈ કિશોર પટેલના ખભે મોટી જવાબદારી કુદરતે મૂકી છે.

બિપિન પટેલનું (જન્મ : ૧/૭/૧૯૫૩; અવસાન : ૨૪/૬/૨૦૨૬) મહત્ત્વ એ રીતે છે કે ગુજરાતી ટૂંકી વાર્તાને હંમેશાં મહેણું સાંભળવાનું આવે છે કે એમાં સાંપ્રત સમાજ કે છેવાડાના જણનો ઉલ્લેખ સરખો હોતો નથી. પોતાને સર્જક ગણાવતો આપણો ગુજરાતી લેખક ટેબલલૅમ્પના અજવાળે લખ્યે રાખે છે. આ મહેણું કંઈક અંશે નવનીત જાની જેવા વાર્તાકાર અને મહદ્અંશે છેલ્લાં દસેક વરસમાં બિપિન પટેલે ભાંગ્યું. એમની ‘સંગીતશિક્ષક’ વાર્તામાં પોતાનું ખેતર ગુમાવી બેઠેલો એવો માણસ છે કે જેની જમીન શિક્ષણ માફિયાઓએ ઊંચા ભાવે પચાવી પાડી છે અને સમય જતાં ખુદની જમીન પર શિક્ષણ માફિયાઓએ સ્થાપેલી શાળામાં પટાવાળાની નોકરી કરવા લાચાર બન્યો છે. તો ‘પંચદ્રવ્ય’માં દરેક નાગરિક અહર્નિશ રાજસત્તાના જાસા નીચે છે એ નગ્ન વાસ્તવિકતા આબાદ રીતે વ્યક્ત થાય છે. એમનું બીજું થીમ છે, ઉત્તર ગુજરાતથી અમદાવાદ જેવા મહાનગરમાં આવી વસેલાં પટેલ કુટુંબો. જે પાછળ છોડીને આવેલી ગ્રામ્ય સંસ્કૃતિને યથાતથ જાળવી રાખવી કે પછી પરિવર્તનશીલ મહાનગરનાં બદલાતાં મૂલ્યો અપનાવવાં એવી તાતી સમસ્યા સામે રોજેરોજનું ઝઝૂમવું. એમનું ત્રીજું થીમ છે કદી સફળ ન થતો સ્ત્રી-પુરુષનો પ્રેમ જે એમની અનેક વાર્તાઓમાં જુદાં જુદાં પરિમાણોમાં વ્યક્ત થયો છે. એ રીતે બિપિન પટેલ અનુઆધુનિક વાર્તાના નોંધપાત્ર વાર્તાકાર છે. એમની વાર્તાઓ વિશે અજય સરવૈયાએ આ અંકમાં વિશદતાથી લખ્યું છે એથી સંપાદકીયમાં આથી વિશેષ લખતો નથી, પરંતુ એક જ ફેફસે જે મિત્ર સાથે વર્ષો સુધી શ્વસ્યા હોઈએ એની ખોટ તો કઈ રીતે પૂરવી?

આ ક્ષણે અંગત થવાનું પ્રયત્નપૂર્વક ટાળું છું, છતાં પૃથ્વીલોકથી અલગ કોઈ દુનિયા હશે તો ત્રણેય મિત્રો ત્યાં બેઠક જમાવીને ટૂંકી વાર્તા વિશે તડાકા મારતા હશે એવું દશ્ય નજર સામે ઝળઝળ્યા કરે છે. તો, અલવિદા મોના પાત્રાવાલા. અલવિદા રાજુ પટેલ. અલવિદા પ્રિય, પ્રિય બિપિન.

■

આ સમયે સર ફિરોજશા મહેતા પોતાના કોઈક કેસસર રાજકોટમાં હતા. તેમને મારા જેવો નવો બારિસ્ટર તો ક્યાંથી મળી શકે? પણ તેમને રોકનાર વકીલની મારફતે તેમને કાગળિયાં મોકલી તેમની સલાહ પુછાવી. ‘ગાંધીને કહો, આવા કિસ્સા તો બધા વકીલબારિસ્ટરના અનુભવમાં આવ્યા હશે. તું નવોસવો છે. તને હજુ વિલાયતની ખુમારી છે. તું બ્રિટિશ સમલદારને ઓળખતો નથી. જો તારે સુખેથી બેસવું હોય ને બે પૈસા કમાવા હોય તો તને મળેલી ચિઠ્ઠી ફાડી નાંખ અને થયેલું અપમાન ગળી જા. કેસ કરવામાં તને દોકડો એક નહીં મળે, ને તું ખુવાર થશે. જિંદગીનો અનુભવ તને હજુ હવે મળવાનો છે.’

મને આ શિખામણ કડવી ઝેર લાગી. પણ તે કડવો ઘૂંટડો ગળે ઉતાર્યે છૂટકો હતો. હું અપમાન ભૂલી તો ન જ શક્યો, પણ મેં તેનો સદુપયોગ કર્યો. ‘આવી સ્થિતિમાં ફરી કોઈ દિવસ નહીં મુકાઉં, કોઈની સિફારસ આમ નહીં કરું.’ આ નિયમનો કદી ભંગ નથી કર્યો. આ આઘાતે જિંદગીનું સુકાન બદલ્યું.

– **‘સત્યના પ્રયોગો અથવા આત્મકથા’ : મહાત્મા ગાંધી**

સાભાર–સ્વીકાર

- **કવિતાસંગ્રહ :**
  ઊઘડ્યું સરનામું આંખનું : રાજેન્દ્ર ભટ્ટ, મીડિયા પબ્લિકેશન, જૂનાગઢ, ૨૦૨૬, ડે. પૃ. ૮૮, રૂ. ૨૦૦, ૮૮ ગીતોનો સંગ્રહ. • **સંભવિત** : દાન વાઘેલા, પાર્શ્વ પબ્લિકેશન, ૨૦૨૫. ડે. પૃ. ૧૧૨, રૂ. ૨૦૦, ૧૧૧ કવિતાઓ સંગ્રહ.
- **વાર્તાસંગ્રહ :**
  ગીરની જાગીર : દિક્પાલસિંહ જાડેજા, નવજીવન, પુનર્મુદ્રણ, ૨૦૨૬, ડે. પૃ. ૧૩૪. રૂ. ૧૮૦, ગીરની વાતોનો મધુસંચય. • **સુગંધનું સરનામું** : નિર્ઝરી મહેતા, કુસુમ પ્રકાશન, ૨૦૨૫, ડે. પૃ. ૧૮૪, ૭૬ વાર્તા, લઘુકથા અને લાઘવિકાનો સંગ્રહ.
- **નિબંધસંગ્રહ :**
  અમારે તો આળસ એ જ આનંદ : રમણ સોની, ઝેન ઓપસ, ૨૦૨૫, ડે. પૃ. ૧૧૦, રૂ. ૨૦૦, ૨૦ હળવા નિબંધોનો સંગ્રહ.
- **આત્મકથા :**
  જિંદગી : એક ચૅલેન્જ : ડૉ. મેરુ વાઢેળ, ડિવાઇન પબ્લિકેશન્સ, અમદાવાદ, ૨૦૨૬, ડે. પૃ. ૧૨૬, રૂ. ૨૦૦.
- **વિવેચન :**
  મધ્યકાલીન સાહિત્યસંસર્ગ : રમણ સોની, ઝેન ઓપસ, ડે. પૃ. ૧૯૦, રૂ. ૩૫૦, વિવેચનગ્રંથ.
- **સંપાદન :**
  પ્રફુલ્લ પર્વ : સં. જયંત ડાંગોદરા, કૃતિ પ્રકાશન, વિરમગામ. ૨૦૨૬, ડે. પૃ. ૨૦૦, રૂ. ૩૦૦, પ્રફુલ્લ રાવલના નિબંધોનું પ્રકાશન.
- **પ્રકીર્ણ :**
  પશ્ચિમ એશિયા અને વૈદિક ભારત : ધર્મ અને દેવી દેવતાઓ : ગુલાબરાય જોબનપુત્રા, જનક એમ. શાહ, અમદાવાદ, ૨૦૨૬, ડે. પૃ. ૩૨, રૂ. ૭૫. • **વીણેલાં અણમોલ મોતી** : અંબાલાલ ચૌહાણ, ગૂર્જર સાહિત્ય પ્રકાશન, ૨૦૨૬, ડે. પૃ. ૨૧૦, સ્વ. ભાવેશ ચૌહાણ સાહિત્ય સ્પર્ધા–૩, ૨૦૨૫.
- **અનુવાદ :**
  સાધના : રવીન્દ્રનાથ ટાગોર, અનુ. : અનિલા દલાલ, ઝેન ઓપસ, ૨૦૨૫, ડે. પૃ. ૧૧૪, રૂ. ૨૨૫. • **તિમિરથી તેજે** : અનુ. શાંતિલાલ ગઢિયા, ચિરંતન ગાંધી વિદ્યા કેન્દ્ર, રાપર. દિનેશ સંઘવી, ૨૦૨૬, ડે. પૃ. ૮૮, રૂ.–. એમ. એસ. રાજગોપાલનનું આત્મવૃત્તાંત.

■

ઇતુભાઈ કુરકુટિયા

'પાક્ષિકી' અંતર્ગત

તા. ૧૩-૬-૨૦૨૬ના રોજ ગુજરાતી સાહિત્ય પરિષદમાં સાંજે ૬-૦૦ વાગ્યે 'પાક્ષિકી' અંતર્ગત શ્રી શીતલ માલાણી 'શ્રી'એ એમની વાર્તા 'સીમાપાર'નું પઠન કર્યું હતું. તા. ૨૭-૬-૨૦૨૬ના રોજ સાંજે ૫-૦૦ વાગ્યે શ્રી જિગીષા પાઠકે એમની વાર્તા 'વિખરાયેલી ઘૂઘરીઓ'નું પઠન કર્યું હતું.

સિનેમાશિબિર

ભારતીય સમુદાય શિક્ષણ સંઘ અને ગુજરાતી સાહિત્ય પરિષદ દ્વારા આયોજિત સિનેમાશિબિર તા. ૯ જૂન થી ૧૧ જૂન, ૨૦૨૬ દરમિયાન ભારતીય સમુદાય શિક્ષણ સંઘ, અમદાવાદમાં યોજાઈ હતી. શિબિરની કલ્પના અને સંચાલન ક્યુરેટર, ફિલ્મોસૉફર શ્રી અમૃત ગંગરે કર્યું હતું. શિબિર પહેલા દિવસે ૯-૩૦ કલાકે શરૂ થઈ હતી. બીજા દિવસે પરોઢમાં ૫-૦૦ કલાકે, ત્રીજા દિવસે ૯-૦૦થી ૩-૦૦ દરમિયાન યોજાઈ હતી.

શ્રી જનક ત્રિવેદી વ્યાખ્યાનમાળા

ગુજરાતી સાહિત્ય પરિષદ પ્રતિવર્ષ શ્રી જનક ત્રિવેદી વ્યાખ્યાનમાળા નિમિત્તે યોજે છે એક રમણીય સાહિત્યિક ઉપક્રમ, જેમાં તા. ૬-૬-૨૦૨૬ના રોજ સાંજે ૫-૦૦ કલાકે ગોવર્ધન ભવન, ૨, ગુજરાતી સાહિત્ય પરિષદમાં પરિષદપ્રમુખ હર્ષદ ત્રિવેદીની અધ્યક્ષતામાં 'મારી વાર્તાની વાત' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં વર્તમાન ગુજરાતી સાહિત્યના નોંધપાત્ર ત્રણ વાર્તાકારો સર્વશ્રી મહેન્દ્રસિંહ પરમાર, દલપત ચૌહાણ અને વિજય સોનીએ વાર્તાકાર તરીકેની કેફિયત આપી હતી. 'વિજય સોનીની વાર્તાઓ' વિશે, હિરેન્દ્ર પંડ્યાએ, 'મહેન્દ્રસિંહ પરમારની વાર્તાઓ' વિશે, રાઘવ ભરવાડે અને 'દલપત ચૌહાણની વાર્તાઓ' વિશે દશરથ પરમારે વ્યાખ્યાનો આપ્યાં હતાં. કાર્યક્રમના પ્રારંભે, સંજય ચૌધરીએ કાર્યક્રમની ભૂમિકા બાંધી આપી હતી. શ્રી હર્ષદ ત્રિવેદીએ અધ્યક્ષીય વક્તવ્ય આપ્યું હતું.

નરોત્તમ વંદના

ગુજરાતી સાહિત્ય પરિષદ અને રૂપાયતન દ્વારા આયોજિત 'સંસ્કૃતિપુરુષ નરોત્તમ પલાણસાહેબ અભિવાદન પરિસંવાદ' તા. ૨૮-૬-૨૦૨૬ના રોજ રૂપાયતન, જૂનાગઢમાં યોજાયો હતો. જેમાં પરિષદના મહામંત્રી સમીર ભટ્ટે ભૂમિકા બાંધી આપી હતી. પરિષદપ્રમુખ હર્ષદ ત્રિવેદીએ અધ્યક્ષીય વક્તવ્ય આપ્યું હતું. 'ઇતિહાસની અટારીએ પલાણ' વિશે હેમંત દવેએ, 'દેહાણ્ય જગાના પરખંદા પલાણ' વિશે નિસર્ગ આહીરે, 'પથદર્શક પલાણ' વિશે વિશાલ ભાદાણીએ, 'પલાણની વિવેચના વિશે રમણ સોની અને વી. એસ. ગઢવીએ,

'પલાણનું સંપાદનકાર્ય' વિશે પ્રવીણ કુકડિયાએ, 'પલાણનું કથા-કામણ' વિશે રમેશ મહેતાએ વક્તવ્યો આપ્યાં હતાં. 'પ્રવાસી પલાણ' વિશે મહેન્દ્રસિંહ પરમારનું વક્તવ્ય વંચાયું હતું. 'પૂછીએ પલાણને' અંતર્ગત રવજી રોકડ અને ભીમજી ખાચરિયાએ પ્રશ્નોત્તરી કરી હતી. 'પાક્કા ભાઈબંધ પલાણ' વિશે દલપત પઢિયારે વાતો કરી હતી. 'પલાણનો ઘડીક સંગ' વિશે નિરંજન રાજ્યગુરુ અને નાથાલાલ ગોહિલે વક્તવ્ય આપ્યાં હતાં. પલાણસાહેબે પ્રતિભાવ આપ્યો હતો. સંચાલન રમેશ મહેતાએ કર્યું હતું. આભારદર્શન હેમંત નાણાવટીએ કર્યું હતું.

અવસાન પામેલા સાહિત્યકારો

૧.	વિજય રંચન	૧૮-૧૨-૨૦૨૫
૨.	રાજુ બારોટ	૨૩-૧-૨૦૨૬
૩.	રમેશ શાહ	૦૪-૨-૨૦૨૬
૪.	જયંત જોશી	૧૦-૨-૨૦૨૬
૫.	નિહારિકા આચાર્ય	૧૪-૪-૨૦૨૬
૬.	ભવાનભાઈ પટેલ 'તથાગત'	૨૦-૩-૨૦૨૬
૭.	ભીમ વાંકાણી	૦૭-૪-૨૦૨૬
૮.	ભાનુપ્રસાદ પંડ્યા	૧૦-૪-૨૦૨૬
૯.	મહિપત કવિ	૨૫-૪-૨૦૨૬
૧૦.	મુંજાલ દવે	૨૮-૪-૨૦૨૬
૧૧.	મનસુખ વાઘેલા	૨૮-૫-૨૦૨૬
૧૨.	મોના પાત્રાવાલા	૦૨-૬-૨૦૨૬
૧૩.	રાજુ પટેલ	૦૫-૬-૨૦૨૬
૧૪.	ઈલા નાયક	૨૦-૬-૨૦૨૬
૧૫.	બિપિન પટેલ	૨૪-૬-૨૦૨૬

સર્વ સાહિત્યકારોને હાર્દિક શ્રદ્ધાંજલિ.

ગુજરાતી સાહિત્ય પરિષદના સ્થાપનાદિન નિમિત્તે

ગુજરાતી સાહિત્ય પરિષદના ૧૨૨મા સ્થાપના દિન તા. ૧-૭-૨૦૨૬ ને બુધવારે સાંજે ૫-૦૦ વાગ્યે, માતા સરસ્વતી મૂર્તિ સ્થાપન, ગુજરાતી સાહિત્ય પરિષદના સ્થાપકશ્રી રણજિતરામ વાવાભાઈ મહેતાની પ્રતિમાનું સ્થાપન અને સચ્ચિદાનંદ સન્માન- એમ એકાધિક સાહિત્યિક, સાંસ્કૃતિક ઘટનાઓ પરિષદના પ્રાંગણમાં યોજાઈ હતી. સૌપ્રથમ સર્વશ્રી ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ હર્ષદ ત્રિવેદી, તેમજ યોગેશ જોષી, રઘુવીર ચૌધરી, કુમારપાળ દેસાઈ, કિરીટ દૂધાત, પ્રફુલ્લ રાવલ, સમીર ભટ્ટ, મનસુખ સલ્લા, કાનજી પટેલ વગેરે અનેક સાહિત્યકારો અને પૂજ્ય સચ્ચિદાનંદજીની હાજરીમાં સરસ્વતીની મૂર્તિનું સ્થાપન અને રણજિતરામ મહેતાની પ્રતિમાની સ્થાપના કરવામાં આવી હતી. ત્યાર બાદ સચ્ચિદાનંદ સન્માન કાર્યક્રમ રા. વિ. પાઠક સભાગૃહમાં યોજાયો હતો. આ પ્રસંગે ગુજરાતી સાહિત્ય પરિષદના ઉપપ્રમુખ યોગેશ જોષીએ સૌનું સ્વાગત કર્યું હતું. 'રણજિતરામ વાવાભાઈ મહેતા' વિશે શ્રી ભરત મહેતાએ, સચ્ચિદાનંદ સન્માન ૨૦૨૪ મેળવનાર 'મનસુખ સલ્લા' વિશે શ્રી અજય રાવલે અને સચ્ચિદાનંદ સન્માન ૨૦૨૫ મેળવનાર 'કાનજી પટેલ' વિશે શ્રી કિરીટ દૂધાતે વક્તવ્યો આપ્યાં હતાં. પૂજ્ય

સ્વામી શ્રી સચ્ચિદાનંદજી અને પરિષદ પ્રમુખ હર્ષદ ત્રિવેદીના હસ્તે શ્રી મનસુખ સલ્લા અને કાનજી પટેલને સચ્ચિદાનંદ સન્માન અર્પણ કરવામાં આવ્યું હતું. પૂજ્ય સ્વામી શ્રી સચ્ચિદાનંદજીએ આશીર્વચન આપ્યાં હતાં. કુમારપાળ દેસાઈ અને રઘુવીર ચૌધરી અતિથિવિશેષ તરીકે ઉપસ્થિત રહ્યા હતા. કુમારપાળ દેસાઈએ અતિથિવિશેષ તરીકે વ્યાખ્યાન આપ્યું હતું. ગુજરાતી સાહિત્ય પરિષદના પ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદીએ અધ્યક્ષીય વક્તવ્ય આપ્યું હતું. મનસુખ સલ્લા અને કાનજી પટેલે પ્રતિભાવ આપ્યો હતો. સમગ્ર કાર્યક્રમનું સંચાલન સમીર ભટ્ટે કર્યું હતું. હેમાંગ રાવલે સૌનો આભાર માન્યો હતો. રણજિતરામ મહેતાની પ્રતિમા બનાવવામાં શ્રી અમિત અંબાલાલનું સૌજન્ય મળ્યું હતું. શિલ્પકાર સ્વ. રતિલાલ કાંસોદરિયાનું સન્માન તેમનાં પત્ની અને પુત્રને અર્પણ કરવામાં આવ્યું હતું. સમગ્ર કાર્યક્રમમાં સાહિત્યકારો અને ભાવકો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

■

ગુજરાતી સાહિત્ય પરિષદના સ્થાપના દિન નિમિત્તે, તા. ૧, જુલાઈ, ૨૦૨૬ના રોજ પરિષદ ભવન ખાતે માતા સરસ્વતી તથા સ્થાપક શ્રી રણજિતરામ વાવાભાઈ મહેતાની પ્રતિમાનું સ્થાપન સ્વામી શ્રી સચ્ચિદાનંદ તથા પરિષદ પ્રમુખ શ્રી હર્ષદ ત્રિવેદીના હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે ટ્રસ્ટી શ્રી રઘુવીર ચૌધરી, કુમારપાળ દેસાઈ, રતિલાલ બોરીસાગર, ચિત્રકાર અમિત અંબાલાલ વગેરે વિવિધ ક્ષેત્રના મહાનુભાવો ઉપસ્થિત રહ્યા હતા. (વિગતવાર અહેવાલ આવતા અંકે.)

ગુજરાતી સાહિત્ય પરિષદને જૂન, ૨૦૨૬થી મળેલ દાનની વિગત

ક્રમ	નામ	ગામ	રકમ
૧.	અંબાલાલ હિંમતલાલ પબ્લિક ચૅરિટેબલ ટ્રસ્ટ રણજિતરામ વાવાભાઈ મહેતાની પ્રતિમા સ્થાપન માટે	અમદાવાદ	૫,૦૦,૦૦૦
૨.	સચ્ચિદાનંદ સેવા સમાજ ટ્રસ્ટ (સ્વામી સચ્ચિદાનંદ સન્માન પરિતોષિક ૨૦૨૪ અને ૨૦૨૫ પેટે)	દંતાલી	૨,૦૦,૦૦૦
૩.	મેહુલ ભગવતીકુમાર શર્મા (ભગવતીકુમાર શર્મા સ્મૃતિ વ્યાખ્યાનમાળા માટે)	સુરત	૧,૫૦,૦૦૦
૪.	ઊજમભાઈ એમ. પટેલ (પરબ પ્રકાશન માટે)	અમદાવાદ	૧૧,૧૧૧
૫.	શરીફાબહેન વીજળીવાળા (પરબ અપીલ પેટે)	સુરત	૫,૦૦૦

નવા આજીવન સભ્યોની યાદી

- ભાવિન પી. શેઠ — અમદાવાદ
- હરીશ જે. શાહ — વડોદરા
- આશિષ જનકરાય દવે — ગાંધીનગર
- રવિન મહાદેવભાઈ દેસાઈ — નવસારી
- મનહર ભરતભાઈ વાળા — અમદાવાદ
- જયેશ કરસનભાઈ કુકડિયા — અમદાવાદ
- ડૉ. જિજ્ઞા કેયૂર વોરા — કુડાસણ

સંસ્થા આજીવન સભ્યોની યાદી

ધર્મેન્દ્રસિંહ આર્ટ્સ કૉલેજ – રાજકોટ

ઈતુભાઈ કુરકુટિયા

સદા સર્વદા કવિતા પર્વ–૧૧૭

સદા સર્વદા કવિતા પર્વ-૧૧૭નો કાર્યક્રમ તા. ૭-૬-૨૦૨૬ના રોજ સાંજે ૬-૦૦થી ૮-૦૦ દરમિયાન ગુજરાતી સાહિત્ય પરિષદમાં યોજાયો હતો. જેમાં સર્વશ્રી દેવાંગી ભટ્ટ, જિગર જોષી, સંદીપ પૂજારા, રાકેશ હાંસલિયા, ચિંતન પરીખે કવિતાનું પઠન કર્યું હતું. સંચાલન સંદીપ પૂજારાએ કર્યું હતું. કવિ હર્ષ બ્રહ્મભટ્ટે આવકાર આપ્યો હતો.

ઓમ કૉમ્યુનિકેશન દ્વારા યોજાયેલા કાર્યક્રમ

તા. ૧-૬-૨૦૨૬ના રોજ સાંજે ૫-૩૦ કલાકે, મિલ ઓનર્સ બિલ્ડિંગ ઑડિટોરિયમ (આત્મા હૉલ) આશ્રમરોડ, અમદાવાદમાં વિદ્યાગૌરી રમણભાઈ નીલકંઠની સાર્ધશતાબ્દીની ઉજવણી નિમિત્તે ‘સા વિદ્યા’ અંતર્ગત ‘વિદ્યાગૌરી નીલકંઠના જીવન’ વિશે વૈશાલી ધોળકિયાએ, ‘વિદ્યાગૌરી નીલકંઠની સામાજિક પ્રતિબદ્ધતા’ વિશે રોહિણી પટેલે અને ‘વિદ્યાગૌરી નીલકંઠનું સાહિત્યસર્જન’ વિશે કુમારપાળ દેસાઈએ વક્તવ્યો આપ્યાં હતાં. તા. ૨૦-૬-૨૦૨૬ના રોજ સાંજે ૫-૩૦ કલાકે, ગુજરાતી સાહિત્ય પરિષદના ગોવર્ધન સ્મૃતિમંદિરમાં ‘પુસ્તક પરિચય’ કાર્યક્રમમાં બિન્દુ ભટ્ટની નવલકથા ‘અખેપાતર’ વિશે પન્ના ત્રિવેદીએ અને ધ્રુવ ભટ્ટની નવલકથા ‘તત્ત્વમસિ’ વિશે કિરીટ દૂધાતે વક્તવ્યો આપ્યાં હતાં. તા. ૨૧-૬-૨૦૨૬ના રોજ સવારે ૧૦-૦૦ કલાકે, શાસનસમ્રાટ ભવન ઑડિટોરિયમ હૉલ, હઠીસિંગની વાડી, દિલ્હી દરવાજા બહાર, અમદાવાદમાં ‘શબ્દસંપદા’ અંતર્ગત લબ્ધિચંદ્રજીના જૈન સાહિત્યગ્રંથ ‘વિદ્યાવિલાસ રાસ’ વિશે પ્રો. પિંકી પંડ્યાએ, પ્રીતિવિજયજીના જૈન સાહિત્યગ્રંથ ‘બારવ્રત’ વિશે અભય દોશીએ વક્તવ્યો આપ્યાં હતાં. ઉપરોક્ત ત્રણેય કાર્યક્રમનું સંચાલન કવિ મનીષ પાઠક ‘શ્વેત’એ કર્યું હતું.

વિશ્વકોશ ટ્રસ્ટ દ્વારા યોજાયેલા કાર્યક્રમો

તા. ૨૧-૫-૨૦૨૬ના રોજ આર્ટ ગૅલરીમાં ગણપતિનાં ચિત્રોનું પ્રદર્શન યોજાયું હતું. આ ચિત્રપ્રદર્શનનું ઉદ્‌ઘાટન જાણીતા ચિત્રકાર શ્રી અમિત અંબાલાલ અને શ્રી હિરેન પટેલે કર્યું. તા. ૨૩-૫-૨૦૨૬ના રોજ ‘સૂરજ કા સાતવા ઘોડા’ ફિલ્મની પ્રસ્તુતિ કરી હતી. શ્રી અભિજિત વ્યાસે ‘સૂરજ કા સાતવાઁ ઘોડા’ વિશે વાત કરી હતી. તા. ૬-૬-૨૦૨૬ના રોજ શ્રી કંચનભાઈ પરીખ વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત ગુજરાતી સાહિત્યની બે અમરકૃતિઓ ‘સરસ્વતીચંદ્ર’ અને ‘ભદ્રંભદ્ર’ સવાશતાબ્દીની ઉજવણી કરવામાં આવી. શ્રી હસિત મહેતાએ કાર્યક્રમની ભૂમિકા બાંધી આપી હતી. આ પ્રસંગે એકાંકી : ‘તમે કલમ મ્યાન કરી’નું લેખન હસિત મહેતાએ કર્યું. એનું દિગ્દર્શન નિસર્ગ ત્રિવેદી અને કમલ જોશીએ કર્યું. આ એકાંકીની પ્રસ્તુતિ કરવામાં આવી. જેમાં ‘સરસ્વતીચંદ્ર’ નવલકથાનાં ગીતો ગવાયાં અને બંને નવલકથાના સંવાદો રજૂ થયા હતા. તા. ૮-૬-૨૦૨૬ના રોજ પાયલ કાપડિયાની બે ફિલ્મો ‘Afternoon Clouds’ અને ‘And what the Summer is saying’ વિશે શ્રી અમૃત ગંગરે વાત કરી હતી. આ બંને ફિલ્મોની પ્રસ્તુતિ કરવામાં આવી હતી. તા. ૧૨-૬-૨૦૨૬ના રોજ શ્રી નંદુભાઈ દામોદર શુક્લ વ્યાખ્યાનશ્રેણી અંતર્ગત શ્રી સંજય ચૌધરીએ ‘AI’ વિશે વક્તવ્ય આપ્યું. તા. ૧૩-૬-૨૦૨૬ના રોજ ‘AI અને શિક્ષણ’ વિશે શ્રી અર્પણ યાજ્ઞિકે વ્યાખ્યાન આપ્યું હતું. તા. ૨૦-૬-૨૦૨૬ના રોજ શ્રી વાસુદેવન અક્કિતમને ચિત્રકાર શ્રી પ્રફુલ્લ દવે કલાપ્રતિભા ઍવૉર્ડ પ્રાપ્ત થયો. ■

સહૃદય સાહિત્યરસિકો અને શ્રેષ્ઠીઓને એક અપીલ...

પ્રિય સહૃદય,

સાદર વંદન.

આપ સહુ જાણો છો કે ૧૯૦૫માં સ્થપાયેલી ગુજરાતી સાહિત્ય પરિષદ પોતાની ગુણવત્તાપૂર્ણ સાહિત્યિક સાંસ્કૃતિક પ્રવૃત્તિઓથી દેશની એક અગ્રગણ્ય સંસ્થા બની રહી છે. આના મૂળમાં, રણજિતરામ અને ગોવર્ધનરામ જેવા સારસ્વતોના આશીર્વાદ છે. વિશેષ રૂપે ગુજરાત અને ભારતના ઉત્તમ સાહિત્યકારોની શુદ્ધ સાહિત્ય તરફની નિસબત અને આપ સૌની પરિષદપ્રીતિ છે. ગુજરાતના ઉત્તમ શ્રેષ્ઠીઓથી લઈને અદના સાહિત્યરસિકોએ પરિષદને પોતાની ગણીને વખતોવખત આર્થિક મદદ કરી છે અને આ કારણે પરિષદ સાબરમતી નદીના કિનારે અડીખમ, ટટ્ટાર અને પોતાની ગરિમા જાળવીને ઊભી છે.

પરિષદનાં પ્રકાશનો, વ્યાખ્યાનમાળાઓ, પરિસંવાદો, સંશોધનો, કાર્યશાળાઓ અધિવેશન અને જ્ઞાનસત્ર ઊંચી સાહિત્યિક ગુણવત્તા ધરાવે છે એ તો ખરું જ, સાથોસાથ આપણી સાહિત્યિક સૂઝ અને સંવેદનાને સંકોરે પણ છે.

છેલ્લાં બે વર્ષની જ વાત કરીએ તો જ્ઞાનસત્ર અને અધિવેશનને બાદ કરતાં પરિષદે આશરે ૩૫૦ જેટલા સાહિત્યિક કાર્યક્રમો યોજ્યા છે અને ગુજરાત તેમજ ગુજરાત બહાર પણ પહોંચી છે. અરે, જાન્યુઆરીથી આજ સુધીની જ વાત કરીએ તો માત્ર બે મહિનામાં ૩૭ કાર્યક્રમો યોજાયા છે અને વિશ્વ માતૃભાષા દિવસ નિમિત્તે ૧૭૬ સંસ્થાઓ સુધી પરિષદ પહોંચી છે. આ ઉપરાંત ગુજરાતના સાહિત્યરસિકો અને પરિષદપ્રીતિ ધરાવતા શ્રેષ્ઠીઓએ છેલ્લાં બે વર્ષમાં પરિષદને જે આર્થિક સહાય કરી છે તેના ફળસ્વરૂપે રા. વિ. પાઠક સભાગૃહનો કાયાકલ્પ થયો છે, ટૂંકસમયમાં પરિષદ ભવનમાં ત્રીજે માળે બંધ પડેલા ચાર રૂમમાં પરિસંવાદ કે કાર્યશાળાઓના સમયે વિદ્વાનો રોકાઈ શકે તેવી વ્યવસ્થા પણ સર્જાઈ રહી છે, ગોવર્ધનભવન ઉપરાંત બીજા બે સેમિનારખંડ પણ ટૂંક સમયમાં ખુલ્લા મૂકીશું. આ ઉપરાંત, ગુજરાત અને ગુજરાતની બહાર જ્યાં જ્યાં ગુજરાતીઓ વસે છે ત્યાં પરિષદ પોતાની પ્રવૃત્તિઓ દ્વારા પહોંચે તેવી અમારી નેમ છે. અમારાં સપનાંઓ ઘણાં છે, પરંતુ એને સાકાર કરવા આપ સહુની સહાય અનિવાર્ય છે. આ માટે પરિષદ આપની સામે હાથ લંબાવે છે. આપની સહાય ઇચ્છે છે. આપની આર્થિક સહાય ન કેવળ ગુજરાતી સાહિત્ય પરિષદને, પરંતુ ગુજરાતની સાહિત્યિક આબોહવાને શુદ્ધ કલાસંદર્ભ આપશે.

અમને શ્રદ્ધા છે કે આપણી ગુણવંતી ગુજરાત અને વિશ્વભરમાં ફેલાયેલા ગુજરાતીઓ પરિષદને આર્થિક રીતે મજબૂત બનાવવાના ભાગ રૂપે ઉદાર સહાય આપવાની અમારી આ અપીલનો જબરો હકારાત્મક પ્રતિભાવ આપશે.

પરિષદના બેંક ખાતાની વિગત આ મુજબ છે.

NAME OF THE ACCOUNT HOLDER	: GUJARATI SAHITYA PARISHAD
BANK NAME	: BANK OF INDIA
BANK ADDRESS	: ASHRAM ROAD BRANCH, AHMEDABAD-380009
BANK A/C NO.	: 200220100004869
MICR CODE NO.	: 380013006
IFSC NO.	: BKID0002002
BRNCH CODE	: 2002

હર્ષદ ત્રિવેદી	**સંજય ચૌધરી**	**સમીર ભટ્ટ**
પ્રમુખ	કોષાધ્યક્ષ	મહામંત્રી

ગુજરાતી સાહિત્ય પરિષદ – અમદાવાદ

આ અંકના લેખકો

અજય ઓઝા : પ્લૉટ નં. ૫૮, 'આસ્થા', મીરા પાર્ક, અખિલેશ સર્કલ, ઘોઘા રોડ, ભાવનગર-૩૬૪૦૦૧ (ગુજરાત) • મો. ૯૮૨૫૨૫૨૮૧૧

Ajay Sarvaiya : Department of Linguistics, Bhasha Sahitya Bhavan, Feculty of Arts., Nr. University Guest House, Pratapgunj, Vadodara-390002 • M. 9825473097

ડૉ. અમિતકુમાર રામજીભાઈ ગામી : મો. ૯૪૨૬૦૨૩૦૮૨

Ashwini Bapat : B/15, Shivpuja Society, Nr. Maa Resort, Off. NH. 78, Nandavla, Valsad-396035. • M. 9322011171

ઈતુભાઈ કુરકુટિયા : વ્યાખ્યાતા, ક. લા. સ્વાધ્યાય મંદિર, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૦૯. • મો. ૭૫૬૭૭૩૪૫૯૫

કિરીટ દૂધાત : એ/૧, સુયોજન ઍપાર્ટમેન્ટ, સોલા ભાગવત વિદ્યાપીઠ પાસે, સોલા, અમદાવાદ-૩૮૦૦૬૦. • મો. ૯૪૨૭૩૦૬૫૦૭

ડંકેશ ઓઝા : ૬, સ્વાગત સિટી, અડાલજ-ચાંદખેડા રોડ, અડાલજ-૩૮૨૪૨૧. જિ. ગાંધીનગર. • મો. ૯૭૨૫૧૫૧૯૮૧

દીપક રાવલ : એ/૫૦૨, સત્ત્વ ફ્લૅટ્સ, કૃણાલ ચાર રસ્તા પાસે, ગોત્રી, વડોદરા-૩૯૦૦૨૧. • મો. ૯૯૯૮૪૦૨૨૫૪

નગીન દવે : ૨૪૨, પુષ્કરધામ સોસાયટી, યુનિવર્સિટી રોડ, રાજકોટ-૩૬૦૦૦૫. • મો. ૬૩૫૨૧૫૫૮૪૯

મનીષા દલાલ : બી-૮૦૨, મધુરમ્ ઍપાર્ટમેન્ટ, સંતકબીર સ્કૂલ સામે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩. • મો. ૯૪૨૬૫૫૬૯૬૪

મહેન્દ્રસિંહ પરમાર : ૨૦, ગૌરીશંકર સોસાયટી, જવેલ સર્કલ પાસે, ભાવનગર-૩૬૪૦૦૩. • મો. ૯૪૨૯૪૦૬૩૧૪

ડૉ. માર્ગી દોશી : એ-૩૦૩, સ્કારલેટ હાઇટ્સ, ગોપી ડાઇનિંગ હૉલની પાછળ, આનંદનગર ક્રૉસ રોડ, સેટેલાઇટ અમદાવાદ-૩૮૦૦૧૫ • મો. ૯૯૧૩૧૪૬૬૮૫

મિતેશ પરમાર : ૨૨, સિંધવાઈનગર સોસાયટી, સુભાષ એસ્ટેટ સામે, સી.ટી.એમ. રામોલ રોડ, અમરાઈવાડી, અમદાવાદ-૩૮૦૦૨૬. • મો. ૮૮૬૬૧૯૪૦૨૦

Rajendra Mehta : Poorvayan Poorvabhimukh, B/75, Gujarat Appartment, Maharshi Parshuram Marg, Pitampura, Delhi-110034. M. 9718475985

રાધિકા પટેલ : બી/૯૦૨, સંપદ વુડ્સ, સંગાથ નેનો, મોટેરા પાસે, કોટેશ્વર-ભાટ રોડ, કોટેશ્વર, અમદાવાદ-૩૮૦૦૦૫. • મો. ૮૭૫૮૧૨૧૯૬૫

વિશાલ ભાદાણી : લોકભારતી યુનિવર્સિટી, સણોસરા, તા. શિહોર, જિ. ભાવનગર-૩૬૪૨૩૦. • મો. ૯૪૨૬૮૮૫૩૮૭

શૈલી જાની : ડી/૪૦૨, સિદ્ધાર્થ સ્કાય્ઝ, દિયા પાર્ટી પ્લૉટ પાસે, ન્યૂ વાવોલ, ગાંધીનગર-૩૮૨૦૧૬. • મો. ૯૨૬૫૯૯૪૮૦૩

Swati Suchak Shah : Venikavya Nilayam 12-13-890/1, Hanuman Nagar, Opp. Hanuman Temple, Tarnaka, Secunderabad-500017. • M. 9341710882

હર્ષદ ત્રિવેદી : 'સુરતા', એ/૧૧, નેમીશ્વર પાર્ક, તપોવન સર્કલ, સરદાર પટેલ રિંગ રોડ, અમિયાપુર-૩૮૨૪૨૪. જિ. ગાંધીનગર. • મો. ૯૭૨૩૫૫૫૯૯૪

હસમુખ કે. રાવલ : બી-૪૦૮, 'બંધન', જી.એચ.બી. કૉમ્પ્લેક્સ, અંકુર બસસ્ટૅન્ડ પાસે, નારણપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩. • ફોન (૦૭૯) ૨૭૪૮૦૩૧૬

હેમંત ધોરડા : ૫, યશવંતનગર, પહેલે માળ, શોપર્સ સ્ટૉપ સામે, એસ.વી.રોડ, અંધેરી (પૂર્વ) મુંબઈ-૪૦૦૦૫૮.

ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ
રમેશપાર્ક સોસાયટીની પાસે, વિશ્વકોશ માર્ગ,
ઉસ્માનપુરા, અમદાવાદ-૩૮૦૦૧૩

◘ વિશ્વકોશનાં વિશિષ્ટ આયોજનો ◘

વિશ્વની અતિ પ્રાચીન એવી એક માત્ર શાસ્ત્રીય લિપિ

બ્રાહ્મી લિપિના અભ્યાસવર્ગો

૨૦ જુલાઈથી ૨૪ જુલાઈ, ૨૦૨૬; સોમવારથી શુક્રવાર
સમય ૩-૦૦થી ૫-૦૦ (કુલ પાંચ દિવસ)
વર્ગ લેનાર તજ્જ્ઞો : ડૉ. પ્રવીણચંદ્ર પરીખ અને ડૉ. જોલીબહેન સાંડેસરા
અભ્યાસક્રમની ફી ૧૭૦ રૂ.

◘

સપ્ત દિવસીય સંસ્કૃત ભાષા પ્રબોધન વર્ગ

૨૭ જુલાઈથી ૨ ઑગસ્ટ, ૨૦૨૬; સોમવારથી રવિવાર
સમય ૪-૦૦થી ૬-૦૦ (કુલ સાત દિવસ)
વર્ગ લેનાર તજ્જ્ઞો : ડૉ. રવીન્દ્ર ખાંડવાલા અને ડૉ. શ્રીધર વ્યાસ
અભ્યાસક્રમની ફી ૨૦૦ રૂ.

◘

બંને અભ્યાસવર્ગો માટે સંપર્ક
કૃપા દેથોલિયા : ગુજરાત વિશ્વકોશ ટ્રસ્ટ : મો. ૯૮૯૮૦ ૪૨૬૯૯

◘

માતૃભાષા સંવર્ધન કેન્દ્ર

(દર મહિનાનો બીજો અને ચોથો ગુરુવાર)
સમય : સાંજના ૫.૦૦થી ૬.૦૦
વર્ગ લેનાર તજ્જ્ઞો : શ્રી રતિલાલ બોરીસાગર અને ડૉ. પિંકી પંડ્યા

◘

જનસામાન્યને સ્પર્શતી AI વિશે માહિતીની કાર્યશિબિર

પ્રો. ડૉ. અર્પણ યાજ્ઞિક અને ડૉ. સંજય ચૌધરી માર્ગદર્શન આપશે
૮ ઑગસ્ટ, ૨૦૨૬, શનિવાર, સાંજના ૫.૦૦થી ૭.૦૦

◘

શ્રી હરિકેત પાઠક બાળ-કિશોર ચિત્રકલા-સ્પર્ધા : ૯

૧૯ જુલાઈ, ૨૦૨૬, રવિવાર, સવારે ૯-૦૦ વાગ્યે

◘

ગૂર્જરનું ગૌરવવંતુ નિબંધસાહિત્ય

ક. મા. મુનશી

આદિવચન : 1-2 — 300

પ્રવીણ દરજી

- નદીગાન — 120
- શતગુણ પિયાસ — 120
- ગાતાં ઝરણાં (પુરસ્કૃત) — 140
- અણસરખી રેખાઓ — 125
- બજતાં નૂપુર — 100
- સૂર્યનું મૂળ — 70
- અનુસંધાન (સંપા.) — 110
- દેવોનું કાવ્ય — 70
- પ્રસ્તુત — 80
- વેણુરવ — 50
- ઊર્ધ્વપાણિ — 60
- શાખાઓનો સંવાદ — 60
- પરસ્પર — 60
- દદામિ તે ચક્ષુઃ (પુરસ્કૃત) — 65
- સમુદ્રનાં મોજાં — 150

ઉમાશંકર જોશી

- ગોષ્ઠી — 150
- થોડુંક અંગત — 125
- ઉઘાડી બારી — 125

ભગવતીકુમાર શર્મા

- માણસ નામે ચંદરવો — 110
- ફૂલો સાથે વાત કરવાનો સમય — 130
- ડાળખી પર બે પાંદડાં — 175

દિલીપ રાણપુરા

- ચિત્તનો ચહેરો — 100
- વગેરે અને આપણે — 120

દિગીશ મહેતા

- દૂરના એ સૂર — 90
- ઇંગ્લિશ ઇંગ્લિશ (પુરસ્કૃત) — 65

હિમાંશી શેલત

- એકડાની ચકલીઓ — 60
- વિક્ટર — 50

ડૉ. રતન રુ. માર્શલ

- મોંઘું ઘરેણું — 49
- દયાળુ દાદાને દોગ્દોના પત્રો — 48

સુધીર દેસાઈ

- મનમહેરામણ — 64
- મબલખની મોજ — 70
- મબલખનો મેળો (પુરસ્કૃત) — 110
- મબલખ મબલખ — 150

રામચંદ્ર પટેલ

- સૂરજ અડધો સૂકો, અડધો લીલો ચંદ્ર (પુરસ્કૃત) — 70

યોગેશ જોશી

- અંતઃપુર (પુરસ્કૃત) — 65

રમેશ ર. દવે

- માનસી હે પ્રિય (પુરસ્કૃત) — 45

સ્મિતા ભાગવત

- વેંત છેટું આકાશ — 100

અન્ય નમૂનેદાર નિબંધસંગ્રહો

યક્ષકર્દમ	મોહનલાલ પટેલ	90
ઇંદ્રધનુષનો નવમો રંગ	રમેશ પટેલ	50
સ્મરણક્યારાનાં સુમનો (પુરસ્કૃત)	દુષ્યન્ત પંડ્યા	90
હૈયાને હિંડોળેથી	જશવન્ત મહેતા	78
નિમિત્તે નિમિત્તે	અંજની મહેતા	65
લ-ખવૈયાગીરી (હળવી શૈલીમાં, પુરસ્કૃત)	અરુણા જાડેજા	90
હોલો, બુલબુલ અને આપણે	પંકજ ત્રિવેદી	125
ચિંતનાત્મક નિબંધસંચય	સંપા. ચિમનલાલ ત્રિવેદી, પ્રવીણ દરજી	100
આત્મચરિત્રાત્મક નિબંધસંચય	સંપા. ચિમનલાલ ત્રિવેદી, તરલા દેસાઈ	100
જીવનચરિત્રાત્મક નિબંધસંચય	સંપા. ચિમનલાલ ત્રિવેદી, આરતી ત્રિવેદી	95
અદ્યતન નિબંધસંચય	સંપા. ભોળાભાઈ પટેલ, હર્ષદ ત્રિવેદી	90



ગૂર્જર ગ્રંથરત્ન કાર્યાલય

ગૂર્જર સાહિત્ય ભવન
રતનપોળનાકા સામે, ગાંધીમાર્ગ, અમદાવાદ 380001
ફોન : 07922144663, 09227055777 e-mail: goorjar@yahoo.com
Website : www.gurjarbooks.com

ગૂર્જર સાહિત્ય પ્રકાશન
102, લૅન્ડમાર્ક બિલ્ડિંગ, સીમા હૉલ સામે, પ્રહ્લાદનગર, અમદાવાદ-380015
ફોન : 26934340, 98252 68759 Email. : gurjarprakashan@gmail.com

રન્નાદે પ્રકાશન

૫૮/૨, બીજે માળે, દેરાસર સામે, ગાંધી રોડ, અમદાવાદ-૩૮૦૦૦૧

ફોન : ૨૨૧૧૦૦૮૧-૨૨૧૧૦૦૬૪

માધ્યમિક-ઉચ્ચતર માધ્યમિક તથા કૉલેજો માટે ઉપયોગી વિવેચન

રાજેન્દ્ર પટેલ

પુસ્તકનું નામ	કિંમત રૂ.
સૃજનની અંતરયાત્રા	૧૨૫.૦૦
અવગત	૧૫૦.૦૦
અવગાહન	૭૦.૦૦

રાધેશ્યામ શર્મા

પુસ્તકનું નામ	કિંમત રૂ.
સાહિત્ય સમ્પર્ક	૨૪૫.૦૦
અક્ષર (એજન્સી)	૪૫.૦૦
ઉલ્લેખ (એજન્સી)	૭૦.૦૦
વિવેચનનો વિધિ (એજન્સી)	૫૨.૦૦
શબ્દ સમક્ષ (એજન્સી)	૪૦.૦૦
આલોકના (એજન્સી)	૩૫.૦૦

મોહન પરમાર

પુસ્તકનું નામ	કિંમત રૂ.
સંયત	૨૪૦.૦૦
પ્રવર્તન	૧૦૦.૦૦
અનુમાન	૨૪૫.૦૦
વાર્તારોહણ (એજન્સી)	૧૪૦.૦૦
સુરેશ જોષી પછીની વાર્તાના વિશેષ પરિમાણો (એજન્સી)	૧૬૦.૦૦

ડૉ.પન્ના ત્રિવેદી

પુસ્તકનું નામ	કિંમત રૂ.
યથાર્થ	૧૬૦.૦૦
ગુજરાતી સાહિત્યમાં રેખાચિત્રની ગતિવિધિ	૩૮૫.૦૦

બાબુ દાવલપુરા

પુસ્તકનું નામ	કિંમત રૂ.
ગ્રંથગોષ્ઠિ (એજન્સી)	૧૨૫.૦૦
કથાગોષ્ઠિ (એજન્સી)	૧૧૦.૦૦

ડૉ.લવકુમાર દેસાઈ

પુસ્તકનું નામ	કિંમત રૂ.
સમીક્ષા કેનવાસે (એજન્સી)	૧૨૦.૦૦
કેનવાસે રંગચિત્રો (એજન્સી)	૯૫.૦૦

ડૉ.રાજેન્દ્ર મહેતા

પુસ્તકનું નામ	કિંમત રૂ.
સૂત્રબદ્ધ (એજન્સી)	૨૧૦.૦૦
અપવાર્ય (એજન્સી)	૧૮૦.૦૦

દિનેશ દેસાઈ

પુસ્તકનું નામ	કિંમત રૂ.
કૃતિ પ્રસાદ (એજન્સી)	૮૫.૦૦
અવલોકનીય (એજન્સી)	૧૩૫.૦૦

ભગીરથ બ્રહ્મભટ્ટ

પુસ્તકનું નામ	કિંમત રૂ.
અર્વાચીન ગુજરાતી ગીત વિશે (એજન્સી)	૯૦.૦૦
ગીત-લોકગીત વિચાર (એજન્સી)	૬૫.૦૦

ગુલામ અબ્બાસ 'નાશાદ'

પુસ્તકનું નામ	કિંમત રૂ.
મરીઝનું જીવન અને કવન	૧૦૦.૦૦
અસબાબ (એજન્સી)	૧૨૦.૦૦

રમણ સોની

પુસ્તકનું નામ	કિંમત રૂ.
મથવું ન મિથ્યા (એજન્સી)	૧૫૦.૦૦
પરોક્ષે પ્રત્યક્ષે (એજન્સી)	૧૧૦.૦૦

Ekatra Foundation

પ્રમોદકુમાર પટેલનું વિવેચનવિશ્વ હવે 'એકત્ર' પર

ગુજરાતી સાહિત્યના વરિષ્ઠ વિવેચક પ્રમોદકુમાર પટેલ(૧૯૩૩–૧૯૯૬)ના સમગ્ર વિવેચનસાહિત્યનો અમૂલ્ય વારસો હવે 'એકત્ર' પર ડિજિટલ સ્વરૂપે વિનામૂલ્યે ઉપલબ્ધ છે. પ્રમોદકુમાર પટેલ આપણા એક સતત સ્વાધ્યાયરત ઉત્તમ વિવેચક હતા.

* પશ્ચિમના વિવેચનપ્રવાહો ઉપરાંત સંસ્કૃત કાવ્યમીમાંસાનું પણ ઊંડું પરિશીલન કરીને ગુજરાતી સિદ્ધાંતવિવેચનને એમણે સમૃદ્ધ કર્યું છે.
* ગુજરાતીના સર્જનાત્મક તથા વિવેચનાત્મક સાહિત્યનો સર્વગ્રાહી પરિચય કેળવીને એમણે સાહિત્યપ્રવાહો, સાહિત્યકારો તથા ઉત્તમ કૃતિઓ વિશે પ્રત્યક્ષ વિવેચન આપ્યું છે.
* વિશ્વના ઉત્તમ વિવેચનલેખોના અનુવાદો પણ એમનું મહત્વનું પ્રદાન છે.

'એકત્ર' પર ઉપલબ્ધ ગ્રંથો

- વિભાવના
- શબ્દલોક
- સંકેતવિસ્તાર
- કથાવિવેચન પ્રતિ
- અનુભાવન
- પન્નાલાલ પટેલ (ગુજરાતી ગ્રંથકાર શ્રેણી)
- રસસિદ્ધાંત—એક પરિચય
- ગુજરાતીમાં વિવેચનતત્ત્વવિચાર
- વિવેચનની ભૂમિકા
- પ્રતીતિ
- ગુજરાતી સાહિત્યમાં આધુનિકતાવાદ
- ગુજરાતીમાં કાવ્યતત્ત્વવિચારણા – ભાગ ૧
- ગુજરાતીમાં કાવ્યતત્ત્વવિચારણા – ભાગ ૨
- તત્ત્વસંદર્ભ
- કથાવિચાર
- કળા, સાહિત્ય અને વિવેચન
- અનુબોધ

આ જ દિશામાં ગુજરાતી સાહિત્યના અન્ય મહત્ત્વના સર્જકોનું સમગ્ર સાહિત્ય પણ તબક્કાવાર ડિજિટલ સ્વરૂપે ઉપલબ્ધ કરાવવા 'એકત્ર' સતત પ્રયત્નશીલ છે.

www.ekatrafoundation.org

GPSC / UPSC / UGC - JRF - NET, SLET ની
પરીક્ષા માટે, વિવિધ યુનિ. ના અભ્યાસક્રમ માટે

ડૉ. ભરત મહેતા

લિખિત / સંપાદિત પુસ્તકોની શ્રેણી

વિવેચન

નાટ્યનાન્દી•સંદર્ભસંકેત•ભારતીય નવલકથા•સમકાલીન ગુજરાતી નવલકથા•સમકાલીન ગુજરાતી નવલિકા•સંજ્ઞાસંયોગ•કૃતિસમીપે, સર્જકસમીપે • કૃતિભાષ્ય

સંશોધન

જયંત ગાડીતનું કથાસાહિત્ય•ચાર નવલકથાકારો
કળાકારનો ઈતિહાસબોધ•આર્નોલ્ડનો કાવ્યવિચાર

સંપાદન

જ્ઞાનપીઠ પુરસ્કૃત નવલકથા•મારી હકીકત•સંન્નિધાન (એક થી ત્રણ) વિવેચનના વિવિધ અભિગમો•રવીન્દ્રનાથ ટાગોરની શ્રેષ્ઠ વાર્તાઓ હિમાંશી શેલતનો વાર્તાલોક•મોહન પરમાર અધ્યયન ગ્રંથ- ૧ (નવલિકા)•કાફકા અને મેટામોર્ફેસીસ

સઘન સ્વાધ્યાય શ્રેણી

ટાગોરની વાર્તાકળા•મંટોની વાર્તાકળા•વળામણા•મારી હકીકત • સત્યના પ્રયોગો•તમસ•ગોરા•બદલાતી ક્ષિતિજ•શર્વિલક•સિદ્ધાર્થ• સંસ્કાર•વેસ્ટલેન્ડ

ફિલ્મ આસ્વાદ શ્રેણી

મિર્ચમસાલા•ચારુલતા

PARSHVA PUBLICATION
LITERARY TRADITION SINCE 1975

105, નંદન કોમ્પ્લેક્ષ,
મીઠાખળી ગામ, રેલ્વે ફાટક સામે, અમદાવાદ - 380006

વિદેશમાં વસતા અને ગુજરાતી ભાષાને શ્વસતા
કવિ/લેખક ભરત ત્રિવેદીનાં પ્રકાશનો

કાવ્યસંચય :

૧. હસ્તરેખાનાં વમળ (૧૯૮૮)	રન્નાદે પ્રકાશન	૧૧/-
૨. કલમથી કાગળ સુધી (૨૦૦૪)	નવભારત સાહિત્ય મંદિર	૧૫૦/-
૩. વિદેશવટો (૨૦૧૨)	નવભારત સાહિત્ય મંદિર	૧૫૦/-
૪. બત્રીસ કોઠા વાવ (૨૦૧૨)	નવભારત સાહિત્ય મંદિર	૧૫૦/-
૫. અછાંદોત્સવ (૨૦૧૩)	ફ્લેમિંગો પબ્લિકેશન	૨૫૦/-
૬. ચક્રવ્યૂહ (૨૦૧૫)	ફ્લેમિંગો પબ્લિકેશન	૩૫૦/-
૭. ભરત ત્રિવેદીની પ્રતિનિધિ રચનાઓ (૨૦૧૬)	બુકપબ	૩૫૦/-
૮. ન્યૂયૉર્ક નામે નગર (૨૦૧૭)	બુકપબ	૨૫૦/-
૯. ને હવે ગઝલોત્સવ (૨૦૨૦)	ડિવાઇન પબ્લિકેશન	૧૫૦/-
૧૦. શેરીઓ લંબાઈ છે મારા ઘર તરફ (૨૦૨૦)	ગ્રંથમ	૪૦૦/-
૧૧. મનસંહિતા (૨૦૨૨)	ઝેડકેડ પબ્લિકેશન	૫૦૦/-
૧૨. મનોરથ (પ્રકાશ્ય)	ઝેડકેડ પબ્લિકેશન –	

ગદ્યપ્રકાશન – નવલિકા :

૧. પરાયા શ્વાસ (૨૦૧૫)	ફ્લેમિંગો પબ્લિકેશન	૧૫૦/-
૨. સત્યેનની સકીના (૨૦૧૫)	ફ્લેમિંગો પબ્લિકેશન	૧૫૦/-
૩. ભીતર અનારાધાર (૨૦૧૩)	નવભારત સાહિત્ય મંદિર	૧૫૦/-
૪. હું અને મારી કવિતા (૨૦૨૨)	બોલ્ડ પ્રકાશન	૨૫૦/-
૫. ત્રેવડ (૨૦૨૨)	ડિવાઇન પબ્લિકેશન	૨૦૦/-

BHARAT TRIVEDI
927, David Walker Drive,
Tavares, Florida 32778, USA.
Ph. +11 2178991163.
bharattrivedi@sbcglobal.net

સંભાવનાને ઊભી રાખો :
સંભાવના મરવી ના જોઈએ.

દુનિયા મોટી છે. સારાં કામ કરનારા ઘણા બધા લોકો દુનિયામાં વસે છે અને એવા ઘણા બધા લોકો હોવા છતાં કેટલાય સારા કામ એવા છે જે આજ સુધી થવાના બાકી જ છે. તમે પણ આજ સુધી ઘણાં સારા કામ કરી લીધા છે એમ છતાં અમુક સારા કામ તમારા હાથે થવાના પણ બાકી છે.

તમને ક્યારેક કોઈ સારું કામ કરવાનું કહે અને તમને લાગે કે આ સારું કામ હું કરી શકવાનો નથી ત્યારે તમે એને ના પાડશો. આ બનવાનું છે. સારા કામની ના પાડી દીધા પછી એ સારાં કામને ભૂલી જવાની આદત નહી બનાવતા. જે સારું કામ કરવાનો પ્રસ્તાવ તમારી સમક્ષ આવેલો અથવા તો જે સારું કામ કરવાની પ્રેરણા તમને આપવામાં આવેલી હતી એ સારું કામ તમે તત્કાળ કરી શકો એવી પરિસ્થિતિ નહોતી એટલે ત્યારે તો તમે ના પાડી દીધી. એ બરોબર. પરંતુ ભવિષ્ય વિશાળ છે. એક દિવસ એવો જરૂર આવી શકે છે કે જે સારા કામ માટે તમે ના પાડી દીધી હતી એ સારું કામ કરવાની શક્તિ તમારામાં પ્રગટી આવે.

તમે જે કામ કરવાની ના પાડી દીધી છે એ કામ વિશે તમે સ્પષ્ટ રહો છો કે એ કામ કરવું નથી અને એટલે જ એ કામ પર વિચારવું પણ નથી. આવું વલણ સારા કામ માટે ન રાખો. કામ ખરાબ હોય ત્યારે આ વાત બરોબર છે કે ખરાબ કામ કરવું પણ નથી અને ખરાબ કામ વિશે વિચારવું પણ નથી. સારા કામ માટે આવો વ્યવહાર ન હોય. આજે જે સારું કામ તમે નથી કરી શકતા એ સારા કામ સાથે પણ પોઝિટિવ વિચાર બનાવો. તમે એમ ન બોલો કે આ કામ મારે નથી કરવું. તમે એમ બોલો કે શક્તિ આવશે એ દિવસે એ કામ હું કરીશ જ. નથી કરવું એમ બોલવાથી કામની સંભાવના ખતમ થઈ જાય છે. શક્તિ આવશે ત્યારે કરીશ એમ બોલવાથી કામની સંભાવના ઊભી રહે છે. સંભાવનાને ઊભી રાખો. સંભાવના મરવી ના જોઈએ.

www.devardhi.com

– દેવર્ધિ

સ્થાનસમર્પિત

Gyanni Baari
A Book Store

જ્ઞાનની બારી

જી-૧, લાભ કૉમ્પ્લેક્ષ, સત્તર તાલુકા સોસાયટી,
સી.યુ. શાહ કૉલેજ સામે, ઈન્કમટેક્ષ, અમદાવાદ - ૦૯
મો. ૯૪૦૮૩ ૭૧૨૦૬

૧૯૧૩ થી ૧૯૬૯ સુધીના છપ્પન વરસના ગાળામાં ગુજરાતના લગભગ દરેક કવિએ ગાંધીજીની હયાતીમાં અર્ઘ્ય રૂપે તથા દેહોત્સર્ગ પછી અંજલિ રૂપે, નહીં નહીં તો ૨૦૦૦ જેટલાં કાવ્યો રચ્યાં છે. તેમાંથી ઉત્તમ પ્રતિનિધિરૂપ બસોથી વધુ કાવ્યોનું સંદોહન કરી દોઢસો ઉપરાંત કવિઓની રચનાને 'ગાંધી-કાવ્ય નવનીત' ગ્રંથમાં એકત્ર કરવામાં આવી છે. – **હિતેન્દ્ર દેસાઈ**

આપણે ત્યાં ગુજરાતી સાહિત્યમાં એક સરસ પ્રથા શરૂ થઈ છે. ઉમાશંકર જોશીની 'સમગ્ર કવિતા' પ્રગટ થઈ અને પછી સ્નેહરશ્મિની 'સકલ કવિતા' અને રાજેન્દ્ર શાહની 'સંકલિત કવિતા'. આવા પ્રકારના કાવ્યસંચય માટે એક ખાસ વાચકવર્ગ તૈયાર થયો છે. અહીં ડૉ. સુરેશ દલાલના 'એકાન્ત'થી માંડીને 'પવનના અશ્વ' સુધીના બાર કાવ્યસંગ્રહો અને ત્રણ સંચયો એક જ સ્થળે મુદ્રિત થઈને મળે છે, તેથી સુરેશ દલાલની સમગ્ર કવિતાનો સિલસિલાબંધ નકશો મળી રહે. આટલાં વર્ષોની એમની કાવ્યસાધનાનું સાકાર સ્વરૂપ તે આ 'કાવ્યસૃષ્ટિ'.

– **જ્યોતિ હ. ત્રિવેદી**

'શબ્દનું સાત ભવનું લેણું છે' જાણીતા સર્જક-પત્રકાર શ્રી ભગવતીકુમાર શર્માની શ્રેષ્ઠ કવિતાઓનું સંપાદન છે. ભગવતીભાઈનાં કાવ્યસંગ્રહો અને સંપાદન મળીને કુલ ૯ પુસ્તકો કવિતાનાં પ્રગટ થયાં છે. એક સંગ્રહ હરિને લગતાં ગીતોનો છે. આ સંગ્રહ પણ સંપાદન જ છે. આ સંગ્રહમાં કવિના છ કાવ્યસંગ્રહોમાંથી મને શ્રેષ્ઠ લાગેલી કવિતાઓ પસંદ કરવામાં આવી છે. – **રવીન્દ્ર પારેખ**

ઇન્દુ ગોસ્વામી એટલે આપણી ગુજરાતી ભાષાના એક તેજસ્વી અને લોખંડી ભાષાકર્મી કવિ ૩૧-૧૦-૨૦૦૪ના રોજ પંચતત્ત્વમાં ભળી ગયા. તા. ૧૦-૦૩-૧૯૪૦નાં રોજ જન્મેલ આ કવિને આપણે ઓળખી શક્યા નહીં એમાં થોડાવત્તા અંશે તેઓ પોતે પણ જવાબદાર હતા. કેમ કે તેઓ અંતર્મુખી હતા. કોઈને મળતા નહીં. કોઈની સાથે લાંબી વાત કરતા નહીં. એમનો 'જેમ તેમ' કાવ્યસંગ્રહ ઈ.સ. ૧૯૮૮માં પ્રગટ થયેલો. – **ઇન્દુ પુવાર**

સ્થાન સમર્પિત

ડૉ. અરુણ જે. કક્કડ

ઍસોશિએટ પ્રોફેસર, હેડ ઑફ ગુજરાતી ડિપાર્ટમેન્ટ,
દેવમણી કૉલેજ, વિસાવદર.

હિતની વાતો

જૈન શાસ્ત્રકારોની એક ઉત્તમ મર્યાદા રહી છે કે ધર્મનાં કરવા લાયક કાર્યોમાં વિધેયાત્મક ઉપદેશ અને સંસારનાં કામોમાં નિષેધાત્મક ઉપદેશ કરવાની પ્રણાલિકા છે. તે મુજબ જમવાની વાતમાં, જમતી વખતે શું શું વર્જવું તે વાતો વિસ્તારથી જણાવે છે. શું જમવું, કેવી રીતે જમવું એની શિખામણ નથી આપતા પણ એને બદલે જમતી વખતે શું ન કરવું તેની વાત કહે છે.

• ઇચ્છા વિના ન જમવું. (જુઓ – ઇચ્છા હોય, રુચિ હોય ત્યારે જમવું એવું નિરૂપણ કર્યું નથી.) • વિદિશા સન્મુખ બેસીને અને દક્ષિણ દિશા સન્મુખ બેસીને ન જમવું. • ખુલ્લામાં – ઉપર આકાશ હોય તેવા સ્થાને ન જમવું. (ઊભા ઊભા ખાવાની વાત તો છે જ નહીં.) • તડકામાં બેસી ન ખાવું. • નબળા આસને બેસીને ન જમવું. ઊઠીંગણ એટલે કે અઢેલીને બેસીને ન જમવું. • એક ભાણામાં બે જણે સાથે બેસીને ન જમવું. • અજીરણ — અપચો હોય ત્યારે ન જમવું. • અતિશય ઊનું, અતિશય ઠંડું, અતિશય ખારું, અતિશય ખાટું ન જમવું. • શાક-ભાજી અતિશય ન ખાવાં. • કંદમૂળ અને વિદળ ન ખાવાં.

અજાણી ચીજ ન જમવી, અજાણ્યા ઘરમાં ન જમવું.

આમ, જમવાની બાબતમાં નિષેધ પક્ષમાં ઘણી વાતો કરી છે. આ બધી જ વાતો ઉપયોગી છે.

જમવા જેવી બાબતમાં દિશાનો, સ્થાનનો, સમયનો વિચાર ભારતીય ઋષિ-મુનિઓ સિવાય બીજા કોઈએ ભાગ્યે જ કર્યો હશે! આ સૂચનોથી લાભ થતો જોવા મળે છે તેમજ એ પ્રમાણેનાં સૂચનો ન સાચવવાથી હાનિ થતી જોવા મળે છે. આ નિયમોની મૂળભૂત પરંપરા હતી તે સુંદર હતી.

પૂર્વ અથવા ઉત્તર દિશા સન્મુખ અથવા એમ શક્ય ન હોય ત્યારે પશ્ચિમ દિશા સન્મુખ જમવા બેસવું. પોતાની નાભિથી ઉપર ભાણું રાખવું. પ્રસન્ન વાતાવરણમાં આનંદપૂર્વક જમવું. પત્નીએ પ્રેમપૂર્વક રાંધેલું અને માએ હેતથી પીરસેલું અન્ન ઉદરમાં જઈને એક એવા ભાવનું નિર્માણ કરે છે જે જીવોના પ્રત્યેના અકારણ સ્નેહનું કારણ બને છે. એ અન્નને અમી કહેવાય છે. જમણવારમાં લોકો એકબીજાને આગ્રહપૂર્વક જમાડતા. જ્યારે આજે પશ્ચિમના દેશોમાંથી આવેલી સ્વૈર-ભોજન પ્રથામાં પીરસવાનું આવતું જ નથી તો પ્રેમપૂર્વક આગ્રહની તો વાત જ ક્યાંથી આવે? ભોજન બેસીને જ કરવામાં આવતું; તેમાં પણ વિશિષ્ટ રીત જોવા મળતી. (આજે તેનાં દર્શન તો શું, એની વાતોય સાંભળવા નથી મળતી!)

જમતી વખતે ઢીંચણિયું આપવામાં આવતું. શ્રીમંત પરિવારમાં તો પિત્તળનાં નકશીદાર ઢીંચણિયાં વપરાતાં. તેનો ઉપયોગ જમતી વખતે થતો. પલાંઠી વાળીને જમવા બેસે ત્યારે ઢીંચણિયાને ડાબા પગની નીચે મૂકવામાં આવતું. સૌરાષ્ટ્રનાં ગામડાંમાં આ પ્રથા હજુ હમણાંય જાણે પ્રચલિત હતી. પચીસ-ત્રીસ વર્ષ પહેલાં આવું દૃશ્ય જોયાનું ઘણાંને યાદ હશે. અલબત્ત, ઢીંચણિયાના આ ઉપયોગનું પ્રયોજન બહુ ઓછા લોકો જાણતા : 'ખબર નહીં પણ અમે તો વર્ષોથી આ આમ વાપરીએ છીએ. મને એની એવી ટેવ પડી ગઈ છે કે એના વિના અમને જમવાનું ફાવતું નથી' – આમ ઘણા પાસે સાંભળ્યું છે. સ્વરોદયના એક અચ્છા જાણકાર મળ્યા તેમની પાસેથી આ વિશે જાણવા મળ્યું કે, પાણી પીતી વખતે ચન્દ્રનાડી (ડાબું નસકોરું) અને જમતી વખતે સૂર્યનાડી (જમણું નસકોરું) ચાલે તો અન્નનું બરાબર પાચન થાય. એટલે કે સૂર્યનાડી ચાલતી હોય ત્યારે જમવું જોઈએ, પરંતુ એમ ક્યાંથી બને કે, સૂર્યનાડી ચાલતી હોય ત્યારે જ જમવાનું બને? એટલે નાડીતંત્રના અભ્યાસ પછી એ પ્રયોગ સિદ્ધ કરવામાં આવ્યો કે ડાબા ઢીંચણની નીચેની નસો પર દબાણ આવે ત્યારે જમણું નસકોરું ખૂલી જાય. આટલું જાણ્યા પછી ઢીંચણિયું ખૂબ ઉપયોગી લાગ્યું. **(ક્રમશઃ)**

(પાઠશાળા) – પ્રદ્યુમ્નસૂરિ

અમૃતવર્ષા સ્થાનસમર્પિત

M.B. Prints®
Traditionally Printed Cotton Sarees

નિમેષભાઈ ડગલી ૩/એ, અલકાપુરી સોસાયટી, ઉસ્માનપુરા ચાર રસ્તા પાસે, આશ્રમ રોડ, અમદાવાદ-૩૮૦૦૧૩. ફોન : ૩૨૯૦૬૬૫૫

ઉચિત બોલવું કેવું જે ઔચિત્યે ભર્યું... ભર્યું...

मा गा इत्यपमङ्गलं व्रजइति स्नेहेनहीनं वचः,
तिष्ठेति प्रभुता यथारुचि कुरु सैषाप्युदासीनता ।
इत्यलोच्य मृगिदशा जलधर प्रारम्भसंसूचके
प्रादुर्भूत कदम्ब कोरकचये दृष्टिः समारोपिता ॥ **(साहित्यदर्पण)**

ના જાઓ કહું તો અમંગળ અને જાઓ નર્યું નિર્મમ
રહો આજ્ઞા સરખું યથા રુચિ કરો, તે તો ઉદાસીનતા
એવું જાણી મૃગાક્ષી-કાજળ સમાં આવંત એ મેઘને
સૂચવતી નમણી કદંબકળીને જોતી રહી ધારીને!

(અનુવાદ : કુલીનચન્દ્ર યાજ્ઞિક)

વાત ઉચિત ઉત્તર આપવાની મૂંઝવણની છે.
વર્ષાઋતુનું આગમન થઈ ચૂક્યું છે.
ઝરમરિયાં મીઠા મેઘ લઈ આવતા,
અષાઢના દિવસો શરૂ થયા છે અને નાયક પરગામ જવા તૈયાર થયો છે!
એના પ્રયાણ સમયે શું બોલવું? – એ નાયિકાની મૂંઝવણ છે!
શું બોલવું ઉચિત છે? તે માટેના ઉચિત શબ્દોભર્યા વિકલ્પો શોધે છે.
'ના જાવ' એવું કહું! એ તો અપશુકન કહેવાય, અમંગળ થાય.
'જાવ' એમ કહું તો તો, એ તોછડું લાગે!
'રહી જાવ' કહું તો વડીલશાહી લાગે! આદેશ દીધો હોય એમ લાગે.
'ઠીક લાગે તેમ કરો' એમ કહું તો ઉદાસીનતા લાગશે! જાણે કે મને પડી નથી.
તો આવા પ્રસંગે શું બોલવું ઉચિત છે? શું બોલવું શોભે?

– આવી મૂંઝવણમાં કાંઈ પણ બોલવું ન સૂઝ્યું! છેવટે, ઘરના આંગણામાં જે કદમ્બ વૃક્ષ હતું અને તેના પર વરસાદના આગમનની છડી પોકારતી, દડુલિયા જેવી કદમ્બ-કળીઓ ખીલી હતી, તેના તરફ ટગર ટગર જોવાનું ઉચિત લાગ્યું! બસ! નાયિકાના કાવ્યમય વિચાર પર આ કાવ્ય-પંક્તિ રચાઈ છે. એ રસિકાનો નાયક પણ રસિક જ હશે! અક્ષર કરતાં ઇશારા બળૂકા હોય, એ અનુભવ પણ હશે! મુગ્ધ નાયિકા જાણે કહી રહી છે કે વરસાદના આ માદક દિવસો આવ્યા અને તમે જવાનું કરો છો?

શબ્દ જ્યારે વામણા પુરવાર થાય ત્યારે દૃષ્ટિ જ મદદે આવે ને!

ચતુર નાયિકાને શબ્દ વાપરવા ઉચિત ન જ લાગ્યા અને એણે નજરથી કામ સાધી લીધું!

આવી ઔચિત્યપૂર્ણ અભિવ્યક્તિ થાય તો કાર્ય સિદ્ધ થાય છે!

(પાઠશાળા) **– પ્રદ્યુમ્નસૂરિ**

સ્થાનસમર્પિત

વસન્ત આત્મા ચેરિટેબલ ટ્રસ્ટ

ગુજરાત સ્ટીલ ડિસ્ટ્રિબ્યૂટર

અમદાવાદ

ગુજરાતી સાહિત્ય પરિષદનાં નવાં પ્રકાશનો

મહાપંથી 'પાટ' પરંપરા અને તેના સંતકવિઓ

લે. : દલપત પઢિયાર

(કાચું પૂંઠું, પૃષ્ઠ : ૩૨૪, કિ. રૂ. ૬૦૦/-)



'મહાપંથ' અતિ પ્રાચીન લોકસાધનાપંથ ગણાય છે. આ પંથનો ઉદ્ભવ ક્યારે થયો, કોણે કર્યો, કઈ રીતે વિસ્તર્યો વગેરે પ્રશ્નોના સીધેસીધા ઉત્તર હાથ લાગવા મુશ્કેલ છે, પણ આ પંથ બહુધા નીચલા સ્તરના ગણાતા, સામાન્ય વર્ગના સંતો, ભક્તો, સાધકો અને બહુજન લોકોએ ખેડ્યો છે એ સ્પષ્ટ છે. આજે પણ પંથ સામાન્ય સમાજોમાં અને નીચલા વર્ગના ગણાતા લોકોમાં સવિશેષ પ્રચલિત છે. સામાન્ય જનસમાજની આસ્થા, ભક્તિ અને ધર્મભાવનાને ધારણ આપતો આ પંથ, તેના ઉદ્ભવકાળથી તે આજ સુધી તેના દેશકાળ મુજબ અનેક અવનવાં રૂપોમાં પરિવર્તન પામતો, એકધારો ચાલ્યો આવ્યો છે. આમ, 'મહાપંથ' લોકોની વચ્ચે ઉદ્ભવેલો, લોકોએ ઉઝેરેલો, લોકોએ ઝીલેલો અને લોકોએ જાળવેલો પ્રાચીન, વિશાળ લોકસાધનાપંથ છે. એ 'લોકધર્મ' તરીકે પણ ઓળખાય છે.



શબ્દમૂળની શોધ

લે. : હેમન્ત દવે – સુહાગ દવે

(પાકું પૂંઠું, પૃષ્ઠ : ૨૧૬, કિ. રૂ. ૬૫૦/-)

'શબ્દમૂળની શોધ' [...]. એમાંથી પસાર થતાં લાગે છે કે આ પ્રકારની સજ્જ ભાષાચેતનાનું કામ હવે વિરલ થતું આવે છે ત્યારે બહુશ્રુત ભૂમિકાથી ભાષાવિશ્લેષણ અને શબ્દવ્યુત્પત્તિ-વિશ્લેષણ દૃષ્ટિપૂર્વકનું આ સાહસ આવકારવા યોગ્ય છે.

– ચન્દ્રકાન્ત ટોપીવાળા



બે હજાર ચોવીસ સમક્ષ

(૨૦૨૪માં પ્રકાશિત ગુજરાતી સાહિત્ય-ગ્રંથોની સમીક્ષાઓ)

સંપાદક : રમણ સોની

(પૃષ્ઠ : ૨૮૦, કિ. રૂ. ૪૫૦/-)

લગભગ દરેક સમીક્ષક-મિત્રે નિખાલસ સ્પષ્ટ પ્રતિભાવ નોંધ્યા છે, ઘણાં સૂઝ-શ્રમપૂર્વક કેટલાંકે પોતાની વિશ્લેષક દૃષ્ટિ પણ પરોવી છે, લેખક/વ્યક્તિ નહીં પણ કૃતિ/પુસ્તક ઉપર એમનું ધ્યાન કેન્દ્રિત રહ્યું છે. એટલે ૨૦૨૪ના ગુજરાતી સાહિત્ય-વિચાર-જગતનો, મહદંશે નરવો કહી શકાય એવો આલેખ ઊપસ્યો છે. અનુવાદ-ગ્રંથોની સમીક્ષા અનુવાદને તપાસવાની રીતે થઈ શકી છે ને બાળસાહિત્યનાં પુસ્તકોમાં ભાષા-વિનિયોગની ઝીણી ચર્ચાઓ પણ થઈ છે. **– રમણ સોની**

PARAB 2026 July
RNI No. GUJGUJ/2006/17273

Regd. under Postal Registration No.
GAMC-306/2021-2023 valid upto 31-12-2023

Posted at ahd. PSO on 10th of every month SSP Ah'd

Date of Publication 10th Posted on Every Month **ISSN : 0250-9747**

₹ **20**

Printed and Published by **SAMEER BHATT** on behalf of **GUJARATI SAHITYA PARISHAD** and Printed at **Kirit Graphics, G-1, Labh Complex, Sattar Taluka Society, Opp. C.U. Shah College, Incometax, Ahmedabad-09** and Published from Gujarati Sahitya Parishad, Govardhan Bhavan, Gujarati Sahitya Parishad Road, Ashram Road, Behind River Side, Post Box No. 4060, Ahmedabad - 380009. Editor - **KIRIT DOODHAT.**